Vol. 40, No.6
October 2019
ISSN 2455 - 4162

Rs: 40

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું સામયિક

દીપોત્સવી ગાંધી ૧૫૦ વિશેષાંક



અનહદ બાની

□ સુભાષ ભટ્ટ

પ્રખર સૂર્યને નરી આંખે-પ્રત્યક્ષ જોવાથી આંખને હાનિ થાય છે. તે માટે આછું વાતાવરણ સલાહભર્યું છે. તેવી જ રીતે મને હંમેશાં ગાંધીજીને વિનોબાજીની નજરે જોવા ગમ્યા છે. ગાંધીજીનું શ્રેષ્ઠ ભાષ્ય વિનોબા દ્વારા થયું છે. આ મારી અંગત પ્રતીતિ છે.

જ્યારે નારાયણભાઈ દેસાઈ વેડછીમાં નઈ તાલીમની શાળા ચલાવતા ત્યારે વિનોબાજી ત્યાં પધારેલા. નારાયણભાઈએ બાળકોની કક્ષા અંગે મૂંઝવણ રજૂ કરી, 'વર્ગમાં કેટલાંક બાળકો ખૂબ પાકાં છે, કેટલાંક કાચાં છે, અને કેટલાંક મધ્યમ છે. કાચાંને ધ્યાનમાં રાખીને ભણાવીએ તો પાકાંને થોભવું પડે છે, પાકાંને કેન્દ્રમાં રાખીએ તો કાચાં ઘસડાય છે. તો પછી અમે શું કરીએ? મધ્યમને ધ્યાનમાં રાખીને ભણાવીએ?' તો અનન્ય મરમી અને સરળ એવા વિનોબાજી કહે, 'તત્ત્વજ્ઞાનીઓ સૌથી આગળ ચાલનારા સાથે ચાલે છે. સમાજશાસ્ત્રીઓ મધ્યમસરની સાથે ચાલે છે. સેવકો સૌથી પાછળ પડી ગયેલા સાથે ચાલે છે.'

આ ઉત્તરમાં ગાંધીજીની છબી, એમનું દર્શન મૂર્તિમંત થાય છે. એમનામાં બ્રહ્મવિદ્યાને સહજ જીવવાની ક્ષમતા હતી. જેમણે રામને સત્યમાં, કૃષ્ણને નિષ્કામ કર્મમાં, જિસસને પ્રેમમાં અને તથાગત બુદ્ધને કરુણામાં આત્મસાત્ કર્યા હતા. તેથી જ તેઓ દરેક સાથે ચાલ્યા, સૌ સાથે ચાલ્યા. બાકી નિરાકાર, નિર્ગુણ અને અવ્યક્તને ઇન્દ્રિયોથી શી રીતે પામી શકાય? તે માટે જે વ્યક્ત છે, સમીપ છે, પ્રત્યક્ષ છે તેને ચાહવાના હોય છે, બસ. પ્રિય દુલા ભાયા 'કાગ', તેમના 'ગાંધીડો મારો મોભીડો મારો'માં લખે છે;

ભાંગ્યા હોય એનો ભેરુ થનારો મેલાંઘેલાંને માનનારોઃ
એ... ઉપર ઊજળાં ને મનનાં મેલાં એવાં,
ધોળાને નહીં ધીરનારો, મોભીડો...

❑❑❑

૯૮

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः।
દરેક દિશાએથી અમને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ - ઋગ્વેદ ૧-૮૯-૧

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું માસિક

વર્ષ : ૪૦ અંકઃ ૬, ઓક્ટોબર ૨૦૧૯

સંસ્થાપકો :
કનૈયાલાલ મુનશી
શ્રીગોપાલ નેવટિયા
સમર્પણ : સ્થા. ૧૯૫૯
નવનીત : સ્થા. ૧૯૬૨

સંપાદકઃ
દીપક દોશી

વરિષ્ઠ ઉપ-સંપાદક
અનસૂયા સિંધાત્રા

પૃષ્ઠસજ્જા : યોગેશ પટેલ

પ્રકાશક :
પી. વી. શંકરનકુટ્ટી

કાર્યાલય : ભારતીય વિદ્યા ભવન,
કુલપતિ મુનશી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૭.
E-mail : deepsamarpan@yahoo.com
website : www.bhavans.info
રવાનગી વિભાગ :
૨૩૫૩૦૯૧૬, ૨૩૫૧૪૪૬૬

આવરણ : રમેશ ઠાકર
સૌજન્ય : નવજીવન ટ્રસ્ટ

લવાજમના દરો : એક વર્ષ : રૂ. ૩૦૦, બે વર્ષ : રૂ. ૫૮૦, ત્રણ વર્ષ : રૂ. ૮૫૦, પાંચ વર્ષ : રૂ. ૧,૪૦૦, દસ વર્ષ : રૂ. ૨,૮૦૦ ❑ વિદેશમાં એક વર્ષના : દરિયાઈ માર્ગ : રૂ. ૧,૫૦૦ હવાઈ માર્ગે : દરેક દેશમાં : રૂ. ૨,૬૦૦ ❑ ચેક/ડ્રાફ્ટ ‘ભારતીય વિદ્યા ભવન’ના નામે મોકલવો.

ભા. વિ. ભ અમૃતમહોત્સવ

ક. મા. મુનશી ૧૨૫ વર્ષ



મુનશીવાણી

રાષ્ટ્રની કસોટી

મારા નવયુવાન મિત્ર,

જ્યારે અવસાન પામેલા હિંદુ યોદ્ધઓના અગ્નિસંસ્કાર માટે ચિતાઓ ખડકવામાં આવી, ત્યારે જે નાગાબાવાઓએ હિંદુ સૈન્યનો વિનાશ કરવામાં સહાય કરી હતી તેઓ તેમનું સંરક્ષણ કરવા તૈયાર થઈ ગયા. ''હિંદુઓના પવિત્ર શબને અમે મ્લેચ્છનો સ્પર્શ નહિ થવા દઈએ.'' હિંદુઓને મરાવ્યા તેનું એમને સ્નાનસૂતક નહોતું. તેમની ચિતાઓ ભ્રષ્ટ ન થાય એટલી જ એમને ચિંતા હતી!...

* * *

આ બધા ઉપરથી તરી આવે છે કે જ્યાં સુધી સમુદાયમાં કટોકટીને વખતે પ્રતિરોધપરાયણતા - પ્રતિરોધ કરી પોતાનું અસ્તિત્વ જાળવવાની ઇચ્છાશક્તિ - ન પ્રગટે ત્યાં સુધી રાષ્ટ્ર બનતું નથી.

જેમ આગળ કહ્યું તેમ એક ભાષા, એક રાજ્ય કે એક સંસ્કારથી રાષ્ટ્રભાવના ઉદ્‌ભવતી નથી. દક્ષિણ અમેરિકામાં સમસંસ્કારી સ્પેનિચ ભાષાભાષી વસે છે, છતાં તે જુદાં જુદાં રાષ્ટ્રોમાં વહેંચાઈ ગઈ છે. દરેકની રાષ્ટ્રીયતા અલગ અલગ છે ને એ દેશો માંહોમાંહે ઘણી વાર લડી મરે છે.

તે જ પ્રમાણે એ બધાં તત્ત્વો ન હોય તો પણ રાષ્ટ્રીયતા પ્રગટે છે. ઈઝરાયલમાં એક ધર્મ, એક ભાષા, એક ઐતિહ્ય અને ઓલ્ડ ટેસ્ટામેન્ટના વીરોનાં પરાક્રમોનાં સ્મરણભંડારથી સચોટ રાષ્ટ્ર બન્યું છે.

સ્વિટ્‌ઝર્લેન્ડમાં ચાર ભાષાભાષીઓ વસે છે. બે કે ત્રણ જાતિનાં સ્ત્રીપુરુષો વસે છે. ખાસ ભૌગોલિક વિશિષ્ટતા નથી અને છતાં સ્વિટ્‌ઝર્લેન્ડ રાષ્ટ્ર છે.

એક રાષ્ટ્રીયતા પ્રગટાવવાને માટે જે બળ જોઈએ, જે શક્તિ જોઈએ એનો મુખ્ય આધાર, મેં કહ્યું તેમ, સામુદાયિક ઇચ્છાશક્તિ પર છે.

[ક્રમશઃ]

॥ શબ્દમૂળની શોધ ॥

છબી, છબિ

☐ હેમન્ત દવે

છબી વિકલ્પે છબિ[૧] શબ્દ ગુજરાતીમાં તસવીરના અર્થમાં પ્રયોજાય છે. *સાર્થ જોડણીકોશ* એ જ અર્થ આપી એની વ્યુત્પત્તિમાં 'છવિ' શબ્દનો પ્રતિનિર્દેશ આપે છે. 'છવિ'ની પ્રવિષ્ટિમાં એના અર્થ માટે 'જુઓ છબી' એમ સૂચવી વ્યુત્પત્તિમાં 'સં.' એટલે કે સંસ્કૃત એમ જણાવે છે. વ્યુત્પત્તિ માટે એક પ્રવિષ્ટિ જોવાની અને અર્થ માટે બીજી, એ સર્વથા ત્યાજ્ય કોશરચનારીતિ મુખ્યત્વે અંગ્રેજી શબ્દોથી સંવર્ધિત નવા સાર્થ જોડણીકોશમાં જાળવી રખાઈ છે.

ગુજરાતી સારસ્વતોની સૂચિમાં સામાન્ય રીતે જહાંગીર સંજાનાનો સમાવેશ થતો નથી, પણ એ આપણા એક વિશિષ્ટ વિદ્વાન હતા. એકાધિક ક્ષેત્રો અને ભાષાઓ ઉપરનો એમના જેવો સમાનાધિકાર ભાગ્યે કોઈ બીજા પંડિતે એમના પહેલાં કે પછી મેળવ્યો હશે. પ્રમાણોસહિત અકાટ્ય તર્ક સાથેની ડંખવાળી ધારદાર લેખન-અભિવ્યક્તિ એમની વિશિષ્ટતા હતી. કોઈ પણ વિષયનું સંશોધન કેમ કરાય, એની અનુકરણીય પદ્ધતિ કઈ, એ શીખવું હોય તો એમનાં લખાણોનો વ્યાસંગ અનિવાર્ય બને. અસ્તુ. એમણે આ શબ્દની ખૂબ વિગતે ચર્ચા કરી છે.[૨] એમણે લખ્યું છે કે સંસ્કૃત 'છવિ'ના અર્થ કાંતિ, રંગ, સૌંદર્ય એવા છે, તસવીર કે ચિત્ર નથી. તેઓ જણાવે છે તેમ ગુજરાતી 'છબિ' મૂળે અરબી શબ્દ છે અને ગુજરાતીમાં (ફારસીમાં થઈને) હિન્દી વાટે આવ્યો છે (સર. શ્ટાઈનગાસનો ફારસી કોશ, 733; વેઅરનો અરબી કોશ, 454). شبیه એટલે કે 'શબીહ'ના અરબીમાં 'સરખું, સમાન, -ને મળતું આવતું, ચિત્ર, આકૃતિ, નકલ, પ્રતિકૃતિ, પ્રતિમાન', વગેરે અર્થ થાય છે. સંજાના બતાવે છે તેમ 'શબીહ' ઉપરથી હિન્દીમાં 'સબી' / 'છબિ' - 'છબી' અને એમાંથી ગુજરાતી 'છબિ' ઊતરી આવ્યો છે.

સંજાનાએ છેક 1948માં 'ચિત્ર'ના અર્થના 'છબી'ને સંસ્કૃત મૂળનો માની લેવાની ભૂલ પ્રત્યે આપણું ધ્યાન દોર્યું હતું, ત્યાર બાદ એ લખાણ 1955માં ગ્રંથસ્થ થયું પણ *સાર્થ જોડણીકોશે* 1949ની ચોથી આવૃત્તિમાં કે જેમાં બે પરિચ્છેદમાં સંપાદકે વ્યુત્પત્તિનો પ્રશ્ન ચર્ચ્યો છે તે 1967ની પાંચમી આવૃત્તિમાં એ વિશે કશું

ધ્યાન આપ્યું નથી એ અજાયબી કહેવાય.[3] છોટુભાઈ નાયકના ફારસી શબ્દોના સાર્થ વ્યુત્પત્તિ કોશમાં પણ 'છબી' શબ્દ નથી. ત્યાં અલબત્ત 'છબીદાર' છે જેમાં સંસ્કૃત 'છવિ' સાથે 'દાર' ફારસી પ્રત્યય જોડાયો છે. એના અર્થ એમણે 'સુંદર, ઘાટીલું, મનોહર' આપ્યા છે. એટલે, નાયકને પણ 'છબી' શબ્દ અરબી મૂળનો છે એ વિશે જાણકારી નહોતી એમ નિઃસંકોચ કહી શકાય. કે. કા. શાસ્ત્રી સંપાદિત *બૃહદ્ ગુજરાતી કોશ*માં પણ 'છબી'ને સંસ્કૃત મૂળનો જ બતાવાયો છે. સંજાનાની આ શોધ પરત્વેની આપણા વિદ્વાનોની આ બેદરકારી નવાઈ પમાડે તેવી છે. સંજાનાનું *અડપલાં* પુસ્તક 2007માં ફરી ઉપલબ્ધ બન્યું હોવા છતાં સાર્થ.ની તાજેતરમાં આવેલી આવૃત્તિમાં આ વ્યુત્પત્તિ આમેજ નથી થઈ શકી. જોકે, આ નવા કોશમાં તો નાનાવિધ પ્રકારની એટલી ત્રુટિઓ છે કે એમાં આ એક વ્યુત્પત્તિ સુધારી શકાઈ નથી એનું ભાગ્યે આશ્ચર્ય થાય.

❑❑❑

---

[૧] ગુજરાતીમાં કેટલાક વિકલ્પો તો આપણી તદ્વિષયક જાણકારીના અભાવને લઈને રૂઢ છે. વિશે અને વિષે, જોશી અને જોષી, કે અહીં જેની ચર્ચા છે તે છબી અને છબિ. આ ત્રણેમાં પહેલો વિકલ્પ સાચો અને બીજો વિકલ્પ ખોટો છે. અલબત્ત, 'ગુજરાત'ને બદલે 'ગૂજરાત' એવી જોડણી ગૂજરાત વિદ્યાપીઠના (કોશવિભાગના?) અજ્ઞાન કરતાંયે જક્કી વલણને કારણે છે.

[૨] જહાંગીર એદલજી સંજાના. 1955/2007. 'છબિ-બી' શબ્દનો અર્થ. તદીય, *અનાર્યનાં અડપલાં અને બીજા પ્રકીર્ણ લેખો,* પૃ. 203-207. અમદાવાદઃ ગુજરાતી સાહિત્ય પરિષદ. આ નવા સંસ્કરણમાં અસંખ્ય મુદ્રણદોષો છે, જે સંજાનાએ જરાયે પસંદ ન કર્યું હોત.

[૩] જો કે, સંજાનાએ આ નોંધની પૂર્તિમાં લખ્યું જ છે કે એક માત્ર વિજયરાય વૈદ્ય સિવાય આ નોંધમાં કોઈને રસ પડ્યો નથી (એજ, પૃ. 207).

''આપણા શબ્દો કરતાં આપણા આચરણને જ બોલવા દઈએ તો વધુ સારું.''

* * *

''સંસ્થા ક્યારેય સાધનના અભાવે મરતી નથી પણ પ્રામાણિક, કાર્યક્ષમ અને નિઃસ્વાર્થ વ્યક્તિઓના અભાવે મરે છે.''

- મહાત્મા ગાંધી


દીપોત્સવી શુભેચ્છા-સંદેશ



લંડનના એક ભાષણમાં ગાંધીજીએ કહ્યું હતું, "આવતીકાલની દુનિયા અહિંસા આધારિત સમાજ હશે- હોવી જોઈએ. આ ભલે દૂરના ભવિષ્યનું લક્ષ્ય લાગે, એક અવ્યવહારુ 'યુટોપિયા' લાગે પણ એ અશક્ય જરાય નથી. કારણકે એનું આજથી જ પાલન થઈ શકે એમ છે. કોઈપણ વ્યક્તિ અન્યની પ્રતીક્ષા કર્યા વગર ભવિષ્યના વિશ્વની અહિંસક જીવન પદ્ધતિને અનુસરી શકે છે અને જો વ્યક્તિ એ કરી શકે તો આખો વ્યક્તિ- સમૂહ શા માટે ન કરી શકે? આખું રાષ્ટ્ર એવું કેમ ન કરી શકે? લોકો શરૂઆત કરતા એટલે અચકાય છે કે તેમને લાગે છે કે સંપૂર્ણ લક્ષ્યને પ્રાપ્ત કરવું શક્ય નહીં બને. આપણી આ મનોવૃત્તિ જ પ્રગતિના માર્ગનું સૌથી મોટું વિઘ્ન છે. આ વિઘ્ન એવું છે જે દરેક વ્યક્તિ જો ધારે તો દૂર કરી શકે છે."

ગાંધી જન્મને દોઢસો વર્ષ થઈ ગયાં છતાં એમનું ચિંતન વહેલી સવારના ઝાકળથી મઢેલા પુષ્પ જેવું તાજું અને રળિયામણું લાગે છે. આજના માનવનો અજંપો એને વારેવારે એ સત્ય તરફ સંકેત કરે છે કે જ્યાં સુધી માણસ ભૌતિકબળનો આત્મસંહારક માર્ગ અપનાવશે ત્યાં સુધી એને અહિંસાના નૈતિકબળનો પરિચય નહીં મળે. ગાંધીજી આવી અહિંસા માટે ફના થનાર ક્રાંતિકારી હતા. આત્મસંહારના સ્વાર્થી માર્ગ ઉપર માણસના અસ્તિત્વ સામે જ આજે જ્યારે જોખમ ઊભું થયું છે ત્યારે ગાંધી પોતાના અક્ષરદેહથી આપણને નમ્રતાપૂર્વક સત્ય, કરુણા અને પ્રેમની મશાલ ચીંધે છે. મનુષ્ય ઉપરની એમની આવી અતૂટ શ્રદ્ધાનો સ્રોત કયો છે એ એમના શબ્દોમાં જોઈએ: "હું માનવ-પ્રકૃતિને સંદેહ-દૃષ્ટિએ નથી જોઈ શકતો. એ કોઈપણ

150 YEARS OF CELEBRATING THE MAHATMA




ઉદ્દાત અને મૈત્રીપૂર્ણ કાર્યનો પ્રત્યુત્તર જરૂર આપશે.”

ગાંધીજીની આ અહિંસક લડત સામે પક્ષે ઊભેલા માટે માત્ર નહોતી, પોતાના આંતરરિપુઓને પણ એમણે લલકાર્યા હતા. આવી અહિંસા કઈ રીતે ચરિતાર્થ થાય? તેઓ કહે છે,“મને ખ્યાલ છે કે મારે ખૂબ અઘરો માર્ગ કાપવાનો છે. મારે મારા અસ્તિત્વને સાવ ભૂંસી નાખવું પડશે. મનુષ્ય જ્યાં સુધી સ્વયંને સ્વેચ્છાએ પોતાના સાથીઓમાં સૌથી છેવાડે ઊભો ન કરી શકે ત્યાં સુધી એની મુક્તિ શક્ય નથી. અહિંસા વિનમ્રતાની ચરમસીમા છે.”

અંતરાત્માના અવાજને અનુસરીને એમણે પોતાનો સત્યપદ શોધી કાઢ્યો. એમના ‘સત્યના પ્રયોગો’ માંથી દુનિયાને જે રસાયણ મળ્યું છે તે અમૃત સમાન છે. સમષ્ટિ માટે છે. વિશ્વ આખામાં જ્યારે ‘ગાંધી ૧૫૦’ ઉજવાઈ રહ્યું છે ત્યારે એમના અમૃતમય જીવનનાં કેટલાંક પાસાં અહીં ‘નવનીત સમર્પણ’ના વાચકો માટે સાદર કર્યાં છે. વિદ્વાનો દ્વારા ગાંધીજીના જીવન-કવનને ઉજાગર કરાયું છે, તો કેટલાક સર્જકોએ પોતાના સર્જન દ્વારા ગાંધીની છબી ઉપસાવી આપી છે. આશા છે કે ‘નવનીત સમર્પણ’નો દીપોત્સવી અંક ‘ગાંધી ૧૫૦’ વાચકોને ગમશે. આપ સર્વેનું જીવન સત્ય, પ્રેમ અને કરુણામય બને એવી દીપોત્સવી પર્વની શુભેચ્છાઓ.

સુરેન્દ્રલાલ ગિ. મહેતા
પ્રમુખ
(ભારતીય વિદ્યા ભવન)




ગાંધીજી સંદર્ભે

પ્રો. ભીખુ પારેખ : એક મુલાકાત

☐ આરાધના ભટ્ટ

પ્રોફેસર લૉર્ડ ભીખુ પારેખ એક એવું વ્યક્તિત્વ છે જે સાંપ્રત રાજકીય તત્ત્વચિંતકોમાં વિશ્વસ્તરે અગ્રિમ સ્થાન ધરાવે છે. એમનું મૂળ અમલસાડમાં અને પછી એમણે ઉડાન ભરી વિલાયતની. લગભગ ચાર દાયકાથી ત્યાંના શિક્ષણ તેમ જ જાહેર અને રાજકીય તખ્તાઓ ઉપર સક્રિય રહેવાની સાથે સાથે ભારતના શૈક્ષણિક, રાજકીય અને સામાજિક પ્રવાહો સાથે સહજ નિસ્બતથી સંકળાયેલા રહ્યા છે. મુંબઈ યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્રની અનુસ્નાતક પદવી લઈને પછી લંડન સ્કૂલ ઑફ ઇકોનોમિક્સમાં ડૉક્ટરેટ અને પછી ત્યાં જ અધ્યાપન કર્યું. વર્ષ ૨૦૦૦માં બ્રિટન સરકારના હાઉસ ઑફ લૉર્ડ્ઝમાં 'લાઈફ પિયર' તરીકેની નિયુક્તિ અને એ ઉપરાંત અનેક સન્માનો અને માનદ ઉપાધિઓથી વિભૂષિત પ્રોફેસર પારેખ ગાંધીવિચાર સંબંધી અનેક પુસ્તકો, નિબંધોના લેખક છે. એ વિષય પર અનેક વ્યાખ્યાનો આપ્યાં છે. એમની સાથેનો આ વાર્તાલાપ એમનું ગાંધીવિચારનું મૌલિક વિશ્લેષણ રજૂ કરે છે. - આ.ભ.

પ્ર.: ગાંધીવિચારને ત્રણ આયામોમાં વહેંચી શકાય - વ્યક્તિગત, સામાજિક અને રાજકીય/રાષ્ટ્રીય મૂલ્યો. આ ત્રણે આયામોને સાંપ્રત સંદર્ભે મૂલવીએ તો..




ગાંધી : ધ બ્રિફ ઇન્સાઈટ

ઉ.: એમનાં અમુક મૂલ્યો આજે કામમાં આવે, અમુક મૂલ્યો આજે કામમાં ન આવે. દાખલા તરીકે બ્રહ્મચર્યને એમણે આટલું બધું મહત્ત્વ આપ્યું છે, એ આજે ન ચાલે. નહીં કે જમાનો બદલાયો છે, પણ એમનો બ્રહ્મચર્યનો વિચાર મારા મનમાં બેસતો નથી અને ઘણાના મનમાં નથી બેસતો. અથવા તો, અહિંસા એ એમનું જબરદસ્ત સાધન છે, પણ અહિંસા કદી નિષ્ફળ ન જાય એ વિચારને હું માનતો નથી અને ઇતિહાસ એની ગવાહી પૂરે છે. જ્યારે હિટલરના કોન્સન્ટ્રેશન કેમ્પમાં આટલા બધા માણસોને મારી નાખવામાં આવ્યા ત્યારે એક યહૂદી નેતાએ ગાંધીજીને પત્ર લખ્યો કે આ માણસ અમારા સાઠ લાખ માણસોને ખતમ કરવા માગે છે, હવે અમારે શું કરવું? તમારો સત્યાગ્રહ કઈ રીતે કામમાં આવે? એનો ગાંધીજી પાસે કંઈ જવાબ નહોતો. ત્યારે માર્ટિન બુબર, જે મોટો જર્મન ફિલસૂફ હતો, એમણે ગાંધીજીને કહ્યું હતું કે Where there is no witness, there can be no martyrdom, there can only be murder. જ્યાં સાક્ષી નથી, જ્યાં તમારે માટે લખવા માટે છાપાંવાળાઓ નથી, ત્યાં શહાદત ન હોઈ શકે ત્યાં તો માત્ર ખૂન જ થાય. એ માણસ તમારું ખૂન કરશે. એટલે અહિંસા અને સત્યાગ્રહ એ ગાંધીજીના મહત્ત્વના સિદ્ધાંતો, પણ એ સિદ્ધાંતોની મર્યાદાઓ પણ સમજવી જરૂરી છે.

પ્ર.: આપે ગાંધીજીના બ્રહ્મચર્યના સિદ્ધાંતોનો ઉલ્લેખ સૌપ્રથમ કર્યો. આપ એમના આ વિચારો સાથે અસહમત હો એવું જણાય છે. પણ જે વ્યક્તિનું જીવન સેવાની સાધના બન્યું હોય એ પોતાના વ્યક્તિગત આનંદને પ્રાધાન્ય આપી શકે?

ઉ.: ખરું, બ્રહ્મચર્ય એ પણ એક જાતની તપસ્યા ખરી. પણ એ તપસ્યા કરીને અટકતા નથી. બ્રહ્મચર્ય એ તપસ્યા છે અને તપ કરીને મારે એક શક્તિ ઊભી કરવી છે એવું એ કહે તો એ બરાબર છે. પણ એમાં પ્રશ્ન એ ઊભો થાય છે કે તમારે કઈ જાતની શક્તિ ઊભી કરવી છે. એ એવું તપ કરવાનું કહે છે કે એમની શક્તિથી એ જે કહે તે સામા માણસને ગળે ઊતરે. પણ માફ કરજો, મેં એવું કોઈ તપ જોયું નથી, અને એવું તપ થઈ શકે એની પણ મને શંકા છે. એક સરસ વાત છે. રિચર્ડ

એટનબરો જ્યારે ગાંધી પર ફિલ્મ બનાવવાની તૈયારી કરતા હતા ત્યારે એ પંડિત નેહરુને મળવા ગયા. એમને ગાંધીજીના ફોટા જોવા હતા. પંડિતજી પાસે સેંકડો ફોટા હતા, જે એમણે જોયા અને એમાંના કેટલાક ફોટા રિચર્ડ લઈ



ભીખુ પારેખ

ગયા. ફોટા લઈને એ ગાડીમાં બેસવા જાય છે ત્યાં પંડિતજી દોડતા આવ્યા અને કહ્યું, 'Richard, remember one thing when you make the film. He was much too human to be a saint'- રિચર્ડ, ફિલ્મ બનાવો ત્યારે એક બાબત યાદ રાખજો, એમનામાં એટલું બધું મનુષ્યત્વ હતું કે એમને સંત ન કહી શકાય. એટલે ગાંધી મને ગમે છે, કારણ કે એ આપણા જેવા માણસ છે. એમણે જાતજાતના પ્રયત્નો કરેલા, કેટલીક વાર એ નિષ્ફળ જાય છે. આટલાં બધાં વર્ષોના બ્રહ્મચર્ય પછી પણ એમને એક-બે વાર જે પ્રસંગો બન્યા ત્યારે ગાંધીજીને પણ પ્રશ્ન થયો કે આવા ખોટા વિચારો કેમ મારા મગજમાં આવે છે? પણ એ ન ટાળી શક્યા, છેલ્લે સુધી એ પ્રયોગો કરતા રહ્યા, કારણ કે એમને ખાતરી નહોતી કે એમનું બ્રહ્મચર્ય કેટલું ઊંડું છે. હવે આટલો જબરદસ્ત માણસ, આટલાં બધાં વર્ષોની સાધના પછી પણ આટલી ખાતરી પોતાના વિશે ન લાવી શકે તો મારા-તમારા જેવા માણસનું તો આમાં શું ગજું? અને બીજું કે એમના બ્રહ્મચર્યના ખ્યાલો એ પુરુષલક્ષી છે, સ્ત્રીલક્ષી નથી. એમણે બ્રહ્મચર્યનો આટલો બધો આગ્રહ કર્યો, કારણ કે વીર્યસ્ખલન ન થાય. હવે એ તો પુરુષનો પ્રશ્ન છે, સ્ત્રીનો પ્રશ્ન નથી.

પ્ર.: ગાંધીવિચાર ધીમેધીમે ગાંધીવાદ બન્યો. ૧૯૪૦માં ગાંધીજીએ કરેલા એક પ્રવચનમાં એમણે કોઈપણ 'ઈઝમ' સામે લાલ બત્તી ધરેલી. એમનું જીવન એ જ એમનો સંદેશ છે એવું એ દૃઢપણે કહેતા. આજનો ગાંધીવાદ કોઈ રીતે ગાંધીનાં તાત્ત્વિક મૂલ્યોથી અલગ ચાલ્યો છે એમ માનો છો?

ઉ.: ઘણી રીતે. પહેલું તો, ગાંધીવાદ શબ્દ જ અનુચિત છે. અને તમે જે ક્વોટેશન કહ્યું એમાં એમણે ચોખ્ખું કહેલું કે ગાંધી-ઈઝમ જેવું કશું નથી. અને બીજું એ કે ગાંધીજીના ગયા પછી બીજો ગાંધી ઊભો ન થઈ શક્યો. જેમ કોમ્યુનિસ્ટ પાર્ટીમાં કોઈ નેતા જાય તો વાંધો નહીં, કારણ કે એ સંસ્થાગત વિચારધારા છે. ગાંધીજીની બાબતમાં વ્યક્તિનું મહત્ત્વ એટલું બધું છે. ગાંધીજી અહિંસાનો પ્રયોગ એક રીતે કરે અને બીજી તરફ માર્ટિન લ્યુથર કિંગ બીજી

રીતે એનો ઉપયોગ કરે અને ત્રીજો માણસ ત્રીજી રીતે એનો અર્થ કરે. એ રીતે અનેક જાતના ગાંધી ઊભા થઈ શકે છે, એક જ મોડેલનો ગાંધી ઊભો ન થઈ શકે. એટલે ગાંધીના વિચારોથી જે પ્રભાવિત થયા છે એને માટે આપણે અંગ્રેજીમાં 'ગાંધીયન' શબ્દ વાપરી શકીએ પણ 'ગાંધી-સ્ટ' તો કોઈ નથી. જેમ માર્ક્સિયન વિચારકો હોઈ શકે અને માર્ક્સિસ્ટ પણ હોઈ શકે એવું ગાંધીજી બાબતે નથી થતું. એટલે આપણે ઉદ્દામવાદી કહીએ એવું ગાંધીવિચારધારાથી પ્રભાવિત વ્યક્તિ બાબતે ન બને. એ ગાંધીના વિચારની ઉદારતા છે.

પ્ર.: ગાંધીજીના વિચારોને આપણે યથાતથ અનુસર્યા હોત તો આજે દુનિયા કેવી હોત?

ઉ.: પહેલું તો હું અને તમે આ રીતે વાતો કરી શકીએ છીએ, છેક ઓસ્ટ્રેલિયાથી બ્રિટન, એ રીતે ન કરી શકતાં હોત, કારણ કે એમને ટેક્નોલોજી સામે વાંધો હતો. તદ્દન વાંધો નહોતો, એ બોટમાં તો ફરતા હતા. બોટમાં એ ઇંગ્લેન્ડ આવેલા. પણ ત્રણ-ચાર ફેર થાત. પહેલું તો ગાંધીજીની દૃષ્ટિએ જે આદર્શ ભારત કે આદર્શ કોઈપણ દેશ છે, એ સામાન્ય રીતે ગ્રામ્ય માળખા આધારિત. એટલે એમના કહેવા પ્રમાણે દેશમાં ઔદ્યોગિકીકરણ ઓછું. પંડિતજી જોડેનો એ એમનો મોટો મતભેદ હતો. ગાંધીજીને ઔદ્યોગિકીકરણ માર્યાદિત કરવું હતું, જ્યારે પંડિત નેહરુ એવું માનતા કે એના વિના દેશનો ઉદ્ધાર ન થઈ શકે. બીજું કે ગાંધીજીની બાબતમાં પોલીસ કે સૈન્ય એની સંખ્યા ઓછી, કારણ કે એના વિના દેશ જેમ ચાલે એમ ચલાવવો, એવું એ માનતા. એ આજના જમાનામાં મુશ્કેલ થઈ પડે. ત્રીજું કે એમની જે પ્રકૃતિ પ્રત્યેની ભાવના છે એ એક જબરદસ્ત ખ્યાલ છે. ઇંગ્લેન્ડમાં, અમેરિકામાં જે 'ગ્રીન મૂવમેન્ટ' છે એ એમના વિચારોને અમલમાં મૂકવાનો પ્રયત્ન કરે છે. એ થઈ શક્યું હોત અને એના કારણે ઘણા ફેરફારો આજકાલ જે ઔદ્યોગિકીકરણ થઈ રહ્યું છે એમાં થઈ શક્યા હોત. પણ બીજો જે એમનો મહત્ત્વનો સિદ્ધાંત છે જે આજની દુનિયામાં ખૂબ જ જરૂરી છે, અને જેનો અમલ થવો જોઈએ તેટલો થતો નથી. ગાંધીજીનું કહેવું હતું કે દુનિયામાં આટલી બધી અસમાનતા છે, જિંદગીભર એમનો એક સવાલ રહ્યો છે કે અસમાનતા કેવી રીતે દૂર થઈ શકે? એના પર વિચાર કરીને એમણે એક મહત્ત્વનો સિદ્ધાંત આપ્યો કે જ્યાં સુધી અસમાન માણસો એનો અસ્વીકાર ન કરે ત્યાં સુધી અસમાનતા દૂર ન થઈ શકે. એટલે બીજા શબ્દોમાં કોઈ જ નિર્દોષ નથી. અસમાનતા સહન કરનાર પણ દોષી છે. બ્રિટિશરો આપણા પર રાજ કરે છે, કારણ કે



ગાંધીજી, ફોટો : માર્ગરેટ બર્ક-વ્હાઇટ, 1946

આપણે એમને સહકાર આપીએ છીએ. એટલે જે કચડાયેલા માણસો છે એમના સહકાર વિના એમનું શોષણ ન થઈ શકે. આ વિચાર મને બહુ જ મહત્ત્વનો લાગે છે. આ હિંમત જે ગાંધીજીમાં હતી એ આજે આપણે ત્યાં બહુ ઓછી છે. એમનો બીજો એક વિચાર પણ મને બહુ ગમે છે, જે રાજકીય નેતા વિશેનો છે. નેતાની શું જવાબદારી? અને નેતાનું શું કામ? અત્યારે ઠેકઠેકાણે નેતાઓ બનીને બેઠા છે, જે લોકપ્રિયતાની હોડમાં છે. આજના નેતાઓ સાચા અર્થમાં નેતાઓ છે? ગાંધીજીનું કહેવું છે કે નેતા પ્રજાને સાચી દિશામાં દોરવાનો પ્રયત્ન કરે, સતત એ વિશે ચિંતન કરે કે મારી કોઈ ભૂલ થતી નથી. અને જો ભૂલ થતી હોય તો એ ભૂલ જાહેરમાં કબૂલ કરે. એટલે અસહકારની ચળવળને એમણે 'હિમાલયન બ્લંડર' કહેલી. એ ચળવળ એમણે શરૂ કરેલી, પણ એ શરૂ કર્યાના ચાર-પાંચ દિવસમાં જ એમણે કબૂલ કરેલું કે આ મારી ભૂલ છે, મને માફ કરો. એ માણસમાં નૈતિક હિંમત કેટલી બધી હશે! એવું ઘણી બાબતમાં થયું. એટલે પોતાની શુદ્ધિ માટે એ ઉપવાસ કરતા. આ રીતે એ પોતાની જાતને સજા કરતા અને અંગ્રેજીમાં એમણે સરસ કહ્યું છે voluntary crucifixion of the flesh. જેમ ઈસુ ખ્રિસ્તને શૂળીએ ચડાવેલા એમ નેતાને પોતાની ભૂલ દેખાય ત્યારે એ પોતાની જાતને ક્રુસિફાય કરતો રહે છે. નેતાની આ કલ્પના કેટલી જબરદસ્ત કલ્પના છે. નેતા પોતે બદલાય, પોતે સુધરતો જાય, એની સાથે એની પ્રજા પણ બદલાય- આ એક મહાન લોકશાહી નેતાનો

આદર્શ છે.

પ્ર.: આ બધા વિચારો જોઈએ ત્યારે પ્રશ્ન થાય કે સામાન્ય માણસ માટે ગાંધીને અનુસરવું કેટલી હદે શક્ય છે?

ઉ.: સામાન્ય માણસ સામાન્ય બાબતોમાં ગાંધીજીનું અનુકરણ કરી શકે. આ બ્રહ્મચર્યનું જવા દઈએ. પણ ગાંધીજીનો જે એક વિચાર હતો કે કોઈપણ વસ્તુ મારી પાસે આવી એ ક્યાંથી આવી? કેવી રીતે આવી? એ વસ્તુ મારી માલિકીની નથી. હું એનો ટ્રસ્ટી છું. પૈસાવાળો પૈસા કમાતો હોય તો એ પોતાની જરૂર માટે એ વાપરે, બાકીના બધા પૈસા સમાજ માટે એક ટ્રસ્ટી તરીકે લઈને એ ઊભો રહે. આ કલ્પના પ્રમાણે સામાન્ય માણસ જીવી શકે. ગાંધીજી કહે છે કે સમાજસેવા એ જ મોક્ષનું સાધન છે. સમાજસેવામાં તમે સામેની વ્યક્તિના આત્મા સાથે વિલીન થઈ જાઓ છો. એ જ મોક્ષ છે. આવું તો બધા જ કરી શકે અને કરે છે. સમાજસેવા થઈ શકે છે. સમાજસેવા એટલે ક્રાંતિ કરવી એવું જરૂરી નથી.


પ્ર.: રાજકીય પાસાનો વિચાર કરીએ તો, ભારતના વિભાજન સંદર્ભે ગાંધીની નીતિ-રીતિની આજે પણ આલોચના થાય છે. આ બાબતે આપના વિચાર જાણવા છે.

ઉ.: ભારતના વિભાજનમાં બે-ત્રણ વસ્તુઓ ધ્યાનમાં રાખવા જેવી છે. એક તો એવું કહેવામાં આવે છે કે એ ભારતનું ધાર્મિક વિભાજન છે. એ તદ્દન ખોટું. એ ધાર્મિક વિભાજન નહોતું. મુસ્લિમોને એમ લાગ્યું કે આઝાદ ભારતમાં હિન્દુઓની બહુમતીને લઈને એમને નુકસાન થશે, માટે મુસલમાનો છૂટા થયા, પણ બીજા ધર્મોના લોકો તો સાથે રહ્યા. શીખો, ખ્રિસ્તીઓ, બૌદ્ધ, પારસીઓ છૂટા ન પડ્યા અને હિન્દુઓએ જુદું હિન્દુસ્તાન ઊભું નથી કર્યું. માત્ર મુસલમાનો છૂટા પડ્યા. એને ધાર્મિક વિભાજન ન કહી શકાય. બીજું, એ વિભાજન થયું એમાં ગાંધીજીના નેતૃત્વની મર્યાદા અને મહત્ત્વ બંને દેખાય છે. એમણે કહેલું કે મારા મૃતદેહ પર દેશના ટુકડા થશે. ઘણા લોકો પ્રશ્ન કરે છે કે તો પછી એમણે વિભાજન સામે આમરણાંત ઉપવાસ કેમ ન કર્યા? એનું કારણ એ છે જે ગાંધીજીએ કહેલું કે ઉપવાસ ત્યારે થાય જ્યારે સામા માણસોમાં એ સમજવાની શક્તિ હોય. જો એ લોકો એક જ વિચારને વળગેલા હોય તો મારા ઉપવાસથી એમના પર હિંસા થશે. એટલે એમણે ઉપવાસ કરવાનું માંડી વાળ્યું. અને બીજું જે ગાંધીજી માટે કહેવામાં આવે છે કે એ ધર્મની ભાષા દેશમાં લાવ્યા. 'ઈશ્વર અલ્લાહ તેરો નામ' વગેરે... એને કારણે એમણે રાજકારણને ધાર્મિક રૂપ આપવાનો પ્રયત્ન કર્યો. હું નથી માનતો કે એ સાચું હોય, કારણ કે પહેલી

વાત એ છે કે લોકોની ધાર્મિક ભાવના જગાડ્યા વિના એ દેશને એક ન કરી શક્યા હોત. આખા દેશને એકત્રિત કરીને ગતિમાન કરવા માટે હિન્દુઓને હિન્દુઓની ભાષામાં, શીખોને શીખોની ભાષામાં, મુસ્લિમોને એમની ભાષામાં કહેવું જરૂરી હતું. એનાથી વિભાજન ન થાય, ઊલટાનું માણસો એકમેક સાથે રહે. એટલે વિભાજનનાં કારણો જુદાં હતાં. ગાંધીજીનું રાજકીય વાતાવરણમાં ધાર્મિક ભાવના લાવવું એ એનું કારણ નથી.

પ્ર. : ગાંધીના વિચારો સાથે એમના સમયના ઘણા રાજકીય નેતાઓ અસંમત હતા, છતાં આખરે જ્યારે આઝાદ ભારતનું ઘડતર કરવાનું આવ્યું ત્યારે એ બધા જ ફરીથી ગાંધી વિચારધારા તરફ વળ્યા. આના મૂળમાં શું હશે?

ઉ.: એમાં મારો અભિપ્રાય સહેજ જુદો. ઘણા માણસો છે જે ગાંધીજીના ગુજરી ગયા પછી ગાંધીજીનું નામ વધારે બોલતા થયા, પણ એમના આચારમાં ગાંધીજીનું કંઈ જ નથી દેખાતું. ગાંધીજીના વખતમાં એવી બે-ચાર વ્યક્તિઓ હતી જેના અનુયાયીઓ આજે પણ ગાંધીજીની ચર્ચા કરે છે, એમના સિદ્ધાંતોને અનુસરે છે. પંડિત નેહરુ, આંબેડકર, ટાગોર, ઝીણા, આ ચાર ગાંધીના મોટા પ્રતિપક્ષીઓ, એક જમાનામાં ગાંધીજીની વિરુદ્ધ, પછી



બ્રિટિશ પાર્લામેન્ટના પરિસરમાં ગાંધીજીનું પૂતળું


ધીમેધીમે ગાંધીજી તરફ આવતા જાય છે. પણ તરફ આવે છે, એનો અર્થ શું? તો એ એટલું કે જેટલી અહિંસા હોય એટલું સારું, પણ કોઈએ એમ નથી કહ્યું કે દેશને એક નેશનલ યુનિફોર્મ હોવો જોઈએ. ગાંધીજીએ એમ કહ્યું કે બધા ચરખો ચલાવે ત્યારે એમનું કહેવું માત્ર ખાદી પૂરતું માર્યાદિત નહોતું. એમનું કહેવું હતું કે એક પોશાક હોય તો એમાં આખો દેશ એક થાય. એટલે આવા વિચારો ગાંધીના લેનાર ગાંધીતરફી કહેવાય, પણ બીજી બધી રીતે તો એ લોકો ગાંધીની ટીકા કરતા જ રહ્યા છે. આંબેડકરે છેલ્લે સુધી કહ્યું કે ગાંધીજી હરિજનોને ન સમજી શક્યા. એના

વિશે મેં મારા એક પુસ્તકમાં લખ્યું છે કે આંબેડકર એ બાબતે ખોટા હતા. નેહરુએ એક ફ્રેંચ પત્રકારને આપેલી મુલાકાતમાં કહેલું કે જેમ મારી ઉંમર વધે છે તેમ હું માર્ક્સ કરતાં ગાંધી અને બુદ્ધની વધુ નજીક જઈ રહ્યો છું. એ ગાંધીના વિચારોની નજીક ગયા હશે, પણ એમના આચરણમાં તો વધારે ગાંધીવાદી કશું આવ્યું નથી. એટલે આ રીતે ગાંધીના નામનો ઉપયોગ કરવાની આપણે ત્યાં ટેવ છે, પણ એથી કરીને એ બધા ગાંધીવાદી છે અથવા ગાંધી તરફ વળી રહ્યા છે એવું હું માનવા તૈયાર નથી.

પ્રશ્ન : આપ બ્રિટનના રાજકારણ સાથે અને જાહેર જીવન સાથે દાયકાઓથી સંકળાયેલા છો, અને આપ એ દેશની સરકારમાં છો જે સરકાર સામે ગાંધીએ ચળવળ કરેલી. એ જ સરકારે આજે એની પાર્લામેન્ટના પરિસરમાં ગાંધીની પ્રતિમા રાખી છે. આ બાબત બ્રિટિશ સરકાર વિશે, અને ગાંધી વિશે શું કહે છે? બ્રિટનમાં આજે ગાંધીજી વિશે કેવું વલણ છે?

ગાંધીનાં પૂતળાં મૂકવામાં સરકારને શું વાંધો હોય? અને એનાથી ભારતની પ્રજાને આનંદ થતો હોય અથવા ભારતની સરકારને ગૌરવ લેવાનું થતું હોય તો એમાં બ્રિટિશ સરકારની ગણતરી છે. બે વસ્તુ સમજવા જેવી છે. પહેલી વાત એ કે બ્રિટિશ સરકારે ક્યાંય ગાંધીજીનું પૂતળું મુકાવ્યું નથી. આપણા લોકોએ એની પ્રવૃત્તિ શરૂ કરી અને બ્રિટિશ સરકારે એને જરાતરા સાથ આપ્યો. સરકારે પૈસા પણ ઝાઝા આપ્યા હોય એવું હું માનતો નથી. આ પૂતળું જે છેલ્લું ઊભું થયું, જેને ઘણા લોકો 'સરકારી ગાંધી' કહે છે, કારણ કે જનતાના ગાંધી તો ટેવિસ્ટોક સ્ક્વેરમાં બેઠા છે. એ પ્રતિમા ૨૫-૩૦ વર્ષ પહેલાં પ્રજા પાસેથી નાણું ઉઘરાવીને ઊભી કરાઈ હતી. અને પછી આ ઊભું થયું પાર્લામેન્ટ સ્ક્વેરમાં 'સરકારી સ્ટેચ્યુ'. આ બધા માટે પૈસા જોઈએ અને ગાંધી તો તિલક ફંડ માટે ઘેરઘેર જઈને પૈસા ઉઘરાવતા. એ જનતાએ આપેલો ફાળો હતો. આ સરકારી ગાંધી જે થયા એમાં છ માણસોએ એક-એક લાખ પાઉન્ડ આપ્યા અને એ થઈ ગયું. મિત્તલ કે હિન્દુજા જેવા લોકોએ એ પૈસા આપ્યા. આ રીતે પૈસા ભેગા કરવા એ મને બહુ ગાંધીને યોગ્ય લાગતું નથી. અને આમાં બ્રિટિશ સરકારે તો પૈસો નથી આપ્યો. અને આ પૂતળા વિશે આપણા મગજમાં જે પેસી ગયું છે કે ગાંધીનું પૂતળું થયું એટલે આપણને આનંદ થાય, તો સવાલ એ પૂછવા જેવો છે કે પૂતળું ઊભું થયું પછી થયું શું? એની પાસે તમે કોઈ દિવસ જાવ છો? બીજી ઓક્ટોબરે આ ટેવીસ્ટોક સ્ક્વેરમાં જે પૂતળું છે ત્યાં થોડા લોકો ભેગા થાય છે, બસ એટલું જ.

[અનુસંધાન પૃ. 222]



જોહાનિસબર્ગ, દક્ષિણ આફ્રિકામાં પોતાની વકીલાતની ઓફિસમાં, 1905

ગાંધીજી અને સંસ્થાઓ

☐ નગીનદાસ સંઘવી

યુગપુરુષ મહાત્મા ગાંધીની દોઢસોમી જન્મજયંતી નિમિત્તે અઢળક બોલાયું, લખાયું અને હજુ પણ લખાશે. આવાં લખાણોમાં અહોભાવનો અતિરેક હોવાથી ઇતિહાસલેખન માટે જરૂરી તટસ્થતા જળવાતી નથી.

વળી ગાંધીજીનું જીવન કેટલું સંકુલ છે, જીવન પ્રત્યેનો એમનો અભિગમ એટલો બધો નિરાળો છે અને તેમના જીવનના આયામો એટલા બહુસંખ્ય છે કે ગાંધીજીનું અથવા ગાંધીજી વિશેનું લખાણ જેટલું વાંચીએ તેટલું તેમના વિશે લખવા બોલવાનું અઘરું બનતું જાય, કારણ કે તેમના અજાણ અથવા ઓછા જાણીતા આયામો સતત પ્રગટ થતા રહે. આત્મકથાની પૂર્ણાહુતિમાં એમણે લખ્યું છે એમ, ''વ્યાપક સત્યનારાયણનાં પ્રત્યક્ષ દર્શન.... કરવાને ઇચ્છનાર મનુષ્ય જીવનના એકપણ ક્ષેત્રની બહાર રહી શકતો નથી.'' એ રીતે ગાંધીજી બહાર રહ્યા નથી. ગાંધી રાજકારણમાં ઓતપ્રોત

રહ્યા, અધ્યાત્મ માર્ગના અખંડ અને અથાક સાધક બન્યા. ગાંધી વકીલ, દાકતર, સમાજસુધારક, શિક્ષણશાસ્ત્રી, આહારશાસ્ત્રી, લેખક, પત્રકાર, પ્રકાશક, ગુજરાતી ભાષાની જોડણીમાં રસ ધરાવનાર છે. ગાંધી ચુસ્ત હિન્દુ છે, ઉત્તમ ખ્રિસ્તી છે, ક્રાંતિકારી છે. જડસુ રૂઢિચુસ્ત પણ છે. આંદોલનો મારફતે સતત અશાંતિ ફેલાવનાર છે, કાયદાપાલનના ચુસ્ત હિમાયતી છે અને કાયદા તોડવામાં પાછીપાની કરતા નથી. અતિશય કંજૂસ છે પણ જરૂર પડ્યે ઉડાઉ પણ થાય છે. ઉત્તમ નર્સ છે, આશ્રમોના વ્યવસ્થાપક છે, અતિ પ્રેમાળ છે પણ એમની કઠોરતા ઓછી નથી. ગાંધીજી નૈષ્ઠિક બ્રહ્મચારી છે પણ આખી જિંદગી સ્ત્રીઓની નજીક રહ્યા છે. ગાંધીજી શું છે તેના કરતાં શું નથી તેની યાદી વધારે ટૂંકી થાય. ગાંધીજીએ જીવનને સમગ્રતાથી જોવાનો અને પામવાનો પ્રયાસ કર્યા જ કર્યો છે અને દરેક આયામોને આત્મસાત્ કરવાની મથામણ કરી છે.

વ્યક્તિ, સંસ્થા કે પ્રણાલીનું પૂરેપૂરી તટસ્થતાથી મૂલ્યાંકન કરવા માટે આંકડાશાસ્ત્રીઓ દરેક આયામની સૂચિ (index) બનાવે છે અને તેમાં મોટા ભાગે એકથી દસ આંકડા રાખવામાં આવે છે. જેટલા આયામ હોય તેટલી સૂચિ વાપરવી પડે. (અંગ્રેજી સામયિકો, કોલેજો, વિદ્યાપીઠો, હોટેલો ઇત્યાદિની માપણી કરવા આવી સૂચિઓ વપરાય છે.) ગાંધી-જીવનના આયામો અગણિત હોવાથી તેમના માટે અગણિત સૂચિઓ વાપરવી પડે. કામ અઘરું છે. લગભગ અશક્ય છે તેથી ગાંધીજીને પૂરેપૂરા સર્વાંગી ધોરણે સમજવાનો દાવો કોઈ કરી શકે તેમ નથી. શક્ય હોય તેને સાકાર કરવાનો કે સિદ્ધ કરવાનો પ્રયાસ કરે તે ડાહ્યો માણસ ગણાય, અશક્યની ઉપાસના કરનાર ગાંધીજી જેવા આદર્શ પરસ્ત (utopian) માણસોને આપણે પયગંબર કહીએ છીએ.

ગાંધીજી ભારતમાં જન્મ્યા અને ઊછર્યા. 78 વર્ષની જિંદગીમાં 48 વર્ષ ભારતમાં રહ્યા. ભારતના આગેવાન તરીકે દુનિયા તેમને ઓળખે છે અને પૂજે છે પણ ગાંધીજીનો સંસ્કારદેહ ભારતનો નથી. તેમનું ઘડતર ઇંગ્લેન્ડમાં અને પછી દક્ષિણ આફ્રિકામાં થયું. ગાંધીનો દેહ ભારતીય છે તેમનો આત્મા વૈશ્વિક છે. ગાંધીજીએ સ્થાપેલી સંસ્થાઓ અને તેના સંચાલનમાં આવાં વૈશ્વિક તત્ત્વો ઝળકી ઊઠે છે. ગાંધીના આશ્રમો નામે પ્રાચીન ભારતીય છે પણ તેનું સંગઠન અને સંચાલન ૧૯મી સદીના આરંભે યુરોપ-અમેરિકામાં સ્થપાયેલા સમાજવાદી કોમ્યુન (Socialist Commune)ને આબેહૂબ મળતાં આવે છે. ગાંધીના આશ્રમો ઋષિઓના આશ્રમો નથી.

ગાંધીજીનું ઘડતર અને તેમના



યુવા ગાંધી : લંડનમાં વેજિટેરિયન સોસાયટી સાથે, 1890

જાહેર જીવનની શરૂઆત પેટ ભરવા માટેની રખડપટ્ટીથી થાય છે. લંડનમાં અચાનક જડી ગયેલી શાકાહારી હોટેલ તેનું આરંભબિંદુ છે. વેજિટેરિયન સોસાયટીના કારણે ગાંધીજી નિષ્ઠાવાન શાકાહારી બન્યા, થીઓસોફિસ્ટ બન્યા, ગીતા વાંચતા થયા, છાપાંમાં લખતા થયા, શાકાહારના પ્રચાર માટે ભાષણો કરતા થયા અને અનેક બુદ્ધિવંતોનો સત્સંગ પામ્યા. પોતે રહેતા હતા તે વિસ્તારમાં વેજિટેરિયન સોસાયટીની શાખા શરૂ કરી તે ગાંધીજીએ સ્થાપેલી પહેલી સંસ્થા છે.

ગાંધીજીના જાહેર જીવનનો બીજો તબક્કો નાતાલમાં એકાદ વર્ષ રહ્યા પછી શરૂ થયો. મોરિત્સબર્ગ સ્ટેશનની ઘટનાને ખોટી રીતે ચગાવવામાં આવે છે. ચાર્લ્સટાઉનની ઘટના વધારે ત્રાસદાયી છે. છતાં ત્યાર પછીના આખા વર્ષ દરમિયાન આ બાબતમાં ગાંધીજીએ કશું કર્યું નથી.

આફ્રિકાથી પાછા ફરવાના દિવસે ગાંધીના જાહેર જીવનનો, તેમના આફ્રિકાવાસનો અને તેમના વકીલના ધંધાનો આરંભ થયો. ગિરમીટિયા મજૂરોની પાછળ પાછળ નાતાલમાં સલવાઈ રહેલા હિન્દી વેપારીઓ અને ધંધાદારીઓના નાબૂદ થઈ રહેલા અધિકારોની જાળવણી માટે લડત શરૂ થઈ અને ગાંધીજી આફ્રિકામાં રહ્યા ત્યાં સુધી આ હિંદી વસાહતીઓના હક માટે લડતા રહ્યા. જેમના માટે ગાંધીજીએ જીવતરનો ભોગ આપ્યો તે હિંદી વસાહતીઓએ સત્યાગ્રહની

આખરી લડતમાં ગાંધીનો દ્રોહ કર્યો અને એમને એકલા પાડી દીધા. પણ આ બધું પંદર વર્ષ પછી થયું.

બ્રિટિશ સામ્રાજ્યના પ્રજાજન તરીકે હિંદીઓને કોઈ પણ સંસ્થાનમાં રહેવાનો અધિકાર છે અને તેમની બાબતમાં ભેદભાવ રાખી શકાય નહીં તે મુદ્દા પર ગાંધી લડ્યા. નાતાલમાં હાર્યા પણ લંડનમાં જીત્યા.


આફ્રિકામાંઅનેભારતમાંગાંધીજીના ટેકેદારોમાં મહત્ત્વનો તફાવત નોંધવો જોઈએ. દક્ષિણ આફ્રિકાનાં સંસ્થાનો નાતાલ અને ટ્રાન્સવાલમાં ગાંધીજીએ સાંસ્થાનિક સરકારો સામે લડત ચલાવી. તેમને બ્રિટિશ સરકારે અને રૂઢિચુસ્ત સામ્રાજ્યવાદીઓએ પૂરેપૂરો ટેકો આપ્યો. સંસ્થાનોની બહુમતી પ્રજા ગાંધીને ધિક્કારતી હતી. ભારતની જનતા અંગ્રેજી રાજવટ સામેની લડતમાં ગાંધીજી સાથે જોડાઈ પણ બ્રિટનની સરકાર તેમની વિરોધી હતી.

નાતાલની લડત ચલાવવા માટે 1894માં ગાંધીજીએ નાતાલ ઇન્ડિયન કોંગ્રેસની સ્થાપના કરી, બ્રિટિશ ઉત્સવો ઊજવ્યા, યુનિયન જેક ફરકાવ્યો, અસંખ્ય પ્રવૃત્તિઓ કરી અને હિન્દીઓનાં બાળકો માટે શાળા પણ શરૂ કરી.

1894માં ગાંધીજીએ બ્રિટિશ સરકારને કરેલી અરજી એટલી સચોટ અને તર્કશુદ્ધ હતી કે ચોવીસ વર્ષના આ લવરમૂછિયા છોકરાનું નામ ત્રણ ખંડમાં ઇંગ્લેન્ડ, આફ્રિકા અને ભારતમાં ગાજ્યું. ગાંધીજીની વકીલાત ધમધોકાર ચાલી અને ગાંધી નામવંત વકીલ બન્યા.

ભારતમાં કાયમી નિવાસ માટે આવેલા ગાંધીજીએ ટૂંક સમયમાં જ પાછા ફરવું પડ્યું અને ટ્રાન્સવાલમાં હિન્દી વસાહતીઓની હાલાકી વધારે હતી તેથી ગાંધી જોહાનિસબર્ગમાં સ્થાયી થયા અને ટ્રાન્સવાલની લડત માટે ટ્રાન્સવાલ બ્રિટિશ એસોસિયેશનની સ્થાપના કરી (1903). ત્યાર પછીનો અડધો દાયકો (૧૯૦૩થી ૧૯૦૬) ગાંધીના પરિવર્તનનો કાળ છે. ગાંધીજીનો વિકાસ વાંસના અંકુરની ઝડપે થયો. અકસ્માત વાંચેલી રસ્કિનની લખેલી નાનકડી પુસ્તિકા 'Unto this Last' એ ગાંધીનું જીવતર પલટી નાખ્યું. પોતે ખરીદેલા ફિનિક્સ ફાર્મમાં આશ્રમ જીવનનો આરંભ થયો. સાદું, સખત મજૂરીનું જીવતર, સમૂહજીવનના પ્રયોગ શરૂ થયા અને કેલનબેકે ખરીદી આપેલ ટોલ્સ્ટોય ફાર્મ (૧૯૦૮)માં આ પ્રયોગો વધારે વ્યવસ્થિતરૂપે થયા. ઇન્ડિયન ઓપિનિયનની જવાબદારી માથે ઓઢી લેનાર ગાંધી તેના તંત્રી, મુદ્રક અને પ્રકાશક બન્યા.

ટ્રાન્સવાલની પરમિટ પ્રથાના વિરોધમાં ગાંધીજીએ આદરેલી વકીલી લડાઈ લોક-લડતમાં ફેરવાઈ ગઈ અને સત્યાગ્રહનો એમાંથી જન્મ થયો. આ



કાળ ગાંધીનો સાધનાકાળ છે અને ગાંધીજીનો સામાન્યમાંથી અસામાન્ય બનવાનો પરિવર્તન કાળ છે.

નાના-મોટા દરેક અન્યાય દેખાય ત્યાં તેનો વિરોધ કરવા માટે જાતે યાતના વેઠી લેવાનો માર્ગ અતિશય વિકટ હોવાથી ગાંધીજીના ટેકેદારોની સંખ્યા ઝડપભેર ઘટવા લાગી અને ગાંધીજી લગભગ એકલા પડી ગયા. છતાં એમણે જડતાપૂર્વક લડત ચાલુ રાખી. આ કાળે કારાવાસમાં ગાંધીજીએ ભોગવેલા અસહ્ય ત્રાસનું વર્ણન થઈ શકે તેમ નથી પણ સત્યાગ્રહની લડત પડી ભાંગી. છેવટે જેમતેમ સમાધાન થયું અને ગાંધી આફ્રિકાની બધી સંસ્થાઓને જેમની તેમ છોડીને ભારત પાછા ફર્યા. કોચરબ અને સાબરમતી આશ્રમની સ્થાપના થઈ અને ગાંધીજીની આસપાસ સમાનધર્મીઓનો સમૂહ એકઠો થવા લાગ્યો. ગાંધીજીના દરેક આંદોલન પછી સંસ્થાઓ સ્થપાવા લાગી અને તેમના સાથીઓ તેના સંચાલનમાં ગૂંથાયા. ખિલાફતની ચળવળ ચલાવવા માટે તેમણે દરેક પ્રાંતમાં ખિલાફત કમિટીની સ્થાપના કરી પણ અસહકારની લડત કોંગ્રેસ મારફતે ચલાવી. અસહકારના ભાગરૂપે રાષ્ટ્રીય શિક્ષણની જોગવાઈ કરવા માટે ગુજરાત વિદ્યાપીઠનો આરંભ થયો. 'યંગ ઇન્ડિયા' અને 'નવજીવન' જેવાં સામયિકોના વ્યવસ્થિત સંચાલન માટે નવજીવન પ્રકાશન ગૃહ શરૂ થયું. ગાંધી પ્રવૃત્તિઓના પરિણામે અને તેમની નકલ કરનાર અનુયાયીઓએ સ્થાપેલી સંસ્થાનો માત્ર નામોલ્લેખ કરવા માટે મોટો ચોપડો લખવો પડે.

આ અરસામાં 1921-22માં ગાંધીજીએ કરેલી સૌથી મોટી સંસ્થાગત પ્રવૃત્તિની પૂરી નોંધ ભાગ્યે જ લેવામાં આવે છે. ૧૯૦૮ના વિભાજન પછી કોંગ્રેસ લગભગ મૃતપ્રાય બની ગઈ અને 1912માં કોંગ્રેસના વાર્ષિક અધિવેશનમાં બધા મળીને કુલ ૩૦૦ માણસો હાજર હતા. ૧૯૧૪-૧૫માં લોકમાન્ય ટિળકના પુનરાગમનથી સજીવ બનેલી કોંગ્રેસનું વ્યવસ્થિત

બંધારણ લખી કાઢવા માટે શ્રીમાન વિજયવર્ગીય અધ્યક્ષપદે નિમાયેલી સમિતિમાં ગાંધીજીનો સમાવેશ થયો હતો અને એમણે લગભગ એકલા હાથે કોંગ્રેસનું બંધારણ ઘડી કાઢ્યું. સામ્યવાદી પક્ષની બાંધણીના સિદ્ધાંત (Democratic Centralism)ને ગાંધીજીએ અપનાવી લીધો. નાના-મોટા ફેરફારો થયા છે પણ ગાંધીજીએ ઘડી આપેલું આ બંધારણ આજે પણ કોંગ્રેસ પક્ષને સંગઠિત રાખે છે. ગાંધીજીએ સૂચવેલાં લોકશાહી તત્ત્વો ઇન્દિરા ગાંધીએ લગભગ નાબૂદ કરી દીધાં છે પણ કોંગ્રેસ હજી આજે પણ દેશનો સૌથી વધારે ફેલાયેલો પક્ષ છે.


ગોળમેજી પરિષદ પછી બ્રિટિશ પ્રધાને જાહેર કરેલા દલિતો માટેના અલગ મતાધિકારના વિરોધમાં આંશિક વિજય મેળવ્યા પછી ગાંધીજી કોંગ્રેસમાંથી નિવૃત્ત થયા અને હરિજન સેવક સંઘની સ્થાપના કરી. ગાંધીજીએ ગૌસેવા સંઘની સ્થાપના પણ કરી હતી અને વર્ધા પાસે સેવાગ્રામમાં પોતાનો આશ્રમ સ્થાપ્યો હતો. પોતાની અનોખી શિક્ષણપ્રણાલીને સાકાર કરવા માટે તેમણે બુનિયાદી તાલીમ માટેની સંસ્થાઓ ઊભી કરી. ઉરુલીકાંચનમાં નિસર્ગોપચાર ગ્રામસુધાર ટ્રસ્ટ પણ ઊભું કર્યું હતું.

ગાંધીજી સામાજિક અને રાજકીય ક્ષેત્રે સતત સક્રિય રહ્યા છતાં મુખ્યત્વે ગાંધી વિચાર-પુરુષ છે અને અંગ્રેજીમાં કહે છે તેમ 'આઉટ ઓફ બોક્સ'ના ધોરણે ચીલાચાલુ ઘરેડમાંથી છૂટી ગયેલા આગેવાન છે. તેમણે જેટલી સંસ્થાઓ સ્થાપી તેના કરતાં અનેક ગણી વધારે સંસ્થાઓ તેમના વિચાર અને આચરણને સાકાર કરવા માટે તેમના પ્રશંસકો અને અનુયાયીઓએ સ્થાપેલી છે. ગાંધીજીએ સ્થાપેલી અને ગાંધીના કારણે સ્થપાયેલી સંસ્થાઓ વચ્ચે ભેદરેખા દોરી શકાય છે પણ તેનાથી કશો અર્થ સરવાનો નથી.

ગાંધીજીએ જે સંસ્થાઓ સ્થાપી તે બધી પોતાની પ્રવૃત્તિઓ માટે સ્થાપેલી છે અથવા પોતાના વિચારો અમલમાં મૂકવા માટે સ્થાપી છે. આ બધી સંસ્થાઓ ગાંધીજીનાં સાધનો છે અને જેની જેટલી જરૂર જ્યારે પડી ત્યારે તેનો વપરાશ કરવામાં આવ્યો છે. કાળક્રમે કેટલીક સંસ્થાઓ વિલુપ્ત થઈ ગઈ છે. કેટલીક ડગુમગુ જીવી રહી છે.

પણ ગાંધી જેમનો તેમ જીવે છે, કારણ કે તેમની કક્ષાએ પહોંચેલા યોગીઓને મરણ હોતું નથી (નાસ્તિ યેષાં યશ:કાયે જરામરણજં ભયમ્), ગાંધીની કક્ષા કઈ? એક જ કક્ષા ''Gandhi saw the face of God in every face he saw.'' ગાંધીજીએ પોતે જોયેલા દરેક ચહેરામાં ભગવાનનો ચહેરો જોયો.

❑❑❑


'એમનો અને આપણો સત્યાગ્રહ' ગુલામમોહમ્મદ શેખ, જળરંગ, 2006

કેમ પહોંચવું ગાંધીજી પાસે?

☐ ગુલામમોહમ્મદ શેખ

'સત્યના પ્રયોગો' ફરી વાંચતાં મૂંઝવણો, પ્રશ્નો ઘેરી વળે. કેટલુંક ખટકે. એક એક અખતરો થકવી નાખે, હંફાવે એવો. આશ્રમ એટલે જાણે કે સાધુઓનો મઠ. ખાણીપીણીમાં બધા મસાલાની બાદબાકી. આરોગ્યના અખતરા એથીય આકરા. ક્યાંકથી શોધેલો કે જાતે શીખેલા પાણીનો પ્રયોગ વહાલા દીકરા મણિલાલ પર અજમાવ્યો, તેમાંથી દીકરો માંડમાંડ બચ્યો. દક્ષિણ આફ્રિકાના રહેઠાણે કસ્તુરબા પાસે મહેમાનનું મેલું ઉપાડાવ્યું – એય મરકતા મોઢે! સેવાની આવી જીદ સહેવાય? બાળકોને શાળાના શિક્ષણથી વંચિત રાખ્યાં. હરિલાલ પર અવળી અસર થઈ એનો વસવસો વ્યક્ત કર્યો તોય અત્યાગ્રહ મૂંઝવ્યા વગર રહે નહીં. આવું બધું ખૂંચે, ગૂંચવે.

પણ સ્વતંત્રતાના વહાણે કલકત્તાના કોમી રમખાણે હજારોના હિંસક ટોળા

સામે એ એકલા ઊભા રહે ત્યારે શ્વાસ થંભી જાય. સામે તાકીને ફેંકેલો દંડો કે ધોકો એમને ધરાશાયી કરવા પૂરતો હતો પણ નિશાન ચૂકી ગયો. પ્યારેલાલ કહે છે કે રમખાણનાં વળતાં પાણી થયાં ત્યારે ફેંકનારે માફી માગેલી. દક્ષિણ આફ્રિકામાં અને પાછા વળી ભારતમાંય એમણે તડજોડના ગણાતા વકીલાતના ધંધામાં પ્રામાણિકતા પૂરવા તનતોડ મહેનત કરેલી. કોઈએ મરણતોલ હુમલો કર્યો એને માફી દીધી અને ખટલો ચલાવવાની ઘસીને ના પાડી.

મનુબહેનની રોજનીશીઓમાં હૈયું વલોવે એવી વિગતો ભરેલી છે. પહેલાં નોઆખલી અને પછી બિહારની પદયાત્રા. એ હજારેક ગાઉની ખરબચડી ગામઠી ભોમના ફેરા એમણે ગામલોકની મશે ઉઘાડે પગે કર્યા. કોમી રમખાણે નોઆખલીની હિન્દુ પ્રજાએ વેઠેલી અભૂતપૂર્વ યાતના ઝીલીને બિહારમાં મુસ્લિમ કોમને માથે વરસેલી વળતરની હિંસા ગામડે ગામડે ફરી નિહાળી. જંગાલિયત અને બેહાલી ઘેરઘેર જઈ જોયાં. સીવેલું કપડું તો 1922માં વિદેશી માલની હોળી થઈ ત્યારથી જ ત્યાગેલું, રાખ્યાં તે એક ધોતિયું ને ચાદર જેવું ફાળિયું. પદયાત્રામાં સાથીઓ ઊભા કરે તે ઝૂંપડિયા માળખે રહેવાનું ને ગામેગામ પ્રાર્થનાસભા. પ્રાર્થનામાં ઇસ્લામી આયાતો અને હિન્દુ મંત્રોનું પઠન કે ગાન, પછી લોકને હિંસા ત્યજવાની શીખ અને નાસેલા-નસાડેલા પાડોશીઓને પાછા બોલાવી મૂળ રહેઠાણે વસાવવાની અરજ. પ્યારેલાલ લખે છે કે કેટલાંક ગામે લોકોએ પોતાનાં કર્યાં-કારવ્યાં પર પસ્તાવો વ્યક્ત કરેલો અને જૂના પાડોશીઓને પાછા બોલાવી, વસાવેલા.

ભાગલાના ભીષણ વંટોળે એ પદયાત્રા મૂકી દિલ્હી આવ્યા ને હરિજન વાસમાં રહી ફોજની પ્રાર્થનાસભાઓ ભરી. કોઈકે ઇસ્લામી પ્રાર્થનાનો વિરોધ કર્યો ત્યારે એમણે જ્યાં સુધી સૌ સર્વધર્મ પ્રાર્થના સ્વીકારે નહીં ત્યાં લગી પ્રાર્થના અટકાવી રાખી. પછી ભાગલાના શરણાર્થીઓની શિબિરોના ફેરા. અહીં દેશબંધુઓ પાસે ભાઈચારાની ભીખ અને જ્યારે કશુંય ફળ્યું નહીં ત્યારે શાંતિ ને આત્માની શુદ્ધિ માટે એમના એકમાત્ર અસ્ત્ર જેવા ઉપવાસનું શરણું. મનુબહેનની નોંધપોથીઓ અને પ્યારેલાલના હેવાલ વાંચતાં ભાગલાની કંપાવી મૂકે એવી ભયાનકતા વેઠી ઝઝૂમતા શરણાર્થીઓની નિયતિ નીરખતાં હેબતાઈ જવાય. પણ એ બધાની વચ્ચે હમણાં જ આવેલી આઝાદી વચ્ચે વ્યાપેલા નફરતના દરિયા જેવડા જુવાળને ખાળવા મથતા એકાકી જીવનું ચિત્ર માન્યું મનાય નહીં તેવું અકળ છે. ક્યારેક અચંબો થાય કે સાચે જ આવો કોઈ માણસ હતો! એમને



'પાછળ રહી ગયું ગાંધીનું શહેર', ગુલામમોહમ્મદ શેખ, 2015-16

હત્યાનાં અનેક એંધાણો મળેલાં, પણ એમને એ હસી કાઢતા.

'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ' અને 'સત્યના પ્રયોગો'ના પાનેપાને અનુભવની એરણે ટિપાયેલું સાચ ભલભલાને અંદરથી ઊભા કરે એવું છે. એમના સંસર્ગમાં આવેલાને જિંદગી સમૂળગી બદલવાનું કારણ મળ્યું હોય તેની નવાઈ નથી છતાં અચંબો થયા વગર ન રહે કે આપણા બધાના જેવો આ હાડચામનો જીવ આટલા ને આવડા પડકારો કેમ આંબી ગયો! મનુષ્યસહજ ઊણપો એ સ્વીકારે છેઃ 'સત્યના પ્રયોગો'ની પ્રસ્તાવનામાં જ એ 'મો સમ કૌન કુટિલ ખલ કામી?' ટાંકે છે. એ તો કહેતો કે હું કોઈ સંત કે મહાત્મા નથી.

આ બધું આજના તબક્કે વાંચતાં નિરાશાનાં વમળ ઘેરી વળે છે. આજે પ્રસાર માધ્યમો અને જાહેર જીવનમાંય માણસને છાજે તેવી સારપનો અભાવ ચોમેરે વાવરની જેમ ફેલાયો છે, પ્રતિપક્ષી વિચારનું ગળું ટૂંપાય છે, આઝાદીની ઓછપ વરતાય છે. ગાંધીજીથી અવળું વિચારનારાય એ વાતની સાક્ષી પૂરશે કે એ સામાની આમન્યા જાળવતા, પોતાનાથી જુદા વિચાર કે અભિપ્રાય ધરાવનાર પ્રત્યે માનભર્યું વલણ દાખવતા, સામેનાનેય શાંતિથી સાંભળતા, તિરસ્કાર કરતા તેમનેય. મનુબહેન નોંધે છે કે એમને મળતા દરેક કાગળનો જવાબ એ અચૂક લખતા ને નફરતના સંદેશાનેય પ્રાર્થનાસભામાં ટાંકતા. મારા મિત્ર ઇતિહાસકાર સુધીરચન્દ્ર ગાંધી ઘટનાને અસંભવ સંભાવના કહે છે. એમની

ખોટ ઝાઝી વરતાવાનું મુખ્ય કારણ એ કે એ મૂકી ગયા તે દુનિયા રોજબરોજ વધારે ને વધારે હિંસક બનતી જાય છે. જાણે કે હિંસા વગરનો દિવસ ઊગતો જ નથી! આ પરિસ્થિતિમાં ગાંધીજી આજે જીવતા હોત તો - એવો પ્રશ્ન સહેજે થાય. વાંકદેખા કહેશે કે અહિંસાના પહેલા અખતરે જ એ વધેરાઈ ચૂક્યા હોત. હવે તેઓ નથી એટલે સવાલ થાય કે તો પછી ગાંધી-વિચારનું શું? કેટલાક કહેશે એને તો આપણે ક્યારનો હણી નાખ્યો છે.

* * *


ભાગલા ટાણે હું દસ વરસનોઃ એ ગાળાનું કશું ચોક્કસ યાદ નથી, પણ કુટુંબમાંથી કોઈએ દેશ છોડ્યાનો દાખલો નથી. વય વધતાં વાંચ્યું ત્યારે એની ભીષણતાનો ચિતાર મળ્યો. મૂળ ઉર્દૂ કે પંજાબીમાં, તે હિન્દીમાં મળ્યુંઃ મન્ટો, કિશન ચન્દર અને રાજિન્દર સિંહ બેદી લખી ગયા તે કથનીઓએ આંખો ઉઘાડી. ગુજરાતીમાં એવું કાંઈ જડ્યું નહીં.

ભાગલા ચૂકી ગયો એનું સાટું જાણે કે 1969-70 અને 2002નાં રમખાણોએ વાળ્યું. જિવાતા જીવનમાં અમે-તમેના ભાગલા જોયા. લોક મારું નામ વાંચી મારી સામે હિન્દીમાં બોલતા થયા, હું ગુજરાતીમાં જવાબ દઉં તોય.

ગાંધીજીને ફરી વાંચ્યા પણ ચિત્રમાં ઊતરે નહીં. ચોરે-ચૌટે બાવલામાં, ટપાલ ટિકિટે અને રૂપિયામાં અટવાયેલા ગાંધીને કેમ બહાર કાઢવા? મોડેથી કેપટાઉનમાં 'સત્યાગ્રહ' પર થનાર પ્રદર્શનનું કહેણ આવ્યું ત્યારે છબીઓના ઢગલામાંથી વકીલાત વેળાનો ચહેરો જડ્યો તે કામ લાગ્યો. આઝાદીની પળનું ચિત્ર કરવાનું આવ્યું તેમાં વૃક્ષનું વલોણું કરી મંથન કરતા પ્રતિપક્ષો ફરતો ઝંઝાવાત દોર્યો ત્યાં એ ઝીણકા થઈ અવતર્યા કે હાંશિયે ઊભા. પછી અવનીન્દ્રનાથ ઠાકુરે દોરેલા રવીન્દ્રનાથ અને એન્ડ્રુઝ ભેગા એ ઝભ્ભા-ટોપી સમેત બેઠેલા મળ્યા, તે છબીને માણસ જેવડી મોટી કરીને વારંવાર ચીતરી. શહેરનાં ચિત્રોની શ્રેણી થઈ તેમાં અમદાવાદનો નકશો માંડ્યો ત્યારે અચાનક 'ધ હિન્દુ' વર્તમાનપત્રની સાપ્તાહિક પૂર્તિમાં એમની 'મૂડી'ના લિલામનાં સમાચાર અને તસવીરો આવ્યાં. દોકડોય ગાંઠે બાંધ્યો નહીં એવા ફકીરનાં ચશ્માં, ચપ્પલ, ઘડિયાળ ને થાળી-વાડકો મોંઘા મૂલે વેચાયાં. એ જણસો અમદાવાદના ભૂખરા નકશે માંડી તે બધી હજી આંખ સામે તર્યા કરે છેઃ ચહેરા વગરના ચશ્મે, પગ વગરના પગરખે, ઘડિયાળનો કાંટો ઝાલી, કોઈ ખાલી થાળી-વાડકો લઈ ભૂખ્યા સૂતેલા ભાંડુના નિશ્વાસ લૂછવા અદેહે આથડે છે.

('ભૂમિપુત્ર'માંથી સાભાર)

❑❑❑



ગાંધીજીના ગુજરાતી ભાષા પરના કેટલાક વિચારો

☐ બાબુ સુથાર

ઑક્ટોબર ૫, ૧૯૦૯ના દિવસે ગાંધીજીએ લંડનમાં ગુજરાતીઓની એક બેઠકને સંબોધન કરેલું. પછીથી એ સંબોધન Indian Opinionમાં Some Thoughts on Gujaratiના નામે પ્રગટ થયેલું. આ સંબોધન એમણે એ જ વરસે રાજકોટમાં ભરાનારી ગુજરાતી સાહિત્ય પરિષદની ત્રીજી કૉન્ફરન્સ નિમિત્તે આપેલું. સંબોધન પૂરું થઈ ગયા પછી ગાંધીજીએ એ કૉન્ફરન્સને શુભેચ્છા પાઠવતો એક ઠરાવ પણ મોકલેલો. આ સંબોધનમાં ગાંધીજીએ ગુજરાતી ભાષાના સામાજિક દરજ્જાને લગતા કેટલાક મહત્ત્વના પ્રશ્નો ઊભા કરેલા અને એ પ્રશ્નોના જવાબ આપવાના પ્રયાસો

પણ કરેલા. મને લાગે છે કે આજે પણ એમણે ઊભા કરેલા એ પ્રશ્નો અને એ પ્રશ્નોના એમણે આપેલા જવાબો એટલા જ પ્રસ્તુત છે. એનાં બે કારણો છેઃ સૌ પહેલું કારણ તો એ કે ત્યારે પણ રાષ્ટ્રીયતાવાદની બોલબાલા હતી. આજે પણ છે. જો કે, બન્ને રાષ્ટ્રીયતાવાદોની વચ્ચે ઘણો બધો ફરક છે. બીજું કારણઃ ત્યારે પણ ઘણા ગુજરાતીઓ વિદેશમાં વસતા હતા. આજે પણ એવી જ પરિસ્થિતિ છે. ગાંધીજીએ આ સંબોધનમાં વિદેશમાં વસતા ગુજરાતીઓ ગુજરાતી ભાષાને કઈ રીતે જુએ છે એની વાત કરેલી. એટલું જ નહીં, એનું મૂલ્યાંકન પણ કરેલું અને એ નિમિત્તે પણ એમણે કેટલાક પ્રશ્નો ઊભા કરીને એના જવાબ આપેલા. આજે પણ અનેક ગુજરાતીઓ વિદેશમાં વસે છે. એમ હોવાથી પણ ગાંધીજીનું આ સંબોધન આપણા માટે મહત્ત્વનું બની રહે છે.

આ લેખમાં હું ગાંધીજીના એ સંબોધનનું આજના સંદર્ભમાં પુનઃવાંચન કરવા માગું છું અને એમ કરતી વખતે આપણે ગુજરાતી ભાષાના જે પ્રશ્નોનો સામનો કરી રહ્યા છીએ એનો જવાબ ગાંધીજી શું આપી શકે એની વાત કરવા માગું છું.

સંબોધનના પ્રારંભમાં જ ગાંધીજી ભાષાને ત્યારના રાષ્ટ્રીયતાવાદ સાથે જોડે છે અને કહે છે કે ભારતમાં હિન્દુઓ, મુસલમાનો, પારસીઓ – અને બીજા બધા જ સમુદાયોમાં 'મારા દેશ'ની લાગણી પ્રસરેલી છે. આપણે અત્યારે એના રાજકીય પાસાની ચર્ચા નથી કરવી પણ જો આપણે એને 'ભાષાના દૃષ્ટિકોણથી' જોઈએ તો કેવા પ્રશ્નો ઊભા થાય એની મારે ચર્ચા કરવી છે.

દેખીતી રીતે જ ગાંધીજી અહીં રાજકારણની સામે ભાષાને મૂકી આપે છે. એમ કરતી વખતે એમના મનમાં શું હશે એ એક અટકળનો વિષય છે. એમ છતાં આપણે એમ કહી શકીએ કે ગાંધીજી રાજકારણ કરતાં ભાષાને સામાજિક તથા રાષ્ટ્રીય એકતા માટે વધારે મહત્ત્વ આપે છે. એમનાં ભાષા પરનાં બીજાં ઘણાં લખાણોમાં એ એવી જ લાગણી પ્રગટ કરે છે. એમના રાષ્ટ્રીય ભાષા પરના અને લિપિ પરના વિચારો આ સંદર્ભમાં ખાસ નોંધવા જેવા છે. રાજકારણમાં પક્ષપ્રતિપક્ષ એક સામાન્ય ઘટના છે. પણ ભાષામાં એ પ્રકારના પક્ષપ્રતિપક્ષ જોવા નથી મળતા. એટલે સુધી કે બે જુદી બોલીઓ બોલતા માણસો પણ એકબીજાને સરળતાથી સમજી શકતા હોય છે.

ગાંધીજી કહે છે કે રાષ્ટ્રીયતાવાદની લાગણી થાય એ પહેલાં આપણને ભાષાગૌરવની લાગણી થવી જોઈએ. અર્થાત્, આપણે સૌએ પહેલાં આપણી

ભાષા માટે ગૌરવ લેતા થવું જોઈએ. જો એમ થાય તો જ રાષ્ટ્રીયતાવાદની લાગણી યથાર્થ બને. ભાષાગૌરવ અને રાષ્ટ્રીયતાવાદ વચ્ચેની આ આનુપૂર્વી મને લાગે છે કે આજના સંદર્ભમાં ખૂબ ઉપયોગી છે. જે પ્રજા પોતાની ભાષાનું ગૌરવ ન કરી શકે એ પ્રજા કદાચ રાષ્ટ્રનું ગૌરવ પણ બરાબર ન કરી શકે. અને કરે તો કદાચ એમાં પ્રામાણિકતા ખૂબ ઓછી હોય. આપણે જોઈ શકીએ છીએ કે ગાંધીજી અહીં રાષ્ટ્રીયતાવાદ પહેલાં ભાષાને મૂકે છે. એટલું જ નહીં, એ ભાષામાં રાષ્ટ્રીયતાવાદનાં મૂળ પણ જુએ છે.

પોતાની દલીલને સમજાવવા માટે ગાંધીજી એક ઉદાહરણ પણ આપે છે. એ કહે છે: બૉર્સ પ્રજા આજે સ્વરાજનાં મીઠાં ફળ ચાખી રહી છે. એનું એક જ કારણ છે: એમનાં મોટા ભાગનાં બાળકો એમની ભાષાનો જ ઉપયોગ કરે છે. એ કહે છે કે જનરલ બોથા જ્યારે લોર્ડ ક્રેવ સાથે વાત કરે છે ત્યારે એ પોતાની ભાષામાં જ બોલતા હોય છે. એમનું અંગ્રેજી ભાષાનું જ્ઞાન આપણા અંગ્રેજી ભાષાના જ્ઞાન કરતાં ઘણું ચડિયાતું છે એમ છતાં એ અંગ્રેજી ભાષા નથી વાપરતા. એ એમની માતૃભૂમિની ભાષા વાપરે છે અને એ રીતે એ એમની માતૃભાષાનું ગૌરવ કરે છે, સન્માન કરે છે અને સાથોસાથ એ બીજા લોકો માટે એક ઉદાહરણરૂપ પણ બનતા હોય છે.

ઘણા માણસો ગુજરાતી અને અંગ્રેજી બન્ને ભાષાઓ જાણતા હોવા છતાં અંદરોઅંદર વાતચીત કરતી વખતે માતૃભાષા ગુજરાતી વાપરવાને બદલે અંગ્રેજી ભાષા વાપરતા હોય છે. ગાંધીજીના મતે એવા લોકો ભાષાનું ગૌરવ તો કરતા જ નથી. પણ સાથોસાથ એ એમની ભૂમિનું પણ ગૌરવ કરતા નથી. એવા લોકો કોઈને ઉદાહરણ આપી શકાય એવા પણ નથી હોતા. આપણે કોઈને કહી શકીએ નહીં કે જુઓ પેલા ભાઈને ગુજરાતી તથા અંગ્રેજી બન્ને ભાષાઓ આવડે છે એમ છતાં એ ગુજરાતીઓ સાથે પણ કેવા અંગ્રેજી ભાષામાં વાત કરે છે! તમે પણ એમને અનુસરો. હું માનું છું કે આવું ઉદાહરણ બનવાની ક્ષમતા માણસ ગુમાવી બેસે ત્યારે એની માણસાઈમાં પણ થોડીક ખાધ આવી જતી હોય છે.

જો કે, અત્યારે પરિસ્થિતિ જુદા પ્રકારની છે. છેલ્લાં કેટલાંક વરસોથી આપણે સાંસ્કૃતિક રાષ્ટ્રીયતાવાદની તરફેણ કરી રહ્યા છીએ. પણ એમાં આપણે જે સંસ્કૃતિની તરફેણ કરીએ છીએ એમાં ધર્મ અને આપણે નક્કી કરેલો આપણો ઇતિહાસ વધારે મહત્ત્વનો બની જતો હોય છે. એના એક ભાગરૂપે આપણે પુરાણકથાઓને ઇતિહાસનો દરજ્જો આપવા સુધી

ગયા છીએ. પણ આપણે રોજબરોજના વહેવારમાં વાપરીએ છીએ એ ભાષાને એવો દરજ્જો આપી શક્યા નથી. જો કે, આપણે સંસ્કૃત ભાષાને મહત્ત્વ આપતા થયા છીએ ખરા. પણ એના વપરાશનું ક્ષેત્ર ખૂબ જ મર્યાદિત છે.


ગાંધીજીએ ત્યારે ભારતમાં પ્રાદેશિક ભાષા પરત્વેના વધી રહેલા લગાવની આ સંબોધનમાં નોંધ લીધી છે. એ કહે છે કે ભારતમાં હવે યુવાનોથી લઈને તે વૃદ્ધો સુધીના બધા જ લોકો પોતપોતાની ભાષા પર ધ્યાન આપી રહ્યા છે એ એક સારી વાત છે. બની શકે કે આ પરિસ્થિતિ આપણને સમગ્ર ભારતની એક ભાષા, અર્થાત્ રાષ્ટ્રીય ભાષા, નક્કી કરવા સુધી પણ લઈ જાય. દેખીતી રીતે એવી ભાષા ભારતની જ હોવી જોઈએ. પછી એ ઉમેરે છે કે હજી એવા દિવસો આવ્યા નથી. જો કે, આ તો ત્યારની વાત છે.

ખૂબ જ સરળ લાગતો આ વિચાર હકીકતમાં તો ઘણો ગહન છે. મારી ભાષા પરત્વેનો મારો લગાવ મને રાષ્ટ્રીય ભાષાની કલ્પના કરવા તરફ ત્યારે જ લઈ જાય જ્યારે હું મારી ભાષાને વફાદાર હોઉં અને હું અન્ય ભાષાસમાજને પણ એટલા જ માનથી જોતો હોઉં. એટલું જ નહીં, હું એ સમાજ સાથે સંવાદ પણ કરવા માગતો હોઉં. ગાંધીજી અવારનવાર સ્વ વિષેના વિચારને ઇતરના વિચારનું એક બીજું પાસું જ ગણતા હોય છે. જો મને મારી ભાષા માટે ગૌરવ હોય તો બીજાની ભાષા માટે પણ એટલું જ ગૌરવ હોવું જોઈએ એવું સૂચન ગાંધીજી અહીં આડકતરી રીતે કરે છે.

પછી ગાંધીજી એક સરસ મુદ્દો ઉમેરે છે. એ કહે છે કે મને ભારતીય હોવાનું ગૌરવ ક્યારે થાય? એમનો જવાબ છે: જ્યારે મને ગુજરાતી હોવાનું ગૌરવ થાય. આ જ વાત મરાઠી માણસને પણ લાગુ પડે અને બંગાળી માણસને પણ. જો એમ હોય તો પ્રશ્ન એ થાય કે તો પછી આ બધા અલગ અલગ ગૌરવ એક ભારતનું ગૌરવ કઈ રીતે બની શકે? ગાંધીજી પાસે એનો પણ જવાબ છે. એ કહે છે કે દરેક ભાષાના નેતાઓએ પોતાની ભાષા ઉપરાંત બીજા પ્રદેશોની ભાષા પણ શીખવી જોઈએ. એ કહે છે કે જો ગુજરાતી માણસને ગુજરાતી ભાષા બરાબર આવડતી હશે તો એને મરાઠી, બંગાળી વગેરે ભાષાઓ શીખવામાં પણ મુશ્કેલી નહીં પડે. એ તો ત્યાં સુધી કહે છે કે અંગ્રેજી ભાષા શીખવા માટે આપણે જેટલા પ્રયાસો કરીએ છીએ એના અરધા પ્રયાસો પણ જો ભારતીય ભાષાઓ શીખવા માટે કરીએ તો એ કામ સરળ બની જાય.

વિદેશમાં વસતા ગુજરાતીઓ એકબીજા સાથે વાત કરે ત્યારે મોટે ભાગે અંગ્રેજી ભાષા વાપરતા

હોય છે. ગાંધીજી એ હકીકતને પણ ધ્યાનમાં લે છે. એ કહે છે કે જ્યારે વિદેશમાં વસતા ગુજરાતીઓ માતૃભાષા છોડીને એકબીજા સાથે અંગ્રેજીમાં વાત કરે ત્યારે ગુજરાતીઓનો સામાજિક દરજ્જો ઊંચો નથી આવતો. ઊલટાનો એ દરજ્જો નીચે આવી જતો હોય છે. એ લોકો ગુજરાતી ભાષા છોડીને અંગ્રેજી ભાષા વાપરતા હોવાથી એમની માતૃભાષા દરિદ્ર બનતી હોય છે. આપણે એવી પરિસ્થિતિને ધિક્કારતા હોઈએ છીએ અને એને કારણે આપણે સ્વમાન પણ ગુમાવી બેસતા હોઈએ છીએ. જે ગુજરાતી પોતાની માતૃભાષા ત્યજી દે એની પાસેથી આપણે શી અપેક્ષા રાખી શકીએ? એ તો એમ પણ કહે છે કે કોઈ માણસ પોતાની માતૃભાષા ત્યજી દે એવો વિચાર મને તો સપનામાંય ન આવે. જર્મન ફિલસૂફ હન્ના આરન્ટને એક મુલાકાતમાં પૂછવામાં આવેલું કે તમે અત્યારે અમેરિકામાં રહો છો. તો જર્મનીની એવી કઈ વસ્તુ છે જેની તમને સતત ખોટ સાલ્યા કરતી



ગાંધીજી : ફોટો : માર્ગરેટ બર્ક-વ્હાઈટ, 1946

હોય? એમણે કહેલું: જર્મન ભાષા. મને જર્મન ભાષાની ખોટ સાલ્યા કરે છે. કમનસીબે ત્યારે પણ અને આજે પણ વિદેશમાં વસતા મોટા ભાગના ગુજરાતીઓને ગુજરાતી ભાષાની ખોટ નથી સાલતી. બધા જાણે કે ગુજરાતી ભાષા ભૂલવાની સ્પર્ધામાં હોય એમ વિદેશની ભૂમિ પર પગ મૂકતાંની સાથે જ ગુજરાતી ભાષા ભૂલવાની શરૂઆત કરી નાખતા હોય છે. જો કે, કેટલાક ગુજરાતીઓ સામાજિક પ્રસંગોમાં બોલવા ઊભા થાય ત્યારે મોટે ભાગે

ખબરદારની "જ્યાં જ્યાં વસે એક ગુજરાતી"વાળી પંક્તિ ટાંકતા હોય છે. મને ઘણી વાર એમ થતું હોય છે કે જો ખબરદારે આ પંક્તિઓ ન લખી હોત તો આ ગુજરાતી ભૂલવા બેઠેલા ગુજરાતીઓ કઈ બાબતનું ગૌરવ લેત?

ગાંધીજી આ વાતને અંતિમે લઈ જાય છે. એ કહે છે કે "If that is so, it will not be exaggeration to say that those who give up that language are traitors to the country, that is, to their own people." જે લોકો પોતાની માતૃભાષા ભૂલી જાય છે એ લોકો દેશદ્રોહીઓ છે. એ લોકો એમના જ દેશના લોકોનો દ્રોહ કરતા હોય છે. ગાંધીજીની આ વાતને આપણે એમની ત્યારની રાષ્ટ્રીયતાવાદની સમજ સાથે જોડવાની છે. જો અત્યારે આ માપદંડ પ્રમાણે દેશદ્રોહીઓ નક્કી કરવામાં આવે તો કદાચ સમગ્ર દેશ માટે એક મહાકરુણ ઘટનાનું સર્જન થાય. હું આ વિધાનમાં રહેલા તર્કને નહીં પણ એમાં રહેલી લાગણીને વધારે માનથી જોવા માગું છું. ગાંધીજી અહીં દેશદ્રોહીઓનું નિર્માણ કરવા નથી માગતા. એ માતૃભાષાનું મહત્ત્વ સ્થાપવાનો પ્રયાસ કરે છે.

ગાંધીજી માટે ભાષા એક દર્પણ છે. એ કહે છે કે કોઈ પણ ભાષા હોય એમાં જે તે ભાષા બોલનાર લોકોનું પ્રતિબિંબ પડતું હોય છે. આ જ વાતને જો આપણે આજની પરિસ્થિતિ સાથે સાંકળીએ તો? આજે ગુજરાતી ભાષાનું મોટા પાયા પર ધોવાણ થયેલું છે. કેટલાક લોકો એને પરિવર્તન માને છે. પણ, ના. આમાંનું ઘણું બધું પરિવર્તન નથી. પરિવર્તનની એક ભાત હોય છે. એ ભાત લાંબે ગાળે નિયમમાં બાંધી શકાય એવી હોય છે. કોઈ ખેડૂતનું ખેતર નદીકાંઠે આવેલું હોય અને પૂરમાં જો એ ખેતર ધોવાય તો આપણે એને પરિવર્તન નથી કહેતા. આપણે ખેતર બચાવવા નદી સાથે બાથ ભીડતા હોઈએ છીએ. ભાષાનું પણ એવું જ છે. એથી, મને પ્રશ્ન થાય છે કે અત્યારની ગુજરાતી ભાષામાં ગુજરાતી પ્રજાનું કેવું પ્રતિબિંબ પડતું હશે? જર્મન ફિલસૂફ હાઈડેગરે ભાષાને 'હયાતીના ઘર' તરીકે ઓળખાવી છે. તો આપણી 'હયાતીનું ઘર' કેવું છે? સૅપીર અને વૉર્ફ નામના ભાષાશાસ્ત્રીઓએ પણ ભાષાને સંસ્કૃતિ સાથે જોડી છે અને કહ્યું છે કે ભાષા આપણે જગતને કઈ રીતે જોઈએ છીએ એના પર પ્રભાવ પાડતી હોય છે. જો એમ જ હોય તો જેનું મોટા પાયા પર ધોવાણ થયેલું હોય એવી ભાષામાંથી આપણને કેવું જગત દેખાશે? જો આજે ગાંધીજી હોત તો આવો પ્રશ્ન અચૂક પૂછત.

ગાંધીજી વિદેશમાં વસતા ગુજરાતીઓના સંદર્ભમાં કહે છે કે ભાષાજાળવણીના કામમાં એમની

જવાબદારી વધી જાય છે. એ લોકો જ વહેલા-મોડા પ્રજાના નેતાઓ બનશે. જો એ લોકો પોતપોતાની ભાષા પરત્વે બેજવાબદાર રહેશે તો એમના પક્ષે એ બહુ મોટું પાપ ગણાશે. પાપપુણ્ય જેવા શબ્દો ગાંધીજી માટે નવા નથી. એ અવારનવાર ધર્મ અને નીતિશાસ્ત્રની વાત કરતી વખતે આ શબ્દોનો ઉપયોગ કરે છે. પણ, ભાષાવપરાશના સંદર્ભમાં જ્યારે એ આવા શબ્દો વાપરે ત્યારે આપણે પણ પળભર મૂંઝાઈ જઈએ. ગાંધીજીનાં લખાણોમાં ઘણી વાર તર્ક અને લાગણી એક જ સિક્કાની બે બાજુ બનીને આવતાં હોય છે. એમને એકબીજાથી અળગાં ન પાડી શકાય. જો કે, આ વાત એમણે છેક ૧૯૦૯માં કરેલી. ત્યારે ભારત આઝાદ નહોતું થયું. એને કારણે એમને એવું હશે કે વિદેશમાં વસતા ભારતીયો જ વહેલા-મોડા ભારતની પ્રજાની નેતાગીરી કરશે. આ મુદ્દો આપણે બાજુ પર મૂકીએ. પણ આમ કહીને ગાંધીજી હકીકતમાં તો વિદેશમાં વસતા ગુજરાતીઓને ગુજરાતી ભાષાની જાળવણી અને એના વિકાસ માટે વધારે જવાબદાર બનાવવાનો પ્રયાસ કરે છે. આ જ દલીલ આપણે ભારતમાં વસતા ગુજરાતીઓના સંદર્ભમાં પણ કરી શકીએ.

ગાંધીજી કહે છે કે મને ઘણા ગુજરાતીઓ એવું કહેતા હોય છે કે અમે ગુજરાતી કરતાં અંગ્રેજી ભાષા વધારે સારી રીતે જાણીએ છીએ. જો એ લોકો જે કહે છે એ સાચું હોય તો એમના માટે એ શરમની વાત છે. એ તો ત્યાં સુધી કહે છે કે જે લોકો આવો દાવો કરતા હોય છે એમને સાચું અંગ્રેજી લખતાં પણ નથી આવડતું. આ દલીલને આગળ વિસ્તારતાં એ કહે છે કે હું એ વાત સાથે સંમત થાઉં છું કે કેટલાક વિચારો અંગ્રેજી ભાષામાં જ વધારે સારી રીતે પ્રગટ થતા હોય છે. પછી ઉમેરે છે: એ પણ આપણા માટે શરમની વાત છે. ભાષાશાસ્ત્રમાં પણ આ બાબતે બે વિચારધારાઓ છે. એક વિચારધારા માને છે કે એક ભાષામાં કહી શકાય એ બીજી ભાષામાં ન પણ કહી શકાય. અને કહેવા જાઓ તો પહેલી ભાષામાં જે કહી શકાતું હોય એ બીજી ભાષામાં અમુક ઘટ પછી જ કહી શકાય. બીજી વિચારધારા કહે છે કે એક ભાષામાં કહી શકાય એ બીજી ભાષામાં પણ કહી શકાય. ગાંધીજી આમાંની પહેલી વિચારધારાનો સ્વીકાર કરે છે પણ એને પણ શરમજનક પરિસ્થિતિ કેમ કહેતા હશે એવો કોઈને પણ પ્રશ્ન થાય.

ઘણા ગુજરાતીઓ, ખાસ કરીને વિદેશમાં વસતા ગુજરાતીઓ, એવું માનતા હોય છે કે જો આપણે અંગ્રેજી ભાષા બરાબર શીખવી હશે તો આપણે ગુજરાતી ભાષાનો વપરાશ

ઓછો કરવો પડશે. આ જ મુદ્દો ત્યારે ગાંધીજીએ પણ ઉઠાવેલો. એ કહે છે કે ના, જો તમને ગુજરાતી ભાષા આવડતી હોય અને તમે બીજા ગુજરાતીઓ સાથે ગુજરાતી ભાષામાં જ વાત કરો તો એનાથી તમારું અગ્રેજી ભાષાનું જ્ઞાન નબળું પડવાનું નથી. ગાંધીજીનો આ લેખ વાંચતી વખતે મને એક પ્રશ્ન થયેલો: એ વખતે પણ આવી લોકમાન્યતાઓ હતી. આજે પણ છે? તો આવી માન્યતાઓનાં મૂળ ક્યાં પડેલાં હશે? ત્યારે તો જે લોકો ઈંગ્લેંડ ભણવા જતા એમાંના ઘણા બધા ભણીને ભારત પાછા આવતા એટલે એ હકીકતને ધ્યાનમાં રાખીને ગાંધીજી કહે છે કે જો તમારે માતૃભૂમિની સેવા કરવી હશે તો તમારે માતૃભાષા બરાબર જાળવવી પડશે. જો તમે એ ભાષા નહીં જાળવો અને કેવળ અંગ્રેજી ભાષા જ શીખવા પર ધ્યાન આપશો તો તમારો મૂળ ધ્યેય બાજુ પર જતો રહેશે.

કોઈ પણ ભાષાનું મહત્ત્વ સમજાવવા આપણે એનો ઇતિહાસ આપતા હોઈએ છીએ અને એમ કરતી વખતે એ ભાષામાં થયેલા મહાન સર્જકોને યાદ કરતા હોઈએ છીએ. ગાંધીજી પણ અહીં એ કામ કરે છે અને કહે છે કે જે ભાષામાં નરસિંહ, અખો અને દયારામ જેવા કવિઓ થઈ ગયા હોય એ ભાષાનો વિકાસ કદી અટકે નહીં. વળી આ ભાષા સાથે હિન્દુ ધર્મ, ઇસ્લામ અને પારસી ધર્મ પણ સંકળાયેલા છે. ગાંધીજીનો આ મુદ્દો પણ વિચારવા જેવો છે. આપણે એમના એ મુદ્દાના આધારે એક પ્રશ્ન ઊભો કરી શકીએ: જે ભાષા સાથે હિન્દુ, ઇસ્લામ, જૈન, પારસી અને સંખ્યાબંધ ધાર્મિક સંપ્રદાયો સંકળાયેલા હોય એ ભાષાનું આટલું મોટા પાયા પર કેમ ધોવાણ થઈ રહ્યું હશે?

ગાંધીજી પારસી સમુદાય અને ગુજરાતી ભાષાના સંદર્ભમાં એક ખૂબ મહત્ત્વની વાત કરે છે. એ કહે છે કે ઘણાં ગુજરાતી અખબારોના માલિકો પારસીઓ છે. એ માલિકોને હું વિનંતી કરું છું કે જે ભાષા તમારી માતૃભાષા બની ગઈ છે એમણે ગુજરાતી ભાષાના વિકાસની કાળજી લેવી જોઈએ. એમને મારે એક જ વિનંતી કરવાની કે "Please do not murder what has now become your mother tongue and which you can never give up." ગાંધીજી આશાવાદી હતા. એમને એમ હતું કે પારસીઓ કદી પણ ગુજરાતી ભાષાને ત્યજશે નહીં. પણ એવું નથી બન્યું. જો કે, અહીં જે વાત ગાંધીજીએ પારસીઓના સંદર્ભમાં કરી છે એ વાતને આપણે એક સિદ્ધાંતમાં ફેરવીને આજનાં સમૂહ માધ્યમો અને સામાજિક માધ્યમોને પણ લાગુ પાડી શકીએ. આજે આપણાં

સમૂહ માધ્યમો અને સામાજિક માધ્યમો પણ ગુજરાતી ભાષાનું માન્ય સ્વરૂપ જાળવતાં નથી. એ સંજોગોમાં આપણે એમને પણ એમ જ કહેવું પડે કે જે તમારી નહીં તો બીજા લોકોની માતૃભાષા છે; એની હત્યા ન કરતાં. ગાંધીજી અહીં મુસ્લિમોની પણ વાત કરે છે અને કહે છે કે જો મુસ્લિમો પણ શિક્ષણ લેશે તો એ લોકો પણ ગુજરાતી ભાષાના વિકાસમાં ફાળો આપી શકશે. અને પછી કહે છે કે હિન્દુઓએ અને પારસીઓએ મુસ્લિમોને ભણાવવાની જવાબદારી લેવી જોઈએ.

એટલું જ નહીં, એ રાજકોટમાં ભરાનારી સાહિત્ય પરિષદને પણ વિનંતી કરે છે કે આ ત્રણેય સમુદાયને તમારે ગુજરાતી ભાષા અને સાહિત્યના વિકાસમાં જોડવા જોઈએ.

આજકાલ મોટા ભાગના ગુજરાતી લેખકો ભાષાદોષ વગરની ગુજરાતી ભાષા લખી શકતા નથી. ઘણા લેખકો તો એનો બચાવ પણ કરતા હોય છે અને કહેતા હોય છે કે ભાવ મહત્ત્વનો છે; ભાષા નહીં. કેટલાક વળી અખાની “ભાષાને શું વળગે ભૂર” પંક્તિનો ખોટો ઉલ્લેખ પણ કરતા હોય છે. પણ ગાંધીજી પાસે એનો ઉકેલ છે. એ કહે છે કે પરિષદે હિન્દુ, પારસી, મુસ્લિમ શિક્ષિતોની એક સમિતિ બનાવવી જોઈએ અને એ સમિતિએ આવા સર્જકોની ગુજરાતી ભાષા સુધારવાની જવાબદારી પણ લેવી જોઈએ. એ પણ વિનામૂલ્યે! મને લાગે છે કે ગુજરાતી ભાષાની જાળવણી માટે આ કામ કરવા જેવું છે.

છેલ્લે, વિદેશમાં વસતા ભારતીયોને ગાંધીજી કહે છે કે ભાષા આપણો વારસો છે. એને પ્રેમ કરો. બ્રિટિશરો પાસેથી શીખો. એ લોકો એમની માતૃભાષાને પ્રેમ કરે છે એટલે વિકાસ થાય છે. જો ભારતીયો પણ એમની ભાષાને પ્રેમ કરશે તો એ પણ વિકાસ કરશે.

મને લાગે છે કે ગાંધીજીનાં ભાષા પરનાં લખાણોનું આજના સદર્ભમાં પુનઃવાંચન કરવાની જરૂર છે. એ પણ વિદ્વત્તભોગ્ય નહીં. લોકોને સમજાય એ રીતે. આપણે ધીમે ધીમે આપણી માતૃભાષા માટેની સંવેદના ગુમાવી રહ્યા છીએ; એટલું જ નહીં, આપણે આપણી માતૃભાષા પરત્વેની વફાદારી પણ સતત ગુમાવી રહ્યા છીએ ત્યારે ગાંધીજીના ભાષા પરના આ વિચારો આપણને આપણા વિશે નવેસરથી વિચારતા કરી મૂકે એવા મને લાગ્યા છે. મેં અહીં એમના વિચારોને ગુજરાતીમાં મૂકી, એમને આપણી પરિસ્થિતિમાં નવેસરથી મઢવાનો પ્રયાસ કર્યો છે. હું માનું છું કે આવું ફ્રેમિંગ વિચારોને સતત પોષણ આપતું રહેતું હોય છે.

❑❑❑



ભારતીય સ્ત્રીઓની આત્મકથામાં ઝિલાયેલી ગાંધીજીની છબી

☐ ડૉ. રંજના હરીશ

ભારતીય સ્ત્રીના વિકાસમાં ગાંધીજીએ આપેલ ફાળો અમૂલ્ય છે એ વાત એક સ્થાપિત સત્ય છે. રામચંદ્ર ગુહા તથા વિનય લાલ જેવા સમકાલીન ઇતિહાસકારોએ મહાત્મા ગાંધીએ ભારતીય સ્ત્રીના વિકાસમાં આપેલ પ્રદાનને બિરદાવ્યું છે. તો વળી મધુ કેશ્વર જેવા કેટલાય નારીવાદીઓએ તેમાં સ્વર પુરાવ્યો છે. ગાંધીજીના અહિંસા તથા અસહકાર તેમ જ સત્યાગ્રહ જેવા અત્યંત મૌલિક લાગતા સિદ્ધાંતોનાં મૂળ સ્ત્રીજાતના વિચાર અને વર્તનમાં હતાં તેમ બાપુએ પોતે સ્વીકાર્યું છે. વિનય લાલ તો ગાંધીજીને ‘અર્ધસ્ત્રી’ તરીકે નવાજતાં સહેજપણ ખચકાટ અનુભવતા નથી, પરંતુ સ્ત્રીજાતના આ વિશેષ વર્તન-વ્યવહારનું સૂક્ષ્મપણે વિશ્લેષણ કરી તેમાંથી ઉચિત વર્તનને અસહકાર કે સત્યાગ્રહ જેવા સિદ્ધાંતરૂપે અપનાવવાનો તથા સ્થાપવાનો યશ ચોક્કસ ગાંધીજીને જાય. એ સિદ્ધાંતોનો ઉપયોગ ગાંધીજીએ વિવેક, ક્ષમતા તથા હિંમત સાથે જે પ્રમાણે કર્યો તે કોઈ વિરલો જ કરી શકે! આમ કરવાની સાથે તેમણે ઘરની ચાર દીવાલોમાં જીવી રહેલ ભારતીય સ્ત્રીને ઘરનો ઉંબરો ઓળંગીને ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં જોડાવાની હાકલ કરી. માતૃભૂમિની સ્વતંત્રતાના સંગ્રામમાં સ્ત્રી અને પુરુષ બંને એક સરખાં ભાગીદાર. બંનેએ માતૃભૂમિ માટે બનતું સઘળુંયે કરવાની તક ઝડપી લેવી જોઈએ. આવો વિચાર જ્યારે બાપુએ વહેતો કર્યો ત્યારે ભારતીય

સમાજે તેને સહર્ષ વધાવી લીધો. અને ભારતીય સ્ત્રીએ ઘરનો ઉંબરો ઓળંગીને સ્વતંત્રતા આંદોલનની સભાઓ અને સરઘસોમાં ભાગ લેવાનું પ્રારંભ્યું. પછી તો ઉત્તરોત્તર તેઓ દરેક ક્ષેત્રમાં પ્રવેશતી ગઈ. સૌપ્રથમ વાર ભારતીય સ્ત્રીને જાહેર કામકાજમાં ભાગીદારીની તક ગાંધીજીએ મેળવી આપી. અલબત્ત તેમનું લક્ષ્ય ભારતીય સ્ત્રીનું સશક્તીકરણ ન હતું. તેમનું લક્ષ્ય હતું સ્વરાજ્ય. અને તે સ્વરાજ્ય મેળવવામાં અડધોઅડધ ભારતીયોની, એટલે ભારતીય સ્ત્રીઓની, ભાગીદારી. જેને કારણે બાપુએ સ્ત્રીનાં સ્વાતંત્ર્ય, વ્યક્તિત્વ, શિક્ષણ કે આજીવિકા જેવા પાયાના મુદ્દાઓને વણસ્પર્શ્યા રાખેલા. તેમ છતાંય આપણે માનવું પડે કે ભારતીય નારીના સશક્તીકરણના પાયામાં ગાંધીજીનું આગવું પ્રદાન રહેલું છે.

ભારતીય સ્ત્રીઓની આત્મકથા વિષયક મેં કરેલ સંશોધનના આધારે 1921થી 1991 દરમિયાન ભારતીય સ્ત્રીઓ દ્વારા મૂળ અંગ્રેજીમાં લખાયેલ આત્મકથાઓની કુલ સંખ્યા ત્રેવીસ છે. 70 વર્ષના સુદીર્ઘ સમયપટ પર અંગ્રેજી ભાષામાં પોતાની આત્મકથા લખનાર તથા પ્રકાશિત કરનાર કુલ ત્રેવીસ સ્ત્રીઓમાંથી એંસી ટકા જેટલી સ્ત્રીઓ 1890થી 1910 દરમિયાન જન્મેલી. આમ ગાંધીવિચારનો પ્રભાવ તે પેઢીની સ્ત્રીઓ પર હોય તે સ્વાભાવિક છે. કમલાદેવી ચટ્ટોપાધ્યાય, વિજયાલક્ષ્મી પંડિત, કૃષ્ણા હઠીસિંહ, રેણુકા રે, દુર્ગાબાઈ દેશમુખ જેવી મહદંશની આત્મકથા લેખિકાઓના લેખનમાં ગાંધીજીની હાજરી તથા ગાંધી જીવન-મૂલ્યો વિશેની સભાનતા સતત વર્તાય છે. તો વળી આ ત્રેવીસમાંથી 'ધ ગર્લ ઇન બોમ્બે'ની લેખિકા ઈશ્વાની સુદ, 'ધ સિટી ઓફ ટૂ ગેટવેઝ'ની લેખિકા સાવિત્રી નંદા, કે 'બિયોન્ડ ધ જંગલ'ની લેખિકા સીતા રત્નમાલની તથા બે મહારાણીઓની આત્મકથાઓમાં સમસામયિક રાજકીય સભાનતાનો સમૂળગો અભાવ હોઈ સ્વતંત્રતા આંદોલન કે ગાંધીજીનો ઉલ્લેખ માત્ર ન હોય તે પણ સમજી શકાય તેમ છે. આવા અપવાદો બાદ કરતાં ભારતીય સ્ત્રીઓના આત્મકથા લેખનમાં ગાંધીજીની અવિસ્મરણીય છબિ સુપેરે ઝિલાઈ છે. જેની ખાટી-મીઠી ઝલક ગાંધી સાર્ધ શતાબ્દીના વિશેષ પ્રસંગે અહીં પ્રસ્તુત છે.

O

જન્મે બ્રિટિશ અને કર્મે મહાત્મા ગાંધીને તથા સ્વતંત્રતા આંદોલનને સમર્પિત એવાં મિસ સ્લેડ ઉર્ફે મીરાંબહેનની આત્મકથા 'ધ સ્પિરિટ્સ પિલગ્રિમેજ' (1949)માં પોતે ગાંધીજીના પ્રભાવથી અંજાઈને સર્વસ્વ ત્યજીને જે પ્રમાણે અમદાવાદના હરિજન



મીરાંબહેન

આશ્રમમાં આવીને વસેલાં તેની વાત કરે છે. તેમના આત્મલેખનનું કેન્દ્ર ગાંધીજીનું સ્નેહમયી વ્યક્તિત્વ છે, પરંતુ તેની સાથોસાથ એક અત્યંત કડક એવા નિયામકની છબિ પણ મીરાંબહેનનું લેખન ઊપસાવે છે. લંડનથી આવેલ મિસ સ્લેડને ગાંધીજીએ મીરાં નામ આપેલું. તેમને આશ્રમ પરિસરમાં 8X8 ફૂટની નાનકડી ઓરડી આપેલી. જે આજે પણ સાબરમતી આશ્રમમાં મિસ સ્લેડના રહેવાસ તરીકે જોઈ શકાય તેમ છે. આ બ્રિટિશ મહિલાની ખાણી-પીણી, પહેરવેશ, રીત-રિવાજ સઘળું આશ્રમે બદલી નાખ્યું હતું. અધૂરામાં પૂરું ગાંધીજીએ આજ્ઞા કરી કે આ સોહામણી યુવતીએ વાળ ન રાખવા! આ તે કેવો આદેશ? ગાંધીજીનો તર્ક હતો કે આશ્રમવાસી પુરુષોમાં યુવતીઓ પ્રત્યે કામના જાગ્રત ન થાય તે માટે આશ્રમમાં વસતી યુવતીઓએ માથાં મૂંડાવી નાખવાં! મીરાંબહેને બાપુની આજ્ઞાનું પાલન કર્યું. માથું મૂંડાવીને ખાદીની સફેદ સાડીમાં આશ્રમની કોઈ સુવિધા વગરની નાનકડી ઓરડીમાં તેમણે વર્ષો ગાળ્યાં અને ત્યાં રહીને બાપુની તેમ જ સ્વતંત્રતા આંદોલનની સહાય કરી.

O

સ્વતંત્રતા આંદોલન પૂર્વેનો એ જમાનો એવો હતો કે જ્યારે ગાંધીજી પ્રત્યેક સુસંસ્કૃત, જાગ્રત ભારતીય પરિવારમાં એક સદસ્યનું સ્થાન ધરાવતા. અંગ્રેજી સાહિત્યનાં ખ્યાતનામ કવયિત્રી કમલા દાસની આત્મકથા 'માય સ્ટોરી' (1976)માં પોતાના બાલ્યકાળનું વર્ણન કરતાં તેઓ સ્મરે છે કે, તેમની માતાના સાહિત્યકાર મામા કેરળમાં પોતાના નાલપત હાઉસમાં એશોઆરામભરી જિંદગી જીવતા. કમલા દાસની માતા તથા તેમનાં બાળકો પણ નાલપત હાઉસનાં જ સભ્ય હતાં. કિશોરી કમલા સ્મરે છે કે, "અમારા એ નાલપત હાઉસમાં જ્યારે કોઈપણ નિર્ણય લેવાતો ત્યારે તેને અન્ય વડીલોની સાથોસાથ બાપુની પરવાનગી મળશે કે કેમ તેનો પણ ખ્યાલ રખાતો. આ 'બાપુ' એટલે પરિવારના કોઈ વડીલ સદસ્ય નહીં, પરંતુ એ મહાલયના દીવાનખાનાની દીવાલ પર શોભતી મહાત્મા ગાંધીજીની છબી!" આ છબી

જાણે ઘરનું મુખ્ય વડીલ હતી. આવો હતો એ જમાનો!

O

સ્વતંત્ર ભારતનાં પ્રથમ મહિલા મુખ્ય મંત્રીનું ગૌરવ મેળવનાર સ્વતંત્રતાસેનાની વિદુષી સુચેતા કૃપલાનીની આત્મકથા અનફિનિસ્ડ ઓટોબાયોગ્રાફી (1978) જાણે લેખિકાના વ્યક્તિત્વને કંડારનાર મહાત્મા ગાંધી વિષયક સંસ્મરણોનો સમૃદ્ધ ખજાનો છે. આ એ જ મહિલા છે કે જેમણે 1947માં આઝાદીની મધરાતે નેહરુએ આપેલ વિશ્વવિખ્યાત પ્રવચન 'ટ્રીસ્ટ વિથ ડેસ્ટિની' પૂર્વે પોતાના સુમધુર સ્વરે 'વંદે માતરમ્' ગાયેલું. સંભ્રાંત દેશપ્રેમી બ્રાહ્મો પરિવારમાં જન્મેલ સુચેતા નોંધે છે કે 10 વર્ષ જેવી નાની ઉંમરે તેણે જલિયાંવાલા બાગમાં થયેલ હત્યાકાંડ વિશે પોતાના પરિવારમાં હૃદયદ્રાવક ચર્ચાઓ સાંભળેલી. ગાંધીજી જાણે તેમના સઘળા પરિવારના મનોજગત પર સતત છવાયેલા રહેતા. ગાંધીજીની પ્રત્યક્ષ હાજરી પણ આ પરિવાર માટે અત્યંત સહજ હતી. દેશના સ્વતંત્રતાસંગ્રામને સમર્પિત સુચેતા બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં ઇતિહાસનાં પ્રાધ્યાપક હતાં. 1936માં જ્યારે તેમણે ગાંધીજીના અંતેવાસી આચાર્ય કૃપલાની સાથે લગ્ન કરવાનો નિર્ણય કર્યો ત્યારે બંને પરિવારોમાં



કમલા દાસ

ભારે વિરોધ થયેલો, કેમ કે કૃપલાનીજી સુચેતાથી 20 વર્ષ મોટા હતા. યુવતી સુચેતાના આશ્ચર્ય વચ્ચે તેને હરહંમેશ પ્રોત્સાહન આપનાર બાપુ પણ એ લગ્નના વિરોધમાં જોડાયા હતા! પણ તેમનો તર્ક ભિન્ન હતો. ગાંધીજીના મત પ્રમાણે આચાર્ય કૃપલાની તેમનો જમણો હાથ હતા. લગ્ન બાદ તે હાથ ગુમાવવો પડે તે બાપુને ખપે તેમ નહોતું. સુચેતા લખે છે કે, બાપુના વિરોધનું કારણ જાણતાં જ મેં તેમને કહેલું, 'બાપુ આ લગ્નથી તમારે તમારો જમણો હાથ ગુમાવવો નહીં પડે પણ તમને ડાબો હાથ પણ મળી જશે. હું તમારો ડાબો હાથ બનીશ અને તમે વધુ સક્ષમપણે દેશનું કાર્ય કરી શકશો.'

O

જવાહરલાલજીનાં બહેન અને યુએન જનરલ એસેમ્બ્લીનાં પ્રથમ મહિલા પ્રેસિડેન્ટ વિજયાલક્ષ્મી પંડિતની આત્મકથા



'ધ સ્કોપ ઓફ હેપિનેસ' (1979)માં ગાંધીજીની વાત સતત થાય છે. નેહરુ પરિવારમાં ગાંધીજીનો દરજ્જો એક અતિપ્રિય વડીલનો હતો. વિજયાલક્ષ્મીજીનાં પ્રેમલગ્ન વખતે પણ ગાંધીજીની પરવાનગી લેવાયેલી. ગાંધીજીએ પોતાને હાથે કાંતેલ, વણેલ તથા રંગેલ ખાદીની સાડી પહેરીને વિજયાલક્ષ્મીજી લગ્નના માયરામાં બેઠાં હતાં. લગ્ન બાદ તરત નવપરિણીત યુગલ બાપુના આશીર્વાદ લેવા આનંદભવન ખાતેના બાપુના રૂમમાં ગયેલું અને ત્યાં ગાંધીજીએ બ્રહ્મચર્ય પાલન કરીને દેશ ખાતર જીવન સમર્પિત કરવાની વાત કરેલી. આ પ્રસંગને સ્મરતાં વિજયાલક્ષ્મીજી લખે છે, મેં બાપુને તરત કહ્યું, "જો તમારે અમને આવા જ આશીર્વાદ આપવા હતા તો અમને પરણવાની પરવાનગી શા માટે આપી? આવાં લગ્નનો શો અર્થ? બાપુ માફ કરજો તમારી આ વાત મને સ્વીકાર્ય નથી."

O

પદ્મવિભૂષણ દુર્ગાબાઈ દેશમુખની આત્મકથા 'ચિંતામન એન આઈ' (1980)માં તેઓ ગાંધીજીને પોતાની કિશોરાવસ્થાના એકમાત્ર પ્રેરણાદાયી બળ તરીકે સ્મરે છે. દુર્ગાબાઈ દેશમુખ નાનપણથી જ સ્વતંત્રતાસેનાની તથા ગાંધી વિચારધારાનાં સમર્થક રહ્યાં. 11 વર્ષની ઉંમરે તેમણે ગાંધીજીની એક પ્રવચનસભાનું આયોજન પોતાના ગામમાં કરેલું. અને આ પ્રવચન માટે રૂપિયા પાંચ હજારનું ઉઘરાણું કરવામાં તેઓ સફળ નીવડેલાં. ગાંધીજીની આ સભા દરમિયાન તેમણે કોઈપણ પૂર્વ આયોજન વગર ગાંધીજીના દુભાષિયા તરીકે કામ કરેલું. જેને કારણે તેઓ આજીવન હિન્દીનાં પ્રખર સમર્થક તેમ જ પ્રચારક રહેલાં. પોતાની ઉપરોક્ત આત્મકથામાં તેઓ એક યાદગાર પ્રસંગ સ્મરે છે. સ્વતંત્રતા પૂર્વેના એક કોંગ્રેસ અધિવેશન દરમિયાન સ્વયંસેવિકા દુર્ગાબાઈને ગાંધીજીએ એ સમારંભ માટે સ્ટેજ પર આવી રહેલ દરેક મહાનુભાવના કાર્ડ તપાસવાનું કામ સોંપ્યું. યુવા દુર્ગાબાઈ પોતાનું કામ ખંતપૂર્વક કરવા માંડી. એક પછી એક જનનેતાઓ પાસ બતાવીને સ્ટેજ પર જઈ રહ્યા હતા. એટલામાં નેહરુજી આવી પહોંચ્યા. બેફિકર નેહરુજી સ્ટેજ પર જવા પગથિયાં પર પગ માંડે ત્યાં તો યુવા સ્વયંસેવિકાએ તેમને ટોક્યા અને પાસ બતાવવા કહ્યું. નેહરુજીને આશ્ચર્ય થયું. તેમણે કહ્યું, "હું નેહરુ, મને નથી



રેણુકા રે



શૈલબાલા દાસ



સુચેતા કૃપલાની

ઓળખતાં?" વળતો જવાબ મળ્યો, "હા જી ઓળખું છું, પરંતુ બાપુએ પાસ લઈને આવનારને જ સ્ટેજ પર જવા દેવાનો આદેશ આપ્યો છે. તેથી હું મજબૂર છું." સ્મિત સાથે નેહરુજીએ પાસની વ્યવસ્થા કરી અને પછી એ યુવતીને પાસ બતાવીને તેઓ સ્ટેજ પર પહોંચ્યા.

O

લંડન સ્કૂલ ઓફ ઇકોનોમિકમાં હેરોલ્ડ લાસ્કી તથા મેજર એટલી જેવા સમર્થ પ્રોફેસરોના હાથ નીચે તૈયાર થયેલ 'માય રેમિનન્સીઝ' (1982) નામક આત્મકથા લખનાર રેણુકા રે કદાચ એકમાત્ર ભારતીય આત્મકથા લેખિકા હશે કે જેના જન્મને ઉત્સવની જેમ ઊજવાયો હતો. રેણુકા રે બ્રિટિશ રાજ દરમિયાન પશ્ચિમ બંગાળના એક આઈસીએસ અધિકારી તેમજ જાણીતા બ્રહ્મોસમાજી શ્રી સતીશ મુખરજીનાં પુત્રી તથા કલકત્તા પ્રેસિડેન્સી કોલેજના પ્રથમ ભારતીય પ્રિન્સિપાલ ડો. પી. કે. રેનાં દોહિત્રી હતાં. તેમના નાનાજી ડો. પી. કે. રે રાજેન્દ્રબાબુ તથા ડો. રાધાક્રિષ્ણનના કોલેજકાળના શિક્ષક રહી ચૂક્યા હતા. નાનીજી સરલાદેવી રે કલકત્તાની પ્રેસિડેન્સી કોલેજમાં પ્રવેશ મેળવનાર સૌપ્રથમ યુવતી. તો રેણુકા રેનાં માતા ચારુલતા તેમના જમાનાના નામાંકિત નારીવાદી હતાં. રેણુકા રેના નાનાજીનું કલકત્તા ખાતેનું ઘર ગાંધીજી, દાદાભાઈ નવરોજી, ગોપાલકૃષ્ણ ગોખલે તથા અન્ય સ્વાતંત્ર્યસેનાનીઓ માટે એક મિલનસ્થળ સમાન હતું. આમ નાનકડી રેણુકાનું બાળપણ ગાંધીજી તથા ગુરુદેવ ટાગોરના પ્રભાવમાં વીતેલું. અલબત્ત પિતા આઈસીએસ અધિકારી હોઈ તેમની નિયુક્તિ લંડનમાં થતાં રેણુકાનું ઉચ્ચ શિક્ષણ લંડનમાં થયેલું. રેણુકા એક બાહોશ યુવતી હતાં. વિદેશી ભણતર છતાં નાનપણમાં મળેલ દેશપ્રેમના સંસ્કાર તેનામાં જળવાયા હતા. લંડનમાં તેમની મુલાકાત એક ભારતીય યુવક સત્યેન રે સાથે થઈ. લંડનમાં વસતો તે યુવક

ઇન્ડિયન સિવિલ સર્વિસમાં ઉત્તીર્ણ થયો હતો. બંનેને પ્રેમ થઈ ગયો અને 1921માં તેમણે સગપણ કરી દીધાં. ત્યારબાદ 1925માં બંને ભારત પાછાં ફર્યાં. ઘરે પહોંચતાંની સાથે રેણુકાને સંદેશ મળ્યો કે બાપુ તેના મંગેતરને મળવા માગે છે. 70 વર્ષની જૈફ વયે પોતાની આત્મકથા લખી રહેલ પશ્ચિમ બંગાળનાં પૂર્વ મિનિસ્ટર રેણુકા રે ગાંધીજી સાથે તેમના ભાવિ પતિની તે વિશેષ મુલાકાતનો સંવાદ શબ્દશઃ લખે છે:

બાપુઃ હું માનું છું કે રેણુકા સાથે લગ્ન કરતી વખતે તમે એ તો જાણતા હશો કે એમ કરીને તમે શું માથે લઈ રહ્યા છો. રેણુકાની પ્રાથમિકતા દેશસેવાની છે.

સત્યેનઃ હા મને ખ્યાલ છે. રેણુકાની લગ્નની આનાકાની જોતાં મેં તેને ખાતરી આપી છે કે મારી કારકિર્દી તેના દેશપ્રેમ અને સ્વતંત્રતાની ચળવળમાં આડી નહીં આવે.

બાપુઃ તમારાં બંનેમાંથી એકેય માટે આ લગ્ન મુશ્કેલ ના બને તે માટે હું પૂરતો પ્રયત્ન કરીશ. અને રેણુકાને એ જાતનું કામ જ સોંપીશ કે જેમાં શક્ય હોય ત્યાં સુધી તમે બંને ભેગાં રહી શકો.

ઉપરોક્ત સંવાદમાં અપાયેલ વચન પ્રમાણે બાપુ તથા સત્યેન રેએ રેણુકાને મનવાંછિત કામ કરવાની બધી જ સંભાવનાઓ પૂરી પાડી. તેમની આત્મકથા ગાંધીજી તેમ જ ગાંધી જીવનમૂલ્યો પ્રત્યેના તેમના આજીવન સમર્પણને વાચા આપે છે. 70 વર્ષની ઉંમરે લખાઈ રહેલ રેણુકા રેની આત્મકથા તત્કાલીન ગાંધીમૂલ્યોના હ્રાસની ચર્ચા પણ કરે છે. પોતાની હતાશા તથા વ્યથાને અભિવ્યક્ત કરતાં લેખિકા લેશમાત્ર પણ ખચકાતાં નથી. તેઓ લખે છે કે તેમના પતિ સત્યેને તેમને ચેતવ્યાં હતાં. 'તારા માટે આ બધા પ્રેમાળ દેવદૂતની જેમ પાંખો પ્રસારીને ઊભા છે. અને તું પણ તેમને તારા ગુલાબી ચશ્માંથી જુએ છે... પરંતુ તારા સતત સંપર્કમાં રહેનાર આ બધાઓ મોટે ભાગે ગાંધીજીથી પ્રભાવિત થઈને તેમની પાસે આવે છે. તેમનું તારા પ્રત્યેનું હુંફાળું વર્તન બાપુના તારા પ્રત્યેના સ્નેહને કારણે છે. જ્યારે બાપુ નહીં હોય ત્યારનો વિચાર તારે કરવો જોઈએ. બાપુની ગેરહાજરીમાં શું આ લોકો અત્યારે વર્તે છે તેમ વર્તશે ખરા?' બાપુના મૃત્યુ બાદ સત્યેન રેના આ શબ્દો સાચા પડ્યા. રેણુકાના અનુભવે તેને સમજાવ્યું કે બધાનો તેના માટેનો પ્રેમ ગાંધીજીથી પ્રેરિત હતો.

O

85 વર્ષની જૈફ ઉંમરે પોતાની આત્મકથા 'ઇનર રિસેસીશ અ આઉટર સ્પેસીસ' (1986) લખનાર

પદ્મવિભૂષણ કમલાદેવી ચટ્ટોપાધ્યાય પોતાની આત્મકથામાં સ્વતંત્રતા આંદોલનના જમાનાના ગાંધીજુવાળનું દસ્તાવેજીકરણ કરે છે. તદુપરાંત તેમની આત્મકથા ગાંધીજીને એક પિતૃતુલ્ય સૌજન્યમૂર્તિ તરીકે આલેખે છે. આજીવન ગાંધીજી સાથે સતત કાર્યરત રહ્યા છતાં કમલાદેવીએ પોતાની પારિવારિક વાતો તેમને ક્યારેય કરી નહોતી. કમલાદેવીની આત્મકથાની એક વિશેષતા એ પણ છે કે તેમાં સ્વતંત્રતાસંગ્રામ કે કલાજગતના નાનાશા માનવની વાત કરવા માટે તેઓ છ-સાત પૃષ્ઠો લખે છે, પરંતુ સરોજિની નાયડુના ભાઈ હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય સાથેનાં પોતાનાં લગ્નની વાત તેઓ એક જ ફકરામાં પૂરી કરે છે. આવી આત્મકથામાં જો એક પ્રસંગ સ્મરણીય હોય તો તે ગાંધીજીએ તેમના પારિવારિક જીવનમાં રસ લીધાનો પ્રસંગ. એક વાર ગાંધીજીને કોઈ સુદૂર પ્રદેશમાં જઈને અમુક ચોક્કસ કામ સફળતાપૂર્વક પાર પાડી શકે તેવા સુયોગ્ય કાર્યકરની જરૂર હતી. કમલાદેવીએ આ કામ ઉપાડી લેવાની તત્પરતા બતાવી અને તરત બાપુ બોલી ઊઠ્યા, 'કમલા, તારાથી નહીં બને. જે પોતાના એકમાત્ર દીકરાની સંભાળ લેતી નથી, તે આ કામ ક્યાંથી કરવાની હતી?' કમલાને આશ્ચર્ય થયું. તેમને દીકરો છે, અને



કમલાદેવી ચટ્ટોપાધ્યાય

તે દીકરો બોર્ડિંગ સ્કૂલમાં ભણે છે, તેવી વાત તેમણે તો બાપુને ક્યારેય કરી નહોતી! કમલાનું આશ્ચર્ય જોઈને બાપુ બોલ્યા, 'હું બધાયનું ધ્યાન રાખું છું. ગયા વખતના મારા એ વિસ્તારના પ્રવાસ દરમિયાન મેં બોર્ડિંગમાં રહેતા તારા દીકરાને બોલાવેલો અને તેની સાથે વાતો કરેલી.' પોતાના વ્યક્તિગત જીવન વિશે જવલ્લે જ ઉલ્લેખ કરનાર કમલાદેવી ચટ્ટોપાધ્યાય ગાંધીજીની આ વાત પ્રેમપૂર્વક આલેખે છે.

O

પરંતુ આ સઘળી આત્મકથા લેખિકાઓમાં ઓરિસા પ્રાંતનાં કર્મઠ રાજકીય નેતા તથા પૂર્વ મંત્રી તેમ જ સ્વતંત્ર ભારતનાં સાંસદ એવાં શૈલબાલા દાસની આત્મકથા 'અ લુક બિફોર એન્ડ આફ્ટર'(1956) નોખી તરી આવે છે. આ આત્મકથાની પહેલી

વિશેષતા છે તેની આગવા પ્રકારની સીધી અને આક્રમક કથનશૈલી. બીજી વિશેષતા છે તેમાં પ્રબળ મુખર 'સ્વ'નું કેન્દ્રસ્થાને હોવું. અને ત્રીજી વિશેષતા છે ગાંધીવિચારનો, ગાંધીવાદી જીવનશૈલીનો તથા કોંગ્રેસ પાર્ટીનો વાચાળ અસ્વીકાર. ભારતીય સ્ત્રીની આત્મકથામાં ગાંધી વિષય પર થઈ રહેલ આ ચર્ચામાં ગાંધીવિચારનો અસ્વીકાર કરતી આ આત્મકથાની નોંધ અત્યંત આવશ્યક છે. કુલ 23 આત્મકથાઓમાં આ એક જ એવી આત્મકથા લેખિકા છે કે જે ગાંધીજીનો તેમની હાજરીમાં વિરોધ કરે છે. એટલું જ નહીં પોતે જે માને છે તે ગાંધીજીને જણાવે છે. 'બાપુ તમારા ચરખામાં મને લેશમાત્ર શ્રદ્ધા નથી' અને એવી ઘટનાઓને પ્રામાણિકપણે પોતાના આત્મકથનમાં વણે છે.

O

આપણે અહીં જે ભારતીય સ્ત્રીઓના આત્મકથા લેખનની ચર્ચા કરી રહ્યા છીએ તેમાંની દુર્ગાબાઈ, વિજયાલક્ષ્મી, રેણુકા રે, કમલાદેવી તથા શુધા મઝુમદાર જેવી ઘણી બધી યુવતીઓએ 1920ના ઐતિહાસિક પ્રથમ કોંગ્રેસ અધિવેશનને પ્રત્યક્ષ નિહાળ્યું હતું કે તેમાં સ્વયંસેવિકાઓ તરીકે સેવાઓ આપી હતી. આ બધી એવી સ્ત્રીઓ હતી કે જેઓ સુશિક્ષિત, સુસંસ્કારી પરિવારોની દીકરીઓ હતી. એવા પરિવારો કે જ્યાં ગાંધીમૂલ્યો હૃદયપૂર્વક આવકાર પામ્યાં હતાં અને તેઓ બાળપણમાં વારસામાં મળેલ ગાંધીવાદી મૂલ્યો સાથે જીવેલી. તેમાંની રેણુકા રે, વિજયાલક્ષ્મી પંડિત, દુર્ગાબાઈ દેશમુખ, કમલાદેવી ચટ્ટોપાધ્યાય, સુચેતા કૃપલાની જેવી ઘણી બધી આત્મકથા લેખિકાઓને આઝાદી બાદ ભારતની પ્રથમ સરકારમાં સ્થાન પણ મળેલું. આમ ગાંધીચીંધ્યા માર્ગે સ્વતંત્રતા આંદોલનમાં સ્ત્રીની ભાગીદારી તેમ જ સફળ નેતૃત્વ પૂરું પાડનાર અહીં ચર્ચિત ભારતીય સ્ત્રીઓએ સત્તાની બાગડોર પણ સંભાળેલી. સ્વતંત્રતા આંદોલન દ્વારા જાહેર જીવનમાં પગ માંડનાર ભારતીય સ્ત્રીઓની આ પ્રથમ પેઢીએ ઘરના ઉંબરથી દિલ્હીના સરકારી પદ સુધીની લાંબી મજલ કાપેલી. અને આ સઘળી સફળતાનો મુખ્ય યશ હતો ગાંધીને. જેમણે સ્ત્રીની સુષુપ્ત શક્તિને પિછાણીને, સ્ત્રીના પરંપરાગત એકમાત્ર લક્ષ્ય સમા લગ્નને રાષ્ટ્રસેવાની સરખામણીમાં ગૌણ માનીને, તેમને જાહેર જીવનમાં અગ્રેસર થવાની પ્રથમ વાર તક આપી હતી.

ગાંધી સાર્ધ શતાબ્દી અવસરે ભારતીય સ્ત્રીઓની જીવન આત્મકથામાં વણાયેલ બાપુની ખાટી-મીઠી યાદો સાથે ભારતીય સ્ત્રીના સાચા સમર્થક બાપુને અંજલિ.

❑❑❑



ગાંધીજીઃ પરંપરાનું ફળ અને સમગ્ર વિશ્વ માટે નવયુગનું બીજ

☐ રમેશ ઓઝા

ગાંધીજીની સાર્ધ-શતાબ્દી નિમિત્તે ગાંધીજીના અક્ષરદેહમાંથી પસાર થવાનું બની રહ્યું છે ત્યારે બે સવાલ સતત મનમાં ઘૂમરાયા કરે છે.

પ્રશ્ન પહેલો.

કાર્લ માર્ક્સની જેમ જો ગાંધીજી નકરા ફિલસૂફ હોત અને તેમણે પશ્ચિમની સભ્યતાની મર્યાદા બતાવનાર અને તેના વિકલ્પરૂપે સ્પર્ધારહિત અને અંતરાત્મા અધિષ્ઠિત વિવેકયુક્ત અહિંસક સમાજની રચના અંગેનો પ્રબંધ (થિસિસ) લખ્યો હોત તો ગાંધીજી સફળ થયા હોત ખરા? માર્ક્સને માર્ક્સના ગયા પછી માર્ક્સની થિસિસ ઊંચકી લેનારા અનુયાયી મળ્યા એમ ગાંધીજીને મળ્યા હોત ખરા? સર્વ સામાન્ય સમજ એવી છે કે કાર્લ માર્ક્સની જેમ ગાંધીજી

સમાજશાસ્ત્રના ફિલસૂફ નહોતા, પણ નૈતિકતાની એરણે જીવતા હતા અને સમાજે પણ એ રીતે જીવવું જોઈએ એવો આદર્શવાદી આગ્રહ ધરાવતા હતા. વધુમાં વધુ તમે એમ કહી શકો કે જ્ઞાત ઇતિહાસ (રેકૉર્ડેડ હિસ્ટરી)માં કોઈ માનવીએ જેટલી આધ્યાત્મિક ઊંચાઈ પામી હતી એના કરતાં ગાંધીજીએ વધુ ઊંચાઈ પામી હતી. લોકો પર જે પ્રભાવ હતો એ 'મહાત્મા' ગાંધીનો હતો, 'દાર્શનિક' ગાંધીનો નહોતો. લોકોએ તેમને અવતાર પુરુષ તરીકે માની લીધા હતા અને અપનાવી લીધા હતા, પછી તેમને તેમના વિચાર સમજાય કે ન સમજાય.

આનો અર્થ એ થયો કે ગાંધીજીની હયાતીમાં લોકો ગાંધીજીના વિચારોને સમજ્યા હતા અને અપનાવ્યા હતા એવું નથી. તેમણે તો 'મહાત્મા' ગાંધીને અપનાવ્યા હતા. બીજું ગાંધીવાદીઓ ગાંધીવાદને સમજ્યા છે એવું પણ નથી અને તેમાં બહુ કંઈ સમજવા જેવું છે પણ નહીં; કારણ કે ગાંધીવાદ જેવું કંઈ છે જ નહીં, જે રીતે માર્ક્સવાદ છે. આ એક પક્ષ થયો.

બીજી બાજુ વિનોબા ભાવે અને દાદા ધર્માધિકારી જેવા વિચારકો કહે છે કે વિચારને થિસિસના માળખામાં જોવાની આપણને આદત છે અને એ પણ પશ્ચિમનો પ્રભાવ છે. આપણે ત્યાં વિચાર મંત્રરૂપે આવે છે અને વિકાસ પામે છે. વેદ, ઉપનિષદો, સાંખ્યની કારિકા, આગમ ગ્રંથો, બુદ્ધનાં વચનો મંત્રરૂપે આવ્યાં છે. માત્ર પંદરથી વીસ શબ્દોમાં માર્ક્સની વર્ગસંઘર્ષની થિસિસ જેવડું તત્ત્વજ્ઞાન તેમાં સમાયેલું હોય. આર્ષદ્રષ્ટાઓ પૂર્વપક્ષ-સિદ્ધાંતપક્ષની થિસિસ નથી લખતા, તેઓ તો માત્ર મંત્ર આપે છે. થિસિસમાં પૂર્વપક્ષ-સિદ્ધાંતપક્ષનો દ્વન્દ્વ હોય, જ્યારે મંત્રમાં નિર્ભેળ દ્વન્દ્વરહિત સત્ય હોય. માના દૂધ જેવું. થિસિસ એ ભાષ્યકારોનું કામ છે, દ્રષ્ટાઓનું નથી. ગાંધીજી પૂર્વની પેદાશ હતા અને પ્રાચીન યુગના ઋષિઓ જેવા આર્ષદ્રષ્ટા હતા. એટલું જ નહીં, ઉપરથી વિનોબા ભાવેએ તો એમ પણ કહ્યું છે કે ગાંધીજી પૂર્વની દાર્શનિક પરંપરાના ફળરૂપ હતા અને સમગ્ર વિશ્વના નવા યુગના બીજરૂપ છે. બીજ નામ જ સૂચવે છે એમ સૂક્ષ્મ હોય જેમાં વિરાટની સંભાવના હોય.

બીજો પ્રશ્ન.

ગાંધીજી સફળ થયા એમ કહી શકાય? જેઓ એમ માને છે કે ગાંધીજીને જે સફળતા મળી હતી એ 'મહાત્મા' ગાંધીને મળી હતી તો શું ખરેખર 'મહાત્મા'ને સફળતા મળી હતી? ગાંધીજી સામાજિક દ્વન્દ્વોને, આંતરવિરોધોને ઘસીઘસીને તેની ધાર બુઠ્ઠી કરવા માગતા હતા જેમાં તેમને સફળતા મળી નહોતી. એ બધી ધાર ગાંધીજીની હયાતીમાં કંઈક અંશે



સફાઈકામ માટે સજ્જ મહાત્મા ગાંધી, મગનવાડી, વર્ધા, 1936

ઓછી પરિણામકારક થઈ ગઈ હતી એ ખરું, પરંતુ સાવ બુઠ્ઠી નહોતી થઈ અને આજે તો એ તેજ બની ગઈ છે. જો મહાત્માનો પ્રભાવ હોત તો ભારતનું વિભાજન ન થયું હોત, દલિતોને ન્યાય મળ્યો હોત, ભાષાનો પ્રશ્ન ઉકેલાઈ ગયો હોત અને ઉત્તર અને દક્ષિણે તેમ જ હિંદુ અને મુસલમાને બધાને સુલભ એવી હિન્દુસ્તાની ભાષા અપનાવી લીધી હોત. હિંદુ-મુસ્લિમ એકતા, સામાજિક ન્યાય અને આખા દેશને જોડનારી એક ભાષા આ ત્રણ પ્રશ્ને ગાંધીજી અહર્નિશ વિચારતા રહેતા હતા અને લોકોને સમજાવતા રહેતા હતા; પરંતુ તેમાં કેટલાક લોકોએ તેમને ફાવવા નહોતા દીધા. આ ત્રણેય દ્વન્દ્વ જીવતા રહે તેમાં કેટલાક લોકોનો સ્વાર્થ હતો અને તેમાં તેમને મહાત્માની હયાતી હોવા છતાં કેટલાક લોકોનો ટેકો મળતો હતો.

આ ત્રણેય પ્રશ્ને ગાંધીજીને તેમની હયાતીમાં જ નિષ્ફળતા મળી હતી. તો પછી મહાત્મા સફળ થયા હતા એમ કેમ કહેવાય?

માનવ શરીરમાં જે સ્થાન હૃદય, કિડની અને મગજનું છે એટલું જ મહત્ત્વનું (વાઈટલ) સ્થાન ભારતીય સમાજમાં (બૉડી ઇન્ડિયા)માં હિંદુમુસ્લિમ એકતા, સામાજિક સમાનતા અને પ્રજાને જોડનારી ભાષાનું છે અને એ છતાં આ મહત્ત્વના પ્રશ્ને સ્થાપિત હિતો મહાત્માને નિષ્ફળ બનાવવામાં સફળ થયા હતા. મહાત્માની હયાતીમાં અને મહાત્માના અથાક પ્રયત્નો છતાં

ભારતીય પ્રજા પૂર્વગ્રહોના સંસ્કારથી મુક્ત નહોતી થઈ શકી અને હવે તો અસ્મિતાઓની ગર્જનાઓ થઈ રહી છે. જેમાં પોતાનું હિત છે એ વિશેની મહાત્માની સલાહ નહોતી સાંભળી ત્યાં નિર્વિરોધ અહિંસક સમાજની રચના, પશ્ચિમી ભોગવાદી સંસ્કૃતિનો પૌર્વાત્ય વિકલ્પ, રાષ્ટ્રવાદના પાશ્ચાત્ય મોડેલનો નકાર, મનુષ્યને ગુલામ કરનારી ટેક્નોલોજીનો નકાર, ગામડાંને સ્વાયત્તતા આપનાર ગ્રામ સ્વરાજનું મૉડેલ વગેરે તો બહુ દૂરની વાત થઈ.

તો પછી કબૂલ કરવું રહ્યું કે ભારતની પ્રજાએ દાર્શનિક ગાંધીનો (જો ગાંધીમાં મૌલિક દર્શન હતું એમ માનતા હો તો) તો અસ્વીકાર કર્યો હતો, પરંતુ 'મહાત્મા' ગાંધીનો પણ મતલબ પૂરતો જ ઉપયોગ કર્યો હતો. આ કૃતનિશ્ચય માણસ આઝાદી અપાવી શકે એમ છે એટલે આઝાદી મેળવી લો, એ પછી જોયું જશે. આનો અર્થ એ થયો કે આ દેશે ગાંધીજીનો ઉપયોગ કરીને તેને ફગાવી દેવાનો દ્રોહ કર્યો છે.

પણ ખરેખર એવું છે? એમાં કોઈ શંકા નથી કે ગાંધીજીને નિષ્ફળ બનાવવામાં આવ્યા છે; પરંતુ ગાંધીજીની નિષ્ફળતા એ ગાંધી પરનું પૂર્ણવિરામ છે? લાખ રૂપિયાનો સવાલ આ છે. અહીં વિનોબાનું નિરીક્ષણ કામમાં આવે એવું છે. ગાંધીજી ભારતની પરંપરાનું ફળ છે, પરંતુ સમગ્ર જગત માટે નવા યુગનું બીજ છે. ફળ આપણી પરંપરાનું, પણ બીજ આખા જગત માટે નવા યુગનું. વિનોબાની આ વાત સમજવી રહી. બની શકે કે વિનોબાનો આ ગાંધીજી માટેનો અનુરાગજન્ય પક્ષપાત હોય અને એવું પણ બને કે વિનોબા ગાંધીજીને તેના મૂળ સંદર્ભમાં સમજ્યા હોય.

ગાંધીજીનાં લખાણોમાંથી સેંકડો મંત્ર સમાન વાક્યો મળી આવશે, પણ આપણે અહીં માત્ર બે જ વાક્યો તપાસીએ. 'શ્રમ કર્યા વિના ખાવું એ પાપ છે' અને 'માંદા પડવું એ ઈશ્વરનો ગુનો છે'. આ બે વાક્યો વિષે સાંગોપાંગ ગહન ચિંતન કરવાનું શરૂ કરો. થોડા વખતમાં સમજાઈ જશે કે આ તો આપણને જીવનની સમગ્રતામાં ખેંચી જાય છે. એમાંથી આખી થિસિસ ઊતરી આવશે. તપાસી જુઓ.

આ જગતમાં માનવીને છોડીને દરેક જીવ પોતે શ્રમ કરીને પોતાનું પેટ ભરે છે. બીજાની સેવા માત્ર મનુષ્ય લે છે. શ્રમ કર્યા વિના ખાવાનો અર્થ એ થયો કે માનવી સૃષ્ટિના મૂળભૂત નિયમની વિરુદ્ધ જઈ રહ્યો છે અને એ તેની સમસ્યાનું મૂળ છે. એમાંથી અસમાનતા પેદા થાય છે, અસંવેદનશીલતા પેદા થાય છે, શોષણ જન્મ લે છે, સુવિધાપરસ્તીની માનસિકતા જન્મે છે, સુખસુવિધાની વૃદ્ધિ અથવા સુખાકારી એ જ વિકાસ એવો વિકાસનો માપદંડ જન્મે છે,

વગેરે. વિચારતા જશો તો ઘણે લાંબે પહોંચશો. એમાંથી આર્થિક, સામાજિક, માનવીય, નૈતિક અને પર્યાવરણીય પ્રશ્નો ઉપસ્થિત થશે. એમાંથી વિકાસ વિશેની પાશ્ચાત્ય અવધારણા વિષે જ પ્રશ્ન ઉપસ્થિત થશે.

જો સુવિધાપરસ્તી એ જ માનવીય પુરુષાર્થ હોય અથવા આજની પરિભાષામાં વિકાસ હોય તો આરોગ્યના પ્રશ્નો ઉપસ્થિત થશે. ગાંધીજી તો એમ કહી ગયા છે કે 'માંદા પડવું એ ઈશ્વરનો ગુનો છે.' આ શરીર જો યાંત્રિક ખામી સાથે જન્મ્યું હોય અથવા કોઈ જીન વારસામાં મળ્યા હોય તો વાત જુદી છે; પણ ભગવાને તંદુરસ્ત દેહ સાથે મોકલ્યા હોય અને એ દેહમાં ખરાબી પેદા થાય તો એ ઈશ્વરદત્ત નથી, માનવીય છે. ક્યાંક કોઈક જગ્યાએ જીવતાં આવડ્યું નહીં.

હવે વિચારો કે દેહની, આત્માની અને મનની તંદુરસ્તી જળવાઈ રહે એ માટે શું કરવું જોઈએ? વિચારતા જશો તો ફરી એક વાર તમને થિસિસ ઊઘડતી જોવા મળશે એટલું જ નહીં શ્રમ કરવા વિશેની અને માંદા પડવા વિશેની બે થિસિસ વચ્ચે પરસ્પર જોડાણ નજરે પડશે. તમને અચાનક જીવનમાં સમગ્રતા નજરે ચડશે અને ધ્યાનમાં આવશે કે પ્રત્યેક સામાજિક પ્રશ્નો જીવનની સમગ્રતાના

અભાવનું અને એ સાથે જાત સાથેની પ્રામાણિકતાના અભાવનું પરિણામ છે.

મૂળભૂત તત્ત્વથી તમે દૂર જાવ અને કિંમત ચૂકવવાની ન આવે એવું તો બને જ નહીં. કાર્લ માર્ક્સે સમાજના વ્યવસ્થાકીય પ્રશ્નો વિષે ગહન ચિંતન કર્યું હતું અને આદર્શ સમાજની કલ્પના કરી હતી; પરંતુ તેની રચના વિશેનો તેનો મદાર રાજ્ય પર હતો. રાજ્ય ચલાવનારાઓનાં સ્થાપિત હિતો વિકસ્યાં અને સમાજવાદી સમાજરચનાનો માર્ક્સનો પ્રયોગ નિષ્ફળ નીવડ્યો. બીજી બાજુ કેટલાક લોકો એમ માને છે કે માનવી મૂળભૂત રીતે ટકી રહેવાની આવડત ધરાવનારું પ્રાણી છે એટલે તેને તેની રીતે જીવવા દો, એ જ્યાં અટકશે ત્યાં રસ્તો શોધી કાઢશે. બાકી સંપૂર્ણ આદર્શ સમાજ જેવું કાંઈ હોતું નથી. ત્રીજી બાજુ સંગઠિત ધર્મ છે (રાજ્ય અને બજારની જેમ ધર્મ પણ મોટી સંસ્થા છે) જે એમ કહે છે કે બતાવેલા ધર્મને શરણે આવ અને બીજી ચિંતા છોડી દે.

રાજ્ય, અંગત સ્વાર્થ પોષનાર બજાર અને ધર્મ એ ત્રણેય નિષ્ફળ નીવડ્યાં છે એ આપણી સામેની આજની વાસ્તવિકતા છે. અહીં ગાંધીજી આવે છે. તેઓ કહે છે કે ભારતીય પ્રાચીન પરંપરામાં જીવન વિષયક સનાતન સત્યો પડ્યાં છે અને સમાજ જો ધારે તો એ મુજબ સામૂહિક રીતે જીવી શકાય છે. પ્રાચીન યુગમાં આ સત્ય ગાંઠે બાંધીને લોકો જીવતા પણ હતા. આપણે પ્રગતિની સુવિધાલક્ષી અવળી વ્યાખ્યા કરી અને વિજ્ઞાન અને ટેક્નોલોજીએ તેમાં મદદ કરી એટલે ભેખડે ભરાઈ ગયા. માણસ ગમે એટલી પ્રગતિ કરે, પણ એ શ્રમ કર્યા વિના ખાઈ કેમ શકે? એ બીજાના શ્રમથી જીવી કેમ શકે?

ગાંધીજીએ સૌથી મોટો સધિયારો એ આપ્યો છે કે પાછા ફરી શકાય છે અને તેમણે ચેતવણી પણ આપી છે કે પાછા ફર્યા વિના છૂટકો પણ નથી. માત્ર વિકાસ, રાજ્ય અને ધર્મ વિશેના પાશ્ચાત્ય અભિગમ વિષે પુનર્વિચાર કરવો પડશે. ઉપાય પૌર્વાત્ય પરંપરામાં છે અને ગાંધીજીએ એ મુજબ જીવીને ઉદાહરણ પણ પૂરું પાડ્યું. આ અર્થમાં ગાંધીજી પરંપરાનું ફળ હતા અને સમગ્ર જગત માટે નવા યુગનું બીજ છે.

હજુ પણ આ વાત તમને ગળે ઊતરવાની નથી એની મને જાણ છે, કારણ કે ધર્મ, રાજ્ય, રાષ્ટ્ર અને બજાર માટેનો મોહભંગ હજુ પૂરેપૂરો થયો નથી. સમાજ તેની પૂરી કિંમત ચૂકવશે ત્યારે આંખ ખૂલશે. ધીરે ધીરે આંખ ખૂલી રહી છે એટલે તો ગાંધીજીની હયાતીમાં જે પુસ્તકની હાંસી ઉડાવવામાં આવી હતી એ પુસ્તક 'હિન્દ સ્વરાજ' વિષે આજે સૌથી વધુ વાત થાય છે.

❑❑❑



એનએમઆઈસીના ખંડમાં ગાંધીજીના પૂતળા પાછળ
અમૃત ગંગર અને 'રામરાજ્ય', છબી : ગિરીશ પરમાર

ગાંધીજી અને વીસમી સદીનું વન્ડર ઓવ ધ વર્લ્ડ સિનેમા : સંબંધો, અપવાદો ને પ્રભાવોની કેટલીક વાતો

☐ અમૃત ગંગર

ઓગણીસમી સદીના લગભગ અંતમાં એટલે ૧૮૯૬ની સાતમી જુલાઈની સાંજે મુંબઈના કાલાઘોડા ઇલાકાની વોટસન્સ હોટેલના એક ઓરડામાં ફ્રાંસના લ્યૂમિયેર ભાઈઓની પ્રથમ હાલતી ચાલતી ટૂંકી મૂક ફિલ્મો બતાવવામાં આવી હતી ત્યારે *ટાઈમ્સ ઓવ ઇન્ડિયાની* જાહેરાતમાં તેમનું વર્ણન વન્ડર્સ ઓવ ધ વર્લ્ડ (દુનિયાની અજાયબીઓ) તરીકે કરવામાં આવ્યું હતું. (વોટસન્સ હોટેલની વધારે માહિતી માટે જુઓ નવનીત સમર્પણ,

ઑગસ્ટ ૨૦૧૯). વીસમી સદીમાં આ અજાયબીએ દુનિયાને ચકિત કરી દીધી. કદાચ દરેકને નહીં! કોઈ એકલદોકલ મહાન અપવાદની હાજરી પણ આખી દુનિયાને ચકિત કરી શકે.

હરિશ્ચંદ્ર: નાટક, ફિલ્મ અને ગાંધીજી પર પાત્રનો પ્રભાવ

દાદાસાહેબ ફાળકેનું ૧૯૧૩નું મૂકપટ *રાજા હરિશ્ચંદ્ર* એ વખતનું સંપૂર્ણ લંબાઈનું વાર્તા રજૂ કરતું પ્રથમ ભારતીય મૂકપટ ગણાય છે. તેમના પુણેથી પ્રગટ થતા મરાઠી વૃત્તપત્ર *કેસરી*માં લોકમાન્ય ટિળકે ફાળકેના ૧૯૧૩ના મૂકપટ *રાજા હરિશ્ચંદ્ર*ને ભારતની પ્રથમ સ્વદેશી ફિલ્મકૃતિ તરીકે બિરદાવ્યું હતું. મોહનદાસ કરમચંદ ગાંધી અને કસ્તુરબા હજી દક્ષિણ આફ્રિકાથી ભારત પરત નહોતાં આવ્યાં. પણ યુવાન મોહનદાસ રાજકોટની શાળામાં હતા ત્યારે *હરિશ્ચંદ્ર* નામનું નાટક જોઈ ચૂકેલા અને સત્યવાદી હરિશ્ચંદ્રના પાત્રથી તેઓ આજીવન પ્રભાવિત રહ્યા હતા. સત્યાગ્રહી પણ.

એ રીતે મારી ગાંધીજી અને સિનેમાની વાર્તાનો આરંભ ભારતના પ્રથમ મૂકપટ રાજા *હરિશ્ચંદ્ર*થી થાય છે. ૧૯૧૩ના આ મૂકપટની પ્રિન્ટો નાશ પામી હતી પણ તેની લોકપ્રિયતા જોઈને ફાળકેએ તેને ફરી ૧૯૧૭માં એ જ નામે બનાવ્યું હતું, તે *સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર* તરીકે પણ ઓળખાતું હતું. એ જ વર્ષે કલકત્તાની એલ્ફિન્સ્ટન બાયોસ્કોપ કંપનીનું મૂકપટ સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર (દિ. રુસ્તમજી દોટીવાલા) પણ રિલીઝ થયું હતું. અને ત્યારે ગાંધીજી અને કસ્તુરબા દક્ષિણ આફ્રિકાથી ભારત આવી ગયાં હતાં (જુલાઈ ૧૯૧૪) પણ ગાંધીજીએ એમાંનું એક પણ મૂકપટ જોયું નહોતું.

ગાંધીજી: પામ-બન બંગલો અને પ્રથમ ફિલ્મ જોવાની વાત, રામ કે તુકા-રામ?

તેમના જીવનમાં ગાંધીજીએ સૌપ્રથમ મૂકપટ કે બોલપટ કયું જોયું હતું તેનો ભેદ હજી સંપૂર્ણપણે ઉકેલાયો નથી તેવું મારું વ્યક્તિગત રીતે માનવું છે. પણ એક વાત નક્કી છે કે ૧૯૨૮ના વર્ષ સુધી ગાંધીજીએ તેમના જીવનમાં કદી કોઈ ફિલ્મ જોઈ નહોતી. આધાર? ૧૯૨૭-૨૮ના ઇન્ડિયન સિનેમેટોગ્રાફ કમિટી (આઈસીસી)ના રિપોર્ટમાં પ્રગટ થયેલું ગાંધીજીનું એ સંદર્ભનું વિધાન. તેને નિઃશંકપણે પુરાવા રૂપે ગણી શકાય. બ્રિટિશ સરકારે નીમેલી ઇન્ડિયન સિનેમેટોગ્રાફ કમિટીના અધ્યક્ષ મદ્રાસ (ચેન્નઈ)ના અગ્રણી વકીલ દીવાન ટી. રંગાચાર્યાર હતા તેથી તેને રંગાચાર્યાર કમિટી રિપોર્ટ પણ કહેવાય છે. હવે, સામાન્ય રીતે



'સંત તુકારામ' ફિલ્મ (1936)માં વિષ્ણુપંત પાગનીસ

એવું દસ્તાવેજીકરણ થતું આવ્યું છે કે મહાત્મા ગાંધીએ પ્રથમ ભારતીય ફિલ્મ *રામ રાજ્ય* ૧૯૪૪માં જોઈ હતી. પ્રકાશ પિક્ચર્સ-નિર્મિત અને વિજય ભટ્ટ-દિગ્દર્શિત એ ૧૯૪૩માં રિલીઝ થયેલું બોલપટ હતું.

ગાંધીજી અને ફિલ્મ પ્રદર્શનના લોકેશનની રીતે સિન્ધિયા સ્ટીમ નેવિગેશન કંપનીનાં શ્રીમતી સુમતિબેન મોરારજી અને શ્રી શાંતિકુમાર મોરારજીનો જુહુ બીચ પર આવેલો પામ-બન બંગલો નિર્ણાયક બને છે. વર્ષ ૧૯૪૪થી પહેલાં ૧૯૩૯ના વર્ષમાં પણ આ બંગલામાં ગાંધીજી અને સિનેમા સંબંધી કાંઈક ઘટ્યું હતું. અહીં મારો ઇશારો મહાદેવભાઈ દેસાઈએ પામ-બન બંગલેથી તેમના સુપુત્ર નારાયણને લખેલા પત્રનો છે. જુહુથી ૩૦-૧૨-૩૭ના રોજ 'ચિ. બાબલા'ને સંબોધેલા આ પત્રમાં ૧૯૩૬ના બોલપટ *સંત તુકારામ*નો સંદર્ભ છે. મહાદેવભાઈ તેને પત્રની શરૂઆતમાં 'પાંડુરંગ ધ્યાની, પાંડુરંગ મંની' તરીકે વર્ણવે છે. (ફિલ્મકૃતિમાં તુકારામ 'પાંડુરંગ ધ્યાની' અભંગ ગાય છે). આ લાંબા પત્રમાં મહાદેવભાઈ એક રાતે શાંતિકુમારભાઈ સાથે *સંત તુકારામ* ફિલ્મ જોયાનું વિગતવાર

વર્ણન કરે છે ને તે ખૂબ રસાળ રીતે ચિ. બાબલાને પત્રમાં લખે છે. ફિલ્મમાં તુકારામનું પાત્ર ભજવનાર વિષ્ણુપંત પાગનીસ, મહાદેવભાઈ લખે છે તેમ, ધંધે સોની છે પણ સુંદર કીર્તનકાર છે. પાગનીસ ગાંધીજીને કીર્તનો સંભળાવવા માટે પામ-બન બંગલે જતા અને એક દિવસ પાગનીસ તેમની *સંત તુકારામ* ફિલ્મ જોવા માટે ગાંધીજીને વિનંતી કરે છે. હવે જે વાત મહાદેવભાઈ તેમના ઉપરોક્ત પત્રમાં ચિ. બાબલાને લખે છે તે તેમના જ શબ્દોમાં -

"[...] એ માણસની ઇચ્છા છે કે અહીં અમે રહીએ છીએ ત્યાં તુકારામ ફિલ્મ બાપુને બતાવવી. બાપુ એટલો વખત જોવાને માટે બેસી ન શકે એટલે મારે કેટલાક ભાગ અંદરથી કાપી નાખવા જોઈએ. બોલ તું કહેશે મેં કયા ભાગો કાપી નાખવાનો વિચાર કર્યો હશે?" [*અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ*, નારાયણ દેસાઈ, શ્રી મહાદેવ દેસાઈ જન્મશતાબ્દી સમિતિ, ગુજરાત, પૃ.૧૧-૧૬]

આ વાત મને રસપ્રદ એટલા માટે લાગે છે કે તેમાં ગાંધીજીએ *સંત તુકારામ* ફિલ્મ ૧૯૩૭ના વર્ષે જુહુના પામ-બન બંગલામાં જોઈ હોવાની પૂરેપૂરી શક્યતા દેખાય છે. વળી મારા અનુમાનને એટલા માટે પુષ્ટિ મળે છે કે આ ફિલ્મ મહાદેવભાઈને ખૂબ ગમી હતી અને તેની પ્રશંસા તેમના પત્રમાં જોવા મળે છે. તેમની *સંત તુકારામ* ફિલ્મ જોનારી મંડળીમાં શાંતિકુમારભાઈ સાથે "કનુભાઈ, સુશીલાબેન અને પ્યારેલાલકાકા" હતાં. પ્રભાત ફિલ્મ કંપની-નિર્મિત, વિષ્ણુપંત દામલે અને શેખ ફત્તેલાલ-દિગ્દર્શિત ફિલ્મ *સંત તુકારામ* વેનિસ ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં પુરસ્કૃત થઈ હતી. ભક્તિ પરંપરાની સંત તુકારામ ફિલ્મ ગાંધીજીએ સ્વીકારેલા ને પાળેલા અહિંસાના સિદ્ધાંતને જ અનુમોદન આપે છે. ૧૯૩૯માં ભરાયેલી ઇન્ડિયન મોશન પિક્ચર્સ કોંગ્રસની બેઠકમાં *સંત તુકારામ* ફિલ્મને ગાંધીવાદી આદર્શોની ફિલ્મકૃતિ તરીકે બિરદાવવામાં આવી હતી. મુંબઈના સેન્ટ્રલ સિનેમા (ચર્ની રોડ)માં સંત *તુકારામ* ફિલ્મ સળંગ સત્તાવન અઠવાડિયાં (એક વર્ષ એક મહિનો એક અઠવાડિયું) ચાલી હતી.

સાત વર્ષ પછી ફરી જુહુનો પામ-બન બંગલો, ગાંધીજી અને ફિલ્મ

તારીખ બીજી જૂન ૧૯૪૪, શુક્રવાર, રાતના નવ. અહીં ભારતની અને દુનિયાની જેના પર મીટ મંડાયેલી છે એવી એક વ્યક્તિ માટે ખાસ ફિલ્મ શો ગોઠવવામાં આવ્યો છે. અને તે સામાન્ય રીતે સિનેમાઘરોમાં થતું હોય છે તેમ રાતનો છેલ્લો નવથી બારનો શો નથી. ફિલ્મ જોનાર વ્યક્તિની વય પંચોતેર વર્ષની છે.

જોનારનું નામ મોહનદાસ કરમચંદ ગાંધી છે અને એ જે ફિલ્મકૃતિ જોઈ રહ્યા છે તેનું નામ છે *રામ રાજ્ય*. એકસો બત્રીસ મિનિટની પૂરી ફિલ્મ જોવાનો તેમને સમય ક્યાંથી હોય? ફિલ્મનાં કેટલાંક દૃશ્યોનું સંકલન કરીને તેમની સમક્ષ રજૂ કરાય છે. મને ખાત્રી છે કે આ સંકલન મહાદેવભાઈના માર્ગદર્શન હેઠળ થયું હશે. વિજય ભટ્ટ-દિગ્દર્શિત ૧૯૪૩ની ફિલ્મ *રામ રાજ્ય* મહાત્મા ગાંધીએ તેમના જીવનમાં જોયેલું એકમાત્ર ભારતીય બોલપટ હતું એ વાતને સામાન્ય રીતે સ્વીકારાય છે. વળી, ગાંધીજીને સિનેમા પ્રત્યે અણગમો હતો એ વાત પણ જગજાહેર હતી અને છે.

વેલ, ૧૯૪૪માં તો મિડિયાને પ્રિન્ટ અને રેડિયોનાં માધ્યમો જ હાથવગાં હતાં. ગાંધીજી ફિલ્મ જુએ એ સમાચાર મોટા હતા. રાતના નવ વાગ્યે ગાંધીજી કોઈ ફિલ્મ જોવા બેઠા હોય એ વાત સહેલાઈથી માની શકાય તેવી નહોતી. સ્વાભાવિક રીતે વાત છાપે ચડી જાય તેવી હતી અને ચડી ગઈ.

ત્રીજી જૂન, શનિવારની સવારે એક અંગ્રેજી દૈનિકની હેડલાઈને મુંબઈગરાઓને એ સમાચારથી વાકેફ કરી દીધા હતા. અંગ્રેજીમાં હેડલાઈન આવી હતી, "M. Gandhiji Sees Prakash's Ram Rajya: Historic Event of Indian Film Industry"



'રામ રાજ્ય' (1943) ફિલ્મનું પોસ્ટર

("એમ. ગાંધીજી પ્રકાશનું *રામ રાજ્ય* જુએ છે: ભારતીય ફિલ્મ ઉદ્યોગનો ઐતિહાસિક પ્રસંગ".) 'પ્રકાશ' એટલે વિજય ભટ્ટ અને તેમના બંધુ શંકર ભટ્ટે મુંબઈમાં સ્થાપેલી ફિલ્મ નિર્માણ કંપની પ્રકાશ પિક્ચર્સ. તેનો સ્ટુડિયો મુંબઈના પરા અંધેરી પૂર્વમાં ૧૯૩૪ના વર્ષમાં બંધાયો હતો. (વધારે વિગતો માટે જુઓ Prakash Pictures Studio, Amrit Gangar, Bhavan's Journal, 28 February 2018). ગાંધીજીએ *રામ રાજ્ય* ફિલ્મના અંશો જોયા પછી ફિલ્મ નિર્માતા કંપનીએ એ વાતને *રામ રાજ્ય* ફિલ્મની જાહેરાતોમાં હાઈલાઈટ કરી હતી. આપણા સંદર્ભ માટે ગાંધીજી અને *રામ રાજ્ય* ફિલ્મનો સંબંધ એટલા

માટે અગત્યનો છે કે તે ગાંધીજીની કલ્પનાના પ્રજાતંત્રને ક્યાંક જોડે છે, *'રામ રાજ્ય'* યુટોપિક હોવા છતાં એક આદર્શ છે, એક ડિઝાયર!

આ થઈ ગાંધીજી, *સંત તુકારામ* અને *રામ રાજ્ય*ની વાત. વાત આગળ વધારતાં હું મારા પોતાના અનુભવની થોડી અછડતી વાત કરીને ગાંધીજી, મૂકપટ, બોલપટ અને દસ્તાવેજી ફિલ્મોની કેટલીક અજાણી રહેલી અને અલ્પચર્ચિત કે અપરિચિત વાતોને સંદર્ભવાનું અને આપ સૌની સાથે શેર કરવાનું ઇચ્છીશ. જ્યારે હું ભારતના સૌપ્રથમ નેશનલ મ્યુઝિયમ ઓવ ઇન્ડિયન સિનેમા (એનએમઆઈસી)ની ક્યુરેટોરિયલ પ્રવૃત્તિઓમાં કોલકાતાના નેશનલ મ્યુઝિયમ ઓવ સાયન્સ મ્યુઝિયમ્સ સાથે સંકળાયેલો હતો ત્યારે મેં *ગાંધી૧૫૦* નિમિત્તે ગાંધી અને સિનેમાના વિષયને લઈને એક આખો ખંડ એનએમઆઈસીમાં મૂકવાનો પ્રસ્તાવ મૂક્યો હતો અને પરિણામે એનએમઆઈસીના નવા મકાનનો પહેલો માળ ગાંધીજી અને સિનેમાના વિષયને ઓડિયો-વિઝ્યુઅલી તેમ જ ઇન્ટરેક્ટિવલી રજૂ કરે છે. ગાંધીજીને સિનેમા પ્રત્યે અણગમો હોવા છતાં તેમનો રાષ્ટ્રીય અને વૈશ્વિક સિનેમા પર કેટલો અનેરો પ્રભાવ પડ્યો છે તેને મેં મારી ક્યુરેટોરિયલ કલ્પનામાં સાંકળી લેવાનો પ્રયાસ કર્યો છે. આ ખંડમાં સાચકલા લાગતા ગાંધી સાચકલું ભારતીય બોલપટ *રામ રાજ્ય* પરદા પર જોતાં ખુરસી પર બેઠા છે.

ગાંધીજી અને ભારતીય મૂકપટ યુગ (૧૯૧૨-૧૯૩૪): બ્રિટિશ સલ્તનત અને બે સાધુઓની વાત

ભલે પ્રથમ બોલપટ *આલમઆરા* ૧૯૩૧માં રિલીઝ થઈ ગયું હતું પણ ભારતીય મૂકપટ યુગ ૧૯૧૨થી ૧૯૩૪ સુધી અસ્તિત્વમાં હતો. મૂકપટગાળામાં *નરસિંહ મહેતા*ના નામે બે વખત (૧૯૨૦, ૧૯૨૪) ફિલ્મો બની હતી જેને આપણે મહાત્મા ગાંધી સાથે સાંકળી શકીએ પણ મારે જે બે મૂકપટોનો ઉલ્લેખ કરવો છે તેમાં ૧૯૨૧નું *ભક્ત વિદુર* અને ૧૯૩૧નું *ખુદા કી શાન* (અંગ્રેજીમાં Wrath / રૉથ) સામેલ કરીશ, કારણ કે આ બે ફિલ્મકૃતિઓનો ગાંધીજી સાથે સીધો સંબંધ હતો એમ કહી શકાય. એ બેઉ મૂકપટોને સેન્સરશિપના અંકુશો નડ્યા હતા, કારણ કે બંનેનાં પાત્ર ગાંધીજી જેવાં દેખાતાં હતાં. નિર્ભયતાને વરેલા મહાત્મા ગાંધીનો અંગ્રેજોને એટલો ભય હતો! માંડીને વાત કરું પણ ટૂંકમાં: પહેલાં પામીએ *ખુદા કી શાન*.

૧૯૩૦નો દાયકો સામાજિક સુધારા અને રાજકીય બદલાવનો હતો. આ ગાળામાં ગાંધીયુગનો પ્રભાવ મધ્યાહ્ને હતો. ૧૯૨૦ના દાયકામાં

જ ગાંધીજીએ અસ્પૃશ્યતા નિવારણ અને હિન્દુ-મુસ્લિમ એકતાનો સંદેશ વહેતો મૂક્યો હતો અને તેની અસર એ વખતના ફિલ્મ નિર્માતાઓ અને દિગ્દર્શકો પર પણ થઈ હતી. રસપ્રદ રીતે જે વર્ષે (૧૯૩૧) ઇમ્પીરિયલ ફિલ્મ કંપનીએ ભારતનું પ્રથમ બોલપટ *આલમઆરા* બનાવ્યું હતું એ જ વર્ષે *ખુદા કી શાન* (રૉથ) નામનું મૂકપટ પણ બનાવ્યું હતું જેનો સીધો સંબંધ અગાઉ કહ્યું તેમ મહાત્મા ગાંધી સાથે છે તેમ કહી શકાય. ઇમ્પીરિયલ ફિલ્મ કંપનીમાં કામ કરતા અને *ખુદા કી શાન* મૂકપટના જાણીતા દિગ્દર્શક રમા શંકર (આર.એસ.) ચૌધરી પર પણ ગાંધિયન ફિલસૂફીની ઊંડી અસર હતી. તેની રૂપકાત્મક ગાંધીવાદી વાર્તામાં *ખુદા કી શાન* ફિલ્મ, ધર્માંધતા અને જાતિવાદ પર ચાબખા મારે છે. બ્રિટિશ સલ્તનતના સેન્સર બોર્ડને વાંધો એટલે પડ્યો કે ફિલ્મમાં સાધુ ગરીબદાસનું પાત્ર ભજવતો પારસી નાયક મકન્દા આબેહૂબ મહાત્મા ગાંધી જેવો લાગતો હતો. સેન્સર બોર્ડે ફિલ્મમાં અનેક કાપકૂપો કરવાનો હુકમ આપીને તેને આખરે ગાંધી ચેતનાવિહોણી બનાવી દીધી હતી.

ભારતીય ફિલ્મો પર ગાંધીજીનો પ્રભાવ મૂકપટ કાળથી જ પડવા માંડ્યો હતો. ઇમ્પીરિયલ ફિલ્મ કંપનીના મૂકપટ *રૉથ કે ખુદા કી શાન*ના એક



'ખુદા કી શાન' (1931)માં સાધુ ગરીબદાસ

દાયકા અગાઉ દ્વારકાદાસ સંપતની કોહિનૂર ફિલ્મ કંપનીના ૧૯૨૧ના મૂકપટ *ભક્ત વિદુર*ના સાધુ વિદુરે તો *ખુદા કી શાન*ના સાધુ ગરીબદાસ કરતાં પણ વધારે ખળભળાટ મચાવ્યો હતો. *ભક્ત વિદુર* મૂકપટના પ્રદર્શન પર તો બ્રિટિશ સલ્તનતે પ્રતિબંધ જ મૂકી દીધો હતો. જાણે એ ફિલ્મનો 'ગાંધી' તેમની સલ્તનત સામે કોઈ ખતરો ઊભો કરી દેશે. *ભક્ત વિદુર* ૧૯૨૨માં *ધર્મ વિજય*ના નામે રી-રિલીઝ થઈ હતી.

ભક્ત વિદુર મૂકપટમાં દ્વારકાદાસ સંપત પોતે જ વિદુરનો પાઠ ભજવે છે. ફિલ્મમાં રજૂ થતા વિદુરે ખાદીનાં કપડાં પહેર્યાં છે: માથે ગાંધી ટોપી,

ઝભ્ભો અને ધોતિયું. બ્રિટિશરોને ગંધ આવી ગયેલી કે ભક્ત વિદુર છદ્મ વેશમાં ગાંધી જ હતા. અને *ભક્ત વિદુર* મૂકપટ પરોક્ષ રીતે તેમની સલ્તનત વિરુદ્ધનું પોલિટિકલ મૂકપટ હતું. મહાભારતના પાત્રને રજૂ કરતા આ મૂકપટમાં દર્શાવેલા કૌરવો એટલે બ્રિટિશરો. દ્વારકાદાસ સંપત પોતે ગાંધીવાદથી રંગાયેલા. દેખીતી રીતે બ્રિટિશ શાસકો આવા બોલપટને કેવી રીતે સાંખી લે? વળી એ જ ગાળામાં રોલેટ એક્ટ (૧૯૧૯)ને ગાંધીજી સહિત ભારતીય નેતાઓ તેમ જ પ્રજાએ કાળો કાયદો ગણીને વખોડ્યો હતો, તેનો દેશવ્યાપી વિરોધ થયો હતો. ૧૯૨૧માં એ વિરોધ શમ્યો નહોતો. *ભક્ત વિદુર* મૂકપટ પર શરૂ થઈ ગયો દમનનો દોર. ૧૯૨૧ની *ભક્ત વિદુર* ફિલ્મ ભારતની પ્રથમ પ્રતિબંધિત (બેન) થયેલી ફિલ્મ હતી. જ્યારે એ મુંબઈના મેજેસ્ટિક સિનેમામાં રિલીઝ થઈ હતી ત્યારે ત્યાં પોલીસે પ્રેક્ષકો પર લાઠીમાર કર્યો હતો. *(ભારતીય ચલચિત્ર ઉદ્યોગના પિતા, ગુજરાતી ચલચિત્રના જનેતા: શ્રી દ્વારકાદાસ સંપત (૧૮૮૪-૧૯૫૮),* વીરચંદ ધરમશી, અમૃત ગંગર, *ગુજરાતી ચલચિત્રો ૧૯૮૨ના આરે,* સં. મણિલાલ ગાલા, અમૃત ગંગર, મુંબઈ: સ્ક્રીન યુનિટ, ૧૯૮૨, પૃ. નંબર નથી આપ્યાં) *ભક્ત વિદુર* મૂકપટના દિગ્દર્શક હતા કાનજીભાઈ રાઠોડ.

ગાંધીજી અને બોલપટ યુગ (૧૯૩૧-૨૦૧૯): બાપુનો વિશ્વવિહાર

બાપુને કોણ સેન્સર કરી શકે ભલા? સત્ય સેન્સર કદી ન થાય. એ સનાતન છે. સદંતર છે. એટલે જ –

એટલે જ સ્તો *ભક્ત વિદુર* પાછા પરદા પર આવે છે - ૧૯૪૪માં. અને હવે *મહાત્મા વિદુર* તરીકે. ૧૯૪૪નું બોલપટ *મહાત્મા વિદુર* મુંબઈના એ જ ભક્ત વિદુરના લાઠીમારવાળા મેજેસ્ટિક સિનેમામાં ફેબ્રુઆરી મહિનામાં રિલીઝ થયું હતું ત્યારે તેની અંગ્રેજી જાહેરાતમાં શું લખવામાં આવ્યું હતું તે જુઓ:

"A Statesman! A Saint! A Prime Minister! A Devotee of God! A Servant of Humanity!"

"But above All – The Popular Idol of the People: "MAHATMA VIDUR".

"મુત્સદ્દી, સંત, વડો પ્રધાન, પ્રભુ ભક્ત, માનવજાતનો સેવક."

"પણ સૌથી વિશેષ પ્રજાનો પૂજનીય: મહાત્મા વિદુર"

આ ફિલ્મમાં ભક્ત વિદુર બન્યા હતા, *સંત તુકારામ* ફિલ્મમાં તુકારામ બનેલા ને ગાંધીજીને જુહુના પામ-બન બંગલે કીર્તનો સંભળાવવા જતા હતા તે વિષ્ણુપંત પાગનીસ. તેમની સાથે

મહાત્મા વિદુર બોલપટમાં હતાં દુર્ગા ખોટે.

૧૯૪૪ના વર્ષે બાપુ પામ-બન બંગલે બે મહિના રહ્યા હતા અને તેમના દૈનિક ખાનપાનની સુમતિબેન ખાસ કાળજી લેતાં. એ ગાળામાં બાપુની તબિયત નાદુરસ્ત રહેતી હતી. (*પામ-બન બંગલો અને ગાંધીજી*, અમૃત ગંગર, *૨૪ x ૭ = મુંબઈ, અમદાવાદ: અરુણોદય પ્રકાશન, પૃ. ૪૪-૪૬*).

મહાત્મા ગાંધી: વિશ્વના ચાર કોન્ટિનેન્ટસમાં, એક સો કેમેરાથી, ત્રણ દાયકા સુધી શૂટ થયેલી પ્રથમ પૂર્ણ લંબાઈની તમિળ ફિલ્મ

મહાત્મા વિદુર બોલપટથી પહેલાં ૧૯૪૦માં જે પૂર્ણ લંબાઈની દસ્તાવેજી પ્રકારની તમિળ ફિલ્મ મદ્રાસમાં કમર્શિયલી પૅરેગૉન સિનેમાઘરમાં રિલીઝ થઈ હતી તે અગત્યની ઘટના હતી તેવું માનું છું. છઠ્ઠી નવેમ્બરે રિલીઝ થયેલી *મહાત્મા ગાંધી* નામની ફિલ્મમાં એ.કે. ચેટ્ટિયારે ૧૯૧૨ના વર્ષથી ૧૯૪૦ સુધી વિશ્વના ચાર ખંડોમાં ભમીને ગાંધીજીની મુસાફરીઓ, દિનચર્યાઓ અને વિવિધ પ્રવૃતિઓને ૧૦૦ કેમેરા વડે ઝડપી હતી. મદ્રાસના પૅરેગૉન સિનેમાઘરમાં તેના સવાત્રણ, સવાછ અને સાડાનવ વાગ્યાના દૈનિક ત્રણ શો રાખવામાં આવ્યા હતા અને આ ફિલ્મ ઘણાં



'ભક્ત વિદુર' (1921)માં ભક્ત વિદુર (દ્વારકાદાસ સંપત) અને દુર્યોધન (હોમી માસ્ટર)

અઠવાડિયાંઓ સુધી ચાલી હતી. ગાંધીજી વિશેની આ ઐતિહાસિક ફિલ્મ મદુરાઈના ચિંતામણિ, કોઈમ્બતુરના ન્યુ કર્ણાટિક અને બેંગલોર કેન્ટોનમેન્ટના ઓપેરા સિનેમાઘરોમાં અઠવાડિયાંઓ સુધી ચાલી હતી. લગભગ ત્રણ દાયકા સુધી મહામહેનતે ભેગું કરેલું અમૂલ્ય સેલ્યુલોઈડ ફૂટેજ એ. કે. ચેટ્ટિયારે જ સંકલિત કર્યું હતું. ગાંધીજીના જીવન વિશે એ. કે. ચેટ્ટિયારની સાચકલી ફિલ્મ ખરેખર સીમાચિહ્ન રૂપે છે. આવી અગત્યની ફિલ્મ મહદંશે અપ્રચલિત રહી છે.

એ. કે. ચેટ્ટિયાર (૧૯૧૧-૧૯૮૩)ની વાત કરતાં વિઠ્ઠલભાઈ ઝવેરી (૧૯૧૬-

૧૯૮૫) અને તેમની સવા પાંચ કલાકની દસ્તાવેજી ફિલ્મ *મહાત્મા: લાઈફ ઓવ ગાંધી, ૧૮૬૯-૧૯૪૮* (૧૯૬૮)નો ઉલ્લેખ કરવો પણ આવશ્યક થાય. વર્ષો પહેલાં મેં અમારી ફિલ્મ સોસાયટી *સ્ક્રીન યુનિટ*ના નેજા હેઠળ આ દીર્ઘ ડોક્યુમેન્ટ્રી બોમ્બે સર્વોદય મંડળ સાથે સંકળાયેલા પ્રતિબદ્ધ ગાંધીવાદી કાર્યકર શ્રી તુલસીદાસ સોમૈયાના સહયોગથી મણિભવનના બાયોસ્કોપ જેવા નાનકડા થિયેટરમાં ૩૫મીમી પર બતાવી હતી. તેના આરંભનું કાઠિયાવાડી ઢબે બુલંદ સ્વરમાં ગવાયેલું ગાંધીજીને પ્રિય નરસિંહ મહેતાનું ભજન *વૈષ્ણવ જન તો તેને કહીએ* હજી કાનમાં ગુંજી રહ્યું છે.

*મહાત્મા: લાઈફ ઓવ ગાંધી, ૧૮૬૯-૧૯૪૮*નું નિર્માણ ગાંધી નેશનલ મેમોરિયલ ફન્ડ અને ભારત સરકારના ફિલ્મ્સ ડિવિઝને સહિયારી રીતે કર્યું હતું. તેનું સ્ક્રિપ્ટિંગ અને દિગ્દર્શન શ્રી વિઠ્ઠલભાઈ ઝવેરીએ કર્યું હતું. તેત્રીસ રીલોની આ સંપૂર્ણ ફિલ્મ ૩૩૦ મિનિટની અવધિની છે અને જુદાંજુદાં ચૌદ પ્રકરણોમાં વિભાજિત છે. થોડાં જ વર્ષો પહેલાં ઓસિયાનામા માટે 'ગાંધી એન્ડ સિનેમા'ના મારા ક્યુરેટ કરેલા પ્રોગ્રામમાં મેં ફરી ઝવેરીની સવાપાંચ કલાકની પૂરી *મહાત્મા* ફિલ્મ લિબર્ટી સિનેમામાં બતાવી હતી, પણ એ વખતે ડીવીડી પર.

૩૦ જાન્યુઆરી ૧૯૪૮ના કારમા દિવસે ગાંધીજીની ક્રૂર હત્યા થયા બાદ એપ્રિલ મહિનામાં *વિશ્વદીપ* બાપુ નામની હૃદયદ્રાવી ગીતો અને વેધક કોમેન્ટ્રીવાળી ટૂંકી ફિલ્મ મુંબઈ, અમદાવાદ, પુણે, ઇન્દોર જેવાં ભારતનાં અનેક નાનાંમોટાં શહેરોમાં બતાવવામાં આવી હતી જેની માહિતીથી પણ લોકો મહદંશે અજાણ છે. બાકી ગાંધીજીના જીવન પર અને વિશે કે તેમના આદર્શોથી પ્રભાવિત થયેલી અનેક ફીચર ફિલ્મો હિન્દી ઉપરાંત અન્ય વેગવેગળી ભારતીય ભાષાઓમાં બની છે ને બનતી રહે છે અને તેના પર આખાં ને આખાં પુસ્તકો લખી શકાય, અમુક લખાયાં પણ છે. મારા અભ્યાસ મુજબ દક્ષિણ ભારતના સિનેમા પર ગાંધી વિચારોની, ગાંધી આદર્શોની, ગાંધી સિદ્ધાંતોની સૌથી વધારે ને ઘેરી અસર પડેલી દેખાય છે. આપણા ગુજરાતી સિનેમા પર સાવ નજીવી! કેવો વિરોધાભાસ? ખેર –

બોનસ, દિવાળીનું બોનસ: "સત્યાગ્રહ"

ખેર, અંતે હું આપ સૌને મારો *સત્યાગ્રહ* નામનો પ્રિય ઓપેરા (જેનું ફિલ્મીકરણ પણ થયું છે) બોનસમાં આપવા માગું છું. દિવાળીનું બોનસ! વીસમી સદીના સૌથી વધારે પ્રભાવશાળી સંગીતકારોમાંના એક



ફિલિપ ગ્લાસના ઓપેરા 'સત્યાગ્રહ'નું એક દૃશ્ય

ગણાતા અમેરિકન કમ્પોઝર ફિલિપ ગ્લાસને હું ૧૯૯૨માં મળ્યો હતો ત્યારે પણ તેઓ કોઈ ઊંડી ગાંધીખોજમાં હતા. કહે, 'મારી ગાંધીખોજ તો અનંત છે'. છેક ૧૯૮૦માં તેમના વિલક્ષણ ઓપેરાનું પ્રીમિયર રોટેરડેમમાં થઈ ગયું હતું, ન્યુ યોર્કમાં ૧૯૮૧માં. પણ ૧૯૯૨માં હજી તેઓ ગાંધીજીની ખોજમાં હતા. *સત્યાગ્રહ* ઓપેરામાં તેઓ બાપુ અને બાના જીવનના દક્ષિણ આફ્રિકાના ગાળા (૧૮૯૩-૧૯૧૪)ને ત્રણ વિલક્ષણ વિભાગો (એક્ટ્સ)માં આવરી લે છે: (૧) લિયો ટોલ્સ્ટોય, ૧૯૧૦નો ટોલ્સ્ટોય ફાર્મ, વ., (૨) રવીન્દ્રનાથ ટાગોર, ૧૯૦૬નું ઇન્ડિયન ઓપિનિયન, વ., (૩) માર્ટિન લ્યુથર કિન્ગ જુનિયર, ૧૯૧૩ની ન્યુ કાશલ માર્ચ.

આ બધાનું સંધાણ કરતાં ફિલિપ ગ્લાસ કોઈ લિનિયર નેરેટિવ નથી બાંધતાં પણ વચ્ચેવચ્ચે *ભગવદ્ ગીતા*ના શ્લોકો સંભળાવે છે. નેરેટિવ વગરનો ઓપેરા સામાન્ય રીતે અસંભવ ગણાય છે પણ 'મિનિમાલિસ્ટ' કમ્પોઝર ફિલિપ ગ્લાસે તેમના *સત્યાગ્રહ* ઓપેરામાં તેને સંભવ બનાવ્યો છે, જેમ ગાંધીજીએ તેમના જીવનમાં અનેક અસંભવ બાબતોને સંભવ બનાવી હતી, દા.ત. સત્યાગ્રહ અને અહિંસક લડત!

ફિલિપ ગ્લાસના ગાંધીજી શારીરિક રીતે ઊંચા ને પડછંદ છે, તેઓ ગાંધી હોવાનો ડોળ નથી કરતા કે નથી કરતા કોઈ અભિનયની મિમિક્રી. અને કદાચ તેથી જ સ્પર્શી જાય છે મહાત્માના મર્મને અને આપણા માહ્યલાને! *સત્યાગ્રહ* ઓપેરામાં ગાંધીજી અંતે પોતે ગાવા માંડે છે એક સંધ્યા ગીત. જે સાવ સિમ્પલ છે પણ પ્યૉર! ખોલો આ લિન્ક ને સાંભળો -

https://www.youtube.com/watch?v=CHKUt5fDbH0

સાલ મુબારક!

❑❑❑



ભારતના બે મહાન શિક્ષણવિદો : રવીન્દ્રનાથ ટાગોર અને ગાંધીજી

ગાંધીજીનું શિક્ષણદર્શન આજે માનવને માર્ગદર્શન આપી શકે?

☐ સુદર્શન આયંગાર

ગાંધીજીના સમય કરતાં વિજ્ઞાન અને ટેક્નૉલોજીએ માનવ-અસ્તિત્વ માટે જે નવી ક્ષિતિજો ઉઘાડી છે તેમાં એ સવાલ સહજે ઊભો થાય કે ગામડાંના સમાજને માનવ-અસ્તિત્વ માટે દઢપણે શાશ્વત માનનાર ગાંધીજીના શિક્ષણદર્શનમાં આધુનિક અને જ્ઞાનની નવી ક્ષિતિજો ખોલનારાં વળી કયાં તત્ત્વો હોઈ શકે? આજે દુનિયા અને દેશમાં કેટલાક શિક્ષણશાસ્ત્રીઓ સહિત આપણામાંના ઘણા જ્ઞાની લોકો એવું માને છે કે બદલતા સમાજને અનુરૂપ શિક્ષણ હોવું જોઈએ અને આજે ભારત પછાત રહી ગયું છે કારણ કે

સમય અને જમાનાની સાથે આપણે શિક્ષણવ્યવસ્થામાં ફેરફાર કરી શક્યા નથી. થોડા પ્રયત્નો થયા છે, પણ તે અપૂરતા છે. પણ આપણે કયા પ્રકારના સમાજની રચના કરવી છે અને તે માટે આપણું દર્શન શું છે તે સમજ્યા વગર માત્ર સારા નકલકર્તા બનીશું તો સમગ્ર વિશ્વ આજે જે સમસ્યાઓ સાથે ઘેરાઈને ઊભું છે તે સમસ્યાઓને આપણે વધુ ઘેરી જ બનાવીશું.

ગાંધીજીના વિચાર પ્રમાણે સમાજનું કે રાષ્ટ્રનું નવનિર્માણ શિક્ષણ દ્વારા જ થવાનું છે. જેવું શિક્ષણ તેવો સમાજ. આ વિચાર દક્ષિણ આફ્રિકામાં દૃઢ થયો હતો. ગાંધીજીએ જોયું કે મોટા ભાગનો કહેવાતો આધુનિક સમાજ શોષણ, લાલચ, ઠગાઈ, ચોરી અને હિંસાના મૂલ્યો પર આધારિત અને તેને પોષનારો હતો. મૂળ નિવાસીઓ તો ‘જ્યાદા કી નહીં લાલચ હમેં થોડે મેં ગુજારા હોતા હૈ’ માં માનનારા અને એ રીતે જીવનારા હતા. 'સુધારા'ને લઈને આવનાર શિક્ષિત અને આધુનિક પ્રજા યુરોપની હતી. તેથી ગાંધીજીએ ૧૯૦૯માં *હિંદ સ્વરાજ* પુસ્તકમાં શરીરકેન્દ્રિત આધુનિક સભ્યતાના અને ‘સુધારા’નું ધ્યેય ભૌતિક સુખાકારી હોવા અંગે આલોચના કરી. શિક્ષણ અંગે એલ્ડસ હક્સ્લીના વિચારો સાથે તેઓ સહમત હતા. તેમના મતે શિક્ષણનું મૂળ અને મુખ્ય ધ્યેય ચરિત્રવિકાસ હોવું જોઈએ. એ જ અરસામાં ટોલ્સ્ટૉય અને રસ્કિન વાંચ્યા. સ્વસ્થ અને અહિંસક સમાજ તો ગામડાંઓનો જ હોઈ શકે તેવી માન્યતા પાકી થઈ. તેના પ્રયોગ માટે ફીનિક્સ વસાહત અને ટોલ્સ્ટૉય ફાર્મ બનાવ્યાં અને તેમાં નવી પેઢી માટે શિક્ષણનું આયોજન કર્યું.

ગાંધીજીની ગામડાંઓ આધારિત સમાજની કલ્પનાને જવાહરલાલ નેહરુ સહિત ઘણા નેતાઓએ નકારી હતી, પણ ગાંધીજી પોતાની દૃષ્ટિ પર કાયમ રહ્યા. પાંચ ઑક્ટોબર ૧૯૪૫ના નેહરુને લખેલા એક પત્રમાં ગાંધીજીએ કહ્યું,

“આધુનિક વિજ્ઞાનની કદર કરવાં છતાં, પુરાણી વાત આધુનિક વિજ્ઞાનની દૃષ્ટિએ જોઉં છું તો પુરાણી વાત નવા લેબાશમાં મને બહુ મીઠી લાગે છે. તમે જો એમ સમજો કે હું આજનાં ગામડાંની વાત કરું છું, તો તમે મારી વાત નહીં સમજી શકો. મારું આદર્શ ગામડું આજે તો મારી કલ્પનામાં જ છે. આખરે તો દરેક માણસ પોતાની કલ્પનાની દુનિયામાં જ રહેતો હોય છે. એ કલ્પનાના ગામડાનો માણસ જડ નહીં હોય - પૂરેપૂરો ચૈતન્યમય હશે. તે ગંદકીમાં અંધારી ઓરડીમાં જાનવરની જિંદગી નહીં જીવતો હોય. સ્ત્રી અને પુરુષ બન્ને સ્વતંત્રતાથી રહેતાં હશે અને આખી દુનિયાનો સામનો કરવા તૈયાર હશે. ત્યાં નહીં હોય કૉલેરા કે

નહીં હોય પ્લેગ, શીતળા પણ નહીં હોય. ત્યાં કોઈ આળસુ નહીં રહી શકે, કે ન કોઈ એશ આરામમાં રહી શકે. સૌએ શારીરિક મહેનત કરવી પડશે. આ બધું હોવા છતાં, હું એવી ઘણી વસ્તુઓની કલ્પના કરી શકું છું જેની વ્યવસ્થા મોટા પાયા પર કરવી પડે. કદાચ રેલવે પણ હશે અને ટપાલ અને તાર ઑફિસો પણ હશે. શું હશે અને શું નહીં હોય એની મને ખબર નથી. મને એની ચિંતા પણ નથી. જો હું મૂળ વાત સિદ્ધ કરી શકું તો બાકીની તો વખત જતાં આવી મળશે. પણ હું જો મૂળ છોડી દઉં તો બધું જ છોડી દેવું પડે."

માનવસમાજે જો મૂળ સાચવવાં હોય તો એ શિક્ષણ દ્વારા જ સચવાય. ગાંધીજીની શિક્ષણકાર તરીકેની યાત્રા દક્ષિણ આફ્રિકામાં પોતાના અને ફીનિક્સ વસાહત અને ટોલ્સટૉય ફાર્મ પરનાં બાળકોથી શરૂ થઈ. માતૃભાષામાં શિક્ષણ, કૃષિ, છાપખાનું ચલાવવાનું, સુથારી અને ચર્મ ઉદ્યોગોમાં બાળકોને ઘનિષ્ટ તાલીમ આપવામાં આવતી હતી. સહજીવન અને સહઅસ્તિત્વમાં મૂલ્ય શિક્ષણ, સ્વાવલંબન ને સ્વદેશીના મુદ્દાઓ ઘૂંટાયા. એમણે કેળવણી શબ્દનો પ્રયોગ કર્યો. બાળકને ચરિત્રવાન બનાવવા શું કેળવવાનું થાય? માનવીય અને જીવનમૂલ્યો માટે હૃદય કેળવવાનું, ઉત્પાદક પ્રવૃત્તિમાં દક્ષ થઈ આજીવિકા રળે તે માટે હાથને કેળવવાના અને મન- બુદ્ધિની અનંત યાત્રા માટે મગજને કેળવવાનું થાય. આમ અંગ્રેજીમાં ગાંધીજીના મૂળ શિક્ષણ સિદ્ધાંત થ્રી એચ. એટલે હાર્ટ, હેન્ડ એન્ડ હેડ તરીકે ઓળખાયા. પ્રાથમિકતા અને ક્રમ પણ એ જ સાચવવાના હતા.

૧૯૧૫માં હિંદુસ્તાન પાછા આવ્યા બાદ અંગ્રેજો સામે સંઘર્ષ માટે ગાંધીજીએ શિક્ષણને રાજનૈતિક શસ્ત્ર અને સમાજ-નવનિર્માણ માટે સાધન તરીકે અજમાવ્યું. ૨૦ ઑક્ટોબર ૧૯૧૭ના રોજ ભરૂચમાં ભરાયેલી બીજી ગુજરાત શિક્ષણ પરિષદમાં અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં ગાંધીજીએ જણાવ્યું કે માતૃભાષામાં શિક્ષણ દરેક બાળકમાં રાષ્ટ્રીય ભાવના જન્માવશે. પાયાની જરૂરિયાતો પૂરી કરવા કૃષિ, ગોપાલન, વસ્ત્રવિદ્યાને કેન્દ્રમાં લાવવાનું જણાવ્યું. શારીરિક શિક્ષણ અને ચરિત્રનિર્માણને જોડીએ તો એ જ દેશ માટેની સ્વરાજયાત્રા છે. ગાંધીજીની સ્વરાજયાત્રાના ત્રણ અંશ હતા. એક, રાજનૈતિક સ્વરાજ એટલે અંગ્રેજી હકૂમતથી આઝાદી. બીજું, સ્વદેશી અને સ્વાવલંબી થવા ગ્રામ સ્વરાજ માટે મથવું. ત્રીજો અંશ સ્વ પરનું રાજ. જે શિક્ષણ 'સ્વરાજ' તરફ લઈ જાય તે ગાંધીજીના શિક્ષણદર્શનનું હાર્દ. ગાંધીજીએ ૧૯૨૦માં ગૂજરાત વિદ્યાપીઠની એક રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થા તરીકે સ્થાપના કરી અને એક રીતે

અંગ્રેજોની સામે સત્યાગ્રહનું એલાન કર્યું. અહીં બાલમંદિરથી વિશ્વવિદ્યાલય કક્ષાના અભ્યાસક્રમો શરૂ થયા. દેશની યુવા પેઢી સમાજ નવનિર્માણ અને સત્યાગ્રહની લડત માટે સજ્જ થાય તે આ રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાનો ધ્યેય હતો.

શિક્ષણ દ્વારા સમાજ નવનિર્માણના કામમાં સમાજનાં અનિષ્ટ મૂલ્યો અને પ્રથાઓને નાબૂદ કરવાનો ધ્યેય પણ વણાયેલો જ હતો. કોંગ્રેસના ૧૯૨૪ના બૅલગામ અધિવેશનમાં ગાંધીજીએ કહ્યું કે, જે શિક્ષણ સંસ્થામાં ભારતીય ભાષાઓમાં શિક્ષણ ન અપાતું હોય, કોમી એખલાસના પાઠ ન ભણાવાતા હોય, અસ્પૃશ્યતા-નિવારણ માટે પ્રયત્નો ન હોય, વસ્ત્રવિદ્યા અને કૃષિતાલીમ ન અપાતી હોય, શારીરિક શિક્ષણ અને સ્વરક્ષાની તાલીમ ન આપવામાં આવતી હોય; તો તેને તેઓ રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થા તરીકે સ્વીકારવા તૈયાર ન હતા. ૧૯૩૭માં વર્ધામાં યોજાયેલા વિશેષ રાષ્ટ્રીય સંમેલનમાં દેશભરના શિક્ષણકારો અને નેતાઓએ ગાંધીજીના શિક્ષણ અંગેના વિચારો સાંભળ્યા અને સ્વીકાર્યા. આ વિચારો શાળાકીય શિક્ષણ માટે રાષ્ટ્રીય યોજના સ્વરૂપે રજૂ થયા અને તેનો અમલ થાય તેવો નિર્ધાર થયો.

• શિક્ષણનો ઝોક વ્યવસાય પર નહી પરંતુ કૌશલ્ય અને શ્રમ દ્વારા માતૃભાષામાં શિક્ષણ પર હતો.

• કોઈ પણ હુન્નરમાં રહેલા કળા અને વિજ્ઞાન પ્રયોગાત્મક પદ્ધતિથી આપવાનું ઠરાવાયું. અનુબંધ એ ચાવી હતી. દાખલા તરીકે, રેંટિયો શિખવાડતા કપાસ વિશે, તેની ખેતી અંગે, વસ્ત્રના ઇતિહાસની વાત, ભૂગોળ, વિવિધ પ્રકારની જમીન અને કપાસ ઉગાડવા માટેની અનુકૂળતા, ઉત્પાદનની પ્રક્રિયા અને કેન્દ્રીકૃત અને વિકેન્દ્રિત ઉત્પાદનના આર્થિક નિહિતાર્થો, તેની પાછળની રાજનીતિ વગેરે વણી લેવું. એવી જ રીતે કાંતવામાં રહેલું વિજ્ઞાન અને વૈજ્ઞાનિક સિદ્ધાંતો વગેરે વણી લેવાં એટલે અનુબંધ.

• શાળાની ખરી શક્તિ તેના સ્વાવલંબી થવામાં હતી. સાત વરસના અંતે બાળક પોતાના ઉત્પાદન દ્વારા શિક્ષણ માટેના ખર્ચમાં જરૂરી ફાળો આપી શકે તેવું થવું જોઈએ.

ગાંધીજીના શિક્ષણ અંગેના આ મૂળ સિદ્ધાંતો નઈ અથવા બુનિયાદી તાલીમના નામે ઓળખાયા.

દેશના જાણીતા શિક્ષણવિદ્ ક્રિશ્ન કુમાર નોંધે છે કે ગાંધીજીના શિક્ષણના પ્રયોગો વિદેશી વિચારો પરત્વે વિકર્ષણના લીધે ન હતા. તેને પારંપરિક અને જૂનવાણીની પુનઃસ્થાપના માટેનું કટ્ટરવાદી વલણ કહેવું પણ ખોટું છે. ગાંધીજી હુન્નર અને કૌશલ્યને ઉત્પાદન સાથે જોડી

સામાજિક ક્રાંતિ લાવવા માગતા હતા. હસ્ત- ઉદ્યોગ, કળા અને કસબ તે નીચી ગણાતી જ્ઞાતિઓના વ્યવસાય ગણાતા. ગાંધીજી હિંદુસ્તાનનાં દરેક બાળકને હાથથી કામ કરતા શીખવાડી ઊંચનીચ જ્ઞાતિપ્રથાના દૂષણને દૂર કરવાની સાથે શરીરશ્રમનું ગૌરવ સ્થાપિત કરવા મથી રહ્યા હતા. શિક્ષણના સિદ્ધાંતોના સંદર્ભે જોઈએ તો ગાંધીજી કંઈ એકલા-અટૂલા નથી. રૉબર્ટ ઓવન, લિઓ ટોલ્સ્ટૉય અને જોન ડ્યુઈ જેવા મહાન શિક્ષણશાસ્ત્રીઓ અને વિચારકોની હરોળમાં ઊભા છે.

એ તો આપણા દેશનું દુર્ભાગ્ય છે કે આઝાદી પછી દેશમાં શિક્ષણમાં પરિવર્તન લાવવા માટે નિમાયેલી એસ. રાધાકૃષ્ણન્ સમિતિએ પણ નઈ તાલીમ વિશે શંકાઓ ઊભી કરી. નઈ તાલીમ એક ફિલસૂફી છે અને પદ્ધતિ પણ. આ સમિતિને એવું લાગ્યું કે નઈ તાલીમ અપનાવવાથી દેશ વિજ્ઞાન અને ટેક્નોલૉજી આધારિત આધુનિકતાની દોટમાં પાછળ રહી જશે અને એક જૂનવાણી સમાજ બની જશે. વધુ કમનસીબી તો એ રહી કે નઈ તાલીમને પદ્ધતિ તરીકે પણ સ્વીકારવામાં ન આવી. પરિણામ એ છે કે આજે આ દેશમાં શિક્ષણ ક્ષેત્રે ઘોર સંકટ છે. શિક્ષણનું વ્યાપારીકરણ થયું છે. આ વ્યવસ્થા થકી ઝડપી આર્થિક વિકાસ પણ સંભવ જણાતો નથી. પર્યાવરણને અનુરૂપ સસ્ટેનેબલ વિકાસ તો અતિ દૂર છે. સરકાર હવે હાથ કૌશલ્યો વિકસાવવા અને યુવાઓને થાળે પાડવા કૌશલ્યવિકાસ માટેના કરોડો રૂપિયાના તાલીમ કાર્યક્રમો ચલાવી રહી છે. શિક્ષણ વ્યવસ્થામાં પરિવર્તનના પ્રયત્નો પણ ચાલે છે. તેને લક્ષમાં લઈ ગાંધીજીના શિક્ષણદર્શન અને પદ્ધતિની વાત નવેસરથી મૂકી જ શકાય. વૈશ્વિક સ્તરે પણ ગાંધીજીના મૂળ નઈ તાલીમના વિચાર અને પદ્ધતિને સ્વીકૃતિ મળી છે. યુનેસ્કોના શિક્ષણ પરનો એક હેવાલ 'લર્નિંગઃ ધ ટ્રેઝર વિધિન' અનુસાર શિક્ષણના ચાર સ્તંભ છે:

લર્નિંગ ટુ નો (જાણતાં શીખવું)

લર્નિંગ ટુ ડુ (કરતાં શીખવું)

લર્નિંગ ટુ લિવ ટુગેધર, લર્નિંગ ટુ લિવ વિથ અધર્સ (સાથે રહેતા અને બીજાઓ સાથે રહેતા શીખવું)

લર્નિંગ ટુ બી (હોવું શીખવું)

ગાંધીજી પાસેથી પુનઃ શીખવાનો સમય આવી ગયો છે ખરો?

❑❑❑

"જ્ઞાન નહિ પણ ચારિત્ર્ય જ અંતિમ કસોટી છે."

- ગાંધીજી



ગીત

□ રઘુવીર ચૌધરી

હું વિવાદને વારું.
સામા સ્વરમાં સત્ય હોય ના હોય તોય હું ધારું.

અનુભવોની કરું આપલે,
તમને લાગે વિતથ તો ભલે,
સરવૈયું સરખું કરવા હું મારી રકમ સુધારું.

મળે વિસામો તોય ચાલવું,
અજાણ સંગે અભય મ્હાલવું,
અંતરાયના રૂપરંગની રમણા ઉરે ઉતારું.

તરુવર તારા ગણે આભલે,
સરવરમાં લહેરાય ઝલમલે,
તરણાં રાજી થાય આગિયે, હું અંધાર વિસારું.

પછી

□ માધવ રામાનુજ

તને જે રીતે યાદ કરતો હતો હું-
હવે એમ તું પણ મને યાદ કરજે!
વિરહ એટલે શું એ સમજાય ત્યારે
મને એ રીતે પણ પછી યાદ કરજે!

તરસની અને તૃપ્તિની પાસ પાસે
યુગોની લઈ ઝંખના આ પ્રવાસે
જીવનભર રહ્યું ઝૂરતું કોઈ એનો
જો અણસાર આવે, પછી યાદ કરજે!

નિરંતર વધુ રૂપ ખીલતુંય રહેશે,
આ સૌંદર્ય ઝાંખું થવાનું નથી પણ -
પ્રથમ સ્નેહ, સૌંદર્ય તો એ પછી છે
એ સમજાય ત્યારે પછી યાદ કરજે!

હશે કોઈ કારણ, કે સંબંધ કે કંઈ
હશે કોઈ સ્વજનોની યાદી જુદી પણ
પ્રતીક્ષામાં છેલ્લે રહ્યું નામ મારું
એ સમજાય ત્યારે પછી યાદ કરજે!

સ્મરણ-વિસ્મરણના લીલાવિશ્વમાં આ
આ છલના સમયનીય સહેતા રહીને
કોઈ યાદ કરતું રહ્યું'તું નિરંતર
એ પડઘાય ત્યારે પછી યાદ કરજે!

કદી સ્પર્શની વેદના કોઈ જાગે,
અને સાંભરણની કોઈ ઠેસ વાગે
પછી ભૂલવાની મથામણ થશે, પણ
ન ભૂલી શકે, તો પછી યાદ કરજે!



એક વિસંવાદ

□ ચન્દ્રકાન્ત ટોપીવાળા

(હરિગીત)

પર્વત કહે : 'છીણ્યો મને'
સરિતા કહે : 'નાથી મને'
રેતી કહે : 'બાંધી મને'
જંગલ કહે : 'કાપ્યું મને'
સાગર કહે : 'બહુ ગૂંગળાવ્યો'
બોલી હવા : 'રૂંધી મને'
પશુઓ કહે : 'મૂક્યાં કકળતાં સાવ.'
જીવો કહે : 'શોધ્યા જડીશું ના કદી'
ખેતર કહે : 'કો છંટકાવે ખૂબ દાઝ્યાં'
આકાશ બોલ્યું : 'રે હું ઘેરાયું ધુમાડે'
માનવ કહે : 'હું તો મર્યો'
પૃથ્વી કહે : 'તું તો મર્યો, મારી મને'



ગીત

☐ **અનિલ જોશી**

એક ટીપાએ દરિયાને ઠપકો દીધો પછે દરિયાને મોઢે આવ્યાં ફીણ
કાંઠાની રેતીને કહી દીધું દરિયાએ : ''મારા ઝીણા પરપોટા તું વીણ''
દરિયાના ફૂંફાડા એટલા વધ્યા કે મારા ઘરમાં ઘૂસી ગયું રે પાણી
જોરૂકાં ટીપાંઓ સંપ કરી વીફરે તો દરિયાની જોયા કરું છું લાચારી
દરિયા ઉપર કે એના ટીપા ઉપર નથી માલિકી તારી કે મારી
તલવારથી ન થાય તે લાકડીથી થાય ને લાકડીમાં બેઠું એક ઝાડ
સૂરજમુખીનું જેમ ઊઘડતું ફૂલ હોય એમ ટીપાનાં ઊઘડ્યાં કમાડ
એક સુકલકડી કાયાના હેતભર્યા હાથથી ટીપાંઓ બની ગયાં મીઠું
દીવાદાંડીઓ ભલે ફર્યા કરે પણ આવું અચરજ નથી ક્યાંય દીઠું
કાળી ને ધોળી બે કૂકરી રમે પણ કેરમને સ્ટ્રાઈકરની બીક
સ્ટ્રાઈકરની પાછળ એક કમજોર આંગળીથી કિંગને લાગી ગઈ કિક
એક ટીપાએ દરિયાને મહેણું માર્યું ''તારામાં ચપટી મીઠાની છે તાણ''
દરિયો આખોય ધૂંવાંપૂવાં થઈ ગ્યો એના ટીપામાં ડૂબી ગયાં વ્હાણ

આજે તો સૌને પ્રતીક્ષા છે...

☐ ચંદ્રકાન્ત શેઠ



સતના નામે બાપોકાર કરીને
સતનાં મહોરાં પહેરીને
અસત અહીં કેટકેટલાં ને કેવાં કેવાં તરકટ રચે છે!

અસતનાં ઝેરીલાં તીર વીંધે છે શાન્તિનાં માસૂમ પારેવાંને!
એનાં ઝનૂની તોફાન તીખી રીતે પીંખે છે નંદનવનને!

રજવાડી રીતરસમના રુઆબી દાવપેચ દાખવતા દુઃશાસનો
બેફામ બન્યા છે પાંચાલીની લાજ લૂંટવાને!
ભ્રષ્ટ વિચાર,
ભ્રષ્ટ વાણી
અને ભ્રષ્ટ વર્તન કેમ બચાવશે પરને કે પોતાને?

ગૌર ને ગરવી,
નિર્મળ ને નરવી
ગંગાની પાવન કથાનું રસપાન કરવું તો અવશ્ય ગમે,
પણ એ પહેલાં
અંદરની નીક-નાલીઓમાંની ગંદકી સાફ કર્યા વિના કેમ ચાલે?

હવે તો આંધી પણ 'ગાંધી' 'ગાંધી' પોકારતી
દોડે છે ઉઘાડે છોગે ઊભી વાટે!
આ આંધી જેવી બહાર છે એવી જ છે અંદર!
એ આંધીની થપાટે ઊડી જાય છે છાપરાં -
ગરીબગુરબાંના લુખ્ખા વાળની જેમ.
એ આંધીથી તિતર બિતર થાય છે
માંડ માંડ ઊભી થવા મથતી બીમાર વસાહતો.
એ આંધી તો ઉખેડી નાખે છે
આમ રસ્તાઓને રોટલાના ટુકડાની જેમ અજવાળાના ટુકડા ફેંકતા
આડેધડ ખડા કરી દીધેલા દીવાબત્તીના થાંભલાઓને.
એટલું વળી ઠીક છે,
હજુ આવી આંધી સામે અડીખમ રહી શકી છે
ગાંધીજી સરખી કેટલીક ગણીગાંઠી પ્રતિમાઓ તે.

હજુ આંધી એટલી હદે વકરી નથી કે
ધરતીની છાતી પર ઝળૂંબતા આકાશનાયે ટુકડેટુકડા થઈ જાય!
આમ તો
બદલાતા દેશકાળમાં પણ
સર્વદા ને સર્વથા
ઇષ્ટ જ રહ્યા છે
સાચના સીધાસાદા ને સ્વચ્છ રસ્તા.
ખરેખર એ જ રસ્તા હોય છે સૌથી વધુ સલામત, સરળ ને સફળ!
હવે તો એ રસ્તાઓને રગદોળવા-ધમરોળવા
બેતાબ બન્યાં છે કેટલાંક પાખંડી પગલાં!
તેઓ જૂઠનાં જાળઝાંખરાં પાથરીને,
સત્તાના સકંજાઓથી
રૂંધવા માગે છે એ રસ્તાઓ પરની આવનજાવન!
એમણે તો પોતાને પ્રતિકૂળ લાગતા એ રસ્તાઓને
તાબડતોબ કરી દેવા છે 'આંધળી ગલી' જેવા;
આંધળી ભીંત જેવા.
એમણે તો તોડવા છે ધરતીની ધીરજના મજબૂત પાળા પણ.
ભ્રષ્ટાચારનાં ભાણાં જમી જમીને તગડા થયેલા
અને કોઈના કહ્યામાં ન રહે એવા એ વત્સાસુરો
પોતાની સમેત કેટલાંયનાં ઘરોની
ઘોર ખોદવાના પેંતરાઓમાં ગળાડૂબ રચ્યાપચ્યા છે!
આવા પ્રદૂષિત હવામાનમાં
માંહ્યલાને મળતી નથી માના ખોળા જેવી મીઠી મોકળાશ;
એને દિલની દુઆ જેવો દેખાતો નથી દૈવતનો અજવાશ.
અરે! પરમની સાથે પ્રાસ ન મેળવી શકાય એ તે કેમ ચાલે?
જો ટોળાં ઘેટાંનાં હશે તો વરુઓનાં ટોળાં બધી બાજુએથી એમને ઘેરવાનાં જ છે;
કેમ બચશે એ?
આજે તો સૌને પ્રતીક્ષા છે
કુરુક્ષેત્રમાં સતના પક્ષે રહેલા મહાન સારથિની
અને જાદવાસ્થળીની કરુણિકાના મૂક સાક્ષીની!
આજે તો સૌ યાદ કરે છે
વ્રજભૂમિના વેણુધરને અને રણભૂમિના ચક્રધરને.
માત્ર ગોકુળ, મથુરા ને દ્વારકા જ નહીં;
આખો દેશ - આખી દુનિયા વાંછે છે મોરના પિચ્છધરને -
- જે ગોરસ ચખાડે ને સાથે કાલિયનાગને પણ ભગાડે!

ખોબાના પ્હાડોમાં વર્ષા : એક અનુભૂતિ

☐ મણિલાલ હ. પટેલ

વાદળ પ્હેરીને ઊભા છે પૂર્વજ પ્હાડો
વૃક્ષો પૃથ્વી ફોડીને પ્રગટેલા લીલાછમ ફુવારાઓ
આકાશી વીજળી-વેલ ઝળહળતી
તડપતી તરસી વાટ પકડીને
અલખનો અસવાર ઊતરે છે અદેહી!
સૃષ્ટિ થવા એણે સ્તો આદરી છે-
અનરાધાર વૃષ્ટિની લીલા યુગાંતરોથી
આ મટીયાળી ધરા મને વ્હાલ કરે છે
આ ઘટાઓ છટાઓ છે એની...

જટાળા જોગીએ ખુલ્લા મૂક્યા છે કેશ-
તે મુશળધારાઓ સાથે પર્વતો-શિખરો
રતુંબડાં પાણી ભેળાં ઊતરી આવ્યાં તળેટીઓમાં
નૃત્ય કરતાં ઊછળતાં દોડતાં ફેણ માંડી ફૂંફાડતાં
ને ખીણોમાં પડતું મૂકતાં આદિમ પાણી
પ્હાડોમાં ઉત્સવ છે આજે જળ-માટીના પરિરંભણનો!

તળેટીનાં ઘાસ છેક પર્વતાશૃંગે જઈ પૂગ્યાં છે
ઊગ્યાં છે અગોચરમાં વૃત્તિ થઈને જળ-તરુ
આંખોમાં અચરજ ભરી માળામાં પાંખ બીડીને
બેઠેલાં વિતાનપ્રેમી વિહગોના શ્વાસ સંભળાય છે
નતમસ્તક નેહધારાને ઝીલતાં-નીતરતાં
વિનમ્ર વૃક્ષોની પ્રદક્ષિણા કરે છે આગિયાઓ અહોરાત...
વનો આપણાં આદિમ સાથી સદા કલ્યાણકારીઃ
મેઘો તો વરસે છે એ પુણ્યાત્માઓ માટે
આપણે તો વચેટિયાઃ પારકું પડાવી લેનારા!!
વર્ષા વસતિની નહીં, વર્ષા તો પ્હાડોની-તરુવરોની...!
હે વરુણ દેવતા!
અમને અપરાધીઓને ક્ષમા કરો... ક્ષમસ્વ...!!



ટેબલ

☐ રમણીક સોમેશ્વર

1.
જે લાકડામાંથી
પારણું બન્યું
ભાષાનું
એ જ લાકડામાંથી
બન્યું
મારું ટેબલ
એની ઉપર
આકાશ પાથરી
હું
રમ્યા કરું છું
વાદળ વાદળ.

2.
બરફ જેવા
થીજેલા અક્ષર
ઓગળવા લાગ્યા
ટેબલની આંચે
અને
કાગળ
વહેળો બની ગયો.



3.
કાળામાંથી
પારજાંબલી બનતો
સક્કરખોરો
ઊડ્યો
સોનાલીની ડાળેથી
અને
ઘેરી લીધું
મારા ટેબલને.

4.
સાંજ પડે ને
આથમણી બારીએથી
છવાઈ જાય ટેબલ પર
ઉદાસ ધૂન
એના સૂરમાં સૂર મેળવી
ગણગણ્યા કરે ટેબલ
નવાં નવાં ગીત
એ લયમાં લસરતો
સૂરજ
સરી જાય ખીણમાં
ખીણના અંધારાને
ઘસીઘસીને
પેટાવે ટેબલ
ફરી
એક તાજો સૂરજ.

॥ ૐ હરિ ૐ ॥

☐ હરીશ મીનાશ્રુ

હરડે ફાકે છે તોય કરવા પડે છે બ્રાહ્મમહુરતમાં 'લોમ અનુલોમ'
એ ઘડીએ તોંદ ઉપર ફેરવીને હાથ બોલે પંડ્યાજી ૐ હરિ ૐ

દાઢ દુખે મંમદની, ઉપર સે બીબડી ભી
કરતી હે રોજ પરેશાન
વિઠ્ઠલ તો વાંઢાવિલાસી, આ મામલામાં
એને છે ઊંડું ગનાન

મુદ્દા છે નાયગરા - વાયગરા, મૂસળી, આ ઢળતી જવાની ને જોમ
બહુચરાનો સેવક આ ચંદુડિયો અમથો કાં કૂદી પડે કરતો યા હોમ

દાક્તર તો ગુમ, હેલ્થ સેન્ટરમાં પશલો
તે ફુલ્લ ટાઈમ એમ્બીબીએસ
ડાબા ઢગરાને સ્હેજ ઊંચો કરીને મુખી
છોડે પેટાળ થકી ગેસ

માગશરમાં માવઠું કે મેંઢક ના હોય તોય ચોરામાં ગડગડતું વ્યોમ
ચૌદશિયા જીવોને પ્રિય અતિ ચા ભેગી ચોવટ, દેવોને જેમ સોમ

ભગલો ભગાવે ફૂલસ્પીડે એનો ઉસ્તરો
ને ઓચિંતો આવે જો બમ્પ
દુનિયાનું દાઢું છોલાય, ઊડે છોતું
ફટકડીને ફેરવી લે ટ્રમ્પ

વતું ને વાત પૂગે રામના અયોધ્યાથી પોપજીના વેટિકન રોમ
નીચી મૂંડીએ લોક ઘઉંના જવારા જેમ મૂંડાવે કેશ દોમ દોમ

ગામ આખું જાણે: ફલાણીની ખડકીમાં
ખાતું ખોલ્યું છે કોણે ભૂતિયું
લબદાયું સબસિડીવાળી એ ભગરીના
પોદળે તલાટીનું જૂતિયું

નવરી બજાર, એમાં સંપીને વાળે નખ્ખોદ આમ પચરંગી કોમ
એ ઘડીએ તોંદ પર ફેરવીને હાથ બોલે પંડ્યાજી ૐ હરિ ૐ



નાંગરેલી નાવ

☐ **ધીરેન્દ્ર મહેતા**

પહોંચ્યો હવે આ કાફલો એવા કયા પડાવ પર,
જાતી નથી હવે નજર કોઈ જ આવજાવ પર!
ઊભાં રહી ગયાં અચળ સામે બધાંય સોગઠાં,
ચોપાટ સાવ સ્તબ્ધ છે ને બાજી છેક દાવ પર.
કાંઠો તજી હવે જવું તો ક્યાં જવું કહો જરા,
આવી ગયાં છે જળ સ્વયં આ નાંગરેલી નાવ પર.
જળનાં હતાં એ મીન, એ તો જળ વગર મરી ગયાં,
પંખી હજીય આવતાં ખાલી થયા તળાવ પર.
રંગો નહીં કરી શકે કૈં ખીલતી વસંતના,
ઉપવન, બધો મદાર તો છે ડાળના ઝુકાવ પર.

જૂનાં પુસ્તકો વચ્ચે

☐ **યોગેશ જોષી**

માળો બાંધવા માટે
ખૂબ સગવડભર્યું
તૈયાર 'મકાન'
ખરીદી લાવ્યા
ને છત પર
ટીંગાડ્યું.
થયું,
ચકલી માટે હવે
લો, આલીશાન 'ફ્લેટ' તૈયાર!

પણ
ચકલી તો
ફર્રર્રર કરતી આવે ને જાય
પણ એ 'ફ્લેટ' સામે
નજર સુધ્ધાં ન નાખે!

ચાંચમાં
એક એક તણખલું
લાવી લાવી
અગાઉની જેમ
માળો કરે
અભરાઈ પરનાં
જૂનાં પુસ્તકો વચ્ચે!!

એ
પુસ્તકોમાંથી એને
આવતી હશે
સોડમ વૃક્ષની?!

સંધ્યાને સુમારે જળઉતારે...!

☐ દલપત પઢિયાર

સંધ્યાને સુમારે ઊભો છું!
        મહીસાગરને આરે ઊભો છું!
વહેતી વેળા, વહેતાં વાદળ;
        વહેતા જળઉતારે ઊભો છું!

પંખી
શાન્ત જળમાં ચાંચ બોળી
વર્તુળો વહેતાં મૂકી
માળા વિશે પાછાં વળી ગયાં છે!
રાત પડે તે પહેલાં સીમનાં વૃક્ષોમાં
નદી ભરીને કલશોર ઊભરાશે...
વગડો એમાં ના'શે...
અંધારાનો કાંપ ભાઠું થઈ પથરાશે!
બારે મહિના છલ્યા કરતાં ગેબી ઘાટનાં થાળાં
કંઈ બહારથી બાંધેલાં કે
બહેરા બ્લોકનાં જડેલાં નથી હોતાં...!

માછી
જાળના ખૂમચામાં
આખેઆખી નદી નીતરતી નાખી
ગામની કાંધી ચડી ગયો છે!
કંદોરા બાંધેલાં ઘરોની કનેરીઓ
ઊંચી થઈ થઈને
મહીસાગરમાં ઊભા ભૂસકા મારતી ભેખડોને
બાવરી જોયા કરશે...
નેવાં ટોયા કરશે...
હવડ ભીંતોને પણ
પીપળા કંઈ અમથા નથી ફૂટતા હોતા!

સૂરજ
સોનાની સળીઓના ભારામાં
જળના કલ્લા બાંધીને
આઘેની ટેકરીઓ ઊતરી ગયો છે!
આકાશ નીચે આવી
જળના પડતરમાં તારા ઓરશે...
પાણીનાં પટોળાં પહેરેલી માછલીઓ
ચાંદાનો ગરબો ચરશે...
કુંવારી નદી
છેક ખંભાતના અખાત સુધી
અજવાળાની ઝૂલ ભરેલું તોરણ બાંધશે!
ભરતી
અમાસે પણ કંઈ અમથી નથી આવતી હોતી!

જળ-માટીની ભવ્ય ભૂશિરે ઊભો છું!
મારી મા અહીં
અગનની ચૂંદડી ઓઢીને
જળના પાલવમાં પોઢી છે
મને, એક સાથે
બે બે નદીઓની છાલકો વાગે છે...!



વસિયતનામું

☐ રાજેન્દ્ર પટેલ

વેરાન સમૃદ્ધ આંગણાની,
મારા અસીમ ખાલીપાની,
અને દૂરનાં તારા-નક્ષત્રોની,
મૂક સાક્ષીએ,
કોઈ પણ પ્રકારના દબાણ વગર
પૂર્ણ સભાનતાથી
આ વસિયતનામું જાહેર કરું છું.

મારી જોડે કશું નથી
સિવાય કે
ખોવાઈ ગયેલાં ગામ અને શૈશવની થોડીક સ્મૃતિ,
શહેરની ઊડી ગયેલી નિયોન લાઈટનું છેલ્લું ચાંગળું અજવાળું
આંગણામાં બચેલા ઊધઈ લાગેલા વૃક્ષનું અંતિમ બચેલું પાદડું
અને
ઉજ્જડ રસ્તા પર ઊડતી થોડી ધૂળ.

વિના કોઈ વારસે કરું છું આ વસિયતનામું.

મારી પાસે કોઈ ભૂમિ નથી
કે નથી કોઈ ધજા
અને નથી કોઈ મૂર્તિ
છતાં મારી આંખોની છેક અંદર
મારા મસ્તિષ્કની ન ખેડાયેલી કોઈ કેડીમાં
મા-બાપના વારસામાંથી મળેલી
પણ ઓળખી નહિ શકાયેલી કેટલીક સભર ક્ષણો છે.

બાકી મારા વસિયતનામામાં કશું જ નથી.
સિવાય થોડી શાહી ને અઢળક આંસુ?
કોને ખપ લાગશે આ વસિયતનામું?

છતાં, ક્યારેક હું વિચારું છું
વૃક્ષ તેના વસિયતનામામાં શું આપી જતું હશે?
પાણી કઈ વાણી દ્વારા કહેતું હશે
પોતાના અનુગામી જળબિન્દુને કે લે
આ રહ્યું મારું બાકીનું ના સુકાયેલું જળ!

આકાશ કઈ આંખથી સાચવતું હશે
મારી ઝાંખી થતી આકૃતિ?

અજવાળું કે અંધારું
મારામાં શું ભાળતાં હશે?
જેવો છે એવો એમનો અનુગામી
ક્યાં જશે એમના વિના?

વડવાઓને લીધે માત્ર માટીનો અમથોક પરિચય છે,
અને માના લીધે
બચી છે સહેજ મારી એંધાણી.

માએ જે ભાષા શીખવેલી
તેના થોડાક સાચવી રાખેલા અસ્પષ્ટ ઉચ્ચારો
હજુ મનમાં ઘૂમરાય છે.

તેના આધારે કરું છું હું મારું વસિયતનામું
કશુંય બચ્યું નથી પાસે તોય.

@

'અત્ર મતુ તત્ર સાખ'

છેવટે
'અત્ર મતુ તત્ર સાખ' માટે
મેં મારા પડછાયાને વિનંતી કરી,
પણ તેય મતુ મારવા તૈયાર નથી.



આત્મોત્સવ

☐ **દિલીપ જોશી**

તાર-સ્વરે ક્યાં ગાવાનું છે?
ભીતરથી ભીંજાવાનું છે!...

ઘટમાં એવો રંગ છવાયો
જાજરમાન થયો ઓછાયો
લગાતાર મંજાવાનું છે!...

અંદરથી અહાલેક જગાવ્યા
નક્ષત્રો મુટ્ઠીમાં આવ્યાં
રોમ-રોમ રેલાવાનું છે!...

ગેબ ગલીના આરે અડતા
અટવાયા ત્યાં મારગ મળતા
સત શૂળીએ ચડવાનું છે!...

શબ્દો સઘળા ફોગટ આખર
મૌન મરકતું ઝરમર ઝરમર
સુખ કેવળ પડઘાવાનું છે!...

વાત એમ છે કે આજકાલ
હું જ મને રદબાતલ જાહેર કરવા મથું છું
મારી જ સામેના આ મારા એકરારનામામાં
લખનાર અને લખાવી લેનાર વચ્ચે
અજવાળા અને અંધારા જેટલું છેટું છે.
અને સાક્ષીમાં કોઈ સહી કરવા તૈયાર નથી.

આમ જુઓ તો વસિયતનામું લખવા માટે
મારી પેનમાં ખાસ શાહી નથી ને કાગળ પણ જીર્ણ છે.
કશું લખવા જેવું નથી
ને છતાંય કાગળનું એક આખું રીમ ઓછું પડે તેવું છે.

શબ્દો ગમે એટલા વાપરો પણ એમાં કોઈ અર્થ તો જોઈએને!
અર્થ ગમે એટલો ગહન હોય પણ તેની અંદર શબ્દનો રવ હોવો જોઈએને!
અને બેય હોય તોય જો તેમાં અવકાશ ના હોય તો શું કામનું?
ક્યાંથી સમજાય આ એકરારનામું
ને કોણ બને ‘અત્ર મતુ તત્ર સાખ’ બનવા?

''આ ધરતીમાતાનુંય એવું જ છેને'' મારામાંના કોઈકે દલીલ કરી.
તેની પરનાં વૃક્ષો અને
તેની અંદરનાં પાણી બેયની બાદબાકી થઈ જાય
તો શું રહે?

બરાબર મારું એવું જ છે
ભાષાની લીલપ અને અવાજની લાલી બેય ખોઈ છે.
વસિયતમાં ખાલી બચી છે વેરવિખેર વેદના.

વાપરી કાઢેલા વારસા પછીની આ વસિયતને કોણ સ્વીકારશે?
કોણ ચૂકવશે આ દેવું?
કોણ મારશે મતુ
અહીં ‘અત્ર મતુ તત્ર સાખ’માં?
@



ગઝલ

☐ ખલીલ ધનતેજવી

હવાઓની ઝાપટમાં લથડી ગયો છું,
'ગની' જેમ હું પણ 'કશુંક પી ગયો છું'!

હજી મોજમસ્તી સલામત છે મારી,
તમારા વગર પણ હું જીવી ગયો છું!

તને કેમ હારી જવાનું ગમે છે,
હંમેશાં રમત હું જ જીતી ગયો છું!

મને ભૂલવાનાં બહાનાં ન કરશો,
તમારો ઇરાદો હું સમજી ગયો છું!

મુસીબત મને છોડીને ક્યાં જવાની,
મુસીબતને હું ખૂબ ફાવી ગયો છું!

મને મારી દુનિયાએ આપ્યું'તું જે કંઈ,
બધું પાછું દુનિયાને આપી ગયો છું!

ખલીલ આગ સાથે ઘરોબો છે મારે,
હંમેશાં હું ફૂલોથી દાઝી ગયો છું!

ગઝલ

☐ રાજેન્દ્ર શુક્લ

પૂછ્યું એણે એક એવું પલાખું,
ભાખું તોયે વેણ હું શુંય ભાખું!

માણ્યું તેમાં મોણ તે શીદ નાખું,
દેખ્યું પેખ્યું જેમનું તેમ દાખું!

સ્વપ્ને જોઉં, તે વળી સ્હેજ ચાખું,
ભૂલી જાઉં, યાદ હું કૈં ન રાખું!

ગ્રીવા ધોળી તે પરે રમ્ય લાખું,
જોતી કેવું મર્મીલું ને મલાખું!

આવો, આવો, ના કદી દ્વાર વાખું,
ખુલ્લું રાખું સર્વદા ગેહ આખું!

ગઝલ

☐ મધુમતી મહેતા

ભરબજારે પુષ્પ દે છે હાથમાં
એમને રસ હોય છે ચકચારમાં

એમના મોઘમ ઇશારાની અસર
જીવ ઝળહળ થઈ ગયો એકાંતમાં

નમ્રતા ને ગર્વનો સંબંધ એ
એક ધરતી પર બીજો આકાશમાં

જે થકી વર્તુળનો આભાસ છે
એ જ ત્રિજ્યા છે છુપાઈ વ્યાસમાં

એક રોટી એક મમતાની નજર
જીવ ત્યાં આવી ગયો વસવાટમાં

આપણે બેચાર પાનાં, ભૂલથી
સાવ કોરાં રહી ગયાં ઇતિહાસમાં

ગુજરાતી જબાનમાં!

☐ સુધીર પટેલ

ના ભૂતમાં, ના ભાવિના કોઈ વિધાનમાં,
હું જીવી લઉં છું પૂર્ણ મારા વર્તમાનમાં!

સૌ યત્નના રંગો પૂરું ધરતી ઉપર રહી,
નવ ગ્રહ રૂપે ખીલી ઊઠે જે આસમાનમાં!

કોશિશ રાખું સત્યના પંથે રહું સદા,
વટ ભેર પહેરું સાદગી ગાંધીની શાનમાં!

ફાવી નથી કોઈ ગુલામી જીવને કદી,
તોડું બધી બાધા નડે જે જે ઉડાનમાં!

વસતો ભલે હું વિશ્વના કોઈ ખૂણે 'સુધીર',
થાતો રહું છું વ્યક્ત ગુજરાતી જબાનમાં!



ગઝલ

☐ ચંદ્રેશ મકવાણા

ક્યાંય પણ બીજે નહિ ખુદમાં જ દફનાવી દીધો
એ રીતે પણ લ્યો મેં મારામાં મને વાવી દીધો

દોસ્ત તારાં આંસુ તો સાચ્ચે જ અમૃત થઈ ગયાં
ચાસ પર રોઈ તે સુક્કો ચાસ ફણગાવી દીધો

કાખમાં બચ્ચું છે સાહેબ, ગાંસડી ઊંચકાવશો?
એટલું પૂછનાર માએ પહાડ પીગળાવી દીધો

આજ એ જાતે ન દેવા જઈ શકી છે એટલે
આજ એણે ભાતામાં ડૂમોય બંધાવી દીધો

આ જગત આખ્ખું શું તારા બાપની જાગીર છે?
એમ કહીને મેં સમયને ખૂબ ધમકાવી દીધો

વાંઝિયા અંધારે મુઠ્ઠી નૂર માગ્યું પાત્રમાં
તો મેં ખિસ્સામાંથી કાઢી સૂર્ય પધરાવી દીધો

બંધ ના બેસી એ તારી અંગૂઠીનો વાંક છે
એને માટે આંગળીનો વેંઢ વેંઢાવી દીધો?

આ તો એવું છે કે તારી પ્યાસને સંતોષવા
ના નદી સામે મળી તો બંધ તોડાવી દીધો?

ત્યાં જ એની આંખમાં ચમકી ગયાં ચૌદે ભુવન
મેં જ્યાં એને ફરર કહીને ફાફડો લાવી દીધો

પોપડા ખાલી ખર્યા છે છત સાજી છે ને!
ઓરડાને આખરે કહી એમ સમજાવી દીધો

પીઠ પર ઊંચકી હયાતીને હું દોડ્યો એટલું
કે હયાતીના અહમ્‌ને પણ મેં હંફાવી દીધો



કાગળ ટુકડો

□ હર્ષદ ચંદારાણા

મુઠ્ઠીમાં ગેડીદડો, ફંગોળ, કાગળ ટુકડો
રાસ, સુદર્શન, ગોવર્ધન ગોળ, કાગળ ટુકડો

આભ ખૂલે ત્યાં નથી ઉજાસ? સ્હેજે શું કરો?
કાવ્યનો લય લાવ, ઝાકમઝોળ કાગળ ટુકડો

શ્વેત-રંગી ઝૂલતો મઘમઘ થતો આ મોગરો
ડાળખી સાથે કરે કિલ્લોળ, કાગળ ટુકડો

વાદળાને રોજ બાંધું, રોજ છોડું આંખમાં
શાહી વરસે, છાતી ઝીલે છોળ કાગળ ટુકડો

વાયુ ચાબુક, ધૂળ પણ વંટોળ, કાગળ ટુકડો
સોળ પાડે લોહીથી બંબોળ કાગળ ટુકડો

એમની કહાની

□ નયના જાની

આમ સાવ અજ્ઞાની, આમ ખૂબ જ્ઞાની છે,
કંઈ ખબર નથી પડતી, કોયડો તૂફાની છે?!

આમ તો ઊંઘ્યા જ કરે, આમ સાવધાની છે,
કંઈ ખબર નથી પડતી, શું શતાવધાની છે?

કહી કહીને શું કહીએ, વાત કોઈ માની છે?
કંઈ ખબર નથી પડતી, આમ નિરભિમાની છે!

માન ખૂબ આપે સહુ, દુનિયા તો દીવાની છે,
કંઈ ખબર નથી પડતી, ગુપ્ત યોગી ધ્યાની છે?

આમ બ્હેર સાદી ને ગઝલ સાવ નાની છે,
કંઈ ખબર નથી પડતી, પ્હોંચ આસમાની છે!

ના, નથી કહેવું જ કશું, વાત ગુપ્ત છાની છે,
આ અમે ગઝલ કહીએ, કોની મહેરબાની છે?

જલ ગહન મહીં ઝાંકું ઝાંય આસમાની છે.
શાન્ત લાગતાં પાણી આમ તો તૂફાની છે.

આમ કંઈ જ ના બોલે, એટલે ગુમાની છે?
જો વહે વાણી ઝરણું, દિવ્ય દિવ્ય બાની છે.

વાત કોઈની એમ જ વારવાર શું કરવી?
પણ બહુ મજાની આ એમની કહાની છે!

વિશ્વામિત્રીના મગર

☐ સિતાંશુ યશશ્ચંદ્ર

મગરોને મરવા ન દેતી, નદી.
તારાં પાણીને જીવતાં રાખવાનો કદાચ હવે બીજો કોઈ ઉપાય
બાકી રહ્યો નથી.

મદમાતી માદા મગરોના કાનમાં કહેજે
કે ઈંડાં બને તેટલાં વધારે મૂકે, ફળેલાં,
ભલે તારા તટો પરનો કાદવ ઝેરીલો જણાય.



જોરીલા નર મગરોને નજર નોંધીને કહેજે, નદી,
કે આંખો કોરી અને કાતિલ રાખે.

માર ખાઈ ખાઈને હવે રોવાનું ભૂલી ગયા છે મગરો
એ ઠીક જ થયું છે.
એમનાં આંસુ તો પહોંચી ગયાં છે તારે કાંઠે કમઠાણ મચાવતા
કેટલાકોની આંખોમાં.
તારા મગરોને કોરી આંખે જીવતા રાખજે, વિશ્વામિત્રી.

અને એમને કહી રાખજે,
ઓ મરણાસન્ન નદી,
કે યમનો પાડો આવે, તને લઈ જવાને ઇરાદે,
ત્યારે તરત
તારા તટમાં એણે મૂકેલા આગલા બન્ને પગથી એને પકડી લે,
પોતાની બળકટ મોંફાડ ઝડપભેર ઉઘાડી, દાંત ઊંડા ખૂંપાવી,
ત્યાં જ રોકી રાખે
અસંયમી બનેલા યમના આજના એ અવિચારી પાડાને.

રોકી પાડજે એને તારા તટે, કે હાણ ન પહોંચે તારી સખીઓને,
પેલી જાંબુવાને, પેલી ઢાઢરને, ને ઉપરવાસે
પાવાગઢે રૂમઝૂમતી ઝરણીઓને.

જાણું છું કે
તું કાંઈ ગંગા, બ્રહ્મપુત્રા કે નર્મદા નથી,
નાનકડી મારી નદી,
જાણું છું કે આજે તારું મગજ ફરી ગયું છે, આ ધોધમાર
વરસાદમાં ને ઘૂસી ગયાં છે કલાલીથી કલ્યાણનગર, સિદ્ધાર્થ
બંગલાથી સેન્ટ્રલ જેલ, કોઠી કચેરીથી પ્રાણીબાગનાં પાંજરાં
સુધી બધે તારાં પાગલ પાણી.



તો ભલે.
ડાહીડમરી ન થતી.
મરે તો પાગલ થઈને મરજે.

ડાહ્યાડમરાઓનો હવે ભરોસો નથી રહ્યો કોઈને,
કેમ કે ડહાપણ પોતે જ એક કાચિંડો બનીને ફર્યા કરે છે,
ઉધાર પાણીએ ઊછરેલી અમારી અલગ અલગ રંગની વાડો ઉપર.
પાગલ થઈને જીવતી રહેજે - હવે એ એક જ રીત રહી છે,
જીવવાની.
પાગલ થઈને પ્રેમ કરતી રહેજે - હવે એ એક જ રીત બચી છે,
પ્રેમ કરવાની.

તારે બેય કાંઠે બાકીનું બધું જે પ્રેમ વિનાનું પાગલ થઈ ગયું છે,
વિશ્વામિત્રી.
થોડાક પ્રેમઅંશ પાગલોના થોડાક પાગલ પ્રેમ સિવાય.

એટલે એયે જોજે, ઓ નદી,
કે તારા જ પૂરમાં તણાઈને વડોદરા શહેરની શેરીઓમાં ભૂલાં
પડ્યાં છે જે તારાં મગરોનાં બચ્ચાં, અબુધ,
એમને પોતાના કુમળા-કઠણ હાથોમાં ઝાલી
પાછાં તારા વહેણમાં મૂકવા આવનારા પણ
આ વડોદરાના વાસીઓ જ છે, વિશ્વામિત્રી.

ત્રણેને તું ઓળખજે, નદીઃ
'વડ'પણવાળા થોડાક વડોદરિયાઓને,

જે તારા મારકણા મગરો અને મથોડાં ઊંચાં પૂર સાથેની તું જે છે
એવી તને ચાહે છે.
અને ઓળખજે તારાં પાણીને પરાણે ઝેર પિવડાવનારાઓને,
જેમણે એ પીણાં બનાવવાના પરવાના કઢાવ્યા છે, કોઠી કચેરી
અને ખંડેરાવ માર્કેટમાંથી.
અને જોજે ઓળખવાનું રખે ચૂકતી અમને,
તારા પુલ પર ઊભા રહી, મગરોને, મેલાંને અને મરતાંને,
ત્રણેને ટગર ટગર જોતા તમાશબીનોને.



કાળીમેશ બેદરકારીથી મેલુંમટ અને લાલઘૂમ લાલચોથી
લોહીરંગ બનેલું આ શહેર તને અધમૂવી તો કરી ચૂક્યું છે.
પણ બળાત્કાર પછી હત્યા કરવાની જેમને ટેવ પડી છે એવા સહુ
તને જીવતી નહીં છોડે, નદી.
ઓળખજે અમને સહુને,
કોઈ તને મારવા ચહે તોયે મરતી નહીં તું,
ને મરવા ન દેતી તારા મગરોને.

પોતાનાં ઈંડાં ખાવા આવનારાં જનાવરોને ફાડી ખાવાં
ધારદાર દાંતોની હારભર્યાં જે જડબાં ઉઘાડીને તારી માદા મગરો તારા
કાંઠાઓ તરફ ધસારા કરે,
એ જ જડબાંને કોમળતાથી ઉઘાડી પોતાનાં નવજાત
બચ્ચાંઓને એમાં ઊંચકી,
એ તારે ખોળે રમતાં મૂકવા પાછી ફરે છે.
હું યે જે કલમે પીડાના પ્રકોપભર્યા શબ્દો લખું,
એ જ કલમે વિનવણીનું આ કાવ્ય લખી તારી પાસે આવ્યો છું,
આજે.

ઢાંકણ વગરની લેખણ લઈને તારે કાંઠે રહેતો એક કવિ
તને કહે છે:
નદી રૂપે વહેવાની તારી વાજબી શરતે જીવતી રહેવા માટે,
વિશ્વામિત્રી, તારા મગરોને મરવા ન દેતી.



ગઝલ

☐ અનિલ ચાવડા

શીખ્યો કસબ હું લાત ઘણી ખાઈ-ખાઈને.
દર્દો કરું છું વ્યક્ત હવે ગાઈ-ગાઈને.

તોફાન તોય બેઉ જણે ના થવા દીધું,
થાકી ગયા વિરોધી પવન વાઈ-વાઈને.

માગ્યું તું મેં સમયની કને સ્હેજ વ્હેલું સુખ,
ચૂકવી રહ્યો છું એની હવે પાઈ-પાઈને.

''ફાંસો બનીને એને પ્રમોશન મળી ગયું,
તેં સાંભળ્યું?'' કહેતી'તી આવું ટાઈ; ટાઈને!

સંબંધનો પહાડ થયો સાવ ચૂર-ચૂર,
ભેગી કરીશું ક્યાંથી હવે રાઈ-રાઈને?

આ શ્વાસ-ઉચ્છ્વાસમાં અંટસ પડી ગઈ,
ઝઘડાઓ થાય છે જે રીતે ભાઈ-ભાઈને.

હલ

☐ દિલીપ ઝવેરી

એને ન હોવાની સાધના કરવાનું મન થયું

પણ બહાર નીકળતાં
ગમે તેટલું હળવેથી બારણું બંધ કરે
છતાં ઉપર ટાંગેલી ભગવાનની છબી હલે જ

શ્વાસ લઈને સાવ ધીરેથી છોડે
તોય કૂંડાના છોડનાં પાન હલે જ

બાલદીમાં લોટો ડુબાડે
એની પહેલાં પાણી હલે જ

બોલ્યા વગર બેસી રહે
તો છોકરાં મૂગા કેમ છો પૂછતાં એને હલાવે

વાટકીથી ચમચો અધ્ધર ધરી રાખે
તો ખાવાનું ભાવ્યું નહીં પૂછતી મા એને હલાવે

રાતે માથે તાણીને હાથપગ સીધા કરી સૂએ
તો ઘરવાળી
આખુંય ગોદડું પોતે જ તાણી લેવું છે
કહી એને હલાવે

આવું અનેક વાર થયા જ કરે

આ હોવું ન હોવું વચ્ચેનું અંતર કેમ વટાવવું
એ સવાલનો એને હલ ન મળે



લાઈબ્રેરી

□ અજય સરવૈયા

લાઈબ્રેરીમાં
તમે જો ખોવાઈ જાઓ
તો જ્યાં હો ત્યાં જ ઊભા રહેવું.
સહેજ આસપાસના રેક તપાસવા.
(આ ઘટના જનરલી રેકની આસપાસ જ બનતી હોય છે.)
આમ તો કોઈને પૂછવાની કે
બોલાવવાની જરૂર નથી હોતી.
સાંજે લાઈટો બંધ કરતી વખતે
કોઈ તમારા નામની બૂમ નહીં પાડે.
દરવાજા બંધ કરતી વખતે પણ નહીં.
લાઈબ્રેરીમાં ખોવાવું ને
પુસ્તકમાં ખોવાવું એમાં તાત્ત્વિક ભેદ છે
એવું કેટલાક માને છે.
તમે પુસ્તકમાં ખોવાયા હો તો
જેમના તેમ પાછા નથી ફરતા.
ખોવાવું એ એટલી વ્યગ્ર કરનારી બાબત નથી
જેટલી કે જેમના તેમ પાછા નહીં ફરી શકવું.
બીજી કઈ રીતે કહું?
એટલે કે પાછા ફરનારા ખોવાયેલા જ હોય છે.

ગિરનારા

□ ભરત યાજ્ઞિક

કોણ ચઢે છે ટૂક ગિરનારા?
આમ મસીહા ને આવારા.

દામોદરમાં પિંડ ઝબોળો,
ગેબી નાદે કહ્યું 'દુબારા'.

કોણ કરે આઝાન ઊંચેથી,
મોહબ્બત સે યું કૌન પુકારા?

અંબા માની ટૂકે નીરખું,
હેમ સળીના તરે જુવારા.

ઊકલ્યો પણ નહીં અક્ષર એકે,
વેદઋચાઓ રચે સિતારા.

અગણિત જાપે દુખ્યાં આંગળાં,
ફરતી માયા ફરતા પારા.

ચોકી ચાર પ્રહરની પૂરી,
નવી નદી ને નવા કિનારા.

ઝરીને ઝરીને ગોમુખ ભીનું,
વરસે કેવું અનરાધારા

ધૂણી ધખાવી સાવજ બેઠા,
અંગારાઓ કરે હુંકારા.

પૂરી લીલી પરકમ્મા થઈ,
ઝીલે ભૈરવ જપ નોધારા.

પૂછે વૈષ્ણવ વૈષ્ણવજન ક્યાં!
વૈષ્ણવજન તો સાવ બિચારા.

કંકુ પગલાં રાણકચોકી,
તે જે જૂનોગઢ ગુબ્બારા.

દંતકથાઓ રમે રાસડા,
પાસાં પૂછે પડું પોબારા!

જીવ જઈ અટક્યો ઉપરકોટમાં,
ગુરુ-દત્ત કહે 'કરો ઉતારા'!

અગરિયાના પગ

☐ મનીષા જોષી

દૂર દૂર ફરી વળે છે, મારી નજર,
સફેદ રણના વિશાળ પટ પર
અને પાછી વળે છે,
ખારી, ખારી,
શુભ્ર-શ્વેત,
નમકથી તરબતર થઈને.
ચકાચૌંધ તડકા પર પથરાઈને.
સ્તબ્ધ થઈ ગઈ છે, મારી નજર
જાણે ખૂંપી ગઈ છે, મારી આંખો
પેલા અગરિયાએ ખડકેલા મીઠાના ઢગમાં.


રોજેરોજ, આખેઆખો દિવસ
મીઠાના અગરમાં ઊભા રહેવાથી
એ અગરિયાના પગ હવે પાતળા થઈ ગયા છે,
નહીં સળગી શકે તેના પગ હવે
તેની પોતાની ચિતા પર.
એટલે છેવટે, જમીનમાં ખાડો કરી
મીઠા ભેગા દફનાવાશે તેના પગ,
શરીરથી અલગ કરીને.
અને એમ, જીવનભર મીઠામાં ખૂંપેલા પગ,
અંતે ઓગળી જશે મીઠાવાળી જમીનમાં.

સમય પણ પીગળતો રહેશે આમ જ.
મારી નજર જોશે,
રણ પર ફરી વળતાં સમુદ્રનાં પાણી,
વરસાદમાં પલળી રહેલા આ મીઠાના ઢગ,
ને પછી,
શિયાળામાં અહીં આવતાં ફ્લેમિંગો,
ચણશે મારી આંખો,
ને પછી,
ઉનાળાના તાપમાં
ગરમીથી ગાંડા થઈ ગયેલા ઘુડખરો
દોડશે, મારા શરીર પરથી થઈને.

હું ચૂસી રહી છું મારી નજરથી,
આ સૂકી જમીનનું લૂણ
અને મારી નજર હજી પણ શોધી રહી છે,
કોઈક એક એવો ખાડો,
એ અગરિયાએ ક્યાંક તો બનાવ્યો હશે,
જેમાં એણે સાચવ્યું હશે,
આ ખારા ખારા રણ વચાળે
પોતાના પીવા માટેનું, થોડુંક મીઠું પાણી.

અગરિયાના નમકમાં દટાયેલા પાતળા પગ,
દોડતા રહે છે,
અહીં આ રણમાં, ઘુડખર બનીને,
અને મારા શરીરનું લૂણ
પ્રસરી રહ્યું છે, અહીંની ખારી જમીનમાં,
ચળકાટ બનીને.

ચળકાટ, જે આંધળા બનાવી દે છે
આ સફેદ રણમાં, ભર બપોરે
ભૂલા પડેલા સહેલાણીઓને.



ગીત : શબદ પરી

□ ગાયત્રી ભટ્ટ

ધા ધા ધિનાક ધિન, તા તા તિનાક તિન, કંકુ ને ચોખા ધરી --
તારાની ઝાંઝરી પ્હેરીને ઊતરી છે કાગળ પર શબદ પરી!

એના અંગે મરોડ, એના અર્થો સુડોળ,
એની પા'નીમાં ફૂટ ફૂટ ઝાકળ રંગોળ,
રંગ ઘાટા ને આછેરા એમાં ઓળઘોળ,
ફૂટે આકારો એવા કે સમદરની છોળ!

ભીતર જાગેલા એક દરિયાને જેમ તેમ ડૂબી ડૂબીને હું તરી!
તારાની ઝાંઝરી પ્હેરીને ઊતરી છે કાગળ પર શબદ પરી!

શબદ વણઝારી નાર કરે છાતી પર વાર,
ચલે દોરડાંની ધાર, હાલકડોલક આકાર,
એની નૈનન કટાર, મુને વીંધે તારતાર,
ઊગે ઝલમલ કશુંક મારી અંદર અપાર!

મેં તો ફરફરતા શ્વાસમાં રોપ્યું આકાશ અને વેણુને જીવતી કરી!
તારાની ઝાંઝરી પ્હેરીને ઊતરી છે, કાગળ પર શબદ પરી!

શબદ સંતોનાં ધામ, એનાં ભેદીલાં કામ,
વસે દૂર દૂર ગામ જડે એકે ન ઠામ
એ તો રમતાના રામ એનાં અલખનાં ધામ
એનાં અણજાણ્યાં નામ, એનાં મોંઘેરા દામ!

હું તો તણખાના તાર લઈ, ધૂણી ધખાર લઈ, અગમને ધામ ઊતરી!
તારાની ઝાંઝરી પ્હેરીને ઊતરી છે કાગળ પર શબદ પરી!

ધા ધા ધિનાક ધિન, તા તા તિનાક તિન, કંકુ ને ચોખા ધરી...



એવો છે વરસાદ

☐ ધ્રુવ ભટ્ટ

જરાક જેવી આંગળીઓને એક-બીજામાં સરકાવીને ક્યાંક છાપરી નીચે બેસી જોયા કરીએ એવો છે વરસાદ
સાત ખોટના શબ્દોને પણ વાદળ પાછળ મૂકી દઈને આ અવતારે પામ્યા તેને મોહ્યા કરીએ એવો છે વરસાદ

ઘર કહેવાતી છાપરીઓ કે ડુંગર ઘેર્યાં ઝાડ બધાંયે આજ વરસતા જળ પછવાડે વરસે છે જો ઝાંખાંપાંખાં
નભની ટોચે દેશવટાના કાળા ઘોડે કુંવરજીની તેગ ફરે ને ઝબકારામાં એકદંડિયા મહેલ જગે છે આખેઆખા
છબછબિયાંથી આજ સુધીના ગારાથી લઈ બટ્ટ-મોગરા ફૂલ ભરેલા ચોમાસામાં હાથ હજીયે બોળ્યા કરીએ એવો છે વરસાદ

સૂરજ જ્યારે સંતાતો જઈ બીક ભરેલા અડાબીડ અંધારે ત્યારે કેવા એનું નામ કહીને મનમાં થપ્પો પાડી દેતા
પણ એ ત્યાંથી નહીં નીકળે તો - ની શંકાએ મૌન રહીને કીરણ જડે તો કહીશું માની ઊગી ટીસને દાબી દેતા
તને ખબર છે મને ખબર છે એક સમયમાં કહેવી'તી ને નથી કહી તે વાતો મનમાં બોલ્યા કરીએ એવો છે વરસાદ



'ગાંધી ૧૫૦'

☐ કમલ વોરા

૧.
બાપુ!
હું, તમારો આંગળિયાત,
સત્ય શું છે
તે જાણું છું;
પણ આચરી શકતો નથી.
અસત્યને
તિરસ્કારું છું,
પણ તજી શકતો નથી.
તમે સત્યના કર્યા,
હું ધિક્કારના પ્રયોગોમાં
ગરક છું.

૨.
ધાર્યું નહોતું કે
મારું જીવન તે મારી વાણી
ગોખાવતાં ગોખાવતાં
ચતુર વાણિયાની જેમ,
તમે એકાએક પરીક્ષા લેશો, બાપુ!
હૈયે હતું, હોઠે આવ્યું:
મારી વાણી
તે મારું જીવન.

૩.
સોયના પૂળામાં
ખોવાઈ ગયેલું એકાદ તણખલું, સૂકું કે કૂણું
શોધતાં શોધતાં
લોહિયાળ કરી નાખેલ આ હાથે,
કઈ રીતે મેળવું
તમારો હાથ, બાપુ?!

૪.
મિસ્ટર ગેન્ઢી!
વી આર કાઇન્ડ ઓફ ડન વિથ યુ
યુ મે લીવ અસ નાઉ
નાઉ વી એક્ઝિસ્ટ ઇન અ ડિજિટલ વર્લ્ડ વ્હેર
નથિંગ ઇઝ રિયલ નથિંગ અનરિયલ આઇધર
ન તો સત્યનો જય ન અસત્યનો પરાજય
ઇન ફેક્ટ નો ટ્રુથ એન્ડ નો લાઇઝ
ઓન્લી એ સ્પેક્ટેકલ ઓફ વાયોલન્સ
વિથ લાઇવ વિઝ્યુઅલ્સ
નોન-વાયોલન્સ ઇઝ ઓલ જન્ક, મિસ્ટર ગેન્ઢી!
નો ક્લીનલિનેસ નો ગોડલિનેસ
એવરીથિંગ કલરફુલ એન્ડ ઇન્સ્ટન્ટ
ઇન્સ્ટન્ટ ડાયરેક્ટ ટ્રાન્સફર
ફોર અ બિલિયન કન્ટ્રીમેન
હેન્સ નો નીડ ઓફ કરન્સી એટ ઓલ
સોરી, નો પ્લેસ ફોર યુ મિસ્ટર ગેન્ઢી!
શ્યોરલી વી આર થેંકફુલ ટુ યુ
બટ,
બટ, ટાઈમ ટુ એક્ઝિટ ધ નેશન, ડિયર ફાધર!

ઇન ફેક્ટ વી ગાઈઝ્ કેન હેલ્પ
એન્ડ ડિલિટ યુ
વિથ અ ટચ ઓફ ધ ફિંગર, બાપુ!

૫.
સત્યથી ભિન્ન કોઈ પરમેશ્વર નથી
સત્યરૂપી સૂરજનું સંપૂર્ણ દર્શન
સંપૂર્ણ અહિંસા વિના શક્ય નથી
વ્યાપક સત્યનારાયણના પ્રત્યક્ષ દર્શનને સારુ
જીવમાત્રની પ્રત્યે
આત્મવત્ પ્રેમની પરમ આવશ્યકતા છે
આત્મશુદ્ધિ વિના
અહિંસાધર્મનું પાલન સર્વથા અસંભવિત છે
સત્યમય થવાને સારું અહિંસા
એ જ એક માર્ગ છે
*પણ આ શુદ્ધિનો માર્ગ વિકટ છે.**

આ લખી રહ્યો છું તે કાગળ,
કાગળ પર અક્ષરો પાડતી કલમ,
કલમને પકડતો હાથ
અશુદ્ધ છે.
હાથમાં સ્નાયુઓનો સંચાર,
રગોમાં ધબકતું લોહી,
લોહીને ધકેલતું હૃદય - અશુદ્ધ,
ચિત્ત અશુદ્ધ,
ચેતના અશુદ્ધ છે.
સાધન-શુદ્ધિનો તમારો આગ્રહ, બાપુ!
દોઢ સદીએય
મને તમારાથી છેટો રાખે છે!

૬.
જીવી જીવીને
માણસ સો શરદ જીવે,
તમે તો દોઢસોને આંબી ગયા, વહાલા બાપુ!
હાઉં, બહુ થયું, હવે સિધાવો!
તમારો રહ્યોસહ્યો ઓછાયો
હજુ, ક્યારેક ક્યારેક
અણધાર્યો જ વચ્ચે આવી જઈ
અમારાં તાંડવોનો લય
ભંગ કરી નાખે છે.
ત્યારે, થોડી વાર અમે ઘાંઘાં થઈ
સૂધબૂધ ખોઈ બેસીએ છીએ.
પણ ફરી,
ફરી અમારાં વિચાર, વાણી, વર્તનમાં
પ્રકૃતિ પ્રત્યે
પશુ પ્રત્યે
મનુષ્ય પ્રત્યે
ઝેરી વીજળીઓ ફૂંફાડા મારે છે.
હિંસાહારી, હિંસાચારી, હિંસાકારીના આ હાથે
છેલ્લો કટોરો પી જાઓ,
જાઓને હવે, બાપુ વહાલા!



**ગાંધીજીની આત્મકથાના 'પૂર્ણાહુતિ' પ્રકરણમાંથી ઉદ્ધૃત.*

એક નાસ્તિકની નોંધપોથીમાંથી સ-ભાર

☐ શોભિત દેસાઈ

હે મહાકાવ્યના સર્જક!
નહીં બને મારું અને તારું...
ઘટનાઓ આટલી બધી
આટઆટલાં પાત્રો... પૃથક માનસિકતા દરેકની.. અલગ અલગ કથાનક પ્રત્યેકનાં...
અને તું
માત્ર કલમથી
'એક સૂત્રે કઈ રીતે બાંધી શક્યો'નું
આશ્ચર્ય નથી
પણ
'આ બધાનું એકસાથે હોવું'નો
ઉદ્વેગ છે.
પહાડ જેવડાં અસ્તિત્વોને
તેં
ચપટીભર કરી નાખ્યાં...
તારી શાશ્વતી માટે
તેં પાડી જ દીધા ઊંધા ચીલા,
યુગો સુધી
જે
ફક્ત નિર્માણ કરે; કૂટનીતિનું જ
અને સમય જેવો સમય
પંથ બદલી નાખે પોતાનો
અને
ઉત્ક્રાંતિના આવનારા અંશ
વંશના ભ્રમમાં
એને
શૈલી સમજી બેસે

એક જ મુકામ છે પાછા પહોંચવાનો,
છતાં ક્યાં જઈ રહ્યા છે આ બધા
ધર્મની આંગળી પકડીને?



ગઝલ

☐ સુરેન્દ્ર કડિયા

ભલે તલભાર તો તલભાર હોવાના પુરાવા છે
અમારી હેસિયત હદ બહાર હોવાના પુરાવા છે

કીડીની હાર નીરખીને ધરે જે ધ્યાન સાકરનું
હજી એ સાધુમાં સંસાર હોવાના પુરાવા છે

બધાં ખંડેર ઊભાં છે અડગ 'જય હો'ની મુદ્રામાં
ભરાયા ભવ્ય ત્યાં દરબાર હોવાના પુરાવા છે

અમારું ડૂબવું ને આંખમાં ખારાશનું તરવું
અમારી ભીતરે મઝધાર હોવાના પુરાવા છે

રહી ગઈ આબરૂની આબરૂ સંધાઈ જાવાથી
છતાં ચર્ચા અને ચકચાર હોવાના પુરાવા છે

મૂર્તિ છે, મૂર્તિ નથી, મૂર્તિમાં માણસ છે, માણસમાં મૂર્તિ છે, મૂર્તિનું સત્ય
માણસ છે
તો
માણસની મૂર્તિ બનાવ
અને
પૂજ એને પરમમાં ખપાવીને
આરતી કર - નૈવેદ ધરાવ - પલાંઠી વાળ - સિજદો કર - પાંચ વખત નમ -
મીણબત્તી સળગાવ-
દુકાન ચલાવ...
પાંદડાં સુકાતાં જાય છે?
વૃક્ષો કપાતાં જાય છે?
ફૂલ ચૂંટાતાં જાય છે?
વગર મોસમે મૂરઝાતાં જાય છે?
અરે છોડ બધી તમા...
પડેલાં પાન, પવન અને ઠૂંઠા વૃક્ષના સંગીત માટે
કરી નાખ કાન બહેરા... બંધ...
વાપર જીવતા પાન - ફૂલ, માણસની પૂજામાં...
પરમાત્માની પૂજાની આડમાં મૂકે રાખ તું તારે મઝાર પર
જેની મઝાર બનવાની નથી એ કુમળી કળીને...

વહેલી વૃદ્ધ થઈ ગયેલી બૌદ્ધિક, બિસમાર, અવાવરું, બનાવટી,
ઉપજાઉ વાત નથી આ...
પણ છેક છેલ્લા, કોશિયા અંશની અશબ્દ હકીકત
છે કે
ધર્મ છે એક જ આખીય માનવજાતનો - અનુસરવું.

'એક વખત એક અંધ હતું'થી જ શરૂ થાય છે
દરેક લાલસા
આંખથી અંધ, સંતાનથી અંધ, વિસ્તારથી અંધ, સર્વોપરિતાથી અંધ...
ટૂંકમાં - - પોતપોતાના અકબંધ અહમ્‌થી અંધ.
નયનરમ્ય કરતૂત તરવા માંડ્યાં છે અંધાપાનાં હવે તો...

કુતૂહલ, આશ્ચર્ય કચડી, અંધાપો તવારીખના ખીલા ઠોકે છે. બોલ!
અરેએએએ... વાતવાતમાં ભોળા જણાતા શબ્દોનું કપટ
માથે અસવારનો સાફો ઓઢાડી
ક્યાં લઈ આવ્યું મને!...
તેં તો જણાવી જ દીધો હતો સમય
હું હતો ત્યાંથી પ્રકાશવર્ષ દૂરના અજ્ઞાત શૂન્યનો...
સ્થળ વિશેના તારા વશીકરણનો
કેમ અણસાર નહીં આવ્યો હોય મને?!
કેમ ભૂલ્યો હું
કે
બિછાવેલી ચાદર, પ્યાદાં, ખાનાં અને ખેલનાર ખલનાયક
છે તો તારા જ શસ્ત્રસરંજામની છળરમત... ને?!

આદર્શવાદથી શરૂ કરાવી
કેમ પથ બદલ્યો અચાનક?
ખુદને જોવો હતો કણેકણમાં, ક્ષણેક્ષણમાં...
જોઈ બેઠો મને હું ફક્ત દર્પણમાં

હવે તું જ કહે
ક્યાંથી બનવાનું મારું અને તારું
આઆઆટલાં મહાકાવ્યોના
હે એકમાત્ર સર્જનહાર! મારા વહાલા!



કેટલું?

☐ **હર્ષ બ્રહ્મભટ્ટ**

કર્યું છે જીવનભર સહન કેટલું?
ખબર ક્યાં છે એનું વજન કેટલું?

તમે વરસોથી આવી રહ્યા છો સતત,
છે બાકી હજી આગમન કેટલું?

અકડ પાંદડાની જો હદને વટાવે,
પછી માન રાખે પવન કેટલું?

ચલો પાણીને માપી લીધું તમે,
એ વાદળનું પરખાય મન કેટલું?

પછી ચઢ-ઊતર આકરી લાગશે હોં,
તું બાંધીશ ઊંચું સદન કેટલું?

પધાર્યા છો ઝભ્ભો કડક પ્હેરીને,
હવે સ્પર્શવાનું કવન કેટલું?



ગઝલ

☐ સાહિલ

ક્ષિતિજે યદિ મીટ માંડું તો લાગે - ઇશારો - ઇશારાને શોધી રહ્યો છે
કરી વીજળીને કલમ આભ જેવો - ચિતારો - ચિતારાને શોધી રહ્યો છે.

સુરાહીમાં છે માંડ એકાદ ટીપું અને પ્યાસની તીવ્રતામાં ફરક ક્યાં
છતાં વાત ન્યારી છે ઝિંદાદિલીની - પીનારો - પીનારાને શોધી રહ્યો છે.

હવે હુંય ખુદ મારા ભાવિ ઉપર જો ભરોસો કરું તો કરું કેવી રીતે,
હતો પૂર્ણ વિશ્વાસ જેના ઉપર એ સિતારો - સિતારાને શોધી રહ્યો છે.

ખુદાને જે ખુદમાં જ ખોળી રહ્યો એ દીવાનાની સમજણ નમાજી શું જાણે
જો સમજાઉં તો કેમ સમજાઉં એને - તિખારો - તિખારાને શોધી રહ્યો છે.

હતી હાથવા એ જ મંઝિલ અચાનક જોજનો - જોજનો દૂર લાગે
ઉપરથી હવાઓ સમાચાર લાવી - ઉતારો - ઉતારાને શોધી રહ્યો છે.

મેં જે હાથને ઝાલવા હાથ લંબાવ્યો એ હાથ તો નીકળ્યો સાવ ઠૂંઠો
દિવા-સ્વપ્ન જેવી છે આશા બધીયે - સહારો - સહારાને શોધી રહ્યો છે

કરી ચોતરફ દૃષ્ટિ 'સાહિલ' ઈસી પળ ઉદાસીમાં સરકી ગયો નાખુદો ખુદ
હવે કેમ લાંગરશે નૌકા કિનારે - કિનારો - કિનારાને શોધી રહ્યો છે.

ખડિયે - કિત્તે

☐ સંજુ વાળા

ગજ - તાકામાં એ જ રમે છે વ્યાપ્ત રહે જે ધાગે - લીરે
શ્લોક - ઋચાઓ બ્રહ્મ કહે છે એ જ અમારા ખડિયે - કિત્તે

સાળુના છેડા લહેરાવી આકાશી અભિસારે નીકળે
એ સૌ પરીઓ મારે આંગણ આવીને અજવાળાં લીંપે

એના છે ઘરમાં અજવાળાં એ જ આબરૂ, એ જ અમીરી
ઘરવખરીમાં કવિતા, વત્તા પુસ્તકની એક અલમારી રે!

સરળ વાતનો મર્મ ના જાણે, નાણે કહીં ચકલીનું સાહસ
કિન્તુ પંડિતોની વાતો ગાંઠે બાંધે કોણ ગણીને?

બહુ શાણો છે, માપમાં એના લાંબું - ટૂંકું થાય ના સ્હેજે
જીવ - જાતકને નાણી - જાણી બુઢ્ઢો દરજી ડગલા સીવે

ચપટીભર નિજમસ્તી ખાતર જીવ હોડમાં મૂકી દે છે
એને શું વ્યવહાર જગતના, ક્યાંથી દુનિયાદારી શીખે?

જરા નજીવી ગેરસમજથી ફૂટી ગયેલી રાતના ટુકડા
અધમધરાતે હું વીણું છું, છેક પરોઢે તું પણ વીણે



ચૂપચાપ

☐ પ્રતિષ્ઠા પંડ્યા

ના બોલીશ શબ્દો
ઠાલા આશ્વાસનના
ના આપીશ સલાહ
ઊંચા સિંહાસનેથી
ના કહીશ જોવા
પગ તળે ચગદાયેલી કીડીઓ
ના ગણાવીશ
સદ્‌ભાગ્યોની યાદી
ગોળગોળ વાતો કરી
ના સમજાવીશ
સંજોગોને સ્વીકારતા
ના બતાવીશ
ક્ષિતિજોની પેલે પાર
દોડી જતા ધૂંધળા રસ્તા
ના શિખવાડીશ
શક્યતાઓથી ભારોભાર ભરી
હજુય ના ખીલેલી
પળોની રાહ જોતાં

થઈ શકે તો બસ એટલું કર
ચૂપચાપ
પકડ હાથમાં
આંગળીઓની વચમાં

કટારી આ કાળી રાતની
ને ફેરવ આ મૃતપ્રાય શરીર પર
એની ઠંડી લોખંડી અણીને
ચીરી કાઢવા દે બધાંય આવરણો
ને ચીતર
લાલ ચિત્રો ઉષ્માભર્યાં
મારા શરીર પર
પીઠ પર
છાતી પર
નાભિ પર
જાંઘ પર
એની અણિયાળી ધારથી
ચિત્રો દોરી દોરી
છોતરી, છીલી નાખ
ચામડીનાં સાત સાત પડળ
એ તળે જામી ગયેલી વેદનાઓ
નાખ હજુય ઊંડી કટારી
કોદાળીની જેમ
ખોદી કાઢ માંસપેશીઓને
ઊંડા ચાસમાં વાવ પછી
બીજ બે-ચાર તારાં પ્રેમના
સીંચી લે તારાં ખેતરોને
વહી જતા એ ગરમ પ્રવાહમાં
આવ અહીં
બતાવ મને ઉગાડીને
એક લીલું લચ ખેતર મારી અંદર!

ધરતીનો છેડો...

□ રાજેશ વ્યાસ 'મિસ્કીન'

લાગતા ધરતીનો છેડો હરકદમ હરસ્થળ હવે,
જાઉં છું જ્યાં જ્યાં મને લઈ જાય છે અંજળ હવે.

ના કશું દિલને જરાયે ખેંચતું પાછળ હવે,
ના કશું બોલાવતું-દોડાવતું આગળ હવે.

કોઈ સપનાં કોઈ સ્મરણો ના કશી અટકળ હવે,
હું મને માણી રહ્યો છું હોઉં ત્યાં હરપળ હવે

મન અને આ દેહના બન્ને કિનારે છે બધું,
ક્યાંય પણ અટક્યા વિના વ્હેતો રહું ખળખળ હવે.

એક એની યાદ જૂની નિત્ય તાજો રાખતી,
હો ગમે તે હાલ જીવનના, રહું નિર્મળ હવે.

જે લખ્યું છે એ જ થાશે, જે થશે સારું થશે,
આટલું જાણ્યા પછી બનતું બધું મંગળ હવે.



ફડક

□ હેમંત ધોરડા



એના મનમાં ફડક પેસી ગઈ છે

કાનમાં ખોસી દીધેલા શૂળ જેવી
હથેળીમાં ખૂંપી મારેલા ખીલા જેવી
પાનીએ ખૂંચી ગયેલા તીર જેવી
અજરાળ અણિયાળી ફડક, ફડક ગજગજ ગૂંચિયાળી
અઘોરી બાવાનાં વર્ષોથી અણઓળાયેલાં ઝીંથરાં જેવી
બાળકે ઉખેળી મેલેલી, ગંઠાઈ ગયેલી રેશમદોર જેવી
લગભગ ભુલાઈ ગયેલી પોતાની ગુપ્તલિપિમાં કીધેલી નોંધ જેવી
કે એનું ઘર બળી જવાનું છે

સળગી જશે એના ઘરના મોભની આમનું અડાળ પણ
એના ઘરના મોભની તેમનું પડાળ પણ સળગી જશે
ઝાળઝાળ ઝલાઈ જશે ઘરનાં બારીબારણાં
ભરપૂર આંગણું ભડભડ થઈ ઊઠશે
ભડભડ થઈ ઊઠશે ભરચક ઓસરી
ભડકે ભડકે રાખોડી થવા માંડશે પરસાળ
ભોંયતળિયું પણ પેટી ઊઠશે પેટી ઊઠશે ભંડારિયું પણ
ગોખલી ગોખલો ભડથું થઈ જશે
થોડો જ રહેવાનો પછી અશોયે કશોયે 'સાણસીનો અર્થ?'
કે ચીપિયાનો હેતુ?
કે વાટકી વાટકાનું કારણ?
કે થાળી થાળનું પ્રયોજન?

ફડક તો ફડક એમાં પાછી પાતળા પગ પર પથરા જેવી ફાળ
કે તણખા ઊડશે તો ઊડશે કાં?
કે દીવાસળી સળગશે તો સળગશે કેમની?
કે કાકડો મેલાશે તો મેલાશે ક્યારે?
કે પલીતો ચંપાશે તો ચંપાશે ક્યાંથી?
કોઈ ક્રૂર, કઠોર, કુટિલ, કુવિચારી હમણાં તણખા ઉડાડશે કે આ ઉડાડ્યા
પડેલા સપાટ પવનમાં દીવાસળી હમણાં સળગાવશે કોઈ કે આ સળગાવી

કોઈ ઠંડે કલેજે લાખના રસથી રસાળ કાકડો હમણાં મેલશે કે આ મેલ્યો
ગંધકગંધો પલીતો સ્થિર હાથે હમણાં ચાંપશે કોઈ કે આ ચાંપ્યો
ઈંટેઈંટ ભીંજવી દેતી ઝાકળની ચાદર આવરી લે છાવરી લે તોય?
તોય શું એનું ઘર ભડકે ભડકે સળગી ઊઠશે? સળગી જશે?
વાંસામોર દિવસ ને રાત ઝરમર ઝરમરે તોય?
બારે મેઘ એકસામટા ખાંગા થાય તોય?
ઘોડાપૂરના પાણીપટ પર પાણીપટ પથરાય તોય?

એનું ઘર ક્યાં કદી કોઈને ભીંત પર લીટાલિસોટા જેટલુંયે નડ્યું છે?
કે છાપરે ફૂટેલા નળિયાની ફાટ જેટલુંયે?
કે બારીના તૂટેલા કાચની તડ જેટલુંયે?
કે બારસાખની બાજુમાં કાચની ટાંગેલી આરસીમાં પડેલી તિરાડ જેટલુંયે?
આ મિષે કે તે મિષે કે અલાણા નિમિત્તે કે ફલાણા નિમિત્તે
ધરી ધરીને કોઈ ને કોઈ મખાંતર
કોઈ કપાતર એનું ઘર સળગાવી દેશે, એનું ઘર સળગી જશે
એનું ઘર બળી જશે
એનું ઘર બળી જવાનું છે

એના મનમાં ફડક પેસી ગઈ છે



ગીત

☐ હર્ષદ ત્રિવેદી

મેળ પડે તો આવું!
નહીંતર સાજન તમે કહો આ પીડા ક્યાં પધરાવું?
મેળ પડે તો આવું!

સૂરજ ઊગે રોજ સવારે અને આથમે સાંજે,
પછી રાતભર હળવે હાથે સપનાં આંખે આંજે;
કદી નિરંતર આંખ વહાવું કદીક ગાણું ગાવું!
મેળ પડે તો આવું!

કોઈ વખત હૈયાના દ્વારે પળ પળ પડે ટકોરા,
કદીક તો આઘેરા લાગો કદીક લાગો ઓરા;
વખત વખતના વહે વાયદા અમથું મોં મલકાવું!
મેળ પડે તો આવું!

સુન્દ-ઉપસુન્દ

☐ ઉદયન ઠક્કર

1.
આજની છે ઘડી રળિયામણી, કે વગડામાં
કીર, કોયલ, કપિ, મૃગ, મોર બધાં અધ્ધરશ્વાસ!
ગોઠડી એક પછી એક નવી માંડે વ્યાસ

2.
''સુન્દ-ઉપસુન્દ અસુર ભાઈ હતા, બન્નેમાં
એવો તો સંપ હતો, હેત કરી નવરાવે,
એકબીજાને વળી તાણ કરી ખવરાવે

જેઠનો માસ હતો, લૂ કહે કે મારું કામ!
ટેકરે આવી ચડ્યા, વિંધ્ય અચલ જેનું નામ,
વાયુનું વાળુ ને પાણીનું શિરામણ કરતા
શિખરે ઊભા રહી નામ રટણ પણ કરતા

ઇન્દ્રને ફાળ પડી ફાળ ભરીને આવ્યા,
- સ્વર્ગ છે ગપ, અને વૈકુંઠ શું છે? મોટું ગપ!
ખાઓ, પીઓ ને કરો લ્હેર-, મૂકો તપની લપ!
પાંચ-દસ સુંદરી આપી ને સુરાયે રસબસ
એકના બે ન થયા કે ન થયા ટસથી મસ...

બ્રહ્મા પ્રકટ્યા તે પળે વાયુની ડૂંટીમાંથી!
- માગી લો, માગી લો, જે જોઈએ તે માગી લો!
સુન્દ-ઉપસુન્દે તો માગ્યું કે અમર થઈ જઈએ!
- ના હોં, એ તો ન મળે, બીજું કશું પણ માગો!

હાથમાં હાથ પરોવીને કહ્યું બન્નેએઃ
- એકબીજાથી જ મરીએ, ન કોઈ ત્રીજાથી!
- 'ઠીક,' બ્રહ્માએ કહ્યું સમજી વિચારીને, 'ભલે!'

3.
સરવા કાનેથી કથા સાંભળીને શુક પૂછેઃ
- ને પછી શું? ને પછી શું? ને પછી શું?
ને પછી...

4.
''ધોડતા, ધરણીને ધમરોળતા ભાઈ, ભાઈ!
પળમાં સિંહ થતા વ્યાઘ્ર, તપસ્વીઓને
દાઢમાં રાખતા, દેવોને દબાવી દેતા
રાજવીઓને કચડ ખાતા ભચડ યક્ષોને''

5.
પાંખ ફેલાવીને ચકરાઈ રહ્યાં છે ગીધો

6.
''હાવરાબાવરા દેવો ગયા બ્રહ્મા પાસે
વિશ્વકર્માએ તો તિલ તિલ લઈને રત્નોથી
રૂપના પાતળા પર્યાય સમી એક કન્યા
રચી નવરાશથી, ને એને કહ્યુંઃ હે ભદ્રા,
સુન્દ-
ઉપસુન્દ સમીપે જઈને ફૂટ પડાવ!

કહ્યું કન્યાએ, 'પિતાજી, હું જરા પરકમ્મા
દેવતાઓની કરી લઉં...' ને એ ફરવા માંડી
જોતાંજોતાં વળી એને વળી જોતાંજોતાં
શિવ ચતુર્મુખ થયા છે, એવું પુરાણો કહે છે''

7.
આંખને કાણી કરીને કોઈ બગલો બોલ્યોઃ
- વાત તો સાચી કે ભગવાન બધું જુએ છે

8.
''મ્હેકની જેમ પવનમાં એ મરકતી આવી
અડખે પડખેથી સરકતી ને થરકતી આવી
ઝાલ્યો કર એકે, ઝૂંટાઝૂંટ થઈ, બીજાએ

ઝપઝપાઝપ ત્યાં થયા ખાંડા-ખડગના ઝટકા
ભલ્લ, ભાલોડાં, ભમરભાલા, ગદાના ભટકા
જોતજોતામાં અસુર બેલડી કટકેકટકા''

9.
પશુ-પંખીથી અલગ બેસી રહેલો માણસ
ધાર કાઢી રહ્યો છે ધીરે ધીરે છૂરાનીઃ
- કોણ આ સુન્દ હતો? ધ્યાન નહોતું મારું...

પશુ ને પંખી સહુ તાકી રહે માણસને

- અને ઉપસુન્દ વળી કોણ હતો, એ કહેશો?

પશુ ને પંખી સહુ તાકી રહે માણસને

સંદર્ભ : મહાભારત, આદિપર્વ



સત્ય-૧૯૪૭ યાને આજ

☐ લલિત ત્રિવેદી

કૈંક સદીઓને ન્હોતું મળ્યું સૂર્યમાં
એવું અજવાળું પ્રગટ્યું હતું સત્યમાં!

દીવડો ધીમે ધીમે જલે ખૂણલે
એટલું, બસ કે, અજવાળું છે સત્યમાં!

રેંટિયાના હવનમાં ધર્યાં કણ ને બી
પાઘડી પણ ઉતારી ધરી હવ્યમાં!

કાળમીંઢા ય કંતાઈ થૈ ગ્યા પૂણી
ધૂપલોબાન-શા એના સામીપ્યમાં!

ભાઈ-બક્ષઈના ઇન્ગ્લિશી પેચમાં
ભાઈ ગોતે ફકીર ભાઈના વન્યમાં!

કાચું સૂતર ને એમાં સીનો વજનો
કેટલો દીન બે ભાઈના દૈત્યમાં!

પાસપાસે હતા... સામસામે થયા...
માંહ્યમાંહ્યે જીવ્યા... કથળી ગ્યા અન્યમાં!

ચૂલા ઠરતા રહ્યા... પેટ ધખતાં રહ્યાં...
લોહી રહેસાઈ 'ગ્યાં ધૂર્ત ચાતુર્યમાં!

સત્યની એક છબીને કીધું માટીએ -
-વાઈસરાયા સવાયા મળ્યા ભાગ્યમાં!



વરસાદ

□ યજ્ઞેશ દવે

ડાંગમાં વરસાદ વરસે છે
વઘઈ આહવા મુલચોંડ મહાલ પર,
ચીંચલી પીંપરી સુબીર સાપુતારા પર.
ના,
વરસાદ તો વરસે છે
પહાડો, ખીણો, ઢાળ ઢોળાવો પર,
ગીરા ખાપરી અંબિકા પૂર્ણા પર,
સાગ સાદડ આમળા શીમળા વાંસ ઘાસ પર.
ના,
કહો કે વરસાદ વરસે છે ડાંગમાં.
ના,
એમ કહો માત્ર કે વરસાદ વરસે છે.
હા,
વરસાદ વરસે છે
બસ વરસાદ.

રાહ જોવી

□ જયદેવ શુક્લ

રાહ જોવી
રાહ જોવી એટલે
રાહ જોવી એટલે શું?- એ કઈ રીતે કહું?
તનથીમનથી, અન્દરથીબહારથી,
કશાથી નહીં, છતાં બધ્ધેથી
રાહ જોયા કરવી
અધરાતમધરાત
ઊઠતાંજાગતાં, ન ઊંઘતાં-ન જાગતાં
આખ્ખેઆખ્ખા શરીરને ન્હોરી નાખીએ

રાહ જોતાંજોતાં મનમાંથી ધુમાડા નીકળે,
પણ દેખાય નહીં,
મનેતને કે કોઈને
તારામાં-મારામાં
જીવતી પેઢીઓની
અનેક જૂનીનવી સ્મૃતિઓસ્મૃતિઓસ્મૃતિઓ...
વિસ્મૃતિ તો થાય નહીં.
માણેલી-ન માણેલી, કલ્પેલી ક્ષણોની ભેળસેળ
જગાડી મૂકે, ખુલ્લી આંખે ઊંઘાડી શકે,
   દોડાવી મૂકે ઝરૂખે, ઉંબરે, રસ્તે, ગામેગામ...
ખાતાંપીતાં, હરતાંફરતાં
વાંચતાંનાચતાં
પેલી કવિતા-કથામાં
રાહની, રાહ જોવાની વાતો...
      'રાહ જુઓ.
      પરિસ્થિતિ સમજો.
      આવું વર્તન...'
છોડો
મારે ડહાપણ નથી જોઈતું.
છોલાઈ રહ્યો છું,
બળી રહ્યો છું,
જીવતા રહીને.
રાહ જોતાંજોતાં

રાહ મળતો નથી.
'બી પોઝિટિવ'
પણ કોઈ તો મને કહો,
રાહ જોવી એ પોઝિટિવ વાત નથી?
અન્ય કેવી રીતે સમજી કે નક્કી કરી શકે?
આ કડવાંમીઠાં વેણ
ભલે...
એક વાર સ્નેહભીનું જોવું
માત્ર જોવું.
બસ.
'મન મોર બની થનગાટ કરે'
બધું સપનામાં, કવિતામાં જોવું ગમે...
કહે છે
પણ સ્વતંત્ર રાહ છે ક્યાં?
આ ભરચોમાસે
બધું ભડભડ શાને?
ભડભડાટ ધડધડાટ શાનો?

આ ખુલ્લી આંખમાં
પ્રતિબિમ્બો
બદલાઈ કેમ જાય છે?
દૃષ્ટિભ્રમ?
મતિભ્રમ?
કોનો?
•
રાહ જોવી
તારી મારી આપણા સૌની?
બધો બડબડાટ જોઈ-સાંભળી બોલ્યા,
આને મનોરોગ કહેવાય?
રાહ જોવી એટલે મનોરોગ?

રાહ જોવી એટલે જીવવું?
કે
રાહ જોવી એટલે મરવું?
કે
બધ્ધું જીરવવું?
• •

ગઝલ

☐ **અશરફ ડબાવાલા**

હોવાથી ઊંચું મારું બીજું ભાગ્ય પણ નથી,
અસ્તિત્વનો ઇજારો મને માન્ય પણ નથી.

જેણે મને નવાજ્યો સરસ આંખ-કાન દઈ,
એ દૃશ્ય પણ નથી ને વળી શ્રાવ્ય પણ નથી.

એને હલાવી દેવા કશું કાફી જે છે તે,
ચોપાઈ, શ્લોક, સાખી અને કાવ્ય પણ નથી.

પૂરક છીએ પરંતુ તું જોઈ લે બેઉમાં,
ના ફેર છે કશો ને કશું સામ્ય પણ નથી.

સિદ્ધાંતો, આંકડાઓ ને સંજ્ઞાઓ બરતરફ,
સિદ્ધમ હવે ના કાંઈ અને સાધ્ય પણ નથી.

એના ઉપર જો મર તો જરા કળથી કામ લે,
જે હાથમાં જ છે ને છતાં પ્રાપ્ય પણ નથી.

અશરફ! મનોદશાનું આ કેવું શિખર છે જો,
અંદર કશું નથી ને કશું બાહ્ય પણ નથી.



બાપુને

□ પ્રણવ પંડ્યા

બાપુ, તમારો જનમ દિ'
એ પણ દોઢસોમો
કહે છે બહુ મોટા ઉત્સવો થવાના.
ભેટસોગાદો, હારતોરા, અંજલિયુંય બહુ મળશે!
હું શું આપું તમને?
હાથમાં તો ગોડસેની ત્રણ ગોળીઓ
પછીની ઉજ્જડતા સિવાય કશું જ નથી!
કોઈ સેન્ટિમેન્ટલ ફૂલ ન ગણે એ માટે
છાના ખૂણે ટપકાવેલ બે આંસુઓ છે, ચાલશે?
અને ચાલે કે ન ચાલે, હું તો આપીશ.
કેમ કે ગિફ્ટના બદલામાં રિટર્ન ગિફ્ટની ગરજ છે!
આપશોને?
આપવું એ જ તો તમારું અવતારકાર્ય!
તો ચાલો, આપો પોતડી પર લટકતી ઘડિયાળ...
એન્ટિક છે એટલે નહિ,
દરેક સમય સત્યનો બની શકે એવું પ્રતીત કરાવવા માટે.
આપો તમારાં ચશ્માં,
બહુ ફેશન છે એ ફ્રેમની એટલે નહિ,
સ્વચ્છતા અભિયાનના બેનર પછી તો બહુ ડિમાન્ડ છે એની.
બહુ ટ્રાય કરી,
સમાનતા દેખાતી જ નથી ક્યાંય ભારતમાં.
ના, ના, ટ્રેન્ડી દેખાવા માટે નહિ,
સૌને સમદૃષ્ટિથી જોવા માટે જોઈએ તમારાં ચશ્માં.
શાળાના પૃથ્વીના ગોળાની ધરી તૂટી ગઈ છે.
આપશો તમારી લાકડી ટેકો કરવા?
તમારા વિચારોનો આધાર તો આખી દુનિયાને જોઈએ, બાપુ!
ને આપો, તમારી પેન કે ઘસાઈ ગયેલી પેન્સિલ
જેણે લખ્યા હજારો પત્રો.
બતાવીશું ચેટિંગમાં ચોંટી ગયેલી નવી પેઢીને.
આમાંથી કંઈ જ ન આપી શકાય તો
એક વચન તો આપો બાપુ,
ફરી અવતરશો આ ભૂમિ પર.
સંભવામિ યુગે યુગે... એવું એક મોહને કહ્યું'તું અમને,
બીજા મોહન બોલ્યું પાળશેને?!





ગઝલ

☐ હેમેન શાહ

કાનને એ આંખ આડા નહિ કરે,
આવશે આંસુ, અખાડા નહિ કરે.

કાવ્ય વાંચીને તમે સમજી જજો,
એ કવિ જખ્મો ઉઘાડા નહિ કરે.

ધીમું બળશે, પણ ખબર પડશે નહીં,
આ હૃદય છે, એ ધુમાડા નહિ કરે.

આપશે સસ્તામાં એ બીજું ભલે,
પણ ખુમારીમાં ઘટાડા નહિ કરે.

સાંભળો, ના સાંભળો, પરવા નથી,
દાદ માટે ધમપછાડા નહિ કરે.

ભાષાનો કૂવો બહુ ઊંડો રે લોલ!

☐ પ્રફુલ્લ પંડ્યા

ભાષાને ભૂર છો વળગ્યું ના હોય, પણ શબ્દોનું ઝૂર તો ઉતારીએ જી રે!
જાણતલ જોશીડો કૂવામાં ખાબક્યો છે, કૂવાની આરતી ઉતારીએ જી રે!
ભાષાનાં નીર તો આછેરાં ઊંડાં ને, એમાં પહેલું પગથિયું થોડું ગોતવું હોજી!
જળમાં જે ગોતવું છે, એ કળથી ગોતાશે, જળ નાહક ના જોરથી બોટવું હોજી!

ભીતરના દોરડેથી ભાવને સિંચાવો, એમ સીંચણીયે શબ્દો અવતારીએ હોજી!
બીજે ત્રીજે ઊતરીને ડૂબકી ખાવાની છે, નવમું આવ્યું તો ભાગ્યશાળી રે લોલ!
બાકી તો પધરાવી દેવાની હોય છે, નકરા આયાસની જાળી રે લોલ!

નીતરી કવિતાની ગાગર જો છલકે તો, ગાગરની ગાગર ઉતારીએ જી રે!
પણ લીલાંછમ વાક્યોની દાંડી જો તૂટે તો, કેમ કરી દાંડલી સમારીએ જી રે!

ઇતિહાસ

□ ઉર્વશી મનુપ્રસાદ પંડ્યા

કરોળિયાનાં જાળાં ચોફેર.
ખૂણેખાંચરે, ધાનભંડારની કોઠીઓ ફરતે
ભાવથી વસાવેલાં ને ગોઠવેલાં રાચરચીલાં પર
લાંબાં, સુક્કી ચીકાશવાળાં,
અડતાંવેંત તૂટતાં નાજુક જાળાં સમગ્ર તંત્રને તસોતસ બાઝેલાં.

સારા નરસા પ્રસંગો, વાર તહેવારના ઓચ્છવો
મહાદેવ મંદિરે ઘીનાં કમળના નિતનવા શણગાર
બેઠકજીએ વિવિધ હિંડોળા ને અન્નકૂટના મઘમઘાટ.
હજીયે જીવતાં ઢોલ-નગારાં, ઘંટ-ત્રાંસાં, શરણાઈ-પખવાજ ને
મંજીરાને બાઝેલાં મેશકાળાં જાળાં.
ગગનભેદી નાદ, ગંધ-રંગ, કસબી ભાતથી છલોછલ દેવદર્શનો
આજે દર ઋતુએ દીવાનખંડમાં ઓનલાઈન હાજર.

સાગ-સીસમના તોતિંગ પટારામાં પૂર્વજોએ મેળવેલાં
ગાયકવાડી સોના-ચાંદીમઢ્યાં દેશી ખેસ-શાલ-સરપાવો
કિનખાબી બદનો, કેસરી-જાંબલી, રાતાં-પીળાં અબોટિયાં*માં
દરબારી દોર-દમામની ધાક
હજીયે જીવતી મોભ અને બારસાખે બાઝેલાં તપખીરી જાળાંમાં.
કદીક પ્રસંગોપાત્ત કે અકારણ રાજાશાહી ઠાઠવેઠ ઓનલાઈન શોપિંગમાં.

ફૂલ-પાંદની ભાત કોતરેલી લોખંડી પેટીઓમાં દાદી-પરદાદીઓનાં જરી-જરદોશીભર્યાં
કિનખાબી કપડાં અને રેશમી સાળુ-શેલાના સુંવાળા જાજરમાન ભપકા
હજીયે જીવતા બંધ હવડ ઓરડાનાં સાંકળ-નકૂચા અને જામનગરી પિત્તળનાં તાળાં પર
બાઝેલાં રાખોડી જાળાંમાં.
આજે વોર્ડરોબમાં નેપ્થલીન અને સેંડલવૂડ ક્લોથફ્રેશનરથી જળવાયેલાં
બ્રાંડેડ કપડાં લીલાંછમ ઇન્દ્રિયોમાં.

ઘરઆંગણે ચોકમાં બોરસલ્લી કે લીમડાનાં ઝાડ હેઠે ચોતરા પર અણઅટકી વહેતી પરીકથાઓ
પંચતંત્ર, રામાયણ-મહાભારત ગાથાઓના દાયકાઓનાં કૌતુક તરોતાજાં જ્ઞાનતંતુઓમાં
કથાસાગર ભેળો આખેઆખો ઇતિહાસ કિંડલ પેપરવ્હાઈટમાં આંગળાવગો કરી આપ્યો દીકરીને.

*અબોટિયું: પૂજા/હોમ-હવન આદિમાં પહેરવામાં આવતું રેશમી તદ્દન કોરું ધોતિયું જે હવનાદિ પ્રસંગ સિવાય ધારણ કરવામાં ન આવતું હોઈ અણબોટ્યું (અબોટિયું) કહેવાતું.





ગીત : આ કેવો પરપોટો ?!

☐ જિગર જોષી 'પ્રેમ'


આ કેવો પરપોટો?!
જળમાં જન્મે અને સ્વયમ્ જળ વીંઝે કંઈ તલવાર છતાં'યે ઊગે નહીં લીસોટો

અંદરથી જોયું તો જાણે જળનો પ્રવાહ શૂન્ય બનીને બેઠો
આમ બધું ઝળહળતું કિંતુ ઝળહળાટનો ક્યાંય મળે ના નેઠો
ઉકેલ આપોઆપ જડે તો ઠીક નહીંતર જળ-જન્મારો આખો ઠરશે ખોટો

આ કેવો પરપોટો?!
જળમાં જન્મે અને સ્વયમ્ જળ વીંઝે કંઈ તલવાર છતાં'યે ઊગે નહીં લીસોટો

અહો! આવરણ કેવું કોમળ સઘળું એમાં આરપાર દેખાતું
અરધ-પરધ સમજાતું કિંતું સમજાયેલું એક રીતે કેમ વ્યક્ત ના થાતું
પાંદડીઓ સૌ એક પછી એક વિખેરતા જઈએ તો ક્યાંથી મળે એ જ ગલગોટો

આ કેવો પરપોટો?!
જળમાં જન્મે અને સ્વયમ્ જળ વીંઝે કંઈ તલવાર છતાં'યે ઊગે નહીં લીસોટો



અલાદિન ઠાકુરદ્વારમાં

☐ સંદીપ ભાટિયા

અલાદિન રસ્તાને કિનારે
બોજો ઉતારે છે
શું હશે?
શુંનું શુંયે હશે
આ તિલિસ્માતી ચરખામાં?
વિચારે છે.

ખખડી ગયેલો છે.
ઠાકુરદ્વાર ઝાવબાવાડી સુધી
આવતાં તો
અલાદિન પરસેવે રેબઝેબ
બેવડ વળી ગયેલો છે.

ચોરબજારમાં દુકાનદારે
પોતે જાદુ કરીને બતાવ્યો હતો.
બુઢ્ઢી હથેળીઓ ચરખા પર ઘસી
ત્યારે
કિચૂડ કિચૂડ ચકરડાની ધરીમાંથી
'જી મેરે આકા, જી મેરે આકા...' કહેતોક્
જિન બહાર આવ્યો હતો.

મહમ્મદઅલી રોડની પછીતે
ગલીમાં હોટલની બહાર
દેગડામાં બફાતા ભાતની વરાળને
છાતી ભરીને તાકે ફકીરો...
જિન કહે
'આકા, વોહ દિન બીતે'

હરેક ફકીરની પ્લેટમાં જિને
હૈદરાબાદી બિરયાની ભરી હતી.
ચરખો છે તો જાદુઈ,
વાત દુકાનદારની ખરી હતી.

એમાં ભર્યાં હશે
ઘઉંનાં ઉભર ઉભર ગોદામો,
ચાવલનાં લસલસતાં ખેતરો,
ભાખરા નાંગલની વિરાટ ભીંતો...
ભૂખ ક્યાં બચશે કશે...

(પછી બોજ તો વધે જ ને.
કમર તો ઝૂકે જ ને.)

હથેળી ઘસી'તી
ચરખા ઉપર
જિને વીંટાળ્યા'તા તાકા
નાગાપૂગા સૌ અભરખા ઉપર.

સવાસો કરોડ ધાબળા હશે
ચરખામાં.
જિન કપડાની મિલો લઈ
માંહ્ય બેઠો હશે.
મંગળદાસ હશે,
એ મૂળજી જેઠો હશે,
ચરખામાં.

(પછી બોજ તો વધે જ ને.
કમર તો ઝૂકે જ ને.)

અલાદિન ઠાકુરદ્વારની
ફૂટપાથને કિનારે
ફરી
જિનને પુકારે છે.
જિન મિયાં, જાદુ કુછ ઐસા કરો,
બોજ ચરખે કા
થોડા હલકા કરો.
ચરખા વિના તને
ના બોલાવી શકાશે.
સપનાં નાનાંમોટાં
ના સજાવી શકાશે.

મેરે આકા, આ શું બોલ્યા?
હથેળીમાં છું,
વસ્તુમાં નહીં.
પરસેવે ભીંજાતી, ઘસાતી,
દિશાની તમામુક્ત, રસ્તો બદલતી,
હસ્તરેખાની વાંકીચૂકી
કેડીમાં છું.
માલિક, તમારી હથેળીમાં છું.
વસ્તુમાં નહીં,
હથેળીમાં છું,

અલાદિન ઠાકુરદ્વારથી
થોડે દૂર
અમલતાસનાં વૃક્ષો વચ્ચે
બોજો ઉતારે છે.
ચરખો અહીં ખુશ રહેશે
જતાં જતાં વિચારે છે.

આઠ બાવીસની
ચર્ચગેટ ફાસ્ટમાં
ફાવી ગયું છે

હવે અલાદિનને.
'વિન્ડોસીટ ચાહિયે,'
હાથ ઘસે છે
ને કહે છે જિનને.
કાંદિવલી ઠાકુર કોમ્પ્લેક્સથી
પવઈ હીરાનંદાની
શિફ્ટ કરશે
અલાદિન આવતા વરસે.
રંગ બરસે ભીગે ચુનરવાલી
રંગ બરસે...

કઠણાઈના
કાળમીંઢ ખડક ફોડે છે,
મેટ્રો ટનલ ખોદવા
જિન દોડે છે.
એના કપાળે પસીનો બોલે છે,
'મેરે આકા, દિવસો ગયા
રુસ્વાઈના.'

અલાદિન કોસ્ટલ રોડના કિનારે
શું હશે આ તિલિસ્માતી હથેળીમાં
વિચારે છે...



વિડંબના

□ જગદીપ ઉપાધ્યાય

ફાટ્યાં કરતાં વસ્ત્ર સત્યનાં; થાકી જાતા સાંધી,
સારું છે કે વર્તમાનમાં નથી જીવતા ગાંધી!

ગણ તું પ્રશ્નો, ઝઘડા, વિષમતાઓ, વચનો, રાવો;
હું ગણી લઉં ગાંધીજીની છાતી પરના ઘાવો!

દરેક ચૂંટણિયે સાંપડતા અમને ખોટા વાવડ
આ વેળા ઊંચકશે કોઈ ગાંધીજીની કાવડ

કાગળ ઉપર ઠૂંઠાને ફૂટે છે પાન ને કળીઓ,
મારે મતુ એના ઉપર અંધ કોઈ આંગળીઓ!

લોક હતા મુઠ્ઠીભર તોયે હતી મૂલ્યની આંધી!
અબજો પણ સૌ મૂલ્ય વિનાના; ક્યાંથી પાકે ગાંધી?



આમ તો જોકે કંઈ જ નથી

□ પીયૂષ ઠક્કર

આ અહીંથી
પગને પોંચે ઊંચો થઈ થઈને જોઉં છું
દૂર દૂર

આમ તો જોકે કંઈ જ નથી

કદાચ
એક દેરી છે
ક્ષિતિજમાં આસ્તે આસ્તે
ઊતરતી જતી

કદાચ
એક ખુરશી છે કે સિંહાસન ત્રણ પગાળું
ઈશ્વરના સંતાપની જેમ
ખોડંગાતું

કદાચ
કોક દેવે
નાસતાં પહેલાં
ઉતાવળે ઉતારેલાં
લૂગડાં પરના ચળકતા ડાઘ છે

કદાચ
હું ઊભો છું ત્યાંથી
મારી નજર પહોંચે છે ત્યાં લગી
ખેંચાયેલું પડ્યું છે
તરડાતું અંતર
એકમેકને જોડતું-જકડતું કે છૂટવા મથતું
કોક જર્જરિત ધર્મગ્રંથનાં પાનાં જેવું

આમ જુઓ તો
કંઈ જ નથી
કશાયની કશી દીવાલ નથી
જેની પાર પથરાયેલો હોય
એક બીજો સંસાર

તેમ છતાંય
પગને પોંચે ઊંચો થઈ થઈને જોઉં છું
કદાચ ઝાંખું છું, ભીતર
જ્યાં આમ જુઓ તો
કંઈ કરતાં કંઈ જ નથી.

ગઝલ

☐ રિષભ મહેતા

સમજી નથી શકાતો, ઇન્સાન આખ્ખેઆખ્ખો
નીકળી પડ્યા સમજવા ભગવાન આખ્ખેઆખ્ખો!!

માનવસહજ અધૂરપ, અજ્ઞાન એનામાં પણ
કોઈ મને બતાવો વિદ્વાન આખ્ખેઆખ્ખો!

સમજુ સમસ્ત આલમ છે એટલી હદે કે
મેં પણ મને ગણાવ્યો નાદાન આખ્ખેઆખ્ખો!

અસ્તિત્વ આખું એનું છે દિવ્ય મ્હેક જેવું
જાણે કે એ સ્વયં છે લોબાન આખ્ખેઆખ્ખો!

થોડાક અંશ એમાં ભગવાનનાય મળશે
શયતાન હોય છે ક્યાં શયતાન આખ્ખેઆખ્ખો?!



ગઝલ

☐ ગૌરાંગ ઠાકર

સન્માન થયું ત્યારે જો બેધ્યાન થયો હોત,
દુનિયામાં સરળતાથી હું ભગવાન થયો હોત.

પ્રત્યેકમાં શોધું છું મહાદેવ, નહીંતર
મંત્રો બધા મોઢે કરી, વિદ્વાન થયો હોત.

ચૂકવી ન શક્યો હું જ અમીરાઈની કિંમત,
મૂલ્યો મેં મૂક્યાં હોત, તો ધનવાન થયો હોત.

આ યુદ્ધ પછી આપણું સરનામું ભૂલી જાત,
તલવાર તમે ને હું અહીં મ્યાન થયો હોત.

ઉલ્લેખ કર્યો હોત, જો મુખપૃષ્ઠમાં મારો,
હું પાછલા પાને અનુસંધાન થયો હોત.



ગઝલ

☐ ભાવેશ ભટ્ટ

મળ્યું છે જે કૈં વેદનાથી વધારે
છે સોહામણું એ કલાથી વધારે

અગર જો સજાથી મળ્યું કૈંક ઓછું
થયું છે કશું તો ગુનાથી વધારે

ધર્યો વેશ ભગવો પછી આ દશા છે
ફરકતા રહે છે ધજાથી વધારે

તમે માર્ગ બદલો નહીં એને જોઈ
નથી માગતો કૈં દુઆથી વધારે

કશે પણ ગયા ના, જરા પણ હલ્યા ના
છતાં થાક લાગ્યો હવાથી વધારે

મળ્યો દંડ એનો પછી કોડિયાને
જરા ઝળહળાયું દીવાથી વધારે

હતી વાત અંગત ફક્ત બે જણાની
બધાને છે રસ બે જણાથી વધારે

સત્ય

☐ જવાહર બક્ષી

ક્યારેક તો હું સાચો પડીશ
રોજ રાત્રે
સૂતી વેળાએ
ધારું
કે
સવારે ન પણ ઊઠું
પણ
ઊઠું, રોજ સવારે
ને
રોજ રાત્રે
ધારું
એ જ પાછું
ક્યારેક તો હું સાચો પડીશ જ
પણ, હવે
મોડું થઈ ગયું છે
છૂટી ગયો છું શરીરથી
જીવતાં જીવ
એ ઊઠે કે ન ઊઠે
કોઈ ફરક પડતો નથી
સૂવો, બેસો કે ઊઠો
આજની ઘડી તે રળિયામણી
ને રઢિયાળી રાત
પણ સાચો તો પડીશ જ
સત્યમેવ જયતે
એની પોતાની રીતે.



આજની ઘડી કાલનો દિ'

☐ વિનોદ જોશી

આજની ઘડી કાલનો દિ'
ત્યાર પછી ચકલીએ અમથુંયે કર્યું નથી ચીં...

ચકલી તો ચાડિયાએ મારેલું ગપ્પું,
વરણાગી વાયરામાં વીંઝાતું ચપ્પુ;
કોણ હવે કાળઝાળ ચકલીને કહેઃ 'એલ્લી' લી!
આજની ઘડી કાલનો દિ'...

ચકલીએ આસપાસ વીંટાળ્યો ડૂમો,
ચકલીને ચૂમો તો કેમ કરી ચૂમો?
ચકલી તો પાણીમાં પડછાયા જેમ તરફડી!
આજની ઘડી કાલનો દિ'...

ચકલીમાં રહેતી'તી ચકલીઓ જુદ્દી,
ચકલીઓ ધારદાર ચકલી તો બુટ્ટી;
ચકલીની વારતાને સપનાની જેમ ઉતરડી!
આજની ઘડી કાલનો દિ'...

ઋણાનુબંધ

☐ ભરત નાયક



પ્રણામ ભાંબર્ડે
જનનીએ જેમ જનમનાળ
આ જીવને તેં જીવંત એકાંત આપ્યું
તાંબાના રણકાર જેવી તાંબડી માટીના-
સમાધિસ્થ ડુંગરા મઢ્યું અરણ્ય આપ્યું
અરણ્ય એટલેઃ
ઘુવડની તગતગ કીકી અડોઅડ
આંખો મીચી તમાલની ડાળે
હજી હમણાં જ દેવદૂત થઈ અવતરેલા દૂધરાજના
સાવ ધીમા અરવ શ્વાસ સાંભળી રહેલા આ કાન
અઘોરી બાવા જેવા અમાવસના ઘોર અંધારાની પીઠ પસવારતાં ટેરવાં
અષાઢી વૃષ્ટિના આવરણમાં સુદની હળવી હરફર ચાંદની પેખતી આંખો
અને તારું ગાન રચતાંઃ
મારા 'શ્વાસ' શબદ પર આસનસ્થ પતંગાનો
કાગળ પર પથરાયો પડછાયો - એની આગળ ધબકારો ચૂકી જતું આ હૃદય
તારા વિના ક્યાંથી જડે?

•

તારોડિયાના અજવાળાં ઊગ્યાં
બત્તી ડૂલ થઈ પછી ફાનસના શોધકની પ્રજ્ઞા જાગી-
એમાં દૂર દાદુરના એકધારા બોલ મયૂરની ગહેક ભળ્યાં
જેમાંથી રસાયું તારું એકાંત
જનનીએ જેમ જનમનાળ
એમ આ જીવન તેં એકાંત સોંપ્યું
સાષ્ટાંગ પ્રણામ ભાંબર્ડે

ગઝલ

☐ પંચમ શુક્લ

વિદ્યા સહુને જરે નહીં.
મૌન કુપાત્રો ધરે નહીં.

ભોજપત્ર પર લીટેલીટા,
ઋષિજ્ઞાન અવતરે નહીં.

વાદવિવાદે સર્વ જાય તે,
તત્ત્વબોધ તરવરે નહીં.

મધ્યરાત્રિએ મણમણ તોળે,
પ્રાતઃકાળે સ્મરે નહીં.

અહીંતહીં હિરણ્યકશ્યપો,
નૃસિંહ રહ્યા ઉંબરે નહીં.

હાસ્યના પ્રયોગો

☐ શાહબુદ્દીન રાઠોડ



જીવનમાં સત્તા, સંપત્તિ, સુખ અને સમૃદ્ધિની ચરમ સીમા આવે છે ત્યારે અધ્યાત્મ શરૂ થાય છે. જૈન ધર્મના ચોવીસે તીર્થંકરો આનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. બુદ્ધ રાજકુમાર હતા, ભર્તૃહરિ અને ગોપીચંદ રાજવીઓ હતા, સૂફી સંત ઇબ્રાહિમ અહદમ બલ્ખના સુલતાન હતા. આ જ રીતે કરુણતાની જ્યારે ચરમ સીમા આવે છે ત્યારે હાસ્ય નિષ્પન્ન થાય છે. પછી એ સર્વાન્ટીસ હોય, માર્ક ટ્વેઈન હોય, ચાર્લી ચેપ્લીન હોય, વિલિયમ શેક્સપિયર હોય, જ્યોતીન્દ્ર દવે હોય કે પછી ધનસુખલાલ મહેતા હોય.

માનવી જ્યારે ખડખડાટ હસે છે ત્યારે વિચારો બંધ થઈ જાય છે. હસવું અને વિચારવું કદી પણ સાથે થઈ શકે નહીં, એટલે ઓશો કહે છે ''Humour is the enterance of meditation.'' ''હાસ્ય એ ધ્યાનનું પ્રવેશદ્વાર છે.''

કારમા આઘાત અને અસહ્ય દુ:ખો વચ્ચે ગાંધીજી હસી શકતા અને કહેતા પણ ખરા કે ''મારામાં વિનોદવૃત્તિ ન હોત તો મેં આત્મહત્યા કરી હોત.'' એમણે એમ પણ લખ્યું છે કે ''ગંભીરતા વગરનું હાસ્ય અને હાસ્ય વગરની ગંભીરતા બંને વ્યર્થ છે.''

મારું હાસ્ય જન્મજાત છે. એ કુદરતી બક્ષિસ છે. મારો તેમાં કોઈ પુરુષાર્થ નથી. મેં તો માત્ર એ હાસ્યને ઉપરવાળાની અમાનત ગણી સાચવ્યું છે અને લોકોને હસાવવાના શુભ કાર્યમાં તેનો સદુપયોગ કર્યો છે. ગાંધીજીમાંથી પ્રેરણા લઈ ગંભીરતામાં હાસ્ય અને હાસ્યમાં ગંભીરતા લાવવા મેં જે થોડા પ્રયાસો કર્યા છે તેનાં ઉદાહરણો જોઈએ.

મારા ઇન્ટરવ્યુમાં મને પુછાયેલા પ્રશ્નોમાં પણ હાસ્ય સર્જાય છે.

પત્રકાર : તમારું નામ શાહબુદ્દીન છે અને અટક રાઠોડ તો પછી તમારી જાતિ કઈ?

હું : નરજાતિ, પરંતુ આ પ્રત્યુત્તરમાં ગહેરાઈ એ છે કે

मंदिर मस्जिद गिरिजाघर ने बाँट लिया भगवान को ।
धरती बाँटी सागर बाँटा मत बाँटो इन्सान को ।।
हिन्दी है हम वतन है हिन्दोस्ताँ हमारा

આટલી વાત પૂરતી છે.

પત્રકાર : તમારા પત્નીના સ્વભાવ વિશે કાંઈ કહી શકશો?

હું : ના હું ન કહી શકું. તમે માત્ર હું સહનશીલ છું એવી નોંધ કરજો.

એક મહિલા પત્રકાર : તમે તમારાં પત્નીને ઘરકામમાં મદદ કરો છો?

હું : ના બહેન, એ મને મદદ કરે છે.

બીજા પત્રકાર : પત્ની અંગેની કોઈ પ્રસિદ્ધ જોક કરી શકશો?

હું : અબ્રાહમ લિંકન તેમના સેક્રેટરીને એક અગત્યની નોંધ કરાવતા હતા એ વખતે એક સ્ત્રી વચ્ચે કાંઈક ને કાંઈક બોલે. આખરે કંટાળેલા સેક્રેટરીએ કહ્યુંઃ ''સાહેબ, આ કર્કશા છે કોણ?'' લિંકન કહે ''એ મારાં પત્ની છે મેરી ડોટ.'' સેક્રેટરી કહે. ''માફ કરજો સાહેબ મારી ભૂલ થઈ છે.'' લિંકન કહે, ''નહીં, ભૂલ મારી થઈ છે તમે કેમ માફી માગો છો?''

ત્રીજા પત્રકાર : તમે હાસ્યના જુદા જુદા પ્રકારો વર્ણવો છો એમાં Satire આ સેટાયર શું છે? ઉદાહરણ આપી સમજાવશો?

હું : સેટાયર હાસ્યનો પ્રકાર છે, પરંતુ એ ઘણી વાર તીવ્ર બને તો દુઃખો સર્જે છે.

ઉદાહરણ, બર્નાર્ડ શો એક સાંકડા પુલ પરથી પસાર થતા હતા ત્યાં સામેથી તેનો કટ્ટર વિરોધી ચાલ્યો આવતો હતો. શોએ તેને કહ્યું. ''પ્લીઝ મને રસ્તો આપો.'' શોના વિરોધીએ કહ્યું. ''હું ગધેડાને રસ્તો નથી આપતો.''

શો તરત ખસી ગયા અને કહ્યું. ''હું આપું છું.''

બર્નાર્ડ શોનું નાટક લંડનમાં રજૂ થયું. તેણે વડા પ્રધાન વિન્સ્ટન ચર્ચિલને પત્ર લખ્યો એમાં જણાવ્યું, ''મારું નાટક લંડનમાં રજૂ થઈ રહ્યું છે. શનિવારે આપને અનુકૂળ હોય તો અવશ્ય પધારો. આ સાથે હું બે આમંત્રણ પત્ર મોકલું છું એક આપના માટે અને એક આપના મિત્ર માટે (જો કોઈ હોય તો).'' બર્નાર્ડ શોનો કટાક્ષ એ હતો કે રાજકારણમાં શત્રુ પણ નથી હોતા અને મિત્ર પણ નથી હોતા માત્ર સ્થાયી હિત હોય છે.

વિન્સ્ટન ચર્ચિલે ઉત્તર આપ્યો, ''આ શનિવારે હું બિઝી હોવાથી આવી શકું તેમ નથી. આવતા શનિવારે જરૂર પ્રયાસ કરીશ. (જો નાટક ચાલશે તો)''

પત્રકારો વચ્ચે મારા મિત્ર મનહરે વળી પ્રશ્ન પૂછ્યો, ''સારા કામમાં મારે થોડા પૈસા વાપરવા છે તો શું કરવું?''

મેં કહ્યું, ''જેના ઉછીના લીધા હોય તેને પાછા દઈ દે. સારામાં સારું કામ આ જ છે. જેનો વ્યવહાર શુદ્ધ તેનો ધર્મ વિશુદ્ધ.''

पिया पाप न कीजिये पुण्य किया सो बार ।
जो किसी से ना लिया तो दिया सो बार ।।

તાપી નદીમાં પૂર આવ્યું. સમગ્ર સુરતમાં બેહાલી સર્જાઈ, એ વખતે 'સત્સંગ ભજન મંડળ'ના બે જુવાનો સવજી અને મનજી તાપીના પ્રચંડ પ્રવાહને જોઈ રહ્યા હતા. એમાં અચાનક મનજીની નજર તાપીના પ્રવાહમાં તણાતી જતી તબલાંની જોડ પર પડી. મનજીએ સવજીને કહ્યું, ''એલા તબલાંની જોડ તણાતી જાય છે. અને આપણને જરૂર છે ભજન મંડળમાં. થોડું જોખમ જરૂર છે. પરંતુ જોખમ વગર આ જગતમાં ક્યાં કાંઈ મળે છે.'' બંને યુવાન હતા. જુવાનીનું જોમ હતું. બાવડામાં બળ હતું અને જોખમ ખેડવાની ઝંખના મનમાં હતી. સામે જોડનું પ્રલોભન હતું. સવજી અને મનજી ખાબક્યા તાપીમાં અને પહોંચી ગયા તબલાંની જોડ સુધી. જોડ પકડીને ખેંચી પણ વજન ઘણું લાગ્યું પછી બંનેને ખબર પડી કે તબલાંની જોડ પાછળ રામદાસ મા'રાજ હતા. તેમણે જોડ કેડ્યે બાંધી હતી. કોઈ સંતના સામૈયામાં હાલતાં હાલતાં વગાડવા માટે, પછી તો બંનેએ મા'રાજ ને ગોળ ગોળ ફેરવ્યા અને કઢાય એટલું પાણી કઢાવી નાખ્યું.

મા'રાજને સૂવરાવી છાતી પર ભીંસ દઈ વળી થોડું પાણી બહાર કાઢી નાખ્યું. પછી બાજુની સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા, મા'રાજની સારવાર ડો. પટેલ સાહેબે કરી અને મા'રાજ બચી ગયા. ભાનમાં આવ્યા, તેમણે વિગત જાણી સવજી મનજીનો આભાર માન્યો અને છેલ્લે એટલું જ બોલ્યા, ''એકાદિ કળાનો સંગ હોય તો તરી જવાય.'' પછી તો રામદાસ મા'રાજ તબલાંની જોડ સાથે સત્સંગ ભજન મંડળમાં જોડાઈ ગયા.

પ્રેમજી અને ધનજી મોતીચંદ શેઠના 'ગુરુકૃપા' બંગલાની દીવાલ પર શેઠના પરિવારના સભ્યોના ફોટા ભીંત પર લગાડી રહ્યા હતા. પ્રેમજી ફોટો પકડીને દીવાલ પાસે ઊભો રહેતો અને ધનજી ડાબા હાથે પકડેલ ખીલી માથે જમણે હાથે ઠબકારી ફોટો લગાડી દેતો. આ કામ ચાલું હતું એમાં હાથમાં ખીલી જોઈ ધનજી વિચારે ચડી ગયો. તેણે પ્રેમજીને કહ્યું. ''આ જો કંપનીવાળા કેવા મૂરખ છે. આ ઊંધી ખીલી કાઢી. આ ખીલીને ટોપકું અંદર છે અને ખીલીની અણી બહારની બાજુએ છે.'' પ્રેમજીએ ખીલીનું નિરીક્ષણ કરી ધનજીને કહ્યું, ''કંપનીવાળા મૂરખ છે કે તારામાં અક્કલ નથી. આ ખીલી આ ભીંતની નથી, સામેની ભીંતની છે.''

ધનજીને પ્રેમજીની વાત વ્યાજબી લાગી. એ બંને ફોટો લઈ ચાલતા થયા અને ડાબી તરફની ભીંતે લગાડવાનો પ્રેમચંદ શેઠનો ફોટો જમણી તરફની ભીંત પર લગાડ્યો. કેટલું હાસ્યાસ્પદ આ લાગે છે? પણ માનવીના જીવનમાં આમ જ બને છે. એ આખી જિંદગી ભીંત્યુ બદલ્યા કરે છે માત્ર અવળી પકડેલી ખીલી સવળી નથી કરી શકતો, કારણ કે એ અહમ્‌ની ખીલી છે. જગતમાં જે યુદ્ધો થયાં છે એ

માત્ર સત્યને માટે નથી થયાં. 'મમસત્ય' હું કહું એ સાચું એવા અહમ્‌ને લઈ થયાં છે. એટલે સૂફી સંત અલ હિલાજ મન્સૂર કહેતા,

अगर है शौक मिलने का तो हरदम लौ लगाता जा ।

जलाकर खुद नुमाई को भसम तन पर लगाता जा ।।

મારા મિત્ર નટવરલાલ વ્યાસને સિતાર શીખવાની ઝંખના જાગી, નટુએ સિતાર શીખવાનો મંગલ પ્રારંભ પણ કરી દીધો, સવારના નિત્ય કર્મોથી નિવૃત્ત થઈ સ્નાન કરી સફેદ વસ્ત્રોમાં સજ્જ થઈ સરસ્વતીની શ્વેત પ્રતિમા સામે ગોઠવાઈ, સરસ્વતીને પ્રણામ કરી, સિતારને મસ્તક અડાડીને નિષ્ઠાપૂર્વક રિયાજ શરૂ કરતો, હવે નટુની ગમે તે સમજણ હોય, એ ધીરજપૂર્વક માત્ર એક જ તાર વગાડતો. ટીન, ટીન, ટીન... તેની પત્નીએ કંટાળીને એક દિવસ કહ્યુંઃ ''શું ટીન ટીન કર્યા કરો છો? કોઈ સિતાર વગાડતા હોય તેને જોવો તો ખરા કેટલા તાર વગાડે છે અને કેટલા ઝડપથી વગાડે છે. અમુક તો ઝણઝણાટી બોલાવે છે.'' પોતાની સાધનામાં વિક્ષેપ કરનાર પત્નીના અજ્ઞાન પરી હસી નટુએ પરમ શાંતિથી કહ્યું. ''એ બધા તાર ગોતવા માટે ફાંફા માર્યા કરે છે અને મને જડી ગયો છે.''

નટુનો સ્વભાવ રમૂજી ખરો. એ ઘણી વાર કહેતો. ''હસો, હાસ્ય એ આત્માનું સંગીત છે.''

નટુએ ભલે મજાકમાં કહ્યું હોય, પરંતુ એમાં તથ્ય તો છે જ.

જીવતરના તાર જેને જડી જાય છે તેને તો પછી-

तन के तंबुरे में सासों के तार बोले । जय राधे श्याम, श्याम जय सियाराम ।।

પિટર મારિત્સબર્ગ શહેરનું નામ પીટર રેટિફ અને ગેરિટ મારિત્સ નામના બે ગોરા યોદ્ધાઓનાં નામ પરથી પડ્યું છે.

આ શહેર નાતાલની રાજધાની છે અને દરિયાની સપાટીથી 2200 ફીટની ઊંચાઈએ છે.

અત્યારે તો પીટર મારિત્સબર્ગ એક તીર્થસ્થાન બની ગયું છે. આ જ સ્ટેશન પર ગાંધીજીને જે યાતનામાંથી પસાર થવું પડ્યું એ પ્રસંગ-એમના જીવનમાં બનેલા સૌથી મહત્ત્વના પ્રસંગોમાંનો એક હું રજૂ કરું છું.

અમેરિકન મિશનરી જોન મોટે જેણે ગાંધીજીનું જીવનચરિત્ર લખ્યું છે તેમણે ગાંધીજીને એક પ્રશ્ન પૂછ્યો. આપની જિંદગીનો સૌથી વધુ ઘડતર કરનાર - Most creative experience સૌથી વધુ સર્જનાત્મક અનુભવ કયો?

ગાંધીજીએ કહ્યુંઃ ''જીવન ઘડતરના ઘણા અનુભવોમાં પીટર મારિત્સબર્ગ સ્ટેશને કડકડતી ઠંડીમાં રાત ગાળેલી એ રાતનો અનુભવ સૌથી મોખરે આવે.'' હવે પીટર

મારિત્સબર્ગનો પ્રસંગ વિગતવાર જોઈએ.

દાદા અબ્દુલ્લા અને તેમના નિકટના સગા તૈયબ હાજી ખાન મહંમદ વચ્ચે ચાલીસ હજાર પાઉન્ડના દાવાના કેસમાં અબ્દુલ્લા શેઠે રોકેલા વકીલો અને બેરિસ્ટરોને મદદરૂપ થવા દક્ષિણ આફ્રિકાનું આમંત્રણ મળ્યું અને 1893ના એપ્રિલમાં ગાંધીજી હોંશભર્યા તેમનું નસીબ અજમાવવા આફ્રિકા જવા રવાના થયા.

ડરબન પહોંચ્યા, અબ્દુલ્લા શેઠને મળ્યા, કેસની વિગત જાણી. દાદા અબ્દુલ્લાના પરિવારજનો ને મિત્રો-સ્નેહીઓને મળી સાત-આઠ દિવસ પછી ડરબનથી સાંજની ટ્રેનમાં ફર્સ્ટ ક્લાસમાં પ્રિટોરિયા જવા રવાના થયા. તેમને ડરબનથી પ્રિટોરિયા ત્યાંથી ચાર્લ્સટન અને તેનાથી આગળ જોહાનિસબર્ગ જવાનું હતું. હવે પછીની ઘટના તેમના જ શબ્દોમાં. "નાતાલની રાજધાની મારિત્સબર્ગમાં ટ્રેન નવેક વાગે પહોંચી. અહીં પથારી આપવામાં આવતી હતી. કોઈ રેલવેના નોકરે આવી પૂછ્યું." "તમારે પથારી જોઈએ છે?" મેં કહ્યું. "મારી પાસે પથારી છે."

તે ચાલ્યો ગયો. દરમિયાન એક ઉતારુ આવ્યો. તેણે મારી સામે જોયું. મને ભાતીગર જોઈ મૂંઝાયો, બહાર નીકળ્યો. એક-બે અમલદારોને લઈ આવ્યો. તેણે કહ્યું. "આમ આવો તમારે છેલ્લા ડબામાં જવાનું છે." મેં કહ્યું. "મારી પાસે પહેલા વર્ગની ટિકિટ છે." પેલાએ જવાબ આપ્યો. "તેની ફિકર નહીં. હું તમને કહું છું કે તમારે છેલ્લા ડબામાં જવાનું છે." હું કહું છું કે મને આ ડબામાં ડરબનથી બેસાડવામાં આવ્યો છે. અને હું તેમાં જ જવા ધારું છું." અમલદાર બોલ્યો. "એમ નહીં બને તમારે ઊતરવું પડશે ને નહીં ઊતરો તો સિપાઈ ઉતારશે." મેં કહ્યું. "ત્યારે ભલે સિપાઈ ઉતારે, હું મારી મેળે નહીં ઊતરું." સિપાઈ આવ્યો તેણે હાથ પકડ્યો ને મને ધક્કો મારીને નીચે ઉતાર્યો. મારો સામાન ઉતારી દીધો. મેં બીજા ડબામાં જવાની ના પાડી. ટ્રેન રવાના થઈ, હું વેઈટિંગ રૂમમાં બેઠો. મારો હાથ પાકીટ સાથે રાખ્યો. બાકી સામાનને હું ન અડક્યો. રેલવેવાળાએ સામાન ક્યાંક મૂક્યો.

આ મોસમ શિયાળાની હતી. દક્ષિણ આફ્રિકાનો શિયાળો ઊંચાણના ભાગોમાં બહુ સખત હોય છે. મારિત્સબર્ગ ઊંચા પ્રદેશમાં હતું તેથી ટાઢ ખૂબ લાગી. મારો ઓવરકોટ મારા સામાનમાં હતો. સામાન માગવાની હિંમત ન ચાલી. ફરી અપમાન થાય તો? ટાઢે થથર્યો.

મેં મારો ધર્મ વિચાર્યો... કાં તો મારે મારા હકોને સારુ લડવું અથવા પાછા જવું નહીંતર અપમાનો થાય તે સહન કરવાં ને પ્રિટોરિયા પહોંચવું અને કેસ પૂરો કરીને દેશ જવું. કેસ પડતો મૂકીને ભાગવું એ તો નામર્દી ગણાય."

આ કારમો આઘાત ગાંધીજીના હૈયાસોંસરવો નીકળી ગયો અને જે વેદના જન્મી

તેમાંથી સત્યાગ્રહનું બીજ રોપાયું. તેનો સફળ પ્રયોગ થયો દક્ષિણ આફ્રિકામાં, અને ત્યાર પછી થયો ભારતમાં. તા. 31 મે 1893ની પીટર મારિત્સબર્ગની ઘટનાએ આફ્રિકા અને ઇન્ડિયાનો ઇતિહાસ બદલી નાખ્યો.

જે ધક્કો મારી ગાંધીજીને મારિત્સબર્ગ રેલવે સ્ટેશન પર ઉતારી મૂકવામાં આવ્યા એ ધક્કો ખરેખર લાગ્યો બ્રિટિશ સામ્રાજ્યને. તેના અંતનો આરંભ શરૂ થયો. અને આખરે તા. 15 ઓગસ્ટ 1947ના રોજ બ્રિટિશ સલ્તનતને હિન્દુસ્તાનના સિંહાસન ઉપરથી ઊતરી જવું પડ્યું. ગીતાનો નિષ્કામ કર્મયોગ ગાંધીજીએ જીવનમાં જીવી બતાવ્યો. ■

લગે રહો, મુન્નાભાઈ!

☐ રતિલાલ બોરીસાગર



[**મુ**ન્નાભાઈ હમણાં ગુજરાતમાં રહે છે. એક દિવસ ગાંધીબાપુ મુન્નાભાઈને મળવા આવ્યા, અને...]

'મુન્નાભાઈ...!'

'અરે, ગાંધીબાપુ! ક્યાં છો તમે?!'

'આ તારી મોટરમાં જ, તારી બાજુની સીટમાં...!'

'વોટ અ હેપી સરપ્રાઈઝ...!'

'અરે, તું અંગ્રેજીમાં કેમ બોલવા માંડ્યો? અહીં ગુજરાતમાં તો ગુજરાતી સાંભળવા મળવું જોઈએને?'

'શું છે, બાપુ, હવે ગુજરાતમાં ચોખ્ખું ગુજરાતી બહુ સાંભળવા નહીં મળે. અહીં હવે બાળકો ઇંગ્લિશ મીડિયમમાં ભણે છેને, એટલે! એ બાળકો ચોખ્ખું અંગ્રેજી પણ નથી બોલતાં અને ચોખ્ખું ગુજરાતી પણ નથી બોલતાં. પણ... ઇંગ્લિશમાં બોલવા માટે સોરી!'

'તમે લોકો દિલગીર પણ હવે અંગ્રેજીમાં થાઓ છો?'

'હા, બાપુ!'

'બાળકોને અંગ્રેજી જરૂર શીખવો, પણ અંગ્રેજી માધ્યમમાં ભણાવો છો શા માટે? આ તો બહુ સાદી વાત છે.'

'તમને સાદી લાગે છે, બાપુ! પણ અત્યારે ગ્લોબલાઈઝેશનનો યુગ છે. બાપુ, આ ગ્લોબલાઈઝેશનનું પણ કંઈક ગુજરાતી છે, પણ બહુ અઘરું છે એટલે યાદ નથી

રહેતું. પણ શું છે, 'Now world has become a global village.' એટલે એમાં ગુજરાતીમાં ભણ્યે કોઈનો દી' ન વળે!'

'મુન્નાભાઈ, તમે તો કેળવણીકાર હો એ રીતે વાત કરો છો!'

'હું તો કેળવણીકાર નથી, પણ જે લોકો સેલ્ફ ફાઈનાન્સવાળી સ્કૂલો ચલાવે છે એ લોકો, કેળવણીકારો જ ગણાય છે. એમની કંપનીને લીધે આવું બધું આવડે છે!'

'સેલ્ફ ફાઈનાન્સવાળી સ્કૂલો એટલે?'

'એનુંય કંઈક ગુજરાતી છે. પણ એય બહુ અઘરું છે. પણ આવી શાળાઓ ગવર્નમેન્ટની હેલ્પ નથી લેતી!'

'તો સમાજની મદદથી ચાલે છે? સમાજ દાન આપે છે? એ તો બહુ સારું કહેવાય.'

'તમે ધારો છો એવું નથી. પણ સમાજની મદદથી ચાલે છે એમ કહેવાય ખરું. માત્ર સમાજ એટલે વાલી-સમાજ. આવી શાળાઓની ફી એટલી ઊંચી હોય છે કે વાલી-સમાજમાંથી પણ થોડા જ વાલીઓને પોસાય છે!'

'આ તો બધું બહુ ગરબડિયું કહેવાય.'

'બીજી બધી શાળાઓ તો ઠીક; પણ તમારી વિચારસરણીને વરેલી કેટલીક શાળાઓએ પણ ગુજરાતી, ઉપરાંત ઇંગ્લિશ મીડિયમના વર્ગો શરૂ કર્યા છે!'

'કેમ?'

'ગુજરાતી મીડિયમના વર્ગોમાં પૂરતી સંખ્યા નથી થતી. એટલે એમ કર્યા વગર છૂટકો નથી.'

'પણ દૂધની દુકાન ચાલતી ન હોય તો દારૂની દુકાન ચાલુ થોડી કરાય? - હા, પણ ગુજરાતમાં દારૂબંધી તો ચાલુ છેને!'

'ચાલુ તો છે!'

'કેમ મોળું-મોળું બોલે છે?'

'એવું છેને, બાપુ, કે ગુજરાતમાં પણ દારૂ છૂટથી પિવાય છે એવું કહેવાય છે. ગુજરાતમાં અનાજની, પાણીની, ખાંડની, પેટ્રોલની વગેરે વગેરેની તંગી હોવાની બૂમો ઊઠી છે. પણ ક્યારેય દારૂની તંગી પડી હોય એવું જાણ્યું નથી. ને તોય બાપુ જેવી છે એવી પણ દારૂબંધી છે એ સારું છે.'

'કેમ?'

'દારૂબંધી ન હોત તો તમારો આ મુન્નો પણ દારૂ પીતો હોત ને તો પછી કયા મોંએ તમારી સાથે વાત કરત! હા, પણ બાપુ, આ ટ્રાફિકમાં મારાથી તમને પ્રણામ પણ નથી થયા. અને હવે આપણે આશ્રમ રોડ પર આવ્યા. અહીં તો એવો ભરચક ટ્રાફિક હોય છે કે મારે બરાબર ધ્યાન રાખીને ગાડી ચલાવવી પડશે. પણ બાપુ,

તમારો 'કોચરબ આશ્રમ', ખાદી ભંડારો, 'નવજીવન', 'ગૂજરાત વિદ્યાપીઠ', 'સાબરમતી આશ્રમ' - બધું આ રોડ પર આવેલું છે. આ રોડ પર ચાલીને જ તમે દાંડી ગયેલા.'

'આજે તો હું એકલોય આ રોડ પર ચાલીને ન જઈ શકું.'

'એ ખરું છે, બાપુ! પણ આજે જે રીતે મિનિસ્ટરો ને વી.આઈ.પી.ઓ આવા રોડ પરથી પસાર થાય છે ત્યારે ટ્રાફિક રોકીને એમને રસ્તો કરી દેવામાં આવે છે એ રીતે તમારું નામ હજુ બધા જાણે છે એટલે કદાચ તમારા માટે પણ ખાસ કિસ્સા તરીકે એવું કરવા દેવામાં આવે, પણ ખરું. પણ કાયદામાં આવી કોઈ જોગવાઈ ન હોવાને કારણે આવી મંજૂરી કોણ આપે તે પ્રશ્ન તો ઊભો થાય - ને ત્યાં સુધી તમારે રાહ જોવી પડે! કોઈ ચોક્કસ તારીખે ચાલવાનું નક્કી કર્યું હોય તો મંજૂરી મળતાં સુધીમાં એ તારીખ વીતી પણ જાય!'

'પણ હું આવી મંજૂરી માગું જ નહીંને! લોકોને મુશ્કેલી પડે એવું મારાથી થાય જ નહીં!'

'એટલે જ તમે ક્યારેય વી.આઈ.પી. થઈ શક્યા નહીંને!'

'પણ હા, મુન્નાભાઈ, સત્ય અને અહિંસાનું કેમનું છે?'

'બાપુ, હું તમારી જેટલો નિર્ભય નથી. અહિંસાની મીમાંસા કરવા જતાં કોઈ મારી હિંસા કરવા પ્રેરાય તેવો સંભવ છે એટલે ઓછામાં ઓછી એક હિંસા રોકવાના શુભાશયથી હું તમને અહિંસાની વાત કરતો નથી. પણ બહુ ટૂંકમાં કહું તો તમારો એકેય સિદ્ધાંત તમને સંતોષ થાય એ રીતે અમે પાળતા નથી - એમ કહેવું એ તો સાચું છે જ. પણ બાપુ, એ તો ચાલ્યા કરે - બહુ જીવ ન બાળશો.'

'મારો જીવ જ ભગવાને એવો બનાવ્યો કે આવું સાંભળીને બળવાનો. પણ મને લાગે છે કે જેવી સ્થિતિ હું મૂકીને ગયો હતો એવી જ રહી લાગે છે.'

'ના બાપુ વધારે બગડી છે. પણ બાપુ, વચ્ચે તો ક્યાંય ગાડી રોકાય એમ નહોતી. ઇન્કમ ટેક્સ સર્કલ પર તમારું પૂતળું મૂક્યું છે તે મારે તમને બતાવવું હતું, પણ ચાર રસ્તાના સિગ્નલ પાસે ગાડી રોકવાની ન થઈ એમાં ન બતાવાયું.'

'મને મારાં પૂતળાં જોવાનો રસ પણ નથી. પણ અલ્યા, ઇન્કમ ટેક્સ પાસે મારું પૂતળું કેમ મૂક્યું? મારી ઇન્કમ તો ક્યારેય ટેક્સ ભરવા જેટલી હતી જ નહીં!'

'બાપુ, ગુજરાતી ભાષામાં વિનોદ ભટ્ટ નામના મોટા હાસ્યલેખક હતા. ઇન્કમ ટેક્સના ચાર રસ્તા પાસે પોતડીભેર ઊભેલા તમારા પૂતળાના સંદર્ભમાં એમણે લખ્યું છે કે 'ફુલ ડ્રેસ પહેરેલો માણસ ઇન્કમ ટેક્સની કચેરીમાંથી બહાર આવે ત્યારે પોતડીભેર થઈ જાય એવો સંભવ છે. આ સંભવિતતાને ધ્યાનમાં રાખીને ત્યાં તમારું પૂતળું મુકાયું છે. પણ હા, બાપુ, હવે તો આપણે છેક તમારા 'સાબરમતી આશ્રમ'

પાસે આવી ગયા. આશ્રમમાં જવું છે?

'મુન્નાભાઈ, મારે આશ્રમમાં નથી જવું.'

'કેમ?'

'સ્વરાજ ન મળે ત્યાં સુધી આશ્રમમાં પગ ન મૂકવાની મેં પ્રતિજ્ઞા લીધી હતી.'


'પણ હવે તો સ્વરાજ મળી ગયું છે.'

'આ મારી કલ્પનાનું સ્વરાજ નથી!'

'હા, બાપુ! અરે, બાપુ, તમે ક્યાં ગયા? જતા રહ્યા? હું બોલાવું ત્યારે તો આવશોને, પાછા!' ■

ગાંધીજી

☐ વિનોદ ભટ્ટ



ગાંધીજયંતી, બીજી ઓક્ટોબરે કેટલાક ગાંધીભક્તો ઘરના માળિયામાં પડેલ રેંટિયો, વિકલ્પે તકલીને - આ બેમાંથી એકેય ન જડે તો છેવટે ખાદીની આંટી મેળવી મન મનાવે છે ને 30મી જાન્યુઆરી, ગાંધીનિર્વાણ દિને સવારે 11 વાગ્યે, અઘરું લાગવા છતાં બે મિનિટ પરાણે મૌન પાળે છે અને બીજી ઓક્ટોબર રવિવારના દિવસે આવે ત્યારે એક રજા વધેરાઈ ગયાનો શોક સરકારી કર્મચારીઓને થાય છે. કેટલાંક સરકારી યુનિયનો તો સરકાર સમક્ષ એવી માગણી કરવાનાં છે કે ગાંધીજયંતી ભલે રવિવારના દિવસે આવે, એની રજા સરકારે ચાલુ દિવસે મજરે આપવી. ગાંધીબાપુ એકલા તમારા - નેતાઓના જ હતા? એમની જોડે અમારા કોઈ સંબંધ જ નથી?

ગાંધીજીના પિતા કરમચંદ ગાંધી ભારતના વડા પ્રધાન ન હોવા છતાં મોહનદાસ ગાંધી, કોઈની પણ કૃપા કે લાગવગ વગર 'રાષ્ટ્રપિતા' કેવી રીતે બની શક્યા એનુંય ઘણાને આશ્ચર્ય છે. તે રાષ્ટ્રપિતા હતા એ અંગે પણ રહી રહીને, આટલાં વર્ષ બાદ પણ શંકા કરાય છે. વચ્ચે એક આર. ટી. આઈ (રાઈટ ટુ ઇન્ફોર્મેશન)માં કોઈ કુતૂહલપ્રિય આત્મા દ્વારા સરકારને પૂછવામાં આવેલું કે આ ગાંધીજીને રાષ્ટ્રપિતા કોણે બનાવેલા? ત્યારે 'અમે નહોતા બનાવ્યા' જેવી નિર્દોષતા સરકારે દર્શાવી હતી. પણ મારા ગીધુકાકા કહે છે કે કોઈકે તો તેમને રાષ્ટ્રપિતા બનાવ્યા હશે, બાકી રજનીશજીની પેઠે તે પોતાની મેળે (ભગવાન, ઓશો, મહાત્મા કે પછી) રાષ્ટ્રપિતા

નહીં બન્યા હોય. એને માટે માર્કેટિંગ કરતાં આવડવું જોઈએ. બાપુ એમાં કાચા પડે!

બાપુના જન્મની જેમ તેમના મરણ અંગે પણ અમુક લોકો અલગ અલગ કારણો આપે છે. તેમાંનું એક કારણ, તેમણે ત્રણ વાંદરા પાળ્યા હતા એ હતું. કોઈનું બૂરું જોવું નહીં, બૂરું સાંભળવું નહીં કે બૂરું બોલવું નહીં. બાપુનું સુકલકડું શરીર જોતાં લાગે કે એ તો ફક્ત એક જ ગોળીના ઘરાક છે. તેમના માટે ફક્ત એક જ ગોળી કાફી હતી ને ગોડસે આમ તો જરા પણ ઉડાઉ ન હતો તો પણ તેણે ત્રણ-ત્રણ ગોળીઓ છોડી હતી, કેમ કે તેને આ ગોળીઓનો હિસાબ કોઈને આપવાનો ન હતો. ગાંધીબાપુની સાથે પેલા ત્રણ વાંદરા પણ વિના વાંકે, વગર ગોળીએ, બસ એમ જ, વીંધાઈ ગયા. એ દિવસ પછી હવે કોઈ નઠારું જોવા, સાંભળવા કે બોલવા અંગે કશુંય બોલે છે? એ બંદરોનેય કોઈ યાદ કરે છે?

તો ઔષધી નિયમન ખાતામાં કામ કરતા મારા એક મિત્રે આપેલ માહિતી પ્રમાણે વાતવાતમાં ઉપવાસ પર ઊતરી જવાની ટેવને લીધે બાપુના શરીરમાં ઘણી અશક્તિ આવી ગયેલી! તે એટલે સુધી કે તેમની લાકડી પણ અશક્તિને લીધે વાંકી વળી ગયેલી! તેમના કોઈ પરમભક્તને તેમણે વણમાગી સલાહ આપી કે બાપુ, તમે કાયમ દેશી ઓસડિયાં વાપરો છો ને આયુર્વેદિક ઉપચારો જ કરો છો, ને એનો બહુ પ્રચાર પણ કરો છો, એ કરતાં ક્યારેક એલોપથી અજમાવતા હો તો? એલોપથીના ડોક્ટરોના પેટ પર પાટું મારવામાં સૂક્ષ્મ હિંસા ન થાય? પેલા ભક્તની સૂક્ષ્મ હિંસાવાળી વાત બાપુના ગળે શીરાની જેમ ઊતરી ગઈ (બાય ધ વયે, બાપુને ડાયાબિટીસ નહોતો એટલે તો શીરા જેવો શીરો પણ ગળે ઉતારવામાં તેમને તકલીફ ન હતી. જોકે તેમને વેઢમી યાને પૂરણપોળી વધારે ભાવતી એવું કસ્તૂરબાએ કહ્યું છે.) વળી બાપુ જિદ્દી છે એવી કાયમી છાપ પ્રજામાં ન પડે એ માટે તેમણે 'મલ્ટિવિટામિન'ની ગોળીઓ ઝડપભેર ખાઈ લીધી ને પરિણામે ન થવાનું કે પછી થવાનું હતું એ થઈ ગયું. એ ગોળીઓના સેવનને લીધે રિએક્શન આવવાથી ગાંધીબાપુ દેવલોક પામ્યા.

આ વાત આપણને એટલા માટે માનવી ગમે છે કે દવાઓમાં થતી ખતરનાક ભેળસેળની આપણને જાણ છે. જેમ કે બેગોન્સ સ્પ્રે નામની દવા. પણ આ દવા લેવાથી એ જંતુઓના મુકાબલે માનવજંતુઓ વધારે પ્રમાણમાં મરતાં હોય છે એની જાણ આપણને મચ્છરો દ્વારા નહીં, પણ છાપાં દ્વારા છાસવારે થતી રહે છે.

* * *

ગાંધીબાપુના પૌત્ર તુષાર ગાંધીના નોંધવા પ્રમાણે બાપુએ કસ્તૂરબા આગળ એક વાર વેદના સાથે કબૂલેલું કે, 'જીવનમાં મને, મારા પોતાના જ માનેલા બે જણાએ હરાવ્યો છે. એક તો મારા જ મુલક કાઠિયાવાડનો, જેને હું સારો મિત્ર ગણતો હતો

એ મહમ્મદઅલી ઝીણાએ, (ખરી વાત છે. ઝીણાભાઈએ તો ભારત અને પાકિસ્તાન બંનેને એકબીજાના કટ્ટર શત્રુ બનાવી દીધા.) અને બીજા આપણા પેટ હરિલાલે.' એમાં પણ હરિલાલનો નામોલ્લેખ કરતી વખતે તેમને અતિ તીવ્ર વેદના થઈ હશે. નથ્થુરામ ગોડસેએ તેમની છાતીમાં ત્રણ-ત્રણ ગોળીઓ ધરબી દીધી ત્યારે પણ નહીં થઈ હોય એટલી પીડા તેમને તેમના સૌથી મોટા પુત્ર હરિલાલે પહોંચાડી હશે. હરિલાલની પિતા સામેની ગંભીર ફરિયાદ એ હતી કે, 'અમારા તરફ ધ્યાન જ અપાયું નથી. એમણે અમને કોઈ જાતનું, કોઈ દિવસ ઉત્તેજન નથી આપ્યું.' એમ તો મારા પિતાએ પણ મને ક્યારેય કશાનું ઉત્તેજન નહોતું આપ્યું. હા, મારા તરફ ક્યારેક ધ્યાન આપતા ખરા. હું અડફેટે ચડી જઉં તો એકાદ થપ્પડ વળગાડી દેતા, પરંતુ એ નવોદિત પિતા હતા એટલે આપણે તેમને વધુ તો શું કહી શકીએ! કહેવા જતાં આડા હાથની બીજી બે પડી જાય. જોકે, એ વખતે હું બહુ તોફાની હતો. મને સુધારવા માટે જ તે મેથીપાક આપતા હશે એવું આજે સમજાય છે.

અલબત્ત, ગાંધીબાપુના એક પણ દીકરાએ એવી ફરિયાદ નથી કરી કે બાપુએ અમને નાનપણમાં લાકડીએ-લાકડીએ ફટકારેલા. એ રીતે બાપુ અહિંસક હતા.

હા, પાછા મૂળ વાત પર આવીએ તો બાપુએ હરિલાલને બેરિસ્ટર થવા ન મોકલતાં તેમની ત્રીજી પેઢીના ભત્રીજા છગનલાલને વધારે લાયક ગણીને તેને બેરિસ્ટર થવા યુરોપ મોકલી આપ્યો. જોકે આ લખનારને લાગે છે કે ગાંધીબાપુ પોતાના બેરિસ્ટર થવા થનગનતા પુત્રની શક્તિ, એટલે કે અશક્તિ ચોક્કસ જાણતા હશે? (પૂરક માહિતીઃ હરિલાલ મેટ્રિકમાં ત્રણ વખત નાપાસ થયા હતા.) આ અંગે હરિલાલે ગાંધીબાપુને પૂછેલું કે, 'અમે તમારા દીકરા છીએ એ જ અમારો ગુનો? અમને અમારી લાયકાત બતાવવાની તક નહીં આપવાની?'

* * *

ગાંધીજીને કારણે કદાચ વધુમાં વધુ સહન કરવાનું કસ્તૂરબાના ભાગે આવ્યું છે. ગાંધીજીના ઘણાખરા આગ્રહો સત્યાગ્રહ જેવા હતા, એમાંનો એક ખાદી પહેરવાનો, પહેરાવવાનો પણ. મોરારજીભાઈ દેસાઈએ જ તે વડા પ્રધાન હતા એ ગાળામાં બાપુના ખાદી-પ્રેમનો એક કિસ્સો જાહેર કર્યો હતો. બાપુ સાથે એક વાર તે તિથલમાં હતા. તેમણે બાપુને કહ્યું કે તમારી હજામત બહુ વધી ગઈ છે, તમારે વાળ કપાવવા જોઈએ. મોરારજીભાઈના કહ્યા પછી ગાંધીજીને પણ લાગ્યું કે હજામત ખરેખર વધી ગઈ છે. તેમણે તિથલમાંથી એક નાઈ શોધી લાવવાની કામગીરી મોરારજીભાઈને સોંપી. સાથે શરત મૂકી કે એ નાઈ ખાદીનાં વસ્ત્રો પહેરતો હોવો જોઈએ. એટલું વળી સારું હતું કે બાપુએ એવું ઉમેર્યું નહોતું કે તે ખાદીનાં વસ્ત્રો પહેરતો હોય એટલું જ નહીં, તે

ખાદીનો અસ્ત્રો પણ વાપરતો હોવો જોઈએ! મોરારજીભાઈ આખુંય તિથલ ખૂંદી વળ્યા, પણ તેમને ખાદીનાં વસ્ત્રો પહેરતો હોય એવો નાયી હાથ ન લાગ્યો. બાપુ પાસે આવી તેમણે માહિતી આપી કે ખાદીનાં કપડાં પહેરતો કોઈ નાઈ મને જડ્યો નથી, પણ હું પોતે ખાદીનાં કપડાં પહેરું છું ને મને હજામત કરતાંય આવડે છે, તમે કહેતા હો તો તમારી હજામત કરી દઉં. બાપુએ હસીને કહ્યું કે થઈ જાય! અને મોરારજીભાઈએ તેમની હજામત કરી નાખી. આ વાંચીને અમે ગાંધીબાપુની પરખ માટે મનોમન તેમને અભિનંદન આપ્યા હતા. (મોટા માણસ અને નાના માણસ વચ્ચેનો જે ફરક છે તે આ છે, મોટો માણસ કોઈ વાત મનથી પકડે અને તેને વળગી રહે તો એ તેની સિદ્ધાંતપ્રિયતા, દૃઢતા કે અડગતા ગણવામાં આવે છે, પરંતુ કોઈ નાનો માણસ પોતે માની લીધેલી વાતને જો વળગી રહે તો એને તેની જડતા લેખવામાં આવે છે!)


જે માણસ તેમનું વત્તુ કરનાર પણ ખાદી પહેરે એવો આગ્રહ રાખતો હોય તે કસ્તૂરબાને આમાંથી શેનાં બાકાત રાખે! ગાંધીજી એ દિવસોમાં અમદાવાદના આશ્રમમાં રહે, ક્યારેક તેમની ખબર પૂછવા બળવંતરાય ઠાકોર - કવિ શ્રી બ. ક. ઠા. આવે. ગાંધીજીના મોટા ભાઈ બ. ક. ઠા.ના મિત્ર, મો. ક. ગાંધી કોલેજમાં દાખલ થયા ત્યારે તેમના ભાઈએ બળવંતરાયને કહ્યું હતું કે મારા નાના ભાઈનું ધ્યાન રાખજો. ત્યારથી એ ધ્યાન રાખતા ને અમદાવાદ આવે ત્યારે તેમને મળવા પણ જતા. એ રીતે એક વાર તેમણે કસ્તૂરબાને પૂછ્યું કે કસ્તૂરબાઈ, તમને મોહન કનડતો તો નથીને? કોઈ તકલીફ નથીને? ત્યારે કસ્તૂરબાએ હળવાશથી જણાવ્યું કે ખાદીના આ વજનદાર સાડલાનો ભાર બહુ લાગે છે. એટલે પછી ઠાકોરસાહેબે ગાંધીજીને કહ્યું કે આ સ્ત્રી સારી છે તો તારો ખાદીનો ભાર વેંઢારે છે. બાકી આની જગ્યાએ અમારી કોઈ ખખ્ખી (પોતાની જ્ઞાતિ બ્રહ્મક્ષત્રિય માટે બ.ક.ઠા.એ જ આ વિશેષણ વાપર્યું હતું.) તને ભટકાઈ હોત તો ખાદીના સાલ્લાનો તારા પર છુટ્ટો ઘા કરત...

* * *

ગાંધીબાપુને ક્યારે શું બોલવું એની ખબર હતી. ગીધુકાકાના મતે તે ડિપ્લોમેટ હતા. એક વાર તેમને સરોજિની નાયડુએ પૂછ્યું કે બાપુ, તમારી દૃષ્ટિએ વિશ્વની સૌથી સુંદર સ્ત્રી કોણ છે? જેના જવાબમાં ગાંધીબાપુએ ક્ષણનાય વિલંબ વગર કહી દીધું કે કસ્તૂરબા. પછી સરોજિનીએ કસ્તૂરબાને કહ્યું કે મેં બાપુને પૂછ્યું કે તમારી નજરે વિશ્વની સૌથી સુંદર સ્ત્રી કઈ? ને તેમણે તરત જ કહ્યું કે કસ્તૂરબા. આ સાંભળી સરોજિની સામે જોઈ હસીને કસ્તૂરબા બોલ્યાં, 'બાપુ ક્યારેય જૂઠું ના બોલે.' આ કિસ્સામાં કોને વધારે માર્ક આપવા ગાંધીજીને કે કસ્તૂરબાને તેની મને કે ગીધુકાકાને સમજણ નથી પડતી. ■

છાત્રાલયમાં ટ્રસ્ટીઓની મીટિંગ

☐ નટવર પંડ્યા



...પછી છાત્રાલયના સંચાલક મંડળના પ્રમુખશ્રી, મંત્રીશ્રી અને તેમના 'શ્રી... શ્રી... શ્રી...'ઓ છાત્રાલયના સેન્ટર હોલમાં બધાની સામે બિરાજતા. પ્રમુખશ્રી તેમના પ્રાચીન પોર્ટફોલિયોમાંથી કાગળનો થપ્પો કાઢી, દોરીવાળાં ચશ્માં ચડાવી આ બેઠકનો એજન્ડા અને વિગતો જણાવતા. અને તે બાબતે કોઈને કંઈ કહેવું હોય તો તક આપતા. જો કે 'કંઈક' કહેવા ઇચ્છતા લોકો તો ગમે ત્યાંથી તક ઊભી કરતા. અહીં પ્રમુખે આપેલી તકને ત્રણ-ચાર જણ ઝડપી લેતા. અને તરત જ એક મહાનુભાવ ઊભા થઈને પૂછતા, 'સાહેબ આપે હમણાં જે વિગતો વાંચી તે શાની હતી?'

હોલમાં બધા નીચે જ ગાદલાં-તકિયા નાખીને બેસતા. આ સ્થિતિમાં પ્રમુખશ્રી નજરમાં ભારોભાર તિરસ્કાર સાથે કહેતાં, 'તમે અત્યાર સુધી શું કરતા'તા?'

'હું તો જરા તમાકુ બનાવતો'તો. એ તો આ ભાઈ પૂછે છે.'

'તો એમને જ ઊભા કરો.' પ્રમુખશ્રી કહેતા.

પેલા ભાઈ ઊભા થઈને ખૂબ હાઈ પીચમાં પૂછતા, 'વિગતો શાની હતી...ઈ?' આ સાંભળીને પ્રમુખશ્રી તેમની સામે હાકોટો પાડીને બોલતા, 'અરે ચૂપ! મર્યાદામાં બોલો.'

પેલા સજ્જન વધારે ઊંચા અવાજે પૂછતા, 'વિગતો શાની હતી...ઈ?' હવે પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી વગેરે પેલાને તતડાવતા, 'તમે મીટિંગમાં આવ્યા છો કે ઊંઘવા?'

તેથી પ્રશ્નકર્તા સજ્જન (!) પોતાનું સ્થાન છોડી પ્રમુખ તરફ હિંસક નજરે આગળ વધતા. અંતે બે-ચાર જણ વચ્ચે પડી પ્રમુખશ્રીને સમજાવતા કે તે સજ્જન ઓછું સાંભળે છે માટે તમે વધુ બુલંદ સ્વરે બોલો. આ સાંભળી પ્રમુખશ્રી વધારે મોટેથી બોલતા, 'તો ઠીક છે, બાકી... ઈ!' એટલામાં જ બીજા કોઈ મહાનુભાવ ઊભા થઈને બોલતા, 'આપણાં છાત્રાલયોના અલ્પવિકાસ માટે એકહથ્થુ સત્તા જવાબદાર છે. હવે આપણે નવા હોદ્દેદારો નીમવા જોઈએ.'

'નવા હોદ્દેદારો' શબ્દ સાંભળતાં જ જૂના પ્રમુખ છંછેડાઈ જતા, કારણ કે

તેઓ જર્જરિત અવસ્થામાં હોવા છતાં ક્યારેય પોતાને 'જૂના' માનતા જ નહીં. અને કહેતા, 'કેન્દ્રીય સત્તા તો એકહથ્થુ જ હોવી જોઈએ. તો જ નિર્ણયો ઝડપથી લેવાય અને વિકાસ કાર્યો ઝડપથી થાય.'

આ સાંભળી થોડે દૂર સુષુપ્ત જ્વાળામુખીની જેમ બેઠેલા એક કદાવર સભ્ય મહાશંકર પોતાના જમણા હાથથી બાજુવાળાના ખભાનો ટેકો લઈ જ્વાળામુખી પ્રગટે એમ પ્રગટતા. અને ગર્જના કરતા, 'તમે લોકોએ વિકાસ નહીં વિનાશ કર્યો છે, વિનાશ!'

ત્યાં તો પ્રમુખશ્રી વળતો પ્રહાર કરતા, 'તમે હવનમાં હાડકાં ન નાખો, વિકાસ કાર્યોની વાત આગળ વધવા દો.'

ત્યાં તો ઊભા થયેલા મહાશંકર ઝભ્ભાના ઊંડા ખિસ્સામાંથી છીંકણીની ડબી કાઢી બમણા જથ્થામાં છીંકણીનો ચપટો ભરી એક સડાકો લઈ પછી 8.9 રિક્ટર સ્કેલની ભયાનક છીંક ખાતા. તેમની દશેદિશાઓ ગજાવતી છીંક પરથી અમે અનુમાન કરતાં કે જો તેમની છીંકથી જ પ્રમુખજૂથ ધ્રૂજી જતું હોય તો તેઓ ઢીંક મારશે ત્યારે શું થશે? જરૂર તેઓ આજે કોઈ ઊથલ-પાથલ મચાવશે. આવા છીંકણીના સડાકાથી મહાશંકરજીના જ્ઞાનતંતુઓ પુરબહારમાં પ્રભાવિત થતા પછી તેઓ પ્રમુખજૂથ પર પ્રચંડ પ્રહાર કરતા, 'લેભાગુઓ, તમે આ સંસ્થાને દૂઝણી ગાયની જેમ દોહીને તમારો સ્વાર્થ સાધ્યો છે.' આમ કહી જેમ બલિને પાતાળમાં ચાંપવા વામનજી વિરાટ સ્વરૂપ પ્રગટ કરીને આગળ વધ્યા'તા એમ તેઓ આગળ વધતા. જોકે તેઓ વામન નહીં પણ વિરાટ હતા. આવી રહેલી કુદરતી આફતને ખાળવા પ્રમુખશ્રી અને તેમના શ્રી-શ્રી-શ્રી-ઓ સાબદા થતા. આ યૈજ્ઞિક કાર્ય નિર્વિઘ્ને પાર પડે તેવા ઉમદા હેતુથી વચ્ચે બેઠેલા સજ્જનો રસ્તો કરી, સંસ્થાના હિતમાં પ્રોત્સાહન પૂરું પાડતા. આ રીતે સૌ પોતાનાથી બનતી સેવા કરતા.

એટલામાં જ ફરીથી ચા આવતી. ચા પર નજર પડતાં જ સમાજસેવાનું કાર્ય સ્થગિત થઈ જતું. અને બધા ચાને ન્યાય આપતા. આમ ગરમ ચા પીને સૌ જરા ઠંડા થતા. પછી ફરીથી છીંકણી, પાન, તમાકુનો દોર ચાલતો. પછી બમણા ઉત્સાહથી ચર્ચા વેગ પકડતી.

જેમ ભગવાન વિષ્ણુ શેષશય્યામાં પોઢ્યા હોય એમ આ બધાથી થોડે દૂર દુર્ગાપ્રસાદ તકિયાને ટેકે ત્રાંસા પડેલા જોવા મળતા. અલબત્ત લક્ષ્મી વગર જ, કારણ કે એમને ગૃહલક્ષ્મી સાથે કાયમી ધોરણે અણબનાવ રહેતો. એટલામાં જ પ્રમુખશ્રી બીજો પ્રસ્તાવ મૂકતા, આ સંસ્થાનું બિલ્ડિંગ બહુ જૂનું થઈ ગયું છે. તો તેને વેચીને નવી જગ્યા લઈએ.'

આ સાંભળતાં જ ત્રાંસા પડેલા દુર્ગાપ્રસાદ તકિયો ફગાવીને ટટ્ટાર થતા

પછી પોતાના માથા પરના બરછટ વાળ પર હાથ ફેરવીને ઊભા થતા અને બુલંદ સ્વરે બોલતા, 'આ સંસ્થા વેચાય નહીં. આ તો આપણી મા છે. સાલાઓ તમારી માને વેચવા નીકળ્યા છો.'

'અમે સર્વાનુમતે મંજૂરી મેળવીને વેચીશું.' પ્રમુખ કહેતા.

આ સાંભળી દુર્ગાપ્રસાદ દઢતાપૂર્વક ધીમી છતાં મક્કમ ગતિએ આગળ વધતા. અને તેઓ જાહેરમાં પ્રતિજ્ઞા કરતા કે જો આ સંસ્થા વેચાશે તો મારું માથું પડશે અને ધડ લડશે. આમ તેઓ માથા પરની પાઘડી ઉતારવાની હોય એમ માથું ઉતારવાની વાત કરતા. ત્યારે અમને થતું કે જાણે તેમનું માથું આ સંસ્થા માટે જ રચાયું છે. જોકે અમારી સંસ્થાને ત્યારે માથાની નહીં પણ નાણાંની જરૂર હતી. અલબત્ત તેમનું માથું માથાકૂટ કરવા માટે ખૂબ ઉપયોગી હતું. આમ તેઓ સૂક્ષ્મ અને સ્થૂળ એમ બંને અર્થમાં 'માથાભારે' હતા. આમ વારંવાર ધડ લડશે અને માથા પગે કચડાશે એવી શૌર્યથી ફાટફાટ પ્રતિજ્ઞાઓ લેવાતી પણ હજુ સુધી સંસ્થાના મેદાનમાં એકપણ પાળિયો થયો નહોતો.

વાતાવરણમાં ગરમીનું પ્રમાણ વધતું જતું. 'કરેંગે યા મરેંગે' (એટલે કે બસ 'આ જ' કરેંગે)ના નિર્ધાર સાથે બંને જૂથો બાંયો ચડાવતાં. એટલામાં જ સંસ્થાના ગૃહપતિ સાહેબ સૌને જમવા બોલાવવા માટે આવતા. એટલે ચડાવેલી બાંયોનો હેતુફેર થઈ જતો. અને તે લડાઈને બદલે લંચમાં કામ લાગતી. 'જમવું' શબ્દ સાંભળતાં જ વાતાવરણમાં અણધાર્યો પલટો આવતો અને 'જમ્યા પહેલાંની જમાવટ' અહીં જ ઓસરી જતી. આવી રીતે એકાએક રસક્ષતિ થતાં અમે બધા વિદ્યાર્થીઓ નિરાશ થઈ જતા. અમને થતું કે આ તો 'ન થવાનું થયું.'

આવા સેવાના ભેખધારી ટ્રસ્ટી મહાનુભાવોને જમાડવા માટે પૂરી-ભજિયાં, દાળ ભાત, શાક, રાયતાં, અથાણાં અને ભેંસના દૂધનો કઢીયેલ દૂધપાક બનાવવામાં આવતો. સળી ઊભી રહે એવો ઘાટો દૂધપાક બનાવવામાં આવતો. જમવા જેવી વાનગીઓ તો ઘણી હતી પણ અર્જુનનું લક્ષ્ય જેમ ચકલીની આંખ હતી એમ અહીં બધા ટ્રસ્ટીઓનું લક્ષ્ય દૂધપાક જ રહેતો.

સૌ ટ્રસ્ટીઓ ભોજનાલયમાં ગોઠવાતા અને ઘડીક પહેલાં સમરાંગણ લાગતા સેન્ટર હોલમાં સ્મશાનવત્ શાંતિ છવાઈ જતી. મહાનુભાવો જે રીતે બાખડ્યા હતા એ જોતાં અમને એવું લાગતું કે તેમને જમવાનું નહીં ભાવે અને તો જ અમને કંઈક 'ભાવે' એવું બચશે. પણ આમાં ઊલટું હતું. ટ્રસ્ટીઓ વચ્ચે જમ્યા પહેલાં જેટલું વધુ ઘર્ષણ થતું એટલી તેમની ભૂખ ઊઘડતી અને અમારી આશા ઠગારી નીવડતી. રસોડામાંથી દૂધપાકની સુગંધ આવતી એ સાથે જ અત્યાર

સુધી તંગ થયેલા તેમના ચહેરાઓ પર ખુશીની રેખાઓ પ્રગટતી. પછી ભોજન પીરસાતું અને બધા જ મહાનુભાવો મન, વચન અને કર્મથી સંસ્થાને ન્યાય અપાવવા સંઘર્ષ કરતા હતા. તેઓ હવે દૂધપાકને ન્યાય આપવા તત્પર થતા.

જમણવારમાં પધારેલા ટ્રસ્ટીઓમાં કેટલાક પુરાતન પાષાણયુગના બુઝુર્ગો શરીરે બૃહદ અને જરૂર કરતાંય વધુ તંદુરસ્ત હતા. તેમની તંદુરસ્તીને કારણે સંસ્થા નાદુરસ્ત થઈ જતી હતી. જમતી વખતે એક વડીલ ઊઠતા અને હાથમાં દૂધપાકનું તપેલું લઈ દરેકને ડોયા ભરી-ભરીને દૂધપાક પીરસતા. વળી પીરસતાં-પીરસતાં આગ્રહ કરતા, '...અરે મારા સમ, મારા ગળાના સમ! બે ડોયા તો લેવો જ જોઈએ. ન લો તો મને મરતો ભાળો!' આમ પરબારો આગ્રહ કરતા. અમને દુઃખ એ વાતનું હતું કે સમ કે સોગંદ આજકાલ ફળતા કેમ નથી!

આવી વિકટ સ્થિતિમાં પણ ખારા સમંદરમાં એક મીઠી વીરડી સમાન ટ્રસ્ટી હતા. તેઓ માનતા કે સંસ્થાનું આપણાથી ખવાય નહીં. તેમનો બીજો અત્યંત મહત્ત્વનો આગ્રહ એ રહેતો કે વિદ્યાર્થીઓને પહેલા જમાડવા પછી આપણે જમવું. પણ હઠાગ્રહ સામે આગ્રહ કદી ટક્યો છે ખરો. તેઓ મીટિંગમાં આવતા ત્યારે ઘરેથી ટિફિનમાં રોટલી લાવતા અને સંસ્થામાંથી માત્ર એક વાટકી દાળ લઈ શ્રી રવિશંકર મહારાજની જેમ (એક જ 'શ્રી'વાળા.) ફક્ત દાળ-રોટી જ જમતા. તેના કારણે તેમની અને સંસ્થાની સ્થિતિ સમાન રહેતી. તેઓ કાયમ ભારપૂર્વક એવું કહેતા કે અહીં સંસ્થામાં દરેક ટ્રસ્ટીએ દાળ-રોટી જ જમવી જોઈએ. અને દૂધપાક વિદ્યાર્થીઓને જમાડવો જોઈએ. જ્યારે પરિસ્થિતિ તદ્દન ઊલટી હતી. આમ તેઓ ઘણું ઝઝૂમતા પણ દૂધપાકવાળા સામે દાળવાળો કેટલું ટકી શકે. એટલે તેમની વાત તો ટ્રસ્ટીઓના જમ્યા પછીના ગગનભેદી ઓડકારમાં ઊડી જતી.

વિદ્યાર્થીઓના ભાગે તો 'દાલ-રોટી ખાઓ, હરિ કે ગુન ગાઓ' જ રહેતું. આવું જમાવટનું જમ્યા પછી બધા પુનઃ સેન્ટર હોલમાં જઈને બેસતા. દૂધપાક ધીમે ધીમે તેનો પ્રભાવ બતાવતો. તેથી જે ટટ્ટાર બેઠા હોય તે ઢીલા પડતા, ઢીલા પડેલા જરા ખાંગા થતા અને ખાંગા થયેલા જેમ ભૂકંપ વખતે ધરખમ ઇમારત ઢળી પડે એમ ગાદલામાં ઢળી પડતા. કેટલાક વળી પિઝાના મિનારાની જેમ ઢળેલી અવસ્થામાં નસકોરાં બોલાવતા તો કેટલાકનાં મસ્તક 'ઝૂકી પડ્યો હિમાલય'ની જેમ બાજુવાળાના ખભા પર ઝૂકી જતાં. ટ્રસ્ટીઓ વારંવાર કહેતા કે સંસ્થાના હિતમાં આપણે ખભેખભા મિલાવીને કામ કરવું જોઈએ તે અહીં સાર્થક થયેલું જોવા મળતું. આ રીતે સમગ્ર ચર્ચાનો સુખદ (અને અમારા માટે દુઃખદ!) અંત આવતો.

■

વા ત મે ળો



એક કામ કર

☐ ધીરુબહેન પટેલ

અંકોરા સાવ નાનકડું ગામ. પચીસ-ત્રીસ ઝૂંપડાંમાં થઈને માંડ દોઢસો-બસો માણસ રહેતા હશે. કોક વાર ટપાલ આવે તો આવે. ત્યાં વળી બાજુના શહેરમાંથી ધમધમાટ કરતી ત્રણચાર મોટરો આવીને અનસૂયાબહેનની શોધમાં આખું ગામ ખૂંદી વળે તેની નવાઈ ન લાગે?

જેમ જેમ લોકોને ખબર પડતી ગઈ તેમ તેમ લોકો અનસૂયાબહેનને ફળિયે એકઠા થવા લાગ્યા. એ તો બાર-પંદર

વરસથી એમના કોઈ ગુરુના કહેવા પ્રમાણે ગામડામાં દટાઈ જવા ને જે સૂઝે તે કામ કરવા આવ્યાં હતાં.

નેહ નીતરતી આંખો અને હોઠે રમતું સ્મિત. ગામલોકોએ એમને અપનાવી લીધાં અને ધીમેધીમે ગામડું બદલાતું ગયું. એકોએક જણને વાંચતાંલખતાં આવડે, પહેરવેશ એનો એ, પણ પહેલાંના જેવો મેલોદાટ નહીં. ઉજમડી નદીને કાંઠે રોજ ધોવાઈને સ્વચ્છ બનેલો. આખું ગામ ફરી વળો તોયે થોડાંક ઘરડાંબુઢ્ઢાં સિવાય કોઈ નવરું ન દેખાય. કોઈ ને કોઈ નાનોમોટો ઉદ્યોગ ચાલતો જ હોય. છેવટમાં છેવટ હાથસાળ અને રેંટિયો.

બધો વહેવાર લગભગ તો ચીજવસ્તુની આપ-લેમાં જ ચાલતો. ક્યારેક નાણાંની જરૂર પડે ત્યારે પેટીપટારામાંથી નાનીમોટી પોટલીઓ નીકળે અને સિક્કા દિવસનું અજવાળું જુએ.

આ બધી શાંત ક્રાન્તિ જેને પ્રતાપે થઈ હતી તે અનસૂયાબહેન ક્યારેય વિચારતાં નહીં કે એમણે કંઈક કર્યું છે. એ ભલાં ને એમનું કામ ભલું. મન્મથરાયના સ્વર્ગવાસ પછી દીકરો કિશોર ક્યાં રહે છે ને શું કરે છે તે જાણવાજોવાની પરવા પણ કરેલી નહીં.

એવાં આ અનસૂયાબહેનને ઓચિંતું દિલ્હીથી સરકારી આમંત્રણ આવે ને કશોક ઇલકાબ મળવાનો થાય એવું તો સ્વપ્નુંયે કોને આવે?

પણ કોઈ ખંતીલા ખબરપત્રીને ખબર પડી અને એણે એના તંત્રીને કહ્યુંઃ તંત્રીથી મંત્રી એમ કરતાં કરતાં વાત આગળ વધી અને અંતે આ પરિણામ આવ્યું.

અનસૂયાબહેનને તો આવી કશી હોહા થાય એ ગમતું જ નહોતું પણ લોકોની સમજાવટ અને દીકરા કિશોરનો આગ્રહ એ બન્નેએ મળીને એમનો નકાર ભોંયભેગો કરી દીધો ને એક સવારે કિશોરની નવીનકોર મોટરમાં બેસીને અનસૂયાબહેન પહેલાં અમદાવાદ અને પછી દિલ્હી-એમ જવા નીકળ્યાં.

'બહેન! હવે પાછાં નહીં આવો?' મોટરની આસપાસ ઊભેલા ગામલોકોને મોંએ આ એક જ પ્રશ્ન હતો.

'આવીશને!' બોલતાં બોલતાં અનસૂયાબહેનને વિચાર આવતો હતો, અહીં જ દટાવાનું નક્કી કરીને આવી હતી. આ જાઉં છું તે ભૂલ તો નથી કરતીને?

પછી વળી પોતાના મનને પોતે જ આશ્વાસન આપતાં - કશો વાંધો નહીં. કિશોરના છોકરાનાં મોં તો જોવાશે... બહારની દુનિયામાં કેમનું ચાલે છે તે જોઈજાણીને એકાદ-બે નવી વાત પણ શિખાશે. મારા અંકોરામાં કામ લાગશે. મારે ક્યાં ત્યાં દિલ્હીમાં ભવ વિતાવવો છે?

ઘણા વખતે આવા વાહનમાં બેઠાં એટલે એની ગતિ અને આરામને કારણે અનસૂયાબહેન જરા ઝોલે ચડી ગયાં.

જ્યારે જાગ્રત થયાં ત્યારે ચારે બાજુનો ઝાકઝમાળ અને ઊંચી ઇમારતોને જોઈને વિસ્મિત થઈ ગયાં.

પૂછ્યું, 'હેં કિશોર! આ કયું શહેર છે?'

'અમદાવાદ - આપણું અમદાવાદ!'

'અલ્યા, માની મશ્કરી?'

'ના, મા! સાચું કહું છું. આ અમદાવાદ જ છે.'

'જા, જા! અમદાવાદ આવું હોતું હશે? કેમ કંઈ, મેં નથી દીઠું?'

'એ વાતને તો વરસો વીતી ગયાં.'

'એ ખરું.' કહી અનસૂયાબહેન પાછાં વિચારે ચડી ગયાં. બધાં મકાનો આવાં ને આવાં - તો પછી ગરીબ માણસો ક્યાં રહેતા હશે? કે પછી અહીં ગરીબો જ નહીં હોય?

વિચારમાળાનો મેર આવે તે પહેલાં મોટર એક ભપકાદાર વિસ્તારના ભવ્ય મકાન આગળ ઊભી રહી. નામનું પાટિયું બહાર હતું અને અંદર પણ શબ્દો કોતરેલા હતા - 'અનમન વિલા'

ઓત્તારી! આવું કેવું નામ? અનસૂયાબહેનથી ન રહેવાયું. ફરી કિશોરને પૂછી બેઠાં- 'હેં કિશોર? આવું કેવું નામ?'

'ના સમજ્યાં? તમારું નામ ને પપ્પાનું નામ ભેગાં કરીને 'અનમન!' અનસૂયાનું 'અન' અને મન્મથરાયનું 'મન' - ના ગમ્યું?'

'હવે મારે શું ગમવા-ના ગમવાનું? પણ જરા આછકલું લાગે. એના કરતાં બીજું કંઈ પાડ્યું હોત તો?'

'હવે પડી ગયું.'

'ઠીક, તું જાણે.'

'તમે થાકી તો નથી ગયાંને? અહીંના આગેવાનો તમને મળવા આવવાના છે. પછી છાપાના તંત્રીઓ, ટી.વી.વાળા મુલાકાત લેશે. સુધરાઈના સભ્યો સાંજે સાડાપાંચે અને ઉદ્યોગપતિઓ રાતે આઠ વાગ્યે.'

'અરે બાપ રે!'

'વચ્ચે રમા તમને જમાડી લેશે ને જરા આડાં પડી લેજો. કાલે સવારની આપણી

ફ્લાઈટ છે. દિલ્હી જવાનું છે. યાદ છેને?'

'હા - જવાનું તો છે, પણ...'

'ચાલો અંદર!'

પોર્ચમાં શાનદાર ગાડી જરાયે અવાજ કર્યા વગર ઊભી રહી. બારણાં ખોલવા દરવાન ધસી આવ્યા અને અનસૂયાબહેનનો અનમન વિલામાં પ્રવેશ થયો.

આખો દિવસ એ મનને સમજાવતાં રહ્યાં, સમય બદલાઈ ગયો છે. હવે જૂની આંખે નવા તમાશા જોવાના અને બને તેટલા અપનાવવાના - ક્યાં મારું અંકોરા ને ક્યાં આ અમદાવાદ?

રમા હોંશીલી હતી. આખો દિવસ સાથે ફરીફરીને ઘરનો ખૂણેખૂણો બતાવી દીધો. બાળકો સાથે વાત કરાવી, અંકોરા વિશે પ્રશ્નો પૂછ્યા - આવતી નાતાલની રજાઓમાં બનશે તો આવી જઈશું એવું આશ્વાસન આપ્યું.

જ્યારે કિશોર તો આવી મહાન માતા હોવાથી ખૂબ પોરસાઈને બધા આગંતુક મહાનુભાવો સાથે અતિશય આત્મીયતાથી વાતો કરતો હતો. નવા સંબંધ બાંધતો હતો અને જૂના વધારે ગાઢ કરતો હતો. વચ્ચે વચ્ચે અંકોરા ગામની જે કાયાપલટ થઈ છે તેને વિશે પણ પ્રશંસાનાં ફૂલ વેરતો હતો.

અનસૂયાબહેનને પોતાના ભૂતકાળ અને આ વર્તમાન વચ્ચેનો આભજમીનનો ફેરફાર સહેવાતો નહોતો. ઘણી વાર 'હશે! એવું જ હોય, એવું જ ચાલે!' કહીને પોતાના મનને આશ્વાસન આપતાં હતાં પણ સહનશક્તિની હદ આવી ગઈ ત્યારે રહેવાયું નહીં- પૂછી બેઠાં, 'કિશોર! આવી અઢળક કમાણી કયા ધંધામાંથી થઈ, બેટા?'

'એ બધું તમને ના સમજાય. પણ કશી ચિંતા ના કરશો. હું બધી બાજુનું ધ્યાન રાખું છું.'

'ઠીક' કહી અનસૂયાબહેને બોલવાનું બંધ કર્યું. રાત્રિના મહાભોજનમાં માત્ર સાથે બેઠાં. કશું મોંમાં મૂક્યું નહીં.

'જોયું? સંયમ તે આનું નામ!'

'હવે બહેનની ઉંમર પણ થઈ હશે, નહીં? ભારે ખોરાક ન પચે.'

'રાતે જમવાની ટેવ જ નહીં હોય, કેમ અનસૂયાબહેન?'

'હાજી.'

આખરે મોડી રાતે ધાંધલધમાલ પતી. પછી કિશોરે પૂછ્યું.

'મા, કંઈ કામકાજ છે?'

'હા બેટા!'

'બોલોને!'

'ચાલ મારી સાથે.' કહી અનસૂયાબહેન એને દીવાનખાનામાં લઈ ગયાં. ત્યાં વચ્ચોવચ ગાંધીજીનો મોટો ફોટો લટકાવેલો હતો.

'એક કામ કર, આ અહીંથી ઉતારી લે.'

'કેમ? ક્યાં મૂકવો છે?'

'ક્યાંય નહીં.'

કહી અનસૂયાબહેન સૂનમૂન થઈને સોફામાં બેસી પડ્યાં.

❑❑❑



યદુકાન્તની પુત્રીઓ

☐ પ્રવીણસિંહ ચાવડા

આમ તો યદુકાન્તનું કુટુંબ બીજા કરતાં જુદું હતું એમ કહી શકાય નહીં. શેરીમાં બધા માણસો સામાન્ય સ્થિતિના, કોઈ કારકુન તો કોઈને કટલરી કે પ્લાસ્ટિકનાં રમકડાંની દુકાન. સ્ત્રીઓ ઘરકામ જાતે કરે. છોકરાં ભણવા માટે મ્યુનિસિપલ સ્કૂલમાં જાય. બે-ત્રણ દુકાનદારો પાસે સ્કૂટરના

ડબ્બા, બાકી બધાને સાઈકલનું વાહન. યદુકાન્તને શહેરથી દૂર પાવરલૂમની ફૅક્ટરીમાં નોકરી હતી તે અઢી-ત્રણ માઈલ કાચા રસ્તે સાઈકલ ઢસડતો જતો. કહેવાય સુપરવાઈઝર, પણ એનો દરજ્જો કારીગર કરતાં ખાસ ઊંચો નહોતો. ટૂંકો પગાર, જેમ તેમ ખેંચીને એનું ઘર ચાલે.

હા, એક બાબતમાં એ લોકો અનન્ય હતા તે સ્વીકારવું જોઈએઃ રોજ વહેલી સવારે એક કૌતુક થતુંઃ એ ઘરમાંથી કંઈક સ્વરો ઊઠતા અને પડોશીઓની નીંદરમાં પ્રવેશ કરતા. શરૂશરૂમાં, એટલે કે ઇંદોર છોડીને યદુકાન્ત આ શહેરમાં રહેવા આવ્યો ત્યારે, કોઈકોઈએ રેડિયાનો તર્ક કરેલો, પરંતુ એ ઘેર રેડિયો તો હતો નહીં અને હોય તો પણ, ચાર-સાડાચારે કયા સ્ટેશનવાળો નવરો હોય?

પીડિતોમાંથી કોઈએ સાચવીને કાદંબરીને પૂછ્યું, તો પ્રથમ એ હસી; પછી એક અઘરો શબ્દ બોલી.

પૂછનાર વધારે મૂંઝાયો. માન્યામાં આવ્યું નહીં. એને થયું, આ કેવો રિવાજ? મોટા પરોઢિયે ઘોંઘાટ કરી લોકોની ઊંઘ બગાડવાનો રિવાજ?

અરે બાબા, રિવાજ નહીં, રિયાજ. રિ... યા... જ!

લ્યો! એ વળી શું?

શબ્દ બોલવાથી ચાલ્યું નહીં, એનો અર્થ સમજાવવો પડ્યો. કાદંબરીમાં સહિષ્ણુતા ઘણી હતી. એણે આંગળીઓ વડે વિવિધ મુદ્રાઓ રચતાં સાદી ભાષામાં સમજાવ્યું કે રિયાજ એટલે સંગીતનો અભ્યાસ. વિદ્યાર્થીઓ ગણિત-વિજ્ઞાનનું હોમવર્ક કરેને, એવું. દીકરીઓ સિતાર શીખતી હતી. સાથે તબલાં અનિવાર્ય. હવે કહો, એ માટે હોમવર્ક કરવું પડે કે નહીં? એનું હોમવર્ક તે સાધના કહેવાય, અને સાધના માટે શ્રેષ્ઠ સમય કયો? બ્રાહ્મમુહૂર્ત!

શેરીના નાગરિકોમાં સંગીત વિશેની કુલ સમજ એવી હતી કે ગાવા-બજાવવાનું ભવાઈઓ અને નાટકશાળાઓમાં શોભે, થોડું મંદિરોમાં હોય, ભજનમંડળીઓમાં હોય, પણ સંસારી માણસના ઘરમાં, લેવાદેવા વગર, અને તેય અડધી રાતે?

જોકે, આ ઘેલછા માટે કોઈએ યદુકાન્તને-એના કલાત્મક નામ સિવાય! – દોષ દીધો નહીં. એ બિચારો કારીગર વર્ગનો સીધોસાદો માણસ. પગાર લાવીને સ્ત્રીના હાથમાં મૂકવો એટલું એનું કર્તવ્ય. રાત્રે નવરો હોય તો પડોશીઓની સાથે ઓટલે બેસી તડાકા મારે. એના જીવનમાં સંગીત હતું તો તે રાક્ષસી સંચાઓની ખટાખટનું. એટલે કે, જે પ્રચંડ શક્તિ આ પ્રવૃત્તિનું સંચાલન કરી રહી હતી, કલાના ક્ષેત્રમાં આગળ વધવા માટે છોકરીઓને ધક્કા મારીને પ્રેરણા આપી રહી હતી, તે હતી કાદંબરી.

એ બાઈ કંઈક જુદી માટીની હતી. દેખાવમાં ઠીક ગણાય, થોડી ભીને વાન, પણ એની પાતળી કાયામાં સ્ફૂર્તિ અસાધારણ હતી. છોકરીઓને સાધનામાં જોતરીને પોતે ઘોરવા લાગતી નહીં. દિવસ ઊગે, અજવાળું થાય, લોકો દાતણપાણી કરતા હોય, તે પહેલાં તો એને ઘેર કચરાપોતાં થઈ ગયાં હોય અને સ્નાન કરી, પૂજાપાઠ પતાવી, દેખીતા કારણ વગર મંદ હસતી ગુંજન કરતી એ ઓટલા ઉપર રંગોળી પૂરતી હોય.

વાદ્યોનાં નામ તથા રિયાજ જેવા ગૂઢ શબ્દોના અર્થ જાણવા મળ્યા તે પછી પણ પડોશીઓના મનનું સમાધાન થયું નહીં. કંઈ મેળ બેસતો નહોતો. આ માણસો અને સંગીત? આખી વાત જ તાલમેલ વગરની હતી. રાજઘરાનામાં શોભે, શ્રીમંત શ્રેષ્ઠીઓને પોસાય એવો શોખ, જ્યારે આ તો બિચારી ગરીબ ઘરની સામાન્ય છોકરીઓ. પેટ ભરીને ખાવાના સાંસા, બે જોડી લૂગડાંનો વેત નહીં. એમને દસ ચોપડી ભણાવી, બહુમાં બહુ કોલેજ કરાવી, ગજા પ્રમાણે મળ્યું ત્યાં વળાવવાની હોય. કાદંબરીને જોર માતું ન હોય, ખૂબ ચરબી ભરી હોય, તો સિતાર નહીં, દરજીકામનો સંચો રાખે, ચણિયા-બ્લાઉઝ સીવે, અથાણાંપાપડ બનાવીને વેચે, જેથી યદુકાન્તને થોડો ટેકો થાય અને સ્કૂલકોલેજમાં બહેનપણીઓની વચ્ચે ઊભી રહી શકે એવાં બે જોડી કપડાં છોકરીઓને મળે.

આ શું નખરાં!

યદુકાન્ત મૂળ ભરૂચનો. એણે ટેક્સ્ટાઈલનો ડિપ્લોમા કર્યો હતો, મુંબઈની એક મિલમાં સારા પગારની નોકરી હતી, પરંતુ એક એક કરી મિલો બંધ પડવા લાગી તે પછી પાવરલૂમનાં નાનાં કારખાનાંમાં, જ્યાં મળ્યું ત્યાં કામ સ્વીકારવું પડ્યું. એ ભ્રમણમાં બિકાનેર, જલંધર અને અમૃતસર જેવી જગ્યાએ કુટાતો એ ઇંદોર અને ત્યાંથી ફેંકાઈને ખૂણાના આ નાના શહેરમાં ભરાયો હતો.

એક ઠેકાણેથી છૂટા થયા તો ચાલો બીજે.

બિસ્તરા-પોટલાં બાંધો.

એક ગરીબ માણસની લાચારીની કથાઃ તે સાંભળીને સહાનુભૂતિ થવી જોઈએ, પરંતુ બિસ્તરા-પોટલાંના ઉલ્લેખથી કોઈકોઈને હસવું આવતું અને ભોળપણનો અભિનય કરતાં ટીખળીઓ એકબીજાને પૂછતા - તે હેં ભૈ, સરસામાન લઈને નીકળે, ટ્રકમાં, ટેમ્પામાં કે રેલગાડીના ડબ્બામાં, ત્યારે ગાદલાં રજાઈ ખાટલા ખુરશી તપેલાં કઢાઈના ભેળા સિતાર હોર્મોનિયમ અને તબલાં પણ ખરાંને?

ખરાંસ્તો!

તે, હું એમ પૂછું છું કે, એ શાંતિથી પડી રહેતાં હશે કે પછી સાવરણી કે

સાણસીનો ગોદો વાગતાં ઊંઆઊંઆં કરી ઊઠતાં હશે?

ગોદો વાગે કે ગડદાપાટુ થાય, આપણાં કાંદબરીબહેન એમને રોવા નહીં દેતાં હોય, દૂધ પાઈને પોઢાડી દેતાં હશે.

*

કશાનો અભાવ હશે એવું છોકરીઓને જોઈને લાગે નહીં. જે થોડું મળે, ખાવાપીવાનું તેમ પહેરવા-ઓઢવાનું, તે એમને માટે ઉત્તમ બની જતું. ઘર ખૂબ નાનું હતું, બે ઓરડા અને રસોડું, પણ એમને સંકડાશ પડતી નહીં. પ્રાતઃકાળનો સંગીતખંડ તે પ્રહર પ્રમાણે સ્વરૂપ બદલી અભ્યાસખંડ અથવા શયનકક્ષ બની શકતો. રોટલી કઢી ખીચડી - એવા ભોજનમાંથી પણ એમની કલા પોષક તત્ત્વો ખેંચી શકતી અને દિવસે દિવસે એમનું રૂપ ઊઘડ્યે જતું.

વયમાં તેમ બીજી બધી દૃષ્ટિએ તનુશ્રી મોટી હતી. ઈશ્વરે એને ઢગલો રૂપ આપ્યું હતું. બોલતી ઓછું, ગર્વિતા કહી શકાય. જાહેર રસ્તો હોય કે કોલેજની લોબી, એ પોતાની આજુબાજુ આભાનું એક વર્તુળ લઈને ચાલતી, જે ભેદવાની હિંમત કોલેજના કોઈ છોકરામાં નહોતી. નાની શુભાંગિની એના સામા છેડા જેવી ગણાય, ખૂબ રમતિયાળ અને તોફાની, તેથી તો કાદંબરીએ ઘરમાં, સંગીત શિક્ષણના એક ઉપકરણ તરીકે, નેતરની પાતળી સોટી રાખી હતી. જોકે, એનો ઉપયોગ થતો નહીં. હા, કોઈકોઈ વાર હવામાં એનો ચમકારો થતો.

એક કે બીજા કારણે, વચેટ નીલિમા થોડી કોરી રહી ગઈ હતી. દેખાવમાં પણ સાધારણ, થોડી નીચી અને સ્થૂળ. માને માટે ત્રણે સરખી, એણે પ્રયત્ન કરવામાં કંઈ બાકી રાખ્યું નહોતું, છતાં થાકીને એક તબક્કે ઢીલું મૂકવું પડ્યું હતું. નીલિમા કંઈક સ્વતંત્ર મિજાજની પણ ખરી. રિયાજ માટે બેસે, સિતાર કે હાર્મોનિયમ પર આંગળીઓ ફેરવી લે, આલાપ કરી લે – એનું ગળું સારું હતું – પણ મૂડ ન હોય તો બધું પડતું મૂકીને પાછી પથારી ભેગી થઈ જાય.

જુદાપણાએ એને એક જાતની મુક્તિ આપી હતી, ઉચ્ચતા અને ભવ્યતામાંથી મુક્તિ. હસતી ખૂબ, ખાસ કરીને પોતાની જાત પર. ભારે હાથ અને જાડી આંગળીઓ બતાવતાં કહેતી કે એ અવયવો વાસણ ઘસવા માટે તથા લૂગડાં ધોવા માટે જ સર્જાયેલા હતા.

*

શહેરમાં એક સંગીત વિદ્યાલય હતું ખરું, જેના પુરાવારૂપે એક પાટિયું કન્યાશાળાના પહેલા માળે છેડાના ઓરડા પર લટકાવેલું હતું. ભૂતકાળમાં કોઈ સમયે, શહેર જ્યારે નગર કહેવાતું હશે ત્યારે, શાસ્ત્રીય સંગીતની પ્રણાલી જીવંત હશે, પરંતુ હવે માત્ર

એના અવશેષ જ, પોતાને સંસ્કારી માનનાર એક નાના વર્ગમાં રહ્યા હતા. એ રસજ્ઞોની જરૂરિયાત પોષવા માટે સાંજના સમયે સંગીત તથા નૃત્યના વર્ગો ચલાવવામાં આવતા. એ માટે શિક્ષક પણ રાખવામાં આવ્યા હતા. છોકરીઓ ઘૂઘરા બાંધીને ઠેકડા મારી લેતી, આઆ હાહા કરતી અને ગુરુજી દ્વારા જે વિદ્યા આપવામાં આવે તેનું મંદ દ્રાવણ બનાવી, ફિલ્મી ગાયનો હલકભેર ગાવાનું શીખી, પરણી જતી.

એમ કહેવાય છે કે નિષ્ણાત મિકેનિક કટાઈ ગયેલી મોટરકારના ખોખાને માત્ર સ્પર્શ કરીને ધબધબતું કરી શકે છે અને મંત્રવિદ્યાનો જાણકાર મૃત પ્રાણીના હાડપિંજરમાં પણ પ્રાણ ફૂંકી શકે છે. કાદંબરી એવા કોઈ મંત્રકાર કે યંત્રકારથી ઊતરતી નહોતી. એક સાંજે તનુશ્રી તથા શુભાંગિનીને લઈને એ વિદ્યાલય પર પહોંચી ગઈ. ત્યાં, ઝાંખા બલ્બના પ્રકાશમાં જોવા મળ્યું તે દૃશ્ય હૃદયદ્રાવક હતું. એવડા મોટા ખંડના એક ખૂણામાં માત્ર ગુરુજી અને ત્રણ શિષ્યાઓ. એ પણ ગાવા બજાવવાનું ભૂલી ગયાં અને બારણામાં ઊભેલી અસાધારણ - સ્ત્રી તથા તેની રૂપવતી પુત્રીઓને જોઈ રહ્યાં.

આશ્ચર્ય એ વાતનું કે નામ પૂરતા સંગીત વિદ્યાલયને ભાગ્યના કોઈ વિચિત્ર તરંગથી ગુરુ મળ્યા હતા ઋષિ જેવાઃ પાતળી કાયા, ગૌર વર્ણ, ગરદન સુધી લટકતા કેશ અને કપાળે લાંબું તિલક. વસ્ત્રોમાં ધોતી-ઝભ્ભો અને ખભે ખેસ. હાથ જોડી, અત્યંત વિનમ્રતાપૂર્વક, શુદ્ધ સંસ્કૃતમય હિન્દી બોલતા હતા. આકૃતિ, નામ, ભાવ, ભાષા - ગુરુપણાના આદર્શથી સહેજ પણ ઊતરતું લાગે એવું એકે તત્ત્વ નહોતું.

તે સાંજે ઘર તરફ જતાં અંધારામાં આખે રસ્તે કાદંબરીની આંખોમાંથી ધાર વહ્યા કરતી હતી.

*

બીજા દિવસથી એના શાંત છતાં દૃઢ આંદોલનનો પ્રારંભ થયો. સીધી એ કેળવણી મંડળના પ્રમુખ નાનાલાલ શેઠના બંગલે પહોંચી. શેઠ ત્યારે ઉપસ્થિત નહોતા, તો બે ઘડી રોકાઈ, સ્ત્રીવર્ગ સાથે પરિચય કરી, શેઠની યુવાન પુત્રીઓ તથા પુત્રવધૂઓને ન્યૂનતાનું ભાન કરાવી, એ સોનીબજારમાં ગઈ. સોનાચાંદી અને ઝવેરાતની દુકાનમાં શેઠ સાથે થયેલું એ મિલન ગુરુજી સાથેના મિલન કરતાં ઓછું અદ્‌ભુત નહોતું. તકિયાને અઢેલીને બેઠેલા વૃદ્ધ શેઠ, સામે ગ્રાહક તરીકે યુવાન માતા તથા તેની બે પુત્રીઓ.

તે બંગડી કે કાનનાં લટકણિયાં વહોરવા નહોતી આવી એટલું સમજતાં શેઠને થોડી વાર લાગી. એ તો લેવા નહીં, આપવા આવી હતી, સોનાચાંદી કરતાં સાવ જુદો પદાર્થ, તે સમજાયું

ત્યારે શેઠ હાંફળાફાંફળા થઈ ગયા.

મંજૂર, તમે કહો તે મંજૂર!

જે સાધનો લાવવાં હોય તે લાવો, કાર્યક્રમો ગોઠવો, બહારથી મોટા ગવૈયાઓને તેડાવો. મંડળ પાસે સગવડ નથી તો હું ગાંઠના ખર્ચીશ. એની ચિંતા ન કરો. ભઈ, આ ગામમાં કોઈ કરનાર નથી અને તમે આગળ પડીને કરવા માગતાં હો તો એનાથી રૂડું શું?

પરિવર્તન રાતોરાત ન આવ્યું પણ તેનો પ્રારંભ થયો. સંગીતશાળામાં મૃદંગ અને સારંગી જેવાં નવાં વાદ્યો આવ્યાં. સંગીતશાસ્ત્રનાં થોડાં પુસ્તકો વસાવવામાં આવ્યાં. શ્રાવણ સુદ અગિયારસે કન્યા વિદ્યાલયના પ્રાંગણમાં શેઠના પ્રમુખસ્થાને વર્ષાગીતોનો કાર્યક્રમ યોજાયો. વરસાદની સાથે સાથે સૂરોની ઝરમરમાં ભીંજાતા નગરજનો એકબીજાને કહેવા લાગ્યા આવું તો કદી આ શહેરમાં જોયું નથી!

ભઈ, આપણી છોડીઓ આટલું સુંદર ગાય છે અને આપણને ખબર નહોતી!

કાદંબરી અને એની દીકરીઓ શહેરમાં બધાથી જુદી પડતી. એમના વ્યવહારમાં શાલીનતા હતી. ભાષામાં હિન્દી ઉપરાંત ક્યારેક પંજાબીનો લહેકો આવી જતો. યદુકાન્તના ઘેર શહેરનાં પ્રતિષ્ઠિત કુટુંબની સ્ત્રીઓની અવરજવર રહેવા લાગી. એ સૌને તનુશ્રીનું વિશેષ આકર્ષણ રહેતું અને યુવાન છોકરીઓ એની આગળપાછળ ફરતી. કોઈ સાંજે શેઠના બંગલે, બગીચામાં અથવા ધાબા પર, બેઠક થતી. પાછા ઘેર આવતાં મોડું થાય તેથી યદુકાન્ત પણ જતો, અંગરક્ષક તરીકે. એને ખૂબ સંકોચ થાય, પોતાનું સ્થાન શ્રોતાગણની પાછલી હરોળમાં હોય એવું માને, છતાં એને ગાદી પર, શેઠની અડોઅડ બેસવું પડતું.

લોકવાયકા પ્રમાણે જૂના સમયમાં ગામની બહાર તળાવ કિનારે હનુમાનજીના મંદિરમાં દર ગુરુપૂર્ણિમાની રાતે સંગીત સમારોહ થતો એનું મહત્ત્વ એવું હતું કે દૂરદૂરથી, ઉજ્જૈન અને જયપુર જેવાં ધામોમાંથી પ્રખ્યાત કલાકારો એમાં ભાગ લેવા આવતા. લુપ્ત થઈ ગયેલી આ પ્રણાલીને પુનર્જીવિત કરવાનો વિચાર કાદંબરીને આવ્યો.

આ પ્રકારનાં અનેક સપનાં એની પાસે હતાં. શેઠનું સમર્થન મળતું હતું. ગુરુજીના આશીર્વાદ હતા.

*

ટાઉનહોલમાં કાર્યક્રમ છે, જવાનું મોડું થઈ રહ્યું છે, એ જ સમયે ઘરમાં નાની કટોકટી ઊભી થઈ છે : તનુશ્રીનો એકમાત્ર સારો કહી શકાય એવો ડ્રેસ ચોળાઈ ગયો છે. હવે કરવું શું? ભીષણ સમસ્યા, એનો ઉકેલ હોઈ શકે એવું કોઈ કલ્પી પણ શકતું નથી.

હે સંગીતના દેવતાઓ! આકાશમાં

ચોંટી રહ્યા છો નવરા, તે સહેજ નીચે ઊતરવાની તસ્દી લેશો?

જોકે, દેવતાઓની જરૂર પડતી નથી. ચમત્કાર એક સામાન્ય છોકરીના હાથે થાય છે. રઘવાટ વગર, આટાવાળા હાથ ધોઈ, નીલિમા રસોડામાંથી નીકળે છે અને કલાકાર રાતીચોળ આંખો અને આંસુથી ખરડાયેલા ગાલ ધુએ એટલા સમયમાં ડ્રેસને ઈસ્ત્રી કરી આપે છે.

આ પ્રકારનાં અન્ય કામો પણ એના ભાગે આવતાં. કલાકારો માટે ભણવું તે ગૌણ, ગૃહકાર્ય માટે એમની પાસે સમય ન હોય, તેથી પોતે અર્થશાસ્ત્રની વિદ્યાર્થિની હતી છતાં નીલિમા એની બહેનો માટે ઇંગ્લિશ લિટરેચરની નોટ્સની નકલ કરી આપતી. આવા એકાદ-બે ગુણ એનામાં હતા. અક્ષર સારા. લખાણમાં ચીવટ અને સુઘડતા રસોઈકામમાં હતાં તેવાં જ.

એનો ઉછેર થયો તે હવામાં જ સૂરો હતા, એ ઇચ્છે તો પણ સંગીત એને દૂર થવા દે નહીં. અનુકૂળતા હોય તો કાર્યક્રમોમાં એ તાનપૂરો લઈને બેસતી, તનુશ્રીની પાછળ, પણ એ તો ક્યારેક જ. મોટે ભાગે એ બધાની સાથે નીકળી શકતી નહીં. ઘરમાં નાનાંમોટાં પચાસ કામ હોય. યદુકાન્ત ફેક્ટરીએથી આવે ત્યારે, સામે બેસાડી, એની થાળીમાં ગરમાગરમ ફૂલકા પીરસતી. ઓછાબોલો યદુકાન્ત પણ ખાલી ઘરની મોકળાશમાં વચેટ પુત્રી સમક્ષ બોલકો બની જતો. મોટા કોળિયા મોંમાં ખોસી, બુચકારા બોલાવતાં એ યંત્રવિદ્યા તથા વસ્ત્રવિદ્યાની ખૂબીઓની છણાવટ કરતો. પુત્રીને એની વાતો ખૂબ કર્ણપ્રિય લાગતી.

બે જણ ક્યારેક ગમ્મતે ચડતાં અને 'પેલીઓ' પર હસી લેતાં. અનુપસ્થિત પાત્રોનો ઉલ્લેખ નામથી નહીં, સર્વનામ અથવા ઉપનામથી થતો. મોટી તો 'મોટી' હતી જ, નાની તેનું 'પૂંછડું', ત્રીજી, જે ઉચ્ચાસને વિરાજમાન હતી, તેને માટે સામાન્ય શબ્દ ચાલે નહીં. વળી, કોઈ એક વિશેષણ કે ઉપનામ એની પ્રતિભાને પૂરતો ન્યાય આપી શકે નહીં. તેથી, પ્રસંગ પ્રમાણે, ભક્તિની માત્રાને અનુરૂપ ઉપનામોનો પ્રયોગ થતો. પંડિતા, વિદુષી.

હર હાઈનેસ!

રાજમાતા!

પિતાને જમાડ્યા, એમની સાથે થોડું હસી લીધું. પછી, હાથ-મોં ધોઈને નીલિમા નીકળતી અને ઉતાવળે ચાલતા કાર્યક્રમના સ્થળે, કોલેજ કે ટાઉનહોલ, પહોંચી જતી. મોડે મોડે પણ, સ્ટેજ પર એની જરૂર હોય તો ત્યાં, નહીં તો શ્રોતાઓમાં પાછળના ભાગમાં ખાલી ખુરશી શોધીને બેસતી, સ્ટેજ પર, રંગીન પ્રકાશમાં, વાદ્યોની સંગતે રૂપાંતર પામીને અપ્સરા બની ગયેલી પોતાની બહેનોને જુએ, સાંભળે અને આંખો લૂછ્યા કરે.

*

એ સૂરો ખૂણાના આ શહેરમાં બંધાઈ રહેવા સર્જાયા નહોતા તે સૌ કોઈ જાણતું હતું. તાળીઓના ગડગડાટ ભવિષ્યમાંથી નીકળી વર્તમાનમાં, વક્રદ્રષ્ટાઓના કાન સુધી આવતા. દેશ-પરદેશમાં ભવ્ય કાર્યક્રમો થાય છે. તનુશ્રીદેવી અને શુભાંગિનીદેવીનાં નવાંનવાં આલબમ ખરીદવા રસિયાઓ પડાપડી કરે છે.

ભવિષ્યનું ચિત્ર દોરવામાં આવે ત્યારે કલા ઉપરાંત બીજા એક મુદ્દાનો વિચાર પણ વ્યવહારુ માણસોને આવે. તે વિશે માની લેવામાં આવ્યું હતું કે અલબત્ત, સમય આવ્યે દીકરીઓ પરણશે. ગરીબ ઘરના પણ કલાને સમર્પિત એવા યુવાનોની સદ્‌ભાગ્યે આ દેશમાં અછત નથી. સ્ત્રીના હોઠેથી નીકળતા સૂરને અડધેથી ઉપાડી લે એવા મુરતિયા અવશ્ય મળી રહેશે-

પરંતુ આ તો સંગીત હતું. મુક્તિ એનો સ્વભાવ, યથેચ્છ ગતિ કરવી તે એનો અધિકાર. કોઈનું આયોજન સ્વીકારે નહીં. દોરેલી લીટી પર ચાલે નહીં.

પ્રસ્તુત કિસ્સામાં એ ખૂબ તાને ચડ્યું.

નાનાલાલ શેઠનાં બહેનને કાનપુર પરણાવ્યાં હતાં. બનેવીને કાપડનો હોલસેલનો ધંધો હતો. ઘણાં વર્ષ પછી બહેન, પતિ તથા સંતાનો સાથે પિયરમાં પધાર્યાં. મોંઘા અતિથિ, અત્યંત શ્રીમંત, નાના શહેરની મર્યાદાઓ વચ્ચે સ્વાગત -સરભરાના યથાશક્તિ પ્રયાસો થયા. સંગીતની બેઠકો યોજાઈ. બે મોટી ગાડીઓ લઈ બધા અંબાજી, આબુ તથા ઉદેપુરના પ્રવાસે ગયા. બધાએ ખૂબ આનંદ કર્યો. તનુશ્રી તો લગભગ કુટુંબના સભ્ય જેવી હતી, બધા કાર્યક્રમોમાં તે અનિવાર્યપણે હોય જ.

પંદરેક દિવસ પછી અતિથિઓએ વિદાય લીધી.

બે અઠવાડિયાં પછી જે બન્યું તે તદ્દન અનપેક્ષિત હતું. કાનપુરથી મોટા ભાઈ પર બહેનનો પત્ર આવ્યો, જેમાં એક અદ્‌ભુત કલ્પના કરવામાં આવી હતી- એમના પુત્ર વ્યોમેશ તથા તનુશ્રી અંગે. સંકોચ સાથે, મૃદુ ભાષામાં પૂછવામાં આવ્યું હતું કે... આવું કંઈક... વિચારી શકાય? શું તે શક્ય છે?

એ પત્ર લઈને સ્વયં શેઠ-શેઠાણી યદુકાન્તના આંગણે પધાર્યાં અને વિનમ્રતાથી ભાણેજ માટે માગું મૂક્યું - મુરતિયાના ગુણ ગણાવવાની જરૂર નહોતી. રૂપાળો હતો એ તો બધાએ જોયું હતું. ઉપરાંત ઠરેલ અને ડાહ્યો. નાની વયે પિતાના ધંધાની લગભગ સંપૂર્ણ જવાબદારી ઉપાડી લીધી હતી. મહેલ જેવો મોટો બંગલો, મોંઘી ગાડીઓ, નોકર ચાકરો-

દરખાસ્ત રજૂ કરીને એમણે વિદાય લીધી. ઉત્તરનો આગ્રહ રાખ્યો નહીં. જતાં જતાં કહ્યું, 'શાંતિથી વિચારીને

ઉત્તર આપજો. દીકરીના ભવિષ્યનો પ્રશ્ન છે. આપણે બધી બાજુનો વિચાર કરવાનો હોય. સ્વીકારશો તો અમે ઉપકૃત થઈશું.'

વાવાઝોડાની જેમ આવેલી એ દરખાસ્તથી યદુકાન્તના ઘરમાં બધું ઉપરતળે થઈ ગયું. મા-દીકરી એકબીજાને વળગીને ખૂબ રડ્યાં. તનુશ્રી વારંવાર ચિત્કાર કરવા લાગી- ના! છૂટા કેશ અને રાતી આંખો લઈ ઘરમાં ભૂતની જેમ ફરતાં મા-દીકરી ભયમિશ્રિત વિસ્મય સાથે એકબીજાની સામે જોવા લાગ્યાં. રાગરાગિણીઓની દશા સૂકાં પાંદડાં જેવી થઈ હતી, ધીમેધીમે પાંદડાં વીણવાની, ભેગાં કરવાની પ્રક્રિયા ચાલી. વચ્ચેવચ્ચે રિસામણાં-મનામણાં થયાં. દીકરી રિસાય-ના! શક્ય જ નથી. કોઈ સંજોગોમાં બને નહીં! - તો મા એને મનાવે. માનું છટકે - સર્વનાશ! સર્વનાશ! - ત્યારે દીકરી એના વાંસે હાથ ફેરવે.

કોઈ શાસ્ત્રમાં જેનો ઉલ્લેખ નહીં હોય એવો એ રાગ હતો. અત્યંત સંકુલ અને મૌલિક. શોકની, વેદનાની અનેક સૂક્ષ્મ છાયાઓ ધરાવતી આનંદ લહરી.

બે દિવસ આ ચાલ્યું એમાં યદુકાન્ત અને નીલિમા પ્રેક્ષક જેવાં હતાં, પ્રેક્ષક, પરંતુ સાવ તટસ્થ નહીં. હતપ્રભ બની ગયેલી નીલિમાએ સહારા માટે સિતારને બાથમાં લીધી. મૂઢ યદુકાન્ત કંઈ સમજે એ પહેલાં ખૂણામાંથી આવીને તબલાં એની બે બાજુ ગોઠવાઈ ગયાં.

*

કન્યાવિદાયના પ્રસંગે, લાગણીનાં એટલાં તોફાનોની વચ્ચે, એક રમૂજી ગોટાળો થયો.

જાનને અમદાવાદ એરપોર્ટ સુધી પહોંચાડવા માટે મોટરકારોનો કાફલો તૈયાર હતો. કરિયાવર ઝાઝો નહોતો, વરપક્ષની સ્પષ્ટ ના હતી, છતાં ગરીબ પિતાએ શક્તિ પ્રમાણે કપડાં-વાસણ અને ઘરેણાં કર્યાં હતાં. જોકે એ બધું ગૌણ હતું, કરિયાવરમાં મુખ્ય હતી સિતાર. લગ્ન માટે સંમતિ આપતી વખતે તનુશ્રીએ હઠીલા સ્વરે કડક શરત મૂકી હતી - મારી સિતાર તો હું લઈ જ જવાની, હા, આ કહી દીધું!

શણગારાયેલા રથ જેવી કારમાં વરવધૂ વિરાજમાન થયાં, જુદાં જુદાં વાહનોમાં સામાન મુકાયો, પણ એક દાગીનો ક્યાંય ગોઠવાયો નહીં. વિચિત્ર કદ અને અનિયમિત આકાર ધરાવતા, લાંબા ગલેફમાં સંતાડેલા એ પ્રાણીને જુદી જુદી રીતે, અન્ય સામાનની સાથે, ઘુસાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો, પરંતુ એ તાબે થયું નહીં. એણે ધમપછાડા કર્યા. ભેંકડા તાણ્યા. છેવટે, નાછૂટકે એને છોડી દેવું પડ્યું.

કોઈએ વાદ્યને શાબાશી આપી. જોયું? ન ગઈ તે ન જ ગઈ. આને કહેવાય કલાનું સ્વમાન.

પરિણામે, બધું ખાલી થઈ ગયું,

પડોશીઓ વીખરાયા તે પછી રાત્રિના અંધકારમાં શેરીના નાકા પાસે મજૂર જેવો યદુકાન્ત લાચાર વાદ્યને ખભે મૂકીને એકલો ઊભો હતો.

*

પાદટીપઃ

શુભાંગિની તો તનુશ્રીની નાની આવૃત્તિ જેવી હતી. એનો વારો આવ્યો. ત્યારે ન થયું તોફાન, ન રડારોળ. વાત એમ હતી કે તનુશ્રીનાં લગ્ન વખતે એક જાનૈયાના હૃદયમાં એણે નટખટપણે પ્રવેશ કર્યો હતો. હવે, એ જેના હૃદયમાં વસી તે પોતે એટલાન્ટામાં વસતો હતો.

કોલેજના બીજા વર્ષમાં હતી, લગ્નની વય માંડ થઈ હતી–

શું બાકી, શું અધૂરું!

હસતીહસતી એ પણ ઊડી ગઈ.

*

કાદંબરીને જોઈને સૌને વિચાર આવતો - આને થયું છે શું?

એ તો ઊર્જાનો સમુદ્ર હતી. હંમેશાં એના ચહેરા પર હાસ્ય રહેતું. પગ વાળીને બેસતી નહીં અને સરખું ખાતી નથી. ચાર-પાંચ કલાકથી વધારે ઊંઘ નહોતી, છતાં શરીરથી તેમ મનથી એવી નરવી કે માંદગી તો શું, ક્યારેય છીંક પણ આવી નહોતી.

હવે એની ચાલ ધીમી પડી. પરોઢિયે આંખ તો ટેવવશ ઊઘડી જાય, પણ પાસું ફેરવીને પડી રહેતી. જાગવાનું કોને માટે? રસોઈના સમયે ખખડાટ સંભળાય એટલે રસોડામાં જઈને ઊભી રહેતી અને તવી-તપેલી શોધતી, પણ નીલિમા હાથ પકડીને એને ખાટલા પાસે લઈ જતી અને પાસે બેસી માથું દાબી દેતી. હમણાં થોડા દિવસ શાંતિ રાખ, ભઈસા'બ! તને આરામની જરૂર છે.

સંગીત વિદ્યાલયમાં જવાનું બંધ થયું. રાહ જોઈ થાકીને ગુરુજી રાત્રે મોડેથી આવતા અને ઓસરીમાં યદુકાન્તની પાસે મૂંગા બેસી રહેતા. એમના આગમનની જાણ હોય છતાં કાદંબરી પહેલાંની જેમ બહાર નીકળતી નહીં અને પાણીનો ગ્લાસ, ચાનો કપ નીલિમા સાથે મોકલતી. પૂજાને પાત્ર એવા અતિથિ પ્રત્યેના સ્ત્રીના આવા વ્યવહારથી યદુકાન્તને ખૂબ ક્ષોભ થતો. આ શું સારું કહેવાય? માંદગી હતી નહીં, દુઃખ હતું તે મનનું હતું. બારણા પાસે આવીને સ્વાગતના બે શબ્દો પણ ન બોલી શકાય? જે બન્યું તે બન્યું, તે માટે પોતાની જાતને સજા કરવી અને સ્વજનો પ્રત્યે નિષ્ઠુરતા બતાવવી તે શું યોગ્ય હતું?

સંકોચ સાથે એ બબડતો, 'હમણાં... જરીક... એનું એવું છે.'

ગુરુજી બોલતા નહીં, ઊંચું જોતા નહીં, હાથ જોડી રાખી મસ્તક ધુણાવતા બેસી રહેતા.

યદુકાન્ત યંત્રોનો માણસ. સંસ્કારી અને સંવેદનશીલ પત્નીના ગૂઢ તંત્રની

અટપટી કળો સમજવાનું એનું ગજું નહીં, મહિનો ગયો, બે મહિના ગયા. ક્યારેક એને માંદલી સ્ત્રી પ્રત્યે થોડો ગુસ્સો પણ આવતો. અકળાઈને કહેતોઃ આપણે કંઈ એમને ખાડામાં નથી નાખી. સુખમાં ગઈ છે. અને, પોતાની ઇચ્છાથી ગઈ છે. પોતાનું જીવન નક્કી કરવાનો અધિકાર એમને ખરો કે નહીં?

ક્યારેક ઊંચા અવાજે આવું બોલાઈ જાય, પણ બીજી જ ક્ષણે, માથે સુધી ચાદર ઓઢીને બેસી રહેતી લાશને જોઈને એ ઢીલો પડી જતો અને પાસે જઈ, રિસાયેલી નવોઢાને મનાવતો હોય એમ વહાલથી કહેતો, – આમ જો મારી સામે. તું કોણ છે? મારી ડાહ્યલી. અને હું?

તને મારા સમ!

કંઈ ન સમજાતું હોય એમ કાદંબરી તાકી રહેતી. કોઈ વાર તો ખૂબ વિચિત્ર વર્તન કરતી. યદુકાન્તની પાસે આવી, એના પગ પર માથું મૂકી, બોલ્યા વગર જમીન પર પડી રહેતી. હાથ જોડીને બેસી રહેતા ગુરુજીની લાચારી, ઘાયલ પશુ જેવી કાદંબરીની દશા - આ શું હતું? આવા બે મનુષ્યો કયા અપરાધ બદલ મારી સમક્ષ ક્ષમાની યાચના કરી રહ્યા છે?

અંતે એ રાગ પણ, વિવિધ છટાઓ કરતો, એના સહજ સમાપન તરફ વહી ગયો. એક મધરાતે, કોઈને જાણ ન થાય એ રીતે અંધારામાં કાદંબરી અને ગુરુજી શહેર છોડીને ચાલ્યાં ગયાં.

*

મકાન જૂનું પણ ઘણું મોટું હતું. આટલાં વર્ષ અવાવરું પડ્યું રહ્યું તેથી, એને રહેવાલાયક બનાવવા માટે, સફાઈનું અભિયાન હાથ ધરવું પડ્યું. લડાયક પુત્રી આગળ અને આવડત વગરનો પિતા એની પાછળ. એક માળ પછી બીજો, બીજા પછી ત્રીજો. નવા ખંડ ઊઘડ્યા, બારીઓ ઊઘડી. ધૂળના થર તથા જાળાં દૂર થયાં, પ્રકાશનો પ્રવેશ થયો. લાકડાના નકશીકામમાં મૂર્છિત અવસ્થામાં પડેલી શાપિત પૂતળીઓ જીવંત બની.

વાહ! આપણું ઘર આટલું સરસ છે? ક્યારે, કોણે બંધાવ્યું હશે, પપ્પા?

અને તમને ખબર છે પપ્પા? ત્રીજા માળની બારીમાંથી તો નદી દેખાય છે!

યદુકાન્તને ખબર કેમ ન હોય? નાનો હતો ત્યારે એ જ બારીએ બેસી કલાકો સુધી એ નદી જોયા કરતો.

છેલ્લું સ્થળાંતર વિષમ હતું.

ફેક્ટરીના માલિકે યદુકાન્તને નોકરીમાંથી કાઢી મૂક્યો નહોતો, મકાનમાલિકે ઘર ખાલી કરવાની નોટિસ નહોતી આપી, પણ બાપ-દીકરી ચૂપચાપ નીકળી ગયાં. જઈને ઊભા રહેવા માટે હજુ એક સ્થળ હતું – વતન ભરૂચનું એમનું બાપીકું ઘર. લગભગ ત્રણ દાયકા સુધી બહાર રહેલો માણસ, પરદેશી જેવો. પડોશમાં બે-ત્રણ વૃદ્ધોને

બાદ કરતાં એને કોઈ ઓળખતું નહોતું. મોં સંતાડીને પડી રહેવા માટે એ જગ્યા ખોટી નહોતી.

મુરતિયો ન મળ્યો અને નીલિમા રહી ગઈ એવું નથી. લગ્નના બજારમાં મુશ્કેલીઓ પડે અદ્‌ભુત કન્યાઓને એમની બરાબરી કરી શકે એટલી અદ્‌ભુતતા ધરાવતો પુરુષ પૃથ્વીના ગ્રહ ઉપર હોય નહીં અને કદાચ અવતર્યો હોય તો તે દૂરના કોઈ નગરમાં અથવા અન્ય રાષ્ટ્રમાં વિચરતો હોય. પરિણામે, જીવનસાથીની પસંદગીમાં એવી કન્યાઓને બાંધછોડ કરવી પડે, નીચે ઊતરવું પડે. એમનાં લગ્ન અનિવાર્યપણે પ્રતિલોમ જ હોય.

નીલિમા સ્થૂળ તો નહીં, થોડી ભારે હાડની કહી શકાય. ત્વચા ઊજળી, નાકનકશી ઘાટીલાં. કેશ ભરાવદાર અને રેશમી. એટલે કે, દેખાવમાં સાવ કાઢી નાખવા જેવી ન ગણાય. વળી, લગ્નોત્સુક યુવતી તરીકે ગુણદોષની યાદી બનાવવી હોય તો દેખાવ ઉપરાંત બીજા પણ મુદ્દા ધ્યાનમાં લેવા જોઈએ. ઘરકામમાં કુશળ. એને થાક લાગે નહીં, કોઈ આગ્રહો નહીં. કોઈ પણ સમાજમાં સામાન્ય પુરુષો પ્રચંડ બહુમતી ધરાવે છે, તેથી એને લાયક મુરતિયો - કારકુન, મિકેનિક, દુકાનદાર - મળી રહ્યો હોત. જળને જે પાત્રમાં રેડવામાં આવે તેને અનુરૂપ આકાર એ ધારણ કરે છેઃ એ ન્યાયે કોઈ પણ કુટુંબમાં પતિ તથા સાસરિયાંને અનુકૂળ થઈને એ રહી શકી હોત.

પરંતુ એ બન્યું નથી.

એ વિષયનો ઉલ્લેખ પણ બાપ-દીકરી વચ્ચે થયો નથી.

છાપરું મળ્યું, પછી પ્રશ્ન આવ્યો નિર્વાહનો. ઘણું રખડી, કેટલીય ઓફિસો તથા ખાનગી કંપનીઓમાં ધક્કા ખાધા, ટેલિફોન ઓપરેટર જેવી નોકરી મળે તે આશાએ, પરંતુ નોકરીના બજારમાં ઉપયોગી નીવડે એવી કોઈ વિશેષ લાયકાત એની પાસે નહોતી.

જે હતું તેની કોઈને જરૂર નહોતી.

એમ તો, નોકરી સિવાય બીજા પણ વિકલ્પો હતા એની પાસે. અનેક આવડતો, વિવિધ ક્ષેત્રોમાં કુશળતાઃ કોઈ પણ એક પસંદ કરીને એને વ્યવસાય તરીકે વિકસાવી શકાય. દાખલા તરીકે પપ્પા, અથાણાં બનાવીને વેચીએ તો?

પુત્રી ઉત્સાહથી નવી નવી યોજનાઓ રજૂ કરે - ત્રણ-ચાર ઘેર રસોઈ કરવી એ તો રમત વાત ગણાય, પપ્પા - તે પિતા મૂઢ બનીને સાંભળી રહેતો.

અંતે, નીલિમાને ન સૂઝ્યું તે એક સાંજે ઘરના એકાન્તમાં યદુકાન્તને સૂઝ્યું. જોકે, વિચાર આવતાંની સાથે એ બોલી શક્યો નહીં, ઘરના ખૂણા તરફ તાકી રહ્યો. એની દૃષ્ટિને અનુસરીને નીલિમાએ, ગલેફમાં સંતાડી રાખેલા વાદ્ય સામે જોયું અને એ રડી.

નાના હતા ત્યારથી કોઈ કામમાં

એણે ના પાડી નહોતી, સોંપવામાં આવ્યું, ચીંધવામાં આવ્યું તે આનાકાની વગર સ્વીકાર્યું હતું, પરંતુ આ પ્રસંગે એ તત્કાળ હા ભણી શકી નહીં. પાત્રતાનો સવાલ તો હતો જ. એણે સાધના કરી નહોતી, કોઈ કાન પકડીને બેસાડતું તેથી વેઠ વાળવા જેવું કર્યું હતું.

વળી, સંગીતના સૂરો હવે આ ઘરને વિશુદ્ધ આનંદથી જ ભરી દે એવી શક્યતા નહોતી. ગયું તે ગયું, એને થોડું જ પાછું લાવી શકાય છે?

ભીતરથી નકાર ઊઠ્યો. ના! મજૂરી કરીશ, ગુલામી કરીશ-

પરંતુ, સંગીત સમક્ષ કોનું ચાલ્યું છે?

*

તાને ચડેલા સૂરોએ વળી એક ઊથલો માર્યો છે. યદુકાન્તના ઘરમાં સવાર-સાંજ સંગીતના વર્ગો ચાલે છે. આજુબાજુની શેરીઓમાંથી થોડાં છોકરા-છોકરીઓ આવે છે. ફીના ધોરણ જેવું ખાસ રાખ્યું નથી.

સાચા કલાકારોની વાત જુદી. વાદ્યને પોતાને ખાસ કંઈ કરવાનું હોતું નથી. જાતને કલાકારના હવાલે મૂકવી એટલું જ વાદ્યનું કર્તવ્ય, પરંતુ પ્રસ્તુત કિસ્સામાં વાદ્યની જવાબદારી વધી છે. એ સમજે છેઃ ઉચ્ચતા અને ભવ્યતાનો નહીં, રોટલાનો પ્રશ્ન છે. તટસ્થ રહેવું એને પરવડે નહીં. સામાન્ય સંજોગોમાં અશ્વ એના અસવારને તાબે હોય છે, પરંતુ અસવાર ઘાયલ થાય ત્યારે એના પ્રાણનું રક્ષણ કરવું એટલું જ નહીં, યુદ્ધમાં એને વિજય અપાવવો તે પણ અશ્વનો ધર્મ બને છે.

વર્ગ પૂરો થયો?

હા, જી.

શિષ્ય-શિષ્યાઓ ખુશ થતાં ગયાં?

હા, જી.

એમને એમની ફીનું વળતર મળ્યું?

મળ્યું કે નહીં તે એ નક્કી કરશે, આપણે કહી શકીએ નહીં. આપણે પ્રયત્ન કર્યો.

વારુ, આપણને આજીવિકા મળી ગઈ?

ફરિયાદ નથી, અભાવ નથી.

તો ચાલો, હવે આપણે થોડો વિહાર કરી લઈએ.

સિતાર હાથમાં લો.

તે પછી એ ઘરમાં જે બને છે તે બાપદીકરીને રડાવે છે. અદ્‌ભુત રાગરાગિણી નીકળે છે, બાપ ધન્ય બનીને ડોલે છે, પરંતુ દીકરી એના કર્તવ્યનો સ્વીકાર કરી શકતી નથી. એના વિસ્મયનો પાર રહેતો નથી. આ કેવી રીતે શક્ય બન્યું?

ના, ના.

આ મારી આંગળીઓની કમાલ ન હોય.

આ રાગ તો મારી ભીતર નહોતો.

- કે પછી હતો?

હતો એવી પ્રતીતિ થાય છે ત્યારે રાગ આંખો દ્વારા વહેવા લાગે છે.

❑❑❑



અમૃતપુત્ર

☐ હિમાંશી શેલત

ફિલ્મ અત્યંત નાટ્યાત્મક, શ્વાસ થંભાવી દે એવા તીવ્ર વળાંકે આવી ઊભી. પ્રભુદાસ સ્થળકાળ ભૂલીને એ દૃશ્યનો હિસ્સો બની ગયો.

પડદા પર ઘેરા અંધાર-ઓળા. ફોકસ શાસક ઉપર. અહંકારી, ક્રૂર, ડરામણો. એની બર્બર સત્તાનો વિરોધ કરનારો ક્રાંતિવીર પકડાઈ ગયો છે. મરણતોલ માર ખાઈને બેવડ વળી જનારો એ બહાદુર હજીયે ખુદ્દાર છે. એના ચહેરા પર થૂંકીને શાસક એ કાજળ કોટડી છોડી જાય છે. જતાં જતાં પોતાના વફાદાર અને ખૂનખાર એવા બે સૈનિકોને આદેશ આપે છે:

ખતમ કરી દો આને! અને શબ બજાર વચ્ચે મૂકજો તેથી પ્રજાને ખબર પડે કે વિરોધની સજા કેવી હોય!

શાસકની પીઠ ફરે છે, ઘડી બે ઘડી સૈનિકો નીચે માથે બેસી રહે છે. એમની નજર ભોંયે પડેલા, પીડાથી ત્રસ્ત વીર જુવાન પર છે. અને સર્જાય છે ચમત્કાર. બંને એના લોહી ઝરતા ઘા સાફ કરી મલમપટ્ટા લગાવે છે. પીડાશામક દવા આપે છે, કોફી પીવડાવે છે, એના

તૂટેલા પગ માટે કાખઘોડી ધરે છે, અને હાથમાં પકડાવે છે રિવોલ્વર, સ્વરક્ષણ માટે જરૂર પડે તો.

આ મથામણમાં સાંજ પડી જાય છે. સૈનિકો હવે વિદ્રોહી જાંબાઝના કાનમાં મુક્તિમંત્ર ફૂંકે છે. સલામત સ્થળે પહોંચવા માટે એક મુક્તિમાર્ગની માહિતી આપે છે. પેલો ક્રાંતિવીર સ્તબ્ધ છે. આ કરુણા અને સહાયનો અર્થ એને સમજાતો નથી. છેવટે એ પૂછી જ લે છે, બચાય કે ન બચાય મારાથી, પણ તમે તો ચોખ્ખું જોખમ નોતરી લીધું છે તમારે માટે, શા માટે કરો છો આ બધું?

ઉત્તર છે : થાક્યા છીએ ધિક્કાર અને હિંસાની વણથંભ કથાથી. ઊબકા આવે છે રેલાતા લોહીની ગંધથી. માણસ હોવું એટલે શું તે યાદ સુધ્ધાં નથી રહ્યું. હવે જીવવું અને મરવું છે માણસની જેમ, ઝનૂની રાક્ષસની જેમ નહીં.

પછી પડદો ઝળહળે છે સૂર્યાસ્તના નારંગી ઉજાસ થકી. આ અપાર્થિવ પ્રકાશમાં પેલો ક્રાંતિવીર ખોડંગાતી ચાલે જતો દેખાય છે, અને પાછળ રહેલા બંને સૈનિક આરતભરી પ્રાર્થનામાં લીન છેઃ બી હિઝ ગાર્ડ, માય લોર્ડ! પ્રોટેક્ટ હિમ. લેટ ધેર બી લવ એન્ડ કમ્પેશન ઓન યોર બ્યુટિફુલ અર્થ... પ્લીઝ, ગોડ!

પ્રભુદાસ એમની ભીની પાંપણો પર આંગળી ફેરવવાનું ભૂલીને સ્થિર બેસી રહ્યા. ગાંધીના અંતિમ ઉપવાસનું દશ્ય આમ ફિલ્મી પડદે જ જોયેલું, તે યાદ આવ્યું. ગળાં કાપવા તત્પર રાક્ષસો હથિયાર ફેંકીને એકમેકને ભેટતા હતા.

આનું નામ ચમત્કાર. માણસ પોતે પોતાના વરવા દેખાવથી છળી મરે. કુરૂપ આદમી અરીસામાં જાતને જોઈ ડરી જાય એ રીતે. બેફામ હિંસા અંતે તો થકવે. પ્રપંચ અને જૂઠાણાંનોય છેવટે કંટાળો આવે. પોતે આચરેલી જંગલિયતથી ત્રાસ અનુભવે. આ થાક અને કંટાળો ભીતર ભરાયેલી સારપને ધક્કો લગાવે. એ સારપ ભલેને રાઈદાણા જેટલી હોય, એક વાર સપાટી પર આવે પછી તમામ સદ્‌વૃત્તિઓ પ્રબળ બનવાની. એમાં શક નહીં. ગાંધીજી આ સત્ય જોઈ શકેલા, આપણે સાગમટે આંધળા કેમ? આ સાદીસીધી બાબતને ચકાસી જોવાનું આપણને કેમ યાદ નથી આવતું?

વિચારોએ પ્રભુદાસને હચમચાવીને ઊભા કરી દીધા. બહારને બારણે એ તત્ક્ષણ પહોંચ્યા અને ચંપલ પહેર્યાં.

- ક્યાં ઊપડ્યા અત્યારે? દસ વાગ્યા છે, ખબર તો છેને?

બાપની ગતિવિધિ આજકાલ રહસ્યમય થતી જતી હતી, અને દીકરો એનાથી સભાન, તેથી પોતાની ફરજ પાકે પાયે બજાવતો. એને ખુદને આદર્શવાદની બહુ બીક. અને પ્રભુદાસ એ મુદ્દે ખાસ્સા અનપ્રેડિક્ટેબલ.

- મેં પૂછ્યું ક્યાં ઊપડ્યા આટલી

રાતે?

- અમારી રોજની બેઠકમાં. બાગને બાંકડે.

- તે અત્યારે કોણ હોય ત્યાં?

- છે આખી મંડળી. મારી રાહ જુએ છે.

- ભલે, મોડું ન કરતા અને ઊંઘ ન બગાડતા...

દીકરાએ મોબાઈલમાં ખોવાઈ જતાં કહ્યું.

- નો, નો, ડોન્ટ વરી.

પ્રભુદાસને ખબર કે ફિલ્મની વાત વહેંચ્યા વિના એમને ઊંઘ આવવાની નથી. બગીચે પહોંચ્યા ત્યારે બાંકડા ધબકતા હતા. ઉગ્ર ચર્ચા ચાલી રહી હશે. પ્રભુદાસને જોયા એટલે અવાજો ધારદાર બન્યા.

- પૂછો પ્રભુદાસને. આ હમણાં જે બનાવો બને છે તે ગાંધીના ટાઈમમાં બન્યા હોત તો એમણે શું કર્યું હોત?

- કયા બનાવો?

કંઈ એક છે તે નામ દઈને કહીએ? આ ખૂનખરાબા અને સાચ પરના ઢાંકપિછોડા, પ્રજાની લાપરવાહી, ઉન્નાવનું તો જાણોને?

- લોક જ જડ, માર ખાતા જણના ફોટા પાડી વાયરલ કરે એમાંનું, હાવ નપાવટ ને બેશરમ!

પ્રભુદાસનો અવાજ ઊંચો થયો.

- ગાંધીને છોડો, આપણે શું કરીએ છીએ એ બોલો! નીકળ્યા પછી એકેય વખત માથે કફન બાંધીને?

- તે એવો પ્રસંગ આવે તો નીકળીએ. અમસ્તા કંઈ થોડા ધસી પડાય!

- પ્રસંગ? આ શહેરમાં એક નહીં, અનેક આવ્યા જ્યારે નીકળાયું હોત, જો દાનત ઓનેસ્ટ હોત તો. જાતને સાચવી રાખવી છે કાચની બરણી પેઠે, ને વાત ગાંધીની કરવા નીકળ્યા!

ફિલ્મ અંગે બોલાય એવો સમય આવી લાગ્યો. ભઈ, ગજબની ફિલમ. તક મળે તો જોવા જેવી. અંદરથી હલી જવાય અને થાય કે કરી નાખીએ કશુંક, જો વખત આવે એવો તો! મને તો દિલ થઈ આવ્યું છે કે...

- આર યુ મેડ? યુ આર નોટ ગાંધી. મારું-તમારું કોઈ સાંભળે નહીં, મરીએ નહીં ને માર ખાઈને આવીએ તે નફામાં!

- સો વોટ! રોજ રોજ નથી બબડતા આપણે કે જીવવામાં મજા નથી, ને દેશ બેફામ હિંસાને લીધે પારકો-પારકો લાગે છે? ખપી જવાય તો તેમ અને માર ખાવો પડે તો એમ, કરી તો જોઈએ પ્રયોગ ખાતર ક્યારેક.

- આ પ્રભુદાસ રવાડે ચવાડે એવા છે, ડેન્જરસ. આ તુક્કો જવા દો, યાર! ગાંધીના પેંગડામાં પગ ન ખોસાય.

- આપણે ક્યાં એવું કશું કરવું છે? એક સિમ્પલ બાબત છે. ખોટું થતું હોય ત્યાં જો એ અટકાવી શકાય તો પ્રયાસ કરવાનો, ન થાય તો કંઈ વાંધો નહીં.

બેક ટુ અવર પેવિલિયન.

- અચ્છા, તો અખતરા માટે ક્યાં સવારી લઈ જશો?

- એ તો ઘટના આકાર લેવાની સંભાવના હોય ત્યારે નક્કી થાય. આવશો?

- આપણું કામ નહીં. પાછલી ઉંમરે આવા ધખારા જોખમી. તમેય રહેવા દો. દીકરાને ક્યાંક ઉપાધિમાં મૂકી દેશો.

*

ન્યાયની લડત માટે થોડા જાગરૂક બહાર પડે ત્યારે 144મી કલમ? સરઘસ ન કઢાય, ભેગા ન થવાય, જેલમાં ધકેલી દેવાય, આવો જુલમ સ્વરાજમાં?

પ્રભુદાસ સવારથી વ્યગ્ર, નિર્ણય લેવાનો હતો તેમાં.

શાંતિથી ચા તો પી લો! નથી આ આપણી તાકાતની વાત. છોડો પંચાત.

આ અવસર, પ્રસંગ. વન મસ્ટ રાઈઝ ટુ ધ ઓકેઝન. વખત આવે ત્યારે ઝંપલાવવાનું, ફિલસૂફી ડહોળવા નહીં બેસવાનું. પ્રભુદાસ જાતને સજ્જ્ કરવા માંડ્યા. કોઈને પણ કહ્યા વગર, સાથ લીધા વગર, જાતે જ પહોંચવાનું સ્થળ પર. જે ઘટનાને પગલે આ વિરોધ થવાનો હતો એની બારીક વિગતો જાણ્યા બાદ તો પ્રભુદાસને વેઠ્યો ન વેઠાય એવો અજંપો અકળાવવા લાગ્યો. જાતનો કસ કાઢવો છે, આજે પસાર થવું છે અગ્નિપરીક્ષામાંથી. જ્યાં સહુ ભેગા થવાના ત્યાંથી સત્તુની દુકાન નજીક છે. દુકાનની પાટલીએ બેસી રહેવાનું. પછી જેવી નિર્ણાયક ક્ષણ આવે કે ધસી જવાનું. હિંસા રોકવા મથવાનું. સહેલું તો નહીં હોય, તો અશક્ય પણ નહીં. સંભવ કે આપણો પ્રભાવ શૂન્ય હોય, અને બોલેલું કોઈ ન સાંભળે તો અંતે જે થાય તે, ખરાખરીનો ખેલ. વન્સ ઈન અ લાઈફટાઈમ. હિસાબ આપવાની ઘડી, આખાયે જીવનઘડતરનો અકાઉન્ટ.

સંઘર્ષની સંભાવનાનો વિસ્તાર આવ્યો. રમખાણ ખાળવા ઊભેલી યુનિફૉર્મની દીવાલ અને એને અહીં લગી પહોંચાડનાર ડબ્બાઓ સિવાય બીજું કંઈ દેખાયું નહીં. જનમેદની તો ઠીક, ગણ્યાગાંઠ્યા, વેરવિખેર માનવઆકારો. રાહત થઈ. કશુંયે ન થાય એ તો ઉત્તમ.

સત્તુ સાથે ઇધરઉધરની વાતચીત ચાલી. અડધી ચાની પ્યાલી જોડે.

- આવહે લોક, આટલે એવું જ. અચાનક આવી લાગે તેવારે દેખાય કે લો, આ તો આટલા બધા!

દૂરદૂરથી મધમાખીઓનાં ઝુંડ નજીક આવી રહ્યાં હોય એવો આછો સુસવાટ પ્રભુદાસના કાનને અડીને પસાર થઈ ગયો. ના, પસાર ન થયો. એનાં મોજાં એક પાછળ એક આવતાં ગયાં અને પ્રત્યેક મોજાંની થપાટે અવાજ તીવ્ર થતો ગયો. એની અસર પોલીસ ફોજ પર તરત વરતાઈ. ત્યાં

ચહલપહલ વધી ગઈ.

- લો, આવી લાઈગા. અવે જોઈ લેવાની ધમાલ. સત્તુ ટેબલનું ખાનું ફંફોસતો બબડ્યો અને તેનો બબડાટ આગળ વધ્યો.

- પમ દા'ડે એક છોકરીનું ગળું કાઈપું કોઈ લોંઠકાએ. ઓહે કંઈ બી લફરું. રસ્તે ધોળે દા'ડે કેટલું લોક, ધારતે તો પકડી લેત પેલાને, પણ કંઈ હો નીં, છોકરી તફડી પડી બધ્ધાંની દેખત...

- અને તું? તું ગયો કે નહીં વચ્ચે પડવા?

પ્રભુદાસે સત્તુને અટકાવ્યો. આશ્ચર્યથી સત્તુ પ્રભુદાસને માપી રહ્યો.

- મેં? હાવ નાનલો માણહ મેં તો, આપડું કામ નીં એ! સત્તુના જવાબને કારણે પ્રભુદાસને ભાન થયું કે પોતે સાવ દૂબળાપાતળા અને સામાન્ય ઊંચાઈવાળા, ભરી ભીડમાં ખોવાઈ જતાં વાર ન લાગે એવા.

ભાગદોડ, નારાબાજી અને બીજા કોલાહલ વચાળે પ્રભુદાસ ઝભ્ભો ખંખેરી ખડા થઈ ગયા. નિર્ણાયક પળ ગમે ત્યારે આવે.

- બેહો, બેહો, આવામાં કાં જવાના?

- થોડું કામ છે. પતાવું. પછી બહુ ગરબડ થશે તો નહીં નીકળાય.

પગે વજનિયાં બાંધ્યાં હોય એમ ચાલ ધીમી પડી ગઈ. થોડું ચાલતાં શ્વાસ ભરાઈ આવ્યો. કેમ આમ? પ્રભુદાસને ટોળાંઓમાં પેસી જતાં જરા ભય સુધ્ધાં લાગ્યો. આ અનુભવ થોડાં વરસ પહેલાં લેવો જોઈતો હતો. કદાચ આ વયે આવા અખતરા નકામા. દ્વિધાભાવમાં એ પ્રવાહના દબાણથી જ આગળ ધકેલાતા જતા હતા.

- ઓ કાકા, આવામાં બહાર નીકળાય આ ઉંમરે?

પ્રભુદાસે બોલનાર સામે જોયું અને અકળાવાને બદલે જરા મલક્યા. સામસામે સૂત્રો ફેંકાતાં હતાં એટલે એક પક્ષ સત્તા-સમર્થકોનો, અને બીજો ન્યાયની માગણી કરતો, એટલું સમજાયું. મોટું ટોળું જમીન પર બેસી ગયું. એને હટાવવા બળિયાઓ ત્રાટક્યા. ગરમી એકાએક વધી ગઈ હોય એમ પ્રભુદાસની આંખો ચચરવા લાગી. ટોળાંનો આકાર બદલાયો. ઉશ્કેરાયેલા અને સળગતા ચહેરાઓ એકમેકમાં ભળી ગયા અને ઊપસી આવ્યો એક મહાકાય, ભયાવહ ચહેરો. એ ડરામણા આકારથી ગ્રસાયેલા પ્રભુદાસ દેખાતા બંધ થઈ ગયા. ભચડકચડમાં એમની નિર્ણયશક્તિ લગભગ પરાસ્ત થઈ. અસહ્ય મૂંઝવણ દરમિયાન એમની પીઠે સતત ધક્કા લાગ્યા. ગડથોલું ખાતા એ માંડ બચ્યા.

- ઓ દાદા, આઘા ખસો! અટવાઈને પડશો ક્યાંક તો કચરાઈ જશો... કામ છે તમારા જેવાનું અહીં!

હટો-હટો, ખસો-ખસો, મૂવ-મૂવની

રાડારાડ વચ્ચે પથરાબાજી ક્યારે શરૂ થઈ એની પ્રભુદાસને ત્યારે ખબર પડી જ્યારે કાન પાસેથી એક પથ્થર ઊડતો હોય એવી તેજ ગતિએ પસાર થઈ ગયો. બરાબર એ ઘડીએ બે મજબૂત હાથ, એમને રક્ષણ આપવા અવકાશમાંથી ઊતરી આવ્યા હોય એમ, ખભા પર લપેટાયા.

- યુ શુડ નોટ હેવ કમ હીઅર. કૈસે ચલે આયે આપ યહાં? પતા નહીં થા આપ કો?

પછી ભરી ભીડમાં ડોક ફેરવી અજાણ્યાએ આદેશ આપ્યો.

- રાજબીર, અંકલ કો લે જાવ યહાં સે દૂર... ભુવન કો બોલો રિક્ષા મેં ભેજ દે જહાં જાના હો.

આટલું બોલતો બોલતો ઉશ્કેરાટમાં લાલચોળ આંખોવાળો એ પહેલવાન પૂરી તાકાતથી લાકડી વીંઝવા લાગ્યો. સૂધબૂધ ખોઈ બેઠેલા પ્રભુદાસ આ ખતરનાક ખેલથી ડઘાયા. આ માણસના હાથમાં લાઠી ક્યાંથી આવી? અરે, એણે તો પેલા એકના માથા પર ફટકારી ને પેલો પડ્યો ભરી ભીડમાં, નક્કી છૂંદાઈ મરવાનો. કોઈ બહાર તો કાઢો એને... પ્લીઝ હેલ્પ હિમ!

પ્રભુદાસે જોયો હતો એ કુમળો ચહેરો, માથે ફટકો પડ્યો એ પહેલાં. શી ખબર ક્યાંથી આવ્યો હોય ભટકતો ભટકતો આ શહેરમાં. એની મા બાપડી ગામડે વાટ જોતી રહેશે અને આવો આ તો વધેરાઈ ચાલ્યો આટઆટલા માણસો વચ્ચે!

પ્રભુદાસને ખેંચીને સલામત સ્થળે લઈ જતા અજાણ્યા આદમીઓને સમજાતું નહોતું કે ડોસા મદદગારને સાથ આપવાને બદલે ભોંયે પગ ખોડીને કેમ ઊભા છે! મરણિયા બનેલા પ્રભુદાસના ગળાની નસો તગતગી રહી. હતી એટલી તાકાત એકઠી કરીને એમણે ઘાંટો પાડ્યો.

જસ્ટ અ મિનિટ, એક મિનટ મેરી બાત સુનો...

એમને બળપૂર્વક વળગેલા હાથ જરા ઢીલા પડ્યા કે તરત પ્રભુદાસે એમને ખેંચનારનું બાવડું ઝાલ્યું.

મેરી બાત સુનો, બેટા! વો જો ચોટ ખા કે પડા હૈ વહાં, વો મેરા પોતા હૈ, માય ગ્રાન્ડસન...

ગળગળા આટલા શબ્દોથી ક્ષણાર્ધમાં આખેઆખી ગૂંચ ઊકલી ગઈ.

- તભી તો બુઢ્ઢા હટતા નહીં યહાં સે!

ભોંયે પડેલા, પીડામાં અમળાતા, લોહીથી ખરડાયેલા દેહને ઉપાડી લેવા અજાણ્યા નમી પડ્યા. ભીડને આઘીપાછી કરવા બીજાએ થોડા મદદે આવ્યા.

- હટો, ભઈ હટો! વો અંકલ ખડે હૈ ન વહાં, ઉનકા પોતા હૈ યે... ચલો, ઊઠા લો ઠીક સે.

❑❑❑



મારે તારું મોં ચાખવું છે

☐ મધુ રાય

તમારા ઇનબોક્સના ઈમેઇલ બધા એકબીજા સાથે વાતો કરે છે. ઈમેઇલ્સ, યસ, ઈમેઇલ્સ, લેપટોપની હાર્ડ ડિસ્કમાં સેવ કરેલા લેટર્સ. યસ, ધે ઇન્ટરફેસ, ધે ટોક ટુ ઈચઅધર.

થોભો, સાંભળો, વેઇટ, સબૂર, ઊભા રહો!

તમે માનો છો કે હનુમાને સંજીવની પર્વત ઉપાડેલો? કે મોઝેઝે દરિયાના ભાગલા પાડેલા? કે કાકે મંજરીનું દિલ જીતેલું અથવા પદ્મિની સતી થયેલી? તો આ વાત કેમ ના માનો?

ને પછી ગૂગલમાં એવી પણ વાત ઊડેલી જે સાચી નીકળેલી, યસ? કે

લાઇબ્રેરીનાં પુસ્તકો બધાં સામસામે કેરેક્ટર્સની અદલાબદલી કરે છે, લાઇક વન કાઇન્ડોફ ખો-ખોની રમત રમે છે, રિમેમ્બર? લાઇક સરસ્વતીચંદ્ર દેવદાસની ચન્દ્રમુખીને મળવા જાય છે ને માનો કે વાત આવેલી અમુક નોવેલ્સોની હિરોઈનો બીજી નોવેલ્સોના હીરોઝ સાથે રાસડા લે છે, એન્ડ લાઇક ધેટ, કેમકે તે સાયબરસ્પેસના વીજાણુ ''જગત''માં સારું-નરસું કે મોરલ-બોરલનું કાંઈ લફરું નથી. મુક્તાકાશે મુક્તમને મુક્તજીવન.

અને પછી અચાનક નવી અફવાઓએ જોર પકડેલું, ઇન્કવાયેરીઓ થયેલી ને પ્રૂફ પણ મળેલાં કે મ્યુઝિયમોમાં પેઇન્ટિંગ્ઝ સઘળાં રાત્રિચર્યા કરે છે, રાજા રવિ વર્માનાં પાત્રો સપોઝ કે વાન ગોઅનાં પાત્રો સાથે લારીલપ્પા કરે છે. રેનુઆરની હિરોઈન રાજપૂત સ્ટાઈલના મિનિયેચરમાં છુપાઈને કેલિ કરે છે. પોલ સેઝાં ને પોલ ક્લીની સંતતિ લોકલ શરાબની પ્યાલીઓ ઉછાળે છે, યુ ગેટ ધ આઈડિયા. આ બધું સતત ચાલતું જ રહે છે. નોન લીનિયર, નોન લિન્ગુઅલ, નોન રેશનલ. નોન સ્ટોપ.

અને તેમાં નિશાળના ''સ્ટુડન્ટસ ડે''ની માફક અમારા વર્લ્ડમાં કોઈ વાર ''પીપુલ્સ ડે'' ઉજવીએ અમે લોકો, યુ સી, ને સ્કૂલમાં વરસનો એક દિવસ સ્ટુડન્ટ નવનીત શાહ હિન્દીના સર યાજ્ઞિક સર બને, ને સ્ટુડન્ટ વિશાખા મહેતા હિસ્ટ્રીનાં મેડમ રાણા મેડમ બને ને અજિત સંપટ હેડમાસ્તર ઝાલા સાહેબ બને તેમ આજનો દિવસ હું બનેલ છું તમારો પ્રવક્તા, યુ ફોલો? કેમકે હવે તો ટેક્સ્ટ મેસેજ ને વોટસેપ ને એટલું બધું વધી ગયું છે કે સમ કાઇન્ડોફ પ્રવક્તાની હેલ્પ વિના તેનો છેડો પકડવો અસંભવ છે. અને ફક્ત મારા-તમારા ઇનબોક્સના જ નહીં, સમસ્ત સાઈબર સ્પેસના કરોડો, અબજો ઈમેઇલ, બીમેઇલ ને એસેમેસ સામસામા હાઈફાઈવની તાળીઓ લે છે. તમારા, મારા, વાઈફના, ડોટરના, પ્લસ ''પ્રાઇવેટ પાર્ટી''ના ટોટલે ટોટલ મેસેજિઝ, ઈમેઇલ ને વોઇસમેઇલ, વિન્ક વિન્ક. ગુજરાતી, હિન્દી, અરેબિક, એસપરાન્તો વોટેવર. કેમકે લેન્ગવેજ તો માણસોએ બનાવેલી લિમિટેશન છે. રાઈટ! માણસો સમજે છે કે લેન્ગવેજથી વાત એક્સપ્રેસ થાય છે પણ ખરેખર લેન્ગવેજથી વાતની લિમિટ બંધાય છે. થિન્ક એબાઉટ ઇટ.

આ આજનો દિવસ આપણે સામસામે આમ લટર પટર કરી શકીશું, ને સડનલી આંખો ખૂલશે ત્યારે સઘળું છૂમંતર! ને ચિંગખચિંગ! સુપર્ણાની આંખો ખૂલી ગઈ.

* * *

વ્હોટ? સુપર્ણાએ ઝાંખા અજવાળામાં

આંખો ફાડીને જોયું, કમરો તો પોતાનો જ હતો, બારી, પંખો, કબાટ બધું હતું. મીન્સ કે રિયાલિટી છે? પેલી હમણાં જોયેલા બધા ઈમેઇલ સામાસામા ભેળસેળ થવાની વાત જસ્ટ ડ્રીમ કે સંભ્રમ? ને મિહિરની સ્ટોરી સેઇફ છે, થેન્ક ગોડ, ને?

મિહિર! સુપર્ણાએ ઊંડો શ્વાસ લીધો, ને જાણે શિવરાત્રિની ભાંગનો એક ગલાસ પીધો! તેના હાર્ટમાં એક હિન્દી ''ટીસ'' ઊઠી. સુપર્ણા મનોમન હસી પડી, ''ટીસ'' ઉપર.

મિહિર વ્યાસ! કદાચ સાચું નામ નયે હોય. પણ તેનું સાચું કે ખોટું નામ લેતાં સુપર્ણાના બદનમાં એક સર્પિણી જાણે સળવળી ઊઠે છે. આખા દિવસની દરેક મિનિટ બલકે દરેક મિનિ-સેકન્ડ મિહિરના નામની ઇલેક્ટ્રિસીટી પીતી પીતી સુપર્ણાને જાણે સાચેસાચ ''જીવતી'' રાખે છે. ઓહ તેમાં સુપર્ણાના ચશ્મુદીન મિસ્ટર રાજેશને કોઈ લેવા દેવા નથી. પતિ રાજેશ સાથે સુપર્ણાને કોઈ ટંટો નથી, કે રાજેશ સિવાય બીજા કોઈ પુરુષનું રુંવાડું તે અડકી નથી, ગોડ નો! વસ્તુ શરીરસુખની નથી. સુપર્ણાના આત્માના સંતર્પણની છે, ફરી સુપર્ણા લજવાઈને હસી પડી, ''સંતર્પણ''.

પણ મિહિર છે તેનો આબેહયાત. લેપટોપ કે આઇફોન ખોલીને મિહિર સાથે બે મિનિટ, ભલે ને બે જ મિનિટ, સહેજ છેડછાડ કરી લે એટલે આખો દિવસ જાણે મિહિરનો શ્વાસોછ્વાસ, લાઇક, તેનાં પોતાનાં નસકોરાંમાંથી અવરજવર કરે છે. ચિંગખચિંગ!

* * *

બે મહિના પહેલાં તેની કોલેજની ફ્રેન્ડ શીલાએ, જે હવે તેની કંપનીના એચઆર ડિપાર્ટમેન્ટમાં કામ કરે છે તે શીલકીએ તેને ''સમોસા''ની વાત કરેલી. શીલા પણ સુપર્ણાની જેમ તાજી જ પરણેલી હતી. બંને પોતપોતાના સંસારમાં ઓક્કે હતી, બંને બોમ્બેની એક ''હાઈફાઈ'' બ્રોકરેજ ફર્મમાં ફેન્સી પગારે કામ કરતી હતી, અને બંનેના મિસ્ટર્સો બિઝનેસમાં સોલિડ કમાતા હતા ને પોતપોતાની વાઈફોને લવ કરતા હતા અને ઓલ ધેટ વોઝ સિલી ને સિકનિંગલી નોરમલ ને ટોટલી ઓરરાઇટ. પણ શીલકીએ સુપર્ણાનો હાથ દબાવીને કહેલું કે આજકાલ હવે બધી છોકરીઓ નેટ ઉપર એકાદો લવર બી રાખતી હોય છે જેને કોડવર્ડમાં કહેવાય છે, ''સમોસું''. રોજ સવારના પહોરમાં પોતાના સમોસા સાથે ''લવ''ની કાંઈક વાત કરવાની. પોતાની કાંઈક મૂંઝવણ હોય તો જણાવવાની. પેલો સામે એવી જ કાંઈક પોતાની વાત કરે. બસ દિવસભર તેનો નશો રહે, કોઈક છે મારું, સિક્રેટ સિક્રેટ છે મને ગ્રેટેસ્ટ લવ કરનારું. ''ઊફ્ફ! તે વસ્તુ

સિક્રેટ રહે તેનો વળી ઔર એક નશો થાય યાર,'' શીલાએ આંખો નચાવી માથું ધુણાવતાં કહેલું, ''હોધી લે એક કાચી કાકડી જેવો કોલેજિયન! તારું પર્સનલ સમોસું.''

અને સુપર્ણાએ તેવું સમોસું શોધી કાઢેલું. હાઉ? શીલાએ નીચલો હોઠ કચરીને તેને ટ્રિક શીખવેલી: ફેસબુક ઉપર જા. ગમે તે એક છોકરાનું નામ લખ, લાઈક રમેશ કે દિનેશ કે જિજ્ઞેશ કે જે આવડે તે. ને સર્ચ કર, ડઝન્ટ મેટર. એવા પાંચપંદર નામોના ''ફ્રેન્ડ'' બનવાનું ને પછી જોવાનું કે કયો ચોકલેટી ચિકન છોકરો લપસે છે. ને બસ ધેટ ઇઝ યોર ઓવન ટેસ્ટી સમોસા. અને હલો! બે દિવસની અંદર સુપર્ણા પોતાની જિંદગીના ભાણામાં ઉતારે છે ફણફણતું સમોસું, નામે મિહિર વ્યાસ. તેની સાથે કોઈ બી વાત થાય. તે તમને કોઈ બી વાત કરે. ગમે તેવી ખાટીમીઠી, મોળીતીખી, સાચીજૂઠી, ગલીચ કે ગલગલીપ્રદ ગંદી, કે ફક્ત ''ગુડ મોર્નિંગ!'' બસ સુપર્ણાનો પોતાનો અંગત ઇન્ડિવિડ્યુઅલ પ્રાઈવેટ ગોખલો. દુનિયાથી દૂર, મારો, ફક્ત મારો પોતાનો દલ્લો! જેમાં કોઈ ગિલ્ટ નહીં, કોઈ પાપ નહીં, ફક્ત દિલ બહલાવ! સાચ્ચે સાચ્ચો દિલ બહેલાવ.

સુપર્ણા પથારીમાંથી ઊભી થઈ. દિવસ ઊગી રહ્યો હતો. બ્રશ કરવા જાય તેની પહેલાં એક વાર અડકી લેવા દે મારા ધગતા સમોસાને, તેણે આઇફોન ''પેટાવ્યો'' મનોમન બોલતાં સુપર્ણા ફરી હસી, ''પેટાવ્યો''. મિહિરનો વિચાર આવતાં તેના માથામાં જાણે સ્મિતનું ઝૂમખું ઊગતું. માય લિટલ ડોગી, માય ડીયર લવરલેટ!

મિહિર ઓનલાઈન નહોતો, પણ ''આઇએલવાય'' લખતાં કોણ રોકે છે! ઓહ, કેવી રિલીફ છે ને? કે પેલું હનુમાને સંજીવની કે મોઝેઝે દરિયાના ભાગલા કે કાકે મંજરીનું દિલ જીતેલું અથવા પદ્મિની સતી થયેલી વગેરેવાળો ચિત્તભ્રમ ફક્ત એક ઝપકી જ હતી, નોટ રિયાલિટી. સેફ છે મિહિર. મારા ઇમેઇલ, મારા ટેક્સટ, સેફ છે મારા આબેહયાતની સુરાહી.

* * *

ટેસ્ટિંગ, ટેસ્ટિંગ, યોર પ્રવક્તા હીયર, લેડીઝ એન્ડ જેન્ટલમેન. એક વાત તો સમજો છો ને, કે હું પ્રવક્તા છું એમ કહું છું તે ફક્ત તમારી સહૂલિયત માટે. હું પોતે કાંઈ છું જ નહીં, સિર્ફ ઈલેક્ટ્રોનિક ઇમ્પલ્સ. મારે કોઈ આકૃતિ નથી, વ્યક્તિત્વ નથી, ઇડ-ઈગો-સુપરઇગો નથી. આ બયાન ફક્ત તમારા મનોરંજન માટે ટેલર-મેઇડ છે કેમકે કોઈના લેપટોપના ઇનબોક્સમાંથી કે હાર્ડ ડિસ્કમાંથી કોઈ લેટર ઊડીને તમારી સાથે વાતે વળગે તે કાકે મંજરીનું દિલ જીતેલું તેવી વાત છે.

ઓકે, ઓકે, પણ પ્રવક્તા મહારાજ, તમારું બયાન શું છે? તમે પૂછો છો. ઓકે, બયાન તે છે કે પણ મિહિર વ્યાસ નામની કોઈ વ્યક્તિનું શું? શીલા તેના સમોસાને ને સુપર્ણા તેના સમોસાને રૂમાની ખિલૌનાની જેમ ખિલવે છે, પણ સામી વ્યક્તિનું શું?

એટલે વાચક, વાચક હું તમારી સાથે તે સમોસા વિશે કેટલા ફાંટા પડે તેનું બયાન કરવા માગું છું. પહેલો ફાંટો છે કે સંભવત: મિહિર વ્યાસ નામની જીવતી જાગતી કોઈ એક વ્યક્તિ નથી. મહેમદાવાદના એસટી સ્ટેશનની પાછળની ઝૂંપડપટ્ટીમાં ચાલે છે એક સાઈબર કાફે. બીજા કાફેઝમાં જેમ વીડિયો ગેમ્સ ખેલવા છોકરાઓ આવે તેમ અહીંયા ''સમોસા''ની ગેઇમ રમવા કોલેજિયનો આવે છે, જેનો એક ખેલંદો છે ''મિહિર વ્યાસ'', નામનું કલ્પિત પાત્ર. કોઈ બી ખેલાડી કોઈ બી નામના પાત્રની આઇડેન્ટિટી ઓઢીને સામેની યુવતી સાથે ગેડીદડા રમે છે. એક લુચ્ચો સ્પોર્ટ, માનો ને, જેનાથી કોઈને કશો હાર્મ થવાનો નથી. માત્ર મજા જ મજા. કોઈ સવારે મિહિર રામૂ બને છે તો કોઈ બપોરે મિહિરનો વેશ છે શ્યામૂ ને કોઈ સાંજે મિહિરકુમારના ડાયલોગ મારે છે ઉદ્ધવલાલ.

પણ સુપર્ણાની મિહિર પ્રત્યેની સંપૂર્ણ ''કુરબાની'' જોતાં એવો ફાંટો બહુ ક્રૂર કહેવાય. વેરી પોસિબલ, પણ વેરી ક્રૂર. તો મિહિર વ્યાસ છે તે સાચે સાચો મોંઘીબાઈ સીતારામ મજિઠિયા મહાશાળામાં એમએનું છેલ્લું વરસ ભણતો વિદ્યાર્થી છે, જે સ્કૂટર ચલાવે છે ને સપોઝ જીએસએની એક્ઝામ આપી કશેક કલેક્ટર થવા ઇચ્છે છે. જેમ તે સુપર્ણાનો આબેહયાત છે, તેમ તેના જીવનમાં સુપર્ણા છે તેનો પ્રાણાધાર છે, જેની સાથે એક વાર એક મેસેજની અદલબદલ ન થાય ત્યાં સુધી તેને ચેન પડતું નથી. એ જાણે છે કે સુપર્ણા પરિણીત છે, તેમ જ તેઓ કદી પ્રત્યક્ષ મળવાનાં નથી. બસ, તે જ વસ્તુ આખી રિલેશનશિપને સ્પેશ્યલ બનાવે છે, કે કોઈ સ્વાર્થ નથી, કોઈ અપેક્ષા નથી, છે ફક્ત લગાવ. પ્લેટોનિક.

ઘંટાઘૂસ્સ! કહીને સ્વ. જયંતીલાલ કાલિદાસ પટેલ સ્વર્ગની સજાવેલી શૈયા ઉપરથી પ્લેટોનિકની ફિશિયારીનો કક્કો કાપી નાખે છે. પ્લેટોનિક કાંઈ હોતું નથી. થાય તો થાય, ન થાય તો ઝૂરતા રહેવાય, બાકી કરવું નથી એવું કહેનાર તમને ને મને બેયને બબૂચક બનાવે છે. ને પેલી શીલકી શું કહે છે? શીલા કહે છે વોય વોય, સાલું સમોસું તને જોઈને પાણી પાણી થઈ જાય, તારો સ્લેવ થવા રેડી હોય એ તો કેવો જલસો! ને તેને ચગાવી ચગાવી એકદમ ફટાક દઈને તેનું દિલ તોડી નાખવામાં કેવો મીણો ચડે.

શીલા એચાર ડિપાર્ટમેન્ટમાં છે ને

वेदोऽखिलो धर्ममूलम् । वेदो नित्यमधीयताम् । वेदोः वयं वः शरणं प्रपन्नाः । वेदो ये नः परं धनम् ।



અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ શ્રી ગોવિંદ દીક્ષિત પુણ્યસ્મૃતિ સ્મરણ સમિતિ (રજિ.)

"Sri Govinda Deekshita Ghatika Sthanam"

29-30, East Iyen Street (Entrance at Yagasalai St.), KUMBAKONAM.
Tamil Nadu - 612 001. India

Tel. No. Off : (0435) 2401789, 2425948 Patasala : 2401788, 2422866

E-mail : rajavedapatasala@gmail.com
Website : www.rajavedapatasala.org

વેદો અને શાસ્ત્રોના, પ્રાચીન ગુરુકુળ પદ્ધતિ દ્વારા, રક્ષણાર્થે જાહેર નિવેદન

શ્રી રાજા વેદ કાવ્ય પાઠશાળા, કુંભાકોણમની સ્થાપના ૧૫૪૨માં સુવિખ્યાત વહીવટકર્તા-સંચાલક સંત અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ ભગવાન શ્રી ગોવિંદ દીક્ષિદર દ્વારા પવિત્ર નદી કાવેરીના તટે વેદ અને શાસ્ત્રોના પ્રસાર માટે કરવામાં આવી છે. તેઓએ તંજાવુરના નાયક રાજાઓનું સતત ત્રણ પેઢી સુધી પ્રધાનપદ શોભાવ્યું છે. તામિલનાડુમાં જ આ એકમાત્ર પાઠશાળા છે જે પાછલાં ૪૭૧ વર્ષથી અવિતરપણે કાર્ય કરી રહી છે. જ્યાં ઋગ્વેદ, કૃષ્ણ અને શુક્લ યજુર્વેદ અને સામવેદ પ્રાચીન પરંપરાનુસાર અભ્યાસક્રમ શીખવાય છે. વિદ્યાર્થીઓને ૮થી ૧૨ વર્ષની વયથી શીખવાય છે ૬થી ૧૦ વર્ષ પર્યંતના આ અભ્યાસકાળમાં વિદ્યાર્થીના આવાસ, ભોજન તેમ જ વસ્ત્રાદિ તેમ જ યાત્રાભાડુંની વ્યવસ્થા કરવામાં આવે છે. હાલમાં અહીં ૧૫૫ વિદ્યાર્થીઆને ૧૪ અધ્યાપકો કેળવણી શિક્ષા આપે છે.

વૈદિક અભ્યાસ બાદ તેઓને શાસ્ત્રો અને વેદોના ઉચ્ચ અભ્યાસ માટે પાઠશાળાના વિદ્વાન અધ્યાપકો દ્વારા પ્રોત્સાહન અપાય છે.

તા. ૨૧-૬-૨૦૦૪ના રોજ નવી પાઠશાળા શ્રી ગોવિંદ દીક્ષિદર ઘટિકા સ્થાનમ્ (૧૩,૫૦૦ ચો. ફૂટ)ના મકાનનું અર્પણ કાંચી કામકોટી મઠના શંકરાચાર્ય પ.પૂ. શ્રી જયેન્દ્ર સરસ્વતીના શુભહસ્તે થયું.

પાઠશાળાના વધતા જતા ખર્ચને પહોંચી વળવા નીચે પ્રમાણેનાં દાન સ્વીકારાય છે. તમારા પત્ર/ઈમેલમાં સરનામા સાથે ફોન નંબર, STD કોડ અને મોબાઈલ નંબર લખવા વિનંતી. દાનની રકમ આવકવેરાની ૮૦-G કલમાનુસાર કરમુક્ત છે.

યોજના	દાનની રકમ	સ્થાયી થાપણ (જમા રકમ)
વિદ્યાર્થી ભોજન. સાદું (સમારાધન)	રૂ ૭૦૦/-	રૂ. ૯,૦૦૦/-
વિશિષ્ટ ભોજન	રૂ. ૨,૫૦૦/-	રૂ. ૩૦,૦૦૦/-
દાળ-ભાત : (૭૫ કિલો)	રૂ. ૧,૬૦૦/-	રૂ. ૨૦,૦૦૦/-
વેદ અને શાસ્ત્રના અભ્યાસ શિક્ષણ/રક્ષણાર્થે (વિદ્યાર્થી દીઠ)	રૂ. ૧૨,૦૦૦/- પ્રતિ વર્ષ	૧,૫૦,૦૦૦/-

ક્રોસ ચેક, ડિમાંડ-ડ્રાફ્ટ, A.V.M.S.G.D.P.S. Samithi કુંભાકોણમ્ ખાતે કરી મોકલવા વિનંતી. (પત્રવ્યવહાર ઉપરના સરનામે પ્રમુખ કે ખજાનચી પ્રતિ કરવો.)

સુપર્ણા સેલ્સમાં. ટીવીના તળિયાના ભાગમાં સતત સરકતી ચાલતી શેરના ભાવની ઈલેક્ટ્રોનિક પટ્ટી ઉપર સુપર્ણાની નજર જડેલી રહે છે, ઘરે બહારે ને રસ્તે વાહનમાં. એક દિવસ તેના ડેસ્કટોપની સ્ક્રીન ઉપર અંગ કસરતના બીભત્સ આસન કરતો એક જોકરનો વિડિયો દેખાયો. આઈટી ડિપાર્ટમેન્ટમાંથી કોઈ ટેણિયો ગોવાનીઝ ટેકી આવેલો ને તે લલ્લુએ અર્ધોએક કલાક કોને ખબર શી એકડીબગડી ઘૂંટી, ઇધર દેખા ઉધર દેખા, બોલા મેડમ તુમેરા પીસી મેં વાયરસ હૈ. અને પછી તેનો આઈફોન જોવા માગ્યો, તેનું આઇપેડ તપાસી જોયું. અબ્રાકડબ્રા, ગિલી ગિલી ગો! અને સ્ક્રીન ઉપરથી જોકર ગયો ને તે પછીથી કદીયે તકલીફ પડી નથી.

અને એક દિવસ મોડી રાત્રે સુપર્ણાનો આઇફોન એક સ્પેશ્યલ ટિંકલ બજાવી સાવધ કરે છે કે સમોસાનો મેસેજ છે, ચિંગખચિંગ! આટલા વખતની સેક્સી, જૂસી, ઇન્ટિમેટ ગુસપુસ પછી પહેલી વાર મિહિર ડિમાન્ડ કરે છે કે મારે તને જોવી છે. સદેહે જોવી છે. બસ ફક્ત એક વાર. હું તને કોઈ રીતે છેડીશ નહીં, સ્વીટહાર્ટ. ડોન્ટવરી. અને શીલકીને યાદ કરીને ભુરાંટી થયેલી સુપર્ણા કહે છે ફાઈન! મારેયે તને જોવો છે, લુચ્ચા, ને મારે તારું મોં ચાખવું છે બોલ! આવતા ગુરુવારે, લંચ અવરમાં, વાંદરામાં ''હક્કાસાન ચાઇનીઝ રેસ્ટોરાં''ના સેન્ટ્રલ હોલમાં, સમય, સ્થળ નક્કી થાય છે. ચિંગખચિંગ! યસ! મિહિર વ્યાસના પેટમાં ફાળકા પડે છે, પ્રેમિકા કહે છે કે મારે તારું મોં ચાખવું છે! ચિંગખચિંગ! સુપર્ણા સિવાય ને મિહિર સિવાય કોઈને ખબર નથી સિક્રેટ સેમી-સેક્સી ''ડેઇટ''ની. નોટ ઈવન શીલકી નોવઝ.

* * *

હલો? વાચક, વાચક, સાંભળો છો ને? યોર પ્રવક્તા કન્ટિન્યુઇંગ ઉસકા બયાન. સોમવાર આવે છે ને જાય છે, મંગળવાર આવે છે ને જાય છે, ને બુધવાર! શીલકી ઇન્ટરકોમ ઉપર સુપર્ણાને કહે છે કે અમેરિકાની મોરગન સ્ટાનલી કંપનીનો એક હેડ હન્ટર બોમ્બે આવ્યો છે, અહીંની બ્રાન્ચ માટે સ્ટાફ રોકવા માગે છે. વ્હોટ? સુપર્ણા ઊછળી પડે છે. આઈ કેન ફિક્સ યુ અપ! શીલકી કહે છે. પણ તારે તેની સાથે લંચ લેવો પડે, સહેજ આંખો પટપટાવવી પડે, યુ નોવ ધ રૂટિન! પટપટાવીશ આંખો, જા ને ફિક્સ મી અપ! ફિક્સ મી અપ! આવતી કાલે, ગુરુવારે લંચ અવરમાં, ''ફોર સીઝન્સ'' હોટેલના બારમાં. ચિંગખચિંગ! અને વોન્ટ યુ નોવ ઇટ? મિહિર વ્યાસના ફોન ઉપર તેનો સ્પેશ્યલ ટિંકલ વાગે છે, માય ડાર્લિંગ, સુપર્ણાનો ટેક્સટ મેસેજ છે, માય ડીયર બિલવેડ પ્રેશ્યસ

સેક્સ મેનિયાક સ્વીટી! સુપર્ણા કહે છે કે એકાએક તેને સખત શરદી ને ફ્લુ થઈ આવ્યો છે, આ ગુરુવારે આપણાથી નહીં મળાય. ચિંગખચિંગ! વેરી સોરી! વેરી ડિસપોઇન્ટેડ. પણ સાજી થઈને તરત હું તને મલીશ, મારા વરરાજા, મારા પોતાના સ્વર્ગાધિપતિ! ચિંગખચિંગ! ઓહ યસ, સુપર્ણા મલકે છે મનોમન, ''સ્વર્ગાધિપતિ''.

* * *

અચાનક સિલેક્ટિવલી શીલાના ડેસ્કટોપ ઉપર ને સુપર્ણાના ડેસ્કટોપના સ્ક્રીન ઉપર ફરી એક વાર પેલા જોકરનો બીભત્સ વિડિયો ઉત્પાત કરે છે. આઈટીની ટીમ બોલાવાય છે, પેલો સેઇમ ગોવાનીઝ ટેણિયો ટેકી અર્ધોએક કલાક ઇધર દેખા ઉધર દેખા ને ફિર સે બોલા મેડમ તુમેરા પીસી મેં વાયરસ હૈ. અને પછી તેનો આઈફોન જોવા માગ્યો, તેનું આઈપેડ તપાસી જોયું. અબ્રાકડબ્રા ગિલી ગિલી ગો! અને અંતે સ્ક્રીન ઉપરથી જોકર ગયો ને ભારત માતા કી જૈ.

પરંતુ તે દિવસે શીલાના એકાઉન્ટમાંથી મોરગન સ્ટાનલીના હેડહન્ટરને ઇન્સલ્ટિંગ ઈમેઇલ કઈ રીતે ગયો હશે? સુપર્ણાની ફોર સીઝન્સની લંચ ડેઇટ કોણે પોલાઇટલી કેન્સલ કરી હશે? સાહેબ કાક ને મંજરી, મોઝેઝ ને રેડ સી, હનુમાન ને સંજીવની જે હોય તે, પોતપોતાની રીતે સ્થાપિત છે ને તે સૌને એક ટેણિયા ગોવાનીઝ ટેકીના દુઆસલામ. મણિશંકર નરભેરામ વ્યાસનો પાંચ ફુટ છ ઈંચનો છોકરો મિહિર વાપીની નજીક સિલવાસા પોર્ચુગીઝ કોલોનીમાં જન્મેલો, અને પોર્ચુગીઝ સ્કૂલમાં ભણેલો તેથી બ્રોકરેજ ફર્મમાં બધા તેને ગોવાનીઝ સમજતા.

અને યસ, સર! તે ગોવાનીઝ તે યોર્સ ટ્રૂલી, મિહિર વ્યાસ, સુપર્ણાનું ફણફણતું સમોસું. સુપર્ણાનો એકેએક ટેક્સટ, વ્હોટસેપ મેસેજ, વોઇસમેઇલ, ફોન કોલ, ઈમેઇલ અને સુપર્ણાએ વિઝિટ કરેલી ઈચ એન્ડ એવરી પોર્નો- વેબસાઇટ, તેણે રચેલાં હડહડતાં જુઠ્ઠાણાં, કરેલી નાની મોટી વિશ્વાસઘાતની ચોરીઓ બધું છે મારી પાસે, ચિંગખચિંગ.

અને શીલા? મારું મન થાય તો મહરબાન, એક કલાકમાં સુપર્ણાને ને શીલાને જેલ ભેગા કરી શકું એવી શેતાનિયત છે, ટેણિયા ગોવાનીઝ ટેકીમાં. પણ આમ ને આમ તે લોકોને મારી નજર સામે સતત ટટળાવવામાં ઔર આનંદ છે.

અને ઓહ, તે ગુરુવારે તો ''હક્કાબાન ચાઇનીઝ રેસ્ટોરાં''માં મિલન ના થયું. પણ તે પછી લંચ ડેઇટ રિસ્કેજુલ થયેલી કે? હે હે હે. વ્હોટ ડુ યુ થિન્ક?

❑❑❑



આરપાર

☐ વીનેશ અંતાણી

ઝાંપો ખુલ્લો હતો, જાણે વર્ષોથી બંધ કર્યો ન હોય. સાંકડા ઝાંપામાંથી કાર અંદર જશે નહીં. શેરીમાં રાખવી પડશે. રેણુકા કારમાંથી ઊતરી. ખાબોચિયામાં પગ પડ્યો. સાડી ઊંચી ખોસી. સંભાળીને આંગણામાં ગઈ. મનોજ પણ ઊતર્યો. પાણીનો જગ, ખાવાપીવાની થોડી ચીજો અને બે

સ્ટ્રોલર બહાર લીધાં. રેણુકા મદદ કરવા જતી હતી. મનોજે ના પાડી. એક એક કરીને સામાન લાવ્યો.

રેણુકાએ ઘર સામે જોયું. પહેલી નજરે જ ખબર પડી જતી હતી કે પડવા જેવું થઈ ગયું છે. એકલઢાળિયાનાં દેશી નળિયાં આડાંઅવળાં થઈ ગયાં હતાં. નળિયાંના થોડા ટુકડા તૂટીને નીચે પડ્યા હતા. આંગણાની ભીંતમાં ઘણી જગ્યાએ બાકોરાં દેખાયાં. જંગલી છોડ આડેધડ વધ્યા હતા. પર્સ પગથિયા પર મૂકી એ પાછલા ભાગમાં ગઈ. આકડા અને મોટાં પાંદડાંવાળી વેલીઓની વચ્ચેથી પસાર થવાય તેવું ન હતું.

મનોજ ઘરનું તાળું તપાસતો હતો. કદાચ ખુલ્લું હોય. ન હતું. રેણુકા એકલઢાળિયાની થાંભલી પાસે બેઠી. રઘુકાકા ચાવી લાવે પછી જ ઘરમાં જવાશે. ઘરમાં જઈને પણ શું? અંદર પણ બધું આવું જ અવાવરું પડ્યું હશે. ઘરમાં કશું છે કે નહીં તે પણ યાદ નથી. હશે તોય તૂટેલી - ફૂટેલી હાલતમાં હશે. મનમાં વેરાન ભાવ ફરી વળ્યો. બગાસું માંડ રોક્યું. ચાની તલપ લાગી હતી. ચાર વાગતા હતા, છતાં સાંજ જેવું અંધારું હતું. આકાશ ઘેરાયેલું હતું.

'ચાવી લઈ આવું,' મનોજ બોલ્યો.

'રઘુકાકા આવતા જ હશે. આપણે એમને કહી તો આવ્યાં છીએ.'

'એમને આવતાં વાર લાગે તો?'

'આવા કીચડમાં જઈશ?'

એ હસ્યો. 'આવામાં જ આપણે મોટાં થયાં છીએ, ભૂલી ગઈ?'

'જાય છે તો ચા પણ લેતો આવજેને.'

એ ગયો. રેણુકાએ થાંભલી પર માથું ટેકવ્યું. ઘણાં વર્ષે ગામમાં આવી. મનોજ વર્ષમાં એકાદ આંટો મારી જાય. બે-ત્રણ દિવસ રોકાય. ઘર અને ખેતરને લગતાં કામ પતાવી પાછો આવે. ગયા વર્ષે તો એ પણ આવી શક્યો ન હતો.

થોડા દિવસ પહેલાં રઘુકાકાનો ફોન હતો. એમણે કહ્યું હતું કે ઘર બહુ ખરાબ થઈ ગયું છે. પાછળની ભીંત પડવા જેવી થઈ ગઈ છે. એ ભીંત પડે તો ઘર ખુલ્લું થઈ જાય. વધારે નુકસાન થાય તે પહેલાં જરૂરી પગલાં લેવાં પડશે. આ ચોમાસામાં જોખમ વધ્યું છે.

'આ વખતે તું પણ આવ,' મનોજે કહ્યું હતું.

'તું જ જઈ આવને.'

'રઘુકાકાની વાત પરથી લાગે છે કે ઘણા નિર્ણય તાત્કાલિક લેવા પડશે.'

'એમાં મારી શી જરૂર છે?'

'કેમ? એ ઘર પર તારો પણ એટલો જ હક્ક છે.'

હક્ક? એ વાત ક્યાં આવી? ગામમાં બાપદાદાના સમયનું મોટું ખેતર અને ઘર. એનો હક્ક. મનોજનો હક્ક. એમણે બંનેએ એ રીતે ક્યારેય વિચાર્યું નથી.

રઘુકાકા દૂરના સગા થાય. રેણુકાના પિતા કેશવબાપા ગયા ત્યારથી એમનાં ઘર અને ખેતરની બધી વ્યવસ્થા

એમણે જ સંભાળી છે. પોતાની ખેતી પણ સંભાળે. એમના ચારેય દીકરા જુદા જુદા શહેરમાં રહેવા ચાલ્યા ગયા છે. વૃદ્ધ રઘુકાકા અને કાશીમા ગામમાં એકલાં રહે છે. થાય તેટલું કર્યું. હવે થાક્યા છે. ઘણા વખતથી કહે છે: 'ભૈસા'બ, તમારી મિલકતની જવાબદારી બીજાને સોંપો. હવે મારાથી થાતું નથી.' પણ કોને સોંપે? એનો જવાબ રઘુકાકા પાસે પણ નથી.

કેશવબાપા જીવતા હતા ત્યાં સુધી આ ગામમાં જ રહ્યા. જમીનદાર જેવો મોભો. ખેતીની આવક બહુ સારી. ધીરધાર પણ કરતા. એમના પછી કુટુંબમાંથી ગામમાં કોઈ રહ્યું નહીં. એ બધું રઘુકાકાને ભળાવતા ગયા હતા.

મનોજને ચાવી લઈને આવતાં વાર લાગી. ક્યાં રોકાઈ ગયો? કોઈ ઓળખીતું મળ્યું હશે તો વાતોમાં પડી ગયો હશે. પર્સમાંથી સેલફોન કાઢ્યો. નેટવર્ક ન હતું. કંટાળો આવી ગયો. ઊભી થઈ. ઉપર જોયું. ઘટ્ટ વાદળાં સ્થિર ઊભાં હતાં. કોઈ પણ ઘડીએ મુશળધાર વરસાદ તૂટી પડશે.

•

સવારે વહેલાં નીકળવાનાં હતાં, પણ રેણુકાએ થોડી વાર માટે સ્કૂલમાં જવું પડ્યું. એમાં મોડું થઈ ગયું. શહેરમાંથી નીકળ્યાં ત્યારે તડકો હતો. હાઈ વેના ટ્રાફિકમાં બદલાતા હવામાનનો ખ્યાલ આવ્યો ન હતો. છૂટાંછવાયાં વાદળ વચ્ચે તડકાની આવનજાવન ચાલુ રહી હતી. બે કલાકના ડ્રાઈવ પછી હાઈ વે છોડી સાંકડી સડક તરફ વળ્યાં. આકાશ જાણે મોઢામોઢ થઈ ગયું. કાળાં વાદળાં બંધાતાં હતાં. ટ્રાફિક ઓછો થયો હતો.

રેણુકાએ કારની બારીનો કાચ ઉતાર્યો. પવનમાં વરસાદની ગંધ હતી. ઊડતા વાળ સરખા કર્યા. મનોજે કારનું એ.સી. બંધ કરી કાચ ઉતાર્યો.

'વરસાદ પડશે તો?' રેણુકાએ પૂછ્યું.

'સારુંને.'

'એમ નહીં, રસ્તામાં પાણી ભરાઈ જાય તો તકલીફ નહીં પડે?'

'તે પહેલાં પહોંચી જશું.'

'ગામ બાજુ વળીએ ત્યારે ગાડાવાટ જેવો રસ્તો આવે છે, એ હજી કાચો જ છે કે પાકો થયો?'

'એવો જ છે.'

'તું કોઈ વિચારમાં છે?'

'ના, કેમ?'

'ટૂંકા જવાબ આપે છે.'

એ હસ્યો.

'વધારે વરસાદ પડશે તો ઘરમાં રહેવાની તકલીફ પડશે,' રેણુકાએ કહ્યું.

'બે દિવસ રહેવું છે. ચલાવી લેજે.'

'જાણે મને એકલીને જ તકલીફ પડવાની હોય. તને નહીં પડે?'

'હું તો આવુંજાઉં છું. તું ઘણા વખતે આવે છે.'

ગામના ઘરમાં બંને એકલાં હોય... એને કેટલાં વર્ષ થયાં? મનોજને પૂછે? ન પૂછ્યું. એને પણ યાદ નહીં હોય. શહેરમાં સાથે રહે છે, છતાં એમના વચ્ચે ગામના જૂના દિવસોની વાતો થતી નહીં, જાણે બધું ભૂલી ગયાં હોય. રેણુકાએ મનોમન માથું હલાવ્યું. ભૂલવાનો સવાલ જ ન હતો. રેણુકા માટે તો નહીં જ. મનોજની ખબર નથી. ભૂલી પણ ગયો હોય. સાથે જ રહેતાં હો ત્યારે આ સમય અને પેલા સમય જેવું અલગ રહેતું નથી.

મનોજ બહાર જોતો હતો. વિચારમાં તો લાગે જ છે. હશે, કોર્ટમાં ચાલતા કોઈ કેસની વાત મનમાં ચાલતી હશે. રેણુકા પણ બહાર જોવા લાગી.

'તું દર વખતે ગામ આવવાની ના કેમ પાડે છે?' મનોજે અચાનક પૂછ્યું.

રેણુકાને જવાબ સૂઝ્યો નહીં.

'કોઈ ખાસ કારણ છે?'

'કારણ જ નથી, તો પછી ખાસ કારણ ક્યાંથી હોય!' રેણુકા ધીમેથી બોલી.

મનોજે રેણુકાની આંખમાં સીધું જોયું. બોલ્યો નહીં.

સડકની આજુબાજુ નાનાં ગામડાં પસાર થતાં હતાં. ખેતરોમાં વાવેતર ચાલતું હતું. આ બાજુ વરસાદ સારો પડ્યો હતો. જગ્યાએ જગ્યાએ પાણી ભર્યું હતું. ચારે બાજુ હરિયાળું ઘાસ. ધોવાયેલાં વૃક્ષો. ગ્રામીણ પ્રકૃતિની શોભા ખીલી હતી. રેણુકાએ ઊંડો શ્વાસ ખેંચી તાજી હવા છાતીમાં ભરી. લાગ્યું, અંદર બાંધી રાખેલી ગાંઠડી છૂટી રહી છે.

'શું વિચારે છે?'

'હેં? વિચારતી નથી, અફસોસ થાય છે.'

'અફસોસ?'

'આ બધું છોડીને આપણે શહેરમાં શું કરીએ છીએ? આપણે જ ઊભી કરેલી જંજાળ...મારી સ્કૂલ, તારી જામેલી વકીલાત... ઘેરાઈ ગયાં છીએ જાણે.'

મનોજે ખુલ્લી જગ્યા જોઈ કાચા તળાવ પાસે વડ નીચે કાર ઊભી રાખી. ઊતર્યો. થોડે દૂર ગયો. અરીસામાંથી દેખાયું. ઊંધો ઊભો હતો. પાછો આવતો દેખાયો. રેણુકા પણ બહાર નીકળી. ભીનાં ઢેફાં પરથી નીચે ઊતરી. તળાવ પાસે પહોંચી. મટમેલા પાણીમાં પવનથી તરંગ ફેલાતાં હતાં.

એક સમયે આવું કેટલુંય એનું પોતાનું હતું, પછી છૂટતું ગયું. કેશવબાપાએ એકની એક દીકરી રેણુકાને આગળ ભણાવવા શહેરની સ્કૂલમાં મૂકી. મોટી ઉંમરે જન્મી હતી. એ એને ભણાવીગણાવી આગળ વધારવા માગતા હતા. મનોજ પહેલેથી એ જ શહેરમાં ભણતો હતો. રૂમ ભાડે રાખ્યો. મા ગામથી આવી થોડા દિવસ રહેતી. બંને ત્યાં રહીને ભણ્યાં. રેણુકાએ એમ.એ. કર્યું, મનોજ કાયદાનું ભણ્યો.

રેણુકાએ તળાવમાંથી ખોબામાં પાણી ભર્યું. પાણીની નવી આવમાં ભળેલી માટીની એ જ પરિચિત સુગંધ. એમના ગામનું તળાવ. પાળ પર પીપળા નીચે દેરી. ચોમાસું ઊતરે પછી તળાવની નજીક મેળો ભરાતો. એ મા સાથે જતી. મનોજ પણ સાથે હોય. એક વાર રેણુકાએ મેળામાંથી બધાં રમકડાં લેવાની હઠ પકડી. માએ ના પાડી. બે-ત્રણ લેવાં હોય તો લે, બધાં તે કાંય લેવાતાં હશે? રડવા લાગી. મનોજ એને દૂર ખેંચી ગયો. બાથમાં લઈ સમજાવી:

'રેણુ, તું તો ડાઈ છોને? રો' નહીં, હું લઈ દઈશ.'

'કે'દી?'

'મોટો થઈને'

'તું મોટો થઈશ પછી ઓછો જ મારા ભેગો રે'તો હશે.'

'તારા ભેગો જ રઈશ - બસ?'

'ચોક્કસ?'

'ચોક્કસ.' એણે એનો હાથ દાબ્યો હતો. એ હસી પડી હતી.

જૂની રમત યાદ આવી. પગના અંગૂઠાથી સાત કૂંડાળાં દોર્યાં. કાંકરો ઉપાડ્યો. એક કૂંડાળામાં ફેંક્યો. એક પગે કૂદવા જતી હતી. ખચકાઈ. બહેનપણીઓ સાથે રમવાની આ રમત પણ એ મનોજ સાથે રમવાનો આગ્રહ રાખતી. પાછળ જોયું. જોઈ તો નથી ગયોને. દેખાયો નહીં.

પાછી આવી. મનોજ વડના ઓટલે બેસી સિગારેટ પીતો હતો. એને પણ આવું કશું યાદ આવ્યું હશે? ન આવે. એ તો ઘણી વાર આ તરફ આવે છે. રેણુકાને જેટલું નવું લાગે છે, મનોજને ન લાગે. ચંપલ ઉતારી ભીનાં પાંદડાં પર પગ મૂક્યો. લીસું લખલખું પસાર થઈ ગયું. સંકોચાઈ ગઈ, જાણે ન કરવા જેવું કરી બેઠી હોય.

થોડી ભેંસો પાણી પીવા તળાવ બાજુ જતી હતી. ભરવાડ ડાંગના ટેકે પગને આંટી મારી ઊભો હતો. વડ નીચે અજાણ્યાં સ્ત્રી-પુરુષને જોઈ શું વિચારતો હશે? જે વિચારતો હોય તે, શો ફરક પડે છે? રેણુકાએ મનોજને ભરવાડની નજરે ધ્યાનથી જોવાનો પ્રયત્ન કર્યો. કંઈ પકડાયું નહીં. આ ઉંમરે એ શું જોવા માગતી હતી તે પણ સમજાયું નહીં.

રેણુકા ચાલીસની થઈ. મનોજ એનાથી થોડો મોટો. બે મહિના પહેલાં મનોજના જન્મદિવસે પાર્ટી રાખી હતી. એક મિત્રે મજાકમાં કહ્યું: 'મનોજ, હવે તારા માટે કોઈ શક્યતા બચી નથી.' બધાં હસી પડ્યાં. રેણુકાને મનોજના સ્મિતમાં આછી ખરોંચ દેખાઈ હતી. એને પણ અંદરથી કશુંક ખૂંચ્યું હતું, જાણે એણે જ મનોજ માટે બધું અશક્ય બનાવ્યું હોય. પછી વિચારતી રહી હતી, આવો બેહૂદો વિચાર કેમ આવ્યો.

રેણુકાના દાદાનાં સંતાનોમાં કેશવબાપા બધાથી મોટા. મનોજ

એમનો સૌથી નાનો ભાઈ. બંનેની ઉંમરમાં ઘણો ફરક. એમની વચ્ચે બે ભાઈ અને એક બહેન જન્મ્યાં હતાં. એ બે ભાઈ નાની વયે ગુજરી ગયા. બહેન પરણીને સાસરે ગઈ. મનોજ રેણુકાની મા પાસે મોટો થયો હતો. હવે પરિવારમાં મનોજ અને રેણુકા સિવાય કોઈ રહ્યું નથી. રેણુકા ક્યારેક એને 'મનોજકાકા' કહેતી તો એ નારાજ થઈ જતો. ઘરમાં બધા એને 'મનોજ' કહીને બોલાવતા. રેણુકાની જીભે એ જ ચઢ્યું. નાનપણની આદત છે, અખરતું નથી, સ્વાભાવિક લાગે છે.

મનોજ ઊભો થયો. 'નીકળીએ? વરસાદ શરૂ થાય તે પહેલાં પહોંચી જઈએ.'

છાંટા શરૂ થયા હતા. રેણુકાએ કારની બારીનો કાચ પૂરો બંધ કર્યો નહીં. વાછંટ આવતી હતી. વાછંટથી શું વળે, જ્યાં આખેઆખા પલળવાનું હોય. એ દિવસોની જેમ. એ અને મનોજ વરસાદમાં ગામની શેરીમાં નીકળી પડતાં. વરસતા વરસાદમાં દોડતાં એને ઠેસ વાગી હતી. ઊથલીને નીચે પડે તે પહેલાં મનોજે પકડી લીધી. ગભરાઈ ગઈ હતી. મનોજના ભીના શરીર સાથે વળગીને ઊભી રહી હતી.

અત્યારે પણ વરસાદ વધે ને એ ચાલતી કારે નીચે ઊતરી ન જાય તો સારું. પછી લપસે તો? મનોજ તો કારમાં આગળ નીકળી ગયો હોય. વાઈપર ખટાક ખટાક ચાલતાં હતાં. મનોજનું ધ્યાન કાર ચલાવવામાં હતું. એને રેણુકા જેમ પલળવાનો વિચાર નહીં આવ્યો હોય? કોર્ટ - કચેરીના ધક્કા, અસીલો સાથે માથાફોડ, કાળો કોટ અને કાન પાસે સફેદ થયેલા વાળમાં એ ઘણું ભૂલી ગયો લાગે છે. રેણુકાના મનમાં પણ એની સ્કૂલ ધસી આવી. ભૂલી તો એ પણ ઘણું ગઈ છે. કદાચ જીવવાનું જ ચૂકી જવાયું. આછો નિઃશ્વાસ સરી પડ્યો.

'શું થયું?' મનોજે પૂછ્યું.

એવું કેમ થતું હશે? વર્ષોથી સાથે રહેતાં હો, છૂટાં જ પડ્યાં ન હો, પછી નાનામાં નાની બાબત એકબીજાથી છાની રહે નહીં. બેમાંથી કોઈ ઉદાસ હોય કે ચિંતામાં, મૂડ ખરાબ હોય, તબિયત સારી ન હોય, કોઈ વાતે ચચરાટ થતો હોય - તરત ખબર પડી જાય. એમાંથી બહાર લાવીને જ છોડે. બહાનું ઊભું કરી બહાર ખાવા નીકળી જાય કે કોઈ ફિલ્મ જોવા સિનેમાગૃહમાં બેસી જાય. બંને જણ. બીજું કોઈ ન હોય અને એકબીજાના ટેકે રહેતાં હોય ત્યારે...

'યુ આર ઓકે, રાઈટ, રેણુ?'

એણે માથું હલાવ્યું. બહાર જોતી રહી. કાર ગાડાવાટ પર વળી હતી. બંને બાજુ ખેતરોની વાડ વચ્ચે સાંકડો રસ્તો હતો. સંભાળીને જવાનું હતું, કાર જરાક આડીઅવળી થાય તો કાંટામાં

ઘૂસી જવાનું જોખમ હતું.

•

મનોજ ચાવી લઈ આવ્યો. રઘુકાકા એની સાથે ન હતા.

'ચા લઈને આવે છે.'

મનોજે તાળું ઉઘાડ્યું. બારણાને ધક્કો માર્યો. કિચૂડાટ થયો. ઘરમાં ભરાયેલી હવાની ગંધ આવી. અંદર અંધારું હતું. મનોજે ઓસરીની બારી ઉઘાડી. થોડું અજવાળું થયું. રેણુકા ઉંબર પાસે ઊભી રહી, જાણે ભુલાઈ ગયેલી જગ્યામાં પ્રવેશતી હોય. ભ્રમ થયો, ઘરમાંથી ઝીણા ઝીણા અવાજ ઊઠતા હતા.

ઘર ખાલી હતું, છતાં ન હતું. ખાટલા પર બે-ત્રણ ગાદલાં અને ગોદડાં વાળેલાં પડ્યાં હતાં. એક પાટ હતો. રસોડામાં ગઈ. મા ચૂલા પાસે બેસી કથરોટમાં લોટ મસળતી હતી. છાજલી પર અમસ્તાં અમસ્તાં પડેલાં થોડાં વાસણો પર નજર પડી. 'રેણુકાની મા...' એકલઢાળિયામાં બેસી કામ કરતા પિતાજીની બૂમ સંભળાઈ. રેણુકા ઉતાવળે ઉતાવળે રસોડામાંથી નીકળી.

બહાર કોઈ ન હતું. મનોજ ક્યાં? ઓરડાના ડામચિયા ઉપર સૂતો સૂતો વાંચતો હશે. રેણુકા ધીમા પગલે એની પાછળ ગઈ. વાળ ખેંચીને ભાગી. મનોજ એની પાછળ દોડ્યો. બારણા પાછળ ધકેલી. ચીસ પાડે તે પહેલાં મોઢું દાબ્યું. છોડ... છોડ... દબાયેલો અવાજ નીકળ્યો. આજે તો છોડી દઉં છું, બીજી વાર કર્યું છે તો... રેણુકાએ ફરી એના વાળ ખેંચ્યા. દોડતી બહાર ગઈ. પાછળ જોયું, આવતો તો નથીને?

'મનોજ, તું ક્યાં છે?'

'પાછલા ઓરડામાં.'

એ ભીંત પાસે ઊભો હતો. ઉપરની હવાબારીમાંથી ધૂંધળું અજવાળું એના પર પડતું હતું. એ ન જૂના સમયમાં લાગ્યો, ન તો અત્યારના.

'આ જો.' એ ભીંત પર હાથ ફેરવતો હતો. રેણુકાએ પણ હાથ ફેરવ્યો. હથેળી ભીની થઈ. આખી ભીંતમાં ભેજ ઊતર્યો હતો. આડીઅવળી તિરાડો દેખાઈ. પોપડાં ઊખડી ગયાં હતાં. વળી-વંજી તૂટી ગયાં હતાં. છત નીચે ધસી આવી હતી, જાણે ઓરડો થોડો જમીનમાં ઊતરી ગયો હોય. બારી ખખડતી હતી. સરખી બંધ કરવા લાગી.

'નહીં થાય, લાકડું ફૂલી ગયું છે,' મનોજે કહ્યું.

આખા ઘરમાં જૂના ધુમાડાની અને તાજા ભેજની ગંધ હતી. આ ઘર... એ આગળ વિચારી શકી નહીં. બહાર ખખડાટ થયો. રઘુકાકા આવ્યા હતા. એક હાથમાં ચાનો કળશિયો, બીજા હાથમાં કપ-રકાબીની થેલી. ચવાણું પણ લાવ્યા હતા. રેણુકા એમને પગે લાગી.

'ઘણા ટેમે આવી. મનોજ, તુંય ગયા ચોમાસે ના'વ્યો.'

'નથી નીકળાતું, કાકા.'

'હં... ચા પી લ્યો, ઠરી જાશે.'

એકલઢાળિયાના પટમાં બેઠાં. રઘુકાકાએ ચલમ સળગાવી. એમની આંખો ઉઘાડબંધ થતી હતી. આકાશ સામે નજર કરી.

'આ તો જો - નથી પડતો, નથી છૂટો થાતો.'

પવન વધ્યો હતો. આંગણાના છોડ આમતેમ અફળાતા હતા.

'ઘર જોયું? કેવું ખરાબ થૈ ગ્યું છે. જોરના બે વરસાદ પડ્યા તો બેસી જાશે. પડવાના વાંકે ઊભું છે.'

રેણુકાએ ઘરના અંધારામાં નજર કરી. પડું પડું થતા ઘરનું વજન માથે ઝીંકાયું.

'તમારું ખેતર ને આ ઘર... નધણિયાતાં થઈ ગ્યાં છે...'

'ઘર રિપેર કરાવવાનો કેટલો ખર્ચ થાય, કાકા?' મનોજે પૂછ્યું.

'રિપેર? કેટલું રિપેર કરાવશો? તોડાવીને નવેસરથી બંધાવો તો જ મેળ પડે... પણ ઈનો અરથ શું? તમે તો રે'વા આ'વાનાં નથી. તમારી પાછળેય કોઈ નથી. કોના સારું બંધાવશો? બેમાંથી કોઈએ લગન તો કર્યાં નઈં.'

રેણુકાથી મનોજ સામે જોવાઈ ગયું. એણે નજર ફેરવી લીધી.

'કેશવ જાતાં પે'લાં ઘર ને ખેતરની બરાબર વેવસ્થા કરી ન ગ્યો. મારું માનો તો વેચી નાખો. પાછળ કોઈ જોનારું જ નો'ય તો માથે ભાર શું કામ રાખવો?'

જવાબ આપી શકાયો નહીં.

'વિચારી જોજો. આવ્યાં છો તો થોડા દી રોકાજો. ખેતરે આંટો મારી આવજો. ભાગિયાને લાગે કે કો'ક જોવા આવે છે. જે નક્કી કરો તે જાતાં પે'લાં મને કે'તાં જાજો.'

ઘૂંટણ પર હાથ દાબી ઊભા થયા.

•

એકલઢાળિયામાં જ બેસી રહ્યાં. સોપો પડી ગયો હતો, જાણે આખા ઘરનો સૂનકાર ચારે બાજુ ફરી વળ્યો હોય.

'શું કરવું છે?' રેણુકાએ લાંબી ખામોશી તોડી.

'શેનું?'

'શેનું તે - ઘરનું અને ખેતરનું. રઘુકાકા તો સ્પષ્ટ અભિપ્રાય આપી ગયા છે.'

મનોજ બોલ્યો નહીં. કશું વિચારતો હોય એવું પણ લાગ્યું નહીં.

'મનોજ...! હું તને પૂછું છું.'

મનોજે એની સામે જોયું, જોયે જ રાખ્યું, જાણે ત્રાટક કરતો હોય અથવા એની છેક અંદર જોતો હોય.

'તું મારી સામે આમ ન જો,' રેણુકાનો અવાજ બેસી ગયો.

'કેમ?'

'પ્રશ્ન પણ ન પૂછ.'


તમારા પરિવારને આપો
અસલી સ્વાદનો
અનુભવ.
Amul
Pure Ghee
અમૂલ
શુદ્ધ ઘી
11188820

'તો શું કરું?'

'ઊભો થા - આ ઘડીએ જ... ઘર ખુલ્લું રાખી, ખેતર રેઢું મૂકી, ભાગી જઈએ.'

એ હસ્યો, ન હસવા જેવું.

'તો પછી આ ઘરમાં રહે છે એમનું શું?'

'કોણ રહે છે આ ઘરમાં?'

'આપણે... તું અને હું... રેણુ, આપણે ગમે ત્યાં રહેતાં હોઈએ - આ ઘરમાં તો રહીએ જ છીએ... નથી રહેતાં?'

રેણુકા ચોંકી ઊઠી. તો એને પણ યાદ છે, ભૂલ્યો નથી એ પણ... કશુંક કરવા માટે એણે આસપાસ નજર ફેરવી. અંધારું વધી ગયું હતું. એ અંધારું ઊતરી આવેલી સાંજનું હતું કે ગોરંભાયેલા આકાશનું?

'એક સવાલ પૂછું, રેણુ?'

એ માંડ માંડ એની સામે જોઈ શકી.

'તું પરણી કેમ નહીં?'

આટલાં વર્ષો પછી આ સવાલ? કદાચ રઘુકાકાની વાતોની અસરમાંથી નીકળ્યો નથી. રેણુકાએ હસવાનો પ્રયત્ન કર્યો. ચામડી ખેંચાઈ. પીડાની રજ આંખમાં ઊડી.

'આ સવાલ હું તને પણ પૂછી શકું.'

'પૂછ. હું તારા વતી જવાબ આપીશ, તું મારા વતી આપજે.'

'કેટલાક સવાલના જવાબ નથી હોતા, મનોજ... આપણે તે જાણવાનું છોડી દઈએ.'

'છોડી જ દીધું છે - શરૂઆતથી.'

મનોજે રેણુકાનો હાથ પોતાના હાથમાં લીધો. રેણુકાના શરીરમાં ધ્રુજારી ફરી વળી. અહીં આવતાં હતાં ત્યારે તળાવકાંઠે ભીનાં પાંદડાં પર પગ મૂક્યો હતો ત્યારે પણ...

'તને ખબર છે, રેણુ, દેખીતા સંબંધોની ઉપર પણ એક સંબંધ હોય છે અને એ... અને એ વધારે કોમળ અને પવિત્ર હોય છે.'

રેણુકા મનોજની નજીક ખસી. એના મોઢા પર હળવેથી હાથ મૂક્યો.

'એક શબ્દ પણ આગળ નહીં, મનોજ - પ્લીઝ... જેવું છે તેવું જ રહેવા દઈએ.'

ગામના ચોકમાં આવેલા મંદિરમાંથી સાંજની આરતીનો અવાજ સંભળાયો. એનો રણકાર આખા આંગણામાં, ઘરમાં અને બંનેમાં ફરી વળ્યો.

'આપણે આમાંનું કશું છોડશું નહીં, રેણુ... તું તારી સ્કૂલમાંથી નિવૃત્ત થઈશ પછી હું પણ મારું કામ છોડી દઈશ. અહીં રહેવા આવી જશું. આ ઘરમાં, જ્યાં આપણે બે રહીએ છીએ.'

રેણુકાની આંખો અનાયાસ બંધ થઈ ગઈ. બંધ આંખોની આરપાર એક દશ્ય ઊઘડ્યું: મનોજ ખેતરે ગયો છે, વરસાદ ઘેરાયો છે, રેણુકા ચૂલા પાસે બેસી રોટલા ઘડે છે.

❑❑❑



મમ્મીનો આંબો

☐ વર્ષા અડાલજા

"**દા**દાજી આ તે ટ્રી કેવું?"

દસ વર્ષની રીતુ ટેબલ પર ચડી દીવાલ પર ટાંગેલી એક મોટી ફોટોફ્રેમ વિસ્મયથી જોઈ રહી હતી. ખરેખર આ તે કેવું વૃક્ષ! સફેદ કાગળ પર કાળી શાહીથી વૃક્ષ દોર્યું હતું. ફરી ધ્યાનથી જોયું. હા, હતું તો વૃક્ષ જ. પણ એને ન લીલાંછમ પાંદડાં હતાં, ન સુંદર રંગબેરંગી ફૂલો કે પછી સ્વાદિષ્ટ રસીલાં ફળો. અરે! એક રૂપાળું પંખી સુધ્ધાં નહીં! એ લગભગ દર વર્ષે કુટુંબમેળામાં સામેલ થવા ગામ આવે છે. ક્યારેક પપ્પા, મમ્મી સાથે તો કદીક એ અને મમ્મી બે જ. બે કાકા, કાકી, ફઈ અને સહુનાં બાળકો. જે આવી શકે તે બધાં ભેગાં થાય. પત્નીએ વહેલી

વિદાય લઈ લીધી હતી. અચલજી હેમુ મહારાજને બોલાવતા, વધારાના ઘરકામ માટે નારાયણ એની પત્નીને લઈ આવતો. પણ આ વખતે રીતુ અને નીલા બે જ આવી શક્યાં હતાં. રસેશ પણ વ્યસ્ત હતો.

રીતુએ આવા વૃક્ષની ફ્રેમ પહેલી જ વાર જોઈ,

''બોલોને દાદાજી! આ ટ્રી આવું કેમ છે? એમાં તો કેટલાં બધાં નેમ્સ છે!''

''હા બેટા, એને આંબો કહેવાય.''

''અરે પણ વ્હોટ ઈઝ આંબો?''

રીતુ આવવાની હોય ત્યારે અચલજી બાલચિત્રકથાઓ અને અંગ્રેજી-ગુજરાતી શબ્દોની પુસ્તિકાઓ હીંચકા પર ટ્રેમાં ગોઠવી રાખતા. આ કીમતી ખજાનામાં નવાં નવાં સાચાં મોતી ઉમેરાતાં જાય અને દાદા, પૌત્રીના ગુજરાતીના વર્ગો ચાલે. અચલજીએ ''આપણી વાડીનાં ફળો'' પુસ્તિકામાંથી આમ્રવનનું ચિત્ર બતાવ્યું,

''જો બેટા, આ રહ્યો આંબો.''

''અરે વાહ! આંબો એટલે કેરી, રાઈટ? પણ આ ચિત્રમાં કેરી જ નથી. લીલો રંગ પણ નથી.''

''હા બેટા, લીલો રંગ નથી તોય આ વૃક્ષ લીલુંછમ છે.''

રીતુએ મોં ફુલાવ્યું,

''પણ એટલે શું?''

''સમજાવું. નારાયણ અહીં આવ તો. આ ફ્રેમ ઉતારી નીચે મૂક.''

નીલા ચા-નાસ્તાની ટ્રે લઈને આવી.

''રહેવા દો બાપુજી! રીતુને એમાં શી ખબર પડે! ચાલો ચા પી લો. તમને ઠરેલી ચા નથી ભાવતી.''

''જેવો વહુરાણીનો આદેશ.''

''ક્યારે માનો છો આદેશ! દર વખતે કહું છું એક ડાઈનિંગ ટેબલ વસાવી લો.''

નીલાએ ચાનો કપ હાથમાં રાખી નાસ્તાની ટ્રે હીંચકા પર મૂકી. રીતુ કૂદકો મારી ટેબલ પરથી ઊતરી પડી અને ગરમ પૂરી ખાવા લાગી.

''બેટા! શી જરૂર છે. ડાઈનિંગ ટેબલની? આપણું આખું ફેમિલી ક્યાં ભેગું થાય છે? સુકેતુ બેંગલોરથી એકલો આવી મળી ગયો. તારા કોઈ મોટા પ્રોજેક્ટમાં બિઝી છે. વિપુલ-સુઝેન ચાઈના ગયાં છે. રહ્યાં તું અને રસેશ. દીકરો બિઝી છે, ને તું મારી આ ટબૂડીને લઈને આવી.''

પૂરી ખાતાં રીતુનું મોં ભરાયેલું હતું.

''દાદાજી, નારાયણને બોલાવોને! આંબો જોવો છે.''

તમે આને માથે ચડાવો છો બબડતી નીલા અંદર ગઈ. નારાયણે ફોટોફ્રેમ ઉતારી ભોંય પર મૂકી. અચલજી પલાંઠી વાળી નીચે બેઠા, રીતુ પણ ફ્રેમ પર ઝૂકી સામે બેસી ગઈ.

''જો બેટા, આને કુટુંબનો આંબો કહેવાય. કેરીના ઝાડ પર કેવી કેરીઓ બેસે છે એમ કુટુંબનું પણ વૃક્ષ હોય

અને આ નામ છેને! એ કેરીઓ.''

''પણ આ નેમ્સ મને વાંચતાં નથી આવડતાં.''

''જો આ સૌથી ઉપર નામ છે વિશળજી, એ મારા દાદાના દાદા.''

રીતુની આંખો પહોળી થઈ ગઈ,

''વ્હોટ! દાદાના દાદા!''

''અને એમની બાજુમાં નામ છે ગોદાવરી બા. એ બન્ને મારા દાદાનાં દાદા-દાદી સીધી લીટી પછી આ રહી આડી લીટી એમાં છે પોપટભાઈ-વિજયાકુંવર, ઉછરંગભાઈ- પ્રિયંવદા અને આગળની લીટીમાં ત્રણ બહેનો... પોપટભાઈની નીચે કેટલાં નામ છે... રમણીકભાઈ ભાસ્કરભાઈ, ગનુભાઈ, હીરાબહેન...''

રીતુએ કાને હાથ દીધા,

''બસ દાદાજી! આટલાં બધાં નામ કેવી રીતે યાદ રહે! હાઉ?''

''અરે મારી મા! એટલે તો આંબો ચીતરાવ્યો છે. આપણાં કુટુંબીઓ ભુલાય નહીં એટલે એમની છત્રછાયા રહે, એમનું વહાલ અને આશીર્વાદ વરસે...''

''દા-દા-જી-''

રીતુએ કાનમાં આંગળી ખોસી બૂમ પાડી. અચલજીએ કાન પકડ્યા,

''ઓ.કે. બસ, આ એક જ નામ વાંચ. આવડશે. જોડાક્ષર નથી.''

રીતુએ જોરથી તાળી પડી,

''ઓફકોર્સ, માય વન એન્ડ ઓન્લી અચલજીદાદા.''

''ને જો મારા નામથી આગળ લીટી જાય છે...''

''વન ટુ થ્રી ફોર ફાઈવ... આ બધાં તમારાં ભાઈબહેન.''

''હોશિયાર છે મારી દીકરી. મારી બાજુમાં નામ તારી દાદીનું...''

રીતુ ઉત્સાહથી બોલવા માંડી,

''લીલાબા. મને યાદ છે દાદાજી, એમનો મેમરી લોસ થયો તોને! બોલ્યા જ કરતાં હતાં હેંને!''

અચલજી નિશ્વાસ મૂકતાં ચૂપ થઈ ગયા. રીતુ વહાલથી કોટે વળગી પડી.

''સોરી દાદાજી... અને આ તમારી નીચેની સીધી લીટીમાં મારા મામા, પપ્પા અને મારી મમ્મી...''

''અને એની નીચેની સીધી લીટીમાં કોણ છે?''

રીતુ કૂદી પડી.

''હું.''

''મારી રીતુ નાનકડી ખાટીમિઠ્ઠી કાચ્ચી કેરી.''

ઓહ પોતે! આંબામાં! આખી વાત જ અજબ હતી. માણસનું વળી ટ્રી હોય? હતું જને! આ રહ્યું. કાળુંધોળું. ફોટોફ્રેમમાં ઝાડમાં કેટલા બધા માણસ ઊગ્યા હતા! વેકેશન પર નિબંધ લખીશ ત્યારે આંબા પર લખીશ. મિસને પણ નવાઈ લાગશે. નીલા રસોડામાંથી આવી. એ પણ આંબો જોવા ઊભી રહી.

''ઓહો દાદાનાય દાદાનું નામ પણ શોધી કાઢ્યું?''

''એ જ તો વાત છે. કોઈને ત્યાં આંબો જોયો હતો ત્યારથી રમણીકકાકાને ધૂન ચડી બસ, મચી પડ્યા.''

''એમણે આંબો બનાવ્યો? આ ઉંમરે? ખરા કહેવાય.''

અચલજી પોરસાયા, આંબા પર નજરથી ઓવારી જતાં બોલ્યા,

''બધાને કહેવાની ના પાડી હતી.''

નીલા તાકી રહી. એકમાંથી બીજી ફૂટતી ડાળીઓને. લૂમેઝૂમે લટકતાં નામોને. આટલાં બધાં શ્વશુરપક્ષનાં સ્વજનો! આવો વિચાર કદી આવ્યો જ નહોતો. મુંબઈમાં કોઈને ત્યાં આંબો જોયો નહોતો. નારાયણની પાસે ફરી ફોટોફ્રેમ એની જગ્યાએ મુકાવી, હીંચકા પર બેસી રસપૂર્વક જોતી રહી,

''પણ બાપુજી ઇતિહાસની કઈ ગુફામાંથી આ અલભ્ય ખજાનો શોધી લાવ્યા?''

''લે, નાતનો જીવતો જાગતો ઇતિહાસ એટલે અમારા ગોર, આણંદલાલ આચાર્ય. એમને પેરેલિસિસ છે પણ યાદશક્તિ ટકોરાબંધ. રમણીકલાલ કલાકો અડ્ડો જમાવે, પુરાતત્ત્વવિદની જેમ ચીવટથી યાદશક્તિનું ખોદકામ કરે, દટાયેલાં નામો શોધે, ધૂળ ઝાપટીઝૂપટી પેટી ઘરે ઊંચકી લાવેલા. અમે બધાય દિવસભર ચોપડાઓમાં ખાંખાંખોળા કરીએ. કોઈ વાર અક્ષર ન ઉકલે, કોઈ વાર નામ સરખાં હોય...'

''હોલ્ડ ઓન, દાદાજી. ગોર એટલે?''

નીલા હસી પડી,

''આ તમારી કાચ્ચી કેરી, રસદાર છે હોં!''

''નહીં ત્યારે! ગોર એટલે બધાને પૂજાપાઠ કરાવે તે. યાદ છે ગયે વર્ષે તું પહેલે નંબરે પાસ થઈ તો આપણે સત્યનારાયણની કથા કરાવેલી? એ રમેશભાઈના બાપુજી. એ જેને ત્યાં જાય એનાં નામઠામ બધું ચોપડામાં લખે.''

''એટલે કે, ગૂગલગુરુ રાઈટ?''

''ને આ બધાંય નામ એમના ચોપડામાં?''

''ના રે. નીલા. નાતમાં તો રમણીકકાકા ફરી વળ્યા હતા. પછી ઊપડ્યા હરદ્વાર. કદાચ વડવા ત્યાં ગયા હોય તો નામઠામ જડે. નારાયણને મેં સાથે મોકલેલો હોં! ત્યાંથી રખડી રઝળી ખાલી હાથે પાછા. માંદા પડ્યા. પણ આંબાનો તો કાંઈ નશો! ઊપડ્યા નાસિક ત્ર્યંબક પૂરી પંચવર્ષીય યોજના. ઘણુંખરું કામ પત્યું પછી જ છેલ્લો શ્વાસ લીધો, ભાસ્કર, મારું કામ પૂરું કરજે. નહીં તો ભૂત થઈશ.''

''ઓ માય ગોડ!''

નીલા સસરાની સામે ઊભી રહી, હીંચકાની સાંકળ પકડી લીધી.

''બાપુજી, કોને માટે આ બધું?

તમારા ત્રણ દીકરાઓમાંથી કોને રસ છે? કોણ આવીને જોશે?''

અચલજીએ રીતુને માથે હાથ ફેરવ્યો.

''છેને આ મારી કાચ્ચી કેરી.''

''ઓફકોર્સ દાદાજી. લવ યુ, લવ યુ.''

''લવ યુ ટૂ.''

દાદા-દીકરી તાળી દેતાં હસી પડ્યાં.

'ના રે બાપુજી, એ મોટી થશે, પરણશે, ભણશે. કોણ જાણે શું શું કરશે! એની ભાગ્યરેખા એને ક્યાં દોરી જશે એની કોને ખબર! પછી થોડી આવશે આ ગામના ઘરમાં? આવીને કરેય શું?''

અચલજી હજી વંશવૃક્ષની કેરીને ઘોળીને રસ પીતા હોય એમ તાકી રહ્યા હતા.

''તને ખબર છે નીલા, આ બધા વડીલોનાં નામ ભેગાં કરતાં એમના જીવનની આછીપાતળી વાતોય મળી આવી ત્યારે કેટલો રોમાંચ થયો હતો બેટા! ગોરના મોટા કાકાએ એમને કહેલું, વિશળજીદાદા તો ગામનું નાક. પ્લેગ આવેલો એમના સમયમાં. અડધું ગામ સાફ હોં!''

''માય ગોડ!''

''હા રિતુ. દિવસરાત ગામમાં પોક સંભળાય. એમના કુટુંબમાંય કેટલાની લાશ પડી પણ વિશળજી જેનું નામ! રડીને બેસી રહેવાને બદલે, નિર્ભયતાથી ગામલોકની લાશ સ્મશાને પહોંચાડી. છેક અંગ્રેજ સુધી લડી આવેલા.''

હલકા નિશ્વાસ જેવા બોલાયેલા શબ્દો. નીલાનો જીવ દુભાયો. આ વર્ષે, બાપુજી વધુ નખાયેલા લાગતા હતા. સુકેતુ બેંગલોરથી આવી બાપુજીની મેડિકલ ચેકઅપ, દવા બધું ગોઠવી ગયેલો પણ હૈયાના ઝુરાપાનો એક્સરે હોતો નથી.

''બસ, બાપુજી. રીતુ ચાલ ઊઠ. ન્હાઈ લે.''

''અહીં ક્યાં શહેરની હાયવોય છે! આપણા વડવાઓએ ઘણાં સારાં કામ કર્યાં છે પણ ત્યારે સોશિયલ મીડિયા ક્યાં હતું! બધું કાળની ગર્તામાં ગારદ. બાકી રીતુ, પોપટભાઈ તો પોલીસમાં મોટા જમાદાર. ડાકુઓને ભગાડેલા. વાતું તો એવી માંડે... આ બધી કુટુંબની કીર્તિપતાકા સામે બિચારાં હીરાબહેન. વિધવા થઈ પિયર રહેલાં. કે છે એમનો દીકરો મુસલમાન થઈ ભાગી ગયેલો. ગામમાં હાહાકાર.''

નીલા ચિડાઈ,

''બાપુજી, બસ કરો. બધો ભૂતકાળ છે. ગારદ જ રહેવા દો. ઘર બંધ કરી દઈએ. ચાલો મારી સાથે.''

રીતુ અચલજીને વળગી જ પડી,

''હા દાદાજી. આપણે રૂમ શેર કરીશું. મજા પડશે.''

''તારી લાગણી સમજી શકું છું

બેટા, પણ જો હું એકલો ક્યાં છું! મારા આંબાનાં ફળો મારી આજુબાજુ લૂમેઝૂમે છે.''

રીતુ કિટ્ટા કરતી રિસાઈ ગઈ.

* * *

મોસમ બદલાતી રહે છે. પાનખર કે વસંત. પણ કાચમાં મઢાયેલો આંબો ચિરયૌવનાની જેમ લીલોછમ રહે છે.

કાકાના દીકરા હરગોવિંદનો ફોન છે, નીલાભાભી, અચલકાકાના અવસાન પછી ઘણા વખતથી ઘર બંધ છે. તમે સૌ વિધિમાં આવી ગયા પછી ઘર કોઈ વાર સાફ કરાવી બંધ રાખીએ છીએ. અમે ઉપર મેડી ચણાવી છે એટલે અમારેય એનો ખપ નથી. મોટા કાકાની ઇચ્છા હતી કે રીતુને હાથે ગામની નિશાળને મકાન સમારકામ રંગાવી અર્પણ કરવું. ભાભી તમે, રસેશભાઈ અને રીતુ એક વાર આવી બધું નક્કી કરી જાઓ.

રીતુ ઊછળી જ પડી,

''જો મમ્મી, પપ્પાએ તો આવવાની ના પાડી દીધી છે, તો કોની રાહ જોવાની! ચાલ, ઊપડીએ, મારે મન તો ઘર જ દાદાજી છે.''

નીલા પણ જવા ઉત્સુક હતી. સસરા કરતાં એ બાપુજી વિશેષ હતા. ત્યાં કુટુંબ તો હતું. સારેમાઠે પ્રસંગે એ પતિ સાથે ઉભડક જીવે જઈ આવતી, ઘર ભાગ્યે ખોલતી. એમણે વિદાય લીધી ત્યારે રીતુ સ્ટુડન્ટ એક્સચેન્જ પ્રોગ્રામમાં ઓસ્ટ્રેલિયા હતી. બન્ને દેરદેરાણી સાથે ત્યાં ભેગાં થયાં હતાં. સુઝેનને જૂના વખતનો પટારો ગમતો હતો, એ સિંગાપોર લઈ ગઈ હતી. બે-ત્રણ જૂના ઘાટનાં પિત્તળનાં વાસણ તારા લઈ ગઈ હતી. નીલાને ટાઈલ્સ જડેલો, પિત્તળનાં મોર-પોપટનો હીંચકો બહુ ગમતો હતો, પણ મુંબઈમાં જગ્યા જ ક્યાં હતી!

રીતુએ જ ઘર ખોલ્યું. ઘરનો સૂનકાર એક છલાંગે જંગલી જાનવરની જેમ તરાપ મારી ફાડી ખાવાનો હોય એમ પાછી દોડતી જઈ નીલાને વળગી રડી પડી. જાણે હમણાં જ અચલજી હીંચકા પરથી એને બાથમાં લેવા ઊભા થયા હોય એમ ખુલ્લા બારણામાંથી આવેલા પવનના ધક્કાથી હીંચકો ઝૂલ્યો. નીલાએ એને માંડ શાંત કરી. એને થોડી વાર ઘરમાં એકલી રહેવા દેવા માટે, હું હરગોવિંદભાઈને મળી આવું કહેતી નીલા ચાલી ગઈ.

ઘરમાં પગ મૂકતાં જાણે ખાલીપણાના ભમ્મરિયા કૂવામાં પડી જવાની હોય એમ રીતુ ડરીને બહાર ઊભી રહી અંદરના અંધકારને તાકતી રહી. બારણાં પૂરાં ખોલી અજવાળું લઈ એ ઘરમાં પ્રવેશી. એ સાથે જ હેતથી ઘરને બાથ ભરવાનું મન થઈ આવ્યું. ચોતરફ નજરથી દીવાલોને, ચીજવસ્તુઓને સ્પર્શતી રહી. જેને જે ચીજો જોઈતી હતી તે લઈ ગયા હતા. ઘર અસ્તવ્યસ્ત

હતું. ભીંતનો ગોખલો અધખુલ્લો હતો અને દાદાજીના રામાયણ-મહાભારતના ગ્રંથો દેખાતા હતા. તુલસીની માળા લટકતી હતી. ભીંત પર જૂનું ધૂળિયું કેલેન્ડર લટકતું હતું અને લાડુથી ભરેલી થાળી સામે ગણપતિજી એમાં બિરાજમાન હતા. તારીખિયાના ડટ્ટામાં બચી ગયેલી તારીખોના કાગળો પવનમાં ફરફરી ઊઠ્યા.

એ કયા કાળખંડમાં ઊભી હતી! સમય વીતી ગયો હતો છતાં કોઈ જાદુઈ છડી વડે હજી અહીં જ હતો. ફ્રોઝન. યસ. ફ્રોઝન ઇન ધિસ ફોટોફ્રેમ. જાણે એની જ પ્રતીક્ષામાં દાદાજીએ ભવિષ્યવેત્તાની જેમ કહ્યું હતું, મારી રીતુ એક દિવસ જોશે આ બધું, હા. દાદાજી હું જોઈ રહી છું, વંશવૃક્ષના આંબાને. બધાં સ્વજનોએ વિદાય લીધી હતી પણ કાળના પ્રલંબ પટ પર એમનાં પદચિહ્ન મૂકતાં ગયાં હતાં. રીતુએ ફોટોફ્રેમ ઉતારી, રસોડામાંથી સ્ક્રૂડ્રાઈવર શોધી લાવી, ફ્રેમમાંથી કાગળ કાઢી વીંટો વાળ્યો. હીંચકા પરની ટ્રેમાં બાળચિત્રાવલિની પુસ્તિકાઓ પણ સાથે લીધી. બીજું કશું લેવાનું ન હતું. અઢળક સ્મૃતિઓનું પોટલું બાંધવાનું ક્યાં હતું! એ તો હૃદયમાં જ હતી. જતાં જતાં હીંચકો ઝુલાવી એ ભરાયેલા કંઠે બોલી, ''બાય દાદાજી લવ યુ.''

ઘર નિશાળને આપી દેવાની બધી વિગતો નક્કી કરી મા-દીકરી મુંબઈ આવ્યાં. રીતુએ આંબાને સરસ ફ્રેમમાં મઢી એના સ્ટડી ટેબલની દીવાલ પર જ ગોઠવ્યો ત્યારે રસેશ પણ એ બધાં નામો વાંચતાં ચકિત થઈ ગયો.

એક દિવસ રીતુએ અચાનક નીલાને કહ્યું,

''મમ્મી, દાદાજીનો આંબો, તો તારો આંબો કેમ નહીં?''

''મારો આંબો? અરે પણ હું છું જને દાદાજીના આંબામાં. જો તારા પપ્પાની બાજુમાં મારું નામ છેને!''

'ના મમ્મી, એ તારો આંબો નથી, તું દાદાજીના આંબાની, વિશળજીના વંશવૃક્ષની એક કેરી માત્ર છો. એ તારો આંબો નથી.''

નીલાએ ગેસ પર ચાનું પાણી મૂક્યું,

''તું શું કહે છે એ જ સમજાતું નથી.''

''વેરી સિમ્પલ મોમ. આંબો તો વિશાળજીના જ નામનો હોય- પુરુષોનાં નામનો. હી ઇઝ ઓલ્વેઝ ધ હેડ ઓફ હાઉસહોલ્ડ. પણ ડાળીઓ તો ગોદાવરીબામાંથી ફૂટીને!''

ચા-ખાંડ નાખી નીલા ઊકળતા પાણીની વરાળ જોઈ રહી. રીતુ પૂછે છે મા! તને તારી દાદીનું નામ ખબર છે? પછી એમની દાદી... એમની બહેનો... દીકરીઓ... પોપટદાદાના જીવન જેવી એમની નાનીમોટી વાતો... સુખદુખ... ના આવો વિચાર જ કદી નથી આવ્યો.

''નથી ખબરને! આજે મારા

સોશિયોલોજીનાં પ્રોફેસર મિસ પૂજારાને આપણા આંબાનો મોબાઈલમાં ફોટો બતાવ્યો, આઈ ટેલ યુ, એ તો એકદમ આશ્ચર્યચકિત! એ હવે પોતાનું વંશવૃક્ષ બનાવવાનાં છે. ક્લાસમાં ચર્ચા કરી તો સ્ટુડન્ટ્સ તો સુપર એક્સાઈટેડ. મારી ચાર ફ્રેન્ડ્સ અને થોડા છોકરાઓ પણ આજથી જ મંડી પડશે. અમે બધાએ સાથે એકસરખી ડાયરી ખરીદી જો.''

એણે નેચર્સ બાસ્કેટ નામની સુંદર ડાયરી નીલાના હાથમાં મૂકી. એમાં કુદરતી દૃશ્યોનાં મનોહર ફોટોગ્રાફ હતા. નીલાએ ઉત્સાહથી ઊકળી ગયેલી લાલચોળ ચાના બે કપ ભર્યા.

''ચાલ ચિયર્સ કરીએ. આપણા સિક્રેટ પ્રોજેક્ટની તારા પરમ પૂજ્ય પિતાશ્રીને ગંધ પણ ન આવે.''

બન્ને ચિયર્સ કરતાં હસી પડ્યાં.

''ચિયર્સ આઈ એમ ઓલ્સો ઇન.''

''અરે પપ્પા તમે!''

''કેમ નહીં? અમારા આંબામાં નીલા તો એના આંબામાં હું કેમ નહીં? ચાલ, તને સ્ટાર્ટિંગ પોઇન્ટ આપું? આપણી જ્ઞાતિની ઓફિસ પણ છે?''

નીલા ઉત્સાહમાં આવી ગઈ.

''હા રીતુ, તને દાદાજીએ ગોરની પ્રથાની વાત કહી હતીને! શહેરમાં જ્ઞાતિમંડળો મોર્ડન ગોર છે. લે આ જ્ઞાતિની પત્રિકાનો લેટેસ્ટ ઇશ્યુ.''

રીતુએ ઓફિસનો ફોન નં. એડ્રેસ મોબાઈલમાં સેવ કરી લીધાં. પપ્પા-મમ્મીને કામ સોંપી દીધું, મમ્મીનાં બધાં સગાંઓનાં નામ ફોન નં. ડાયરીમાં લિસ્ટ કરો. પછી માસી-મામા એમ બીજાઓની પાસેથી પણ વિગતો મેળવો. આપણે પણ રમણીકકાકાની જેમ પુરાતત્ત્વવિદ જેવું ખોદકામ કરી દટાયેલો ઇતિહાસ ખોળી કાઢીએ.

પછી શરૂ થયું આંબા અભિયાન.

રીતુ એ જ બપોરે જ્ઞાતિની ઓફિસમાં પહોંચી ગઈ. ઓફિસ જોતાં ચકિત! કોમ્પ્યુટર સાથે આધુનિક સુવિધાઓથી સજ્જ. કોમ્પ્યુટર જાણે ગોરબાપાનો જ ચોપડો. જ્ઞાતિનાં કેટલાં ગ્રુપ હતાં! હસ્તમેળાપ.કોમ, નાટક ગ્રુપ, કલ્ચરલ ગ્રુપ... જૂના અહેવાલોનું ડિજિટાઈઝેશન ચાલુ હતું. બે યુવતીઓ ઓફિસ સંભાળતી હતી. ગોવિંદકાકાનાં દીકરો, વહુ ડોક્ટર હતાં, આયુર્વેદની દવાનો ધંધો સંકેલી એ અહીં અડ્ડો જમાવતાં. બીજા પણ વડીલો આંટાફેરા કરતા. જ્ઞાતિની ગપસપ સાથે ગાંઠિયા -જલેબીની જ્યાફત ઊડતી.

રીતુ એમાં આસાનીથી ભળી ગઈ. ઓહો! શી વાત! અચલજીની પૌત્રી આંબો કરે છે! ભલું સૂઝ્યું. પછી વાતોની ગઠરી ખૂલવા લાગતી. કામની-નકામીની વાતોના તો કાંઈ ઢગલા! એ ઘાસના ઢગલામાંથી ઝીણી સોય શોધવાની હતી. રીતુને મમ્મીનાં પરદાદાદાદીનાં નામ ક્યાંય મળ્યાં નહીં. રસેશ જૂની પત્રિકાઓ ઝીણવટથી

ફંફોસી રહ્યો હતો. જેટલી માહિતી હતી તેનો અડધો આંબો તો ચીતરાયો હતો. નીલાનાં દાદી શાંતાબા અને દાદા પ્રાણલાલ. દાદાની ત્રણ બહેન, બે ભાઈ, એમનાં સંતાનો એ વિગતો છે, શાંતાબાના કુટુંબ માટે બહુ મથ્યાં પણ ત્યાં બીગ ઝીરો.

નીલાને નવાઈ લાગતી, દાદાને આટલી બહેનો હતી! એમનાં સંતાનો ક્યાં? કોણ? બા-બાપુજીની વિદાયને વર્ષો થઈ ગયાં હતાં. પછી તો એ લગ્ન કરી મુંબઈ આવી. ગામ છૂટ્યું. સંબંધોના તાંતણા ઘસાતા તૂટી ગયા. કુટુંબો વિખેરાતાં ચાલ્યાં. લગ્ન કરીને, નોકરીની શોધમાં બીજી-ત્રીજી પેઢી ગામ બહાર નીકળી ગઈ. દુનિયા ગ્લોબલ વિલેજ બની ગઈ. દુનિયાના અનંત મહાસાગરમાંથી એક જળબિંદુ શી રીતે તારવવું?

હવે દાદી શાંતાબાનો આંબો. ડાળીઓ ક્યાંથી ક્યાં ફૂટી હશે!

જ્ઞાતિ પત્રિકાના અહેવાલોના તળિયેથી નામ મળ્યું, પિતા રમણભાઈ. પછી નોંધ, આજ રોજ રમણભાઈની પુત્રી શાંતાના વિવાહ પ્રાણલાલ સાથે થયા. રમણભાઈના કુટુંબની શોધંશોધ ચાલી. મુંબઈ બહાર રહેતા જ્ઞાતિજનોની કોઈની પૂરી, કોઈની અડધી બટકેલી ડાળીઓ હતી તો કેરીઓ અદશ્ય! તૂટેલા તાણાવાણાનું ગંઠન કરતાં કરતાં ખબર પડી શાંતાબાને ત્રણ બહેન, બે ભાઈ. બે બહેનનાં લગ્નની વધામણીની ટૂંકી નોંધ. પણ ત્રીજી બહેન અદશ્ય છે, અહેવાલોમાંથી, વડીલોની વાતોમાંથી. મૃત્યુનોંધમાંય નહીં.

નીલાને થતું, એનાં કેટકેટલાં સ્વજનોનો ઘટાટોપ આંબો છે! કાળની ફૂંકથી કોઈ ડાળી તૂટી ગઈ છે તો દાદીની બહેન જેવી કાચી કેરી ટોચાઈને ખરી પડી છે. ઓફિસમાં ગોવિંદકાકા સાથે ગોઠડી માંડતાં એમને સાંભરી આવ્યું, રમણની દીકરી શાંતા એ તો પ્રાણલાલની બીજી વહુ. તરત રીતુએ પૂછ્યું, તો પહેલી વહુ? એને તો કાઢી મૂકીતી. ઈ જમાનામાં તે ફારગતી શાની? બસ, કાઢી મૂકી.

''એનું નામ?''

'નામમાં મૂક પૂળો. નહીં ગમી તે થા વહેતી. એને તો દીકરીયે હતી. એ પળોજણ પણ ભેગી જ વળાવી દીધી. તું તારે એને આંબામાંથી મેલ પડતી.''

''એક વાર અમારા કુટુંબમાં એ દાદીની જગ્યાએ હતી. દાદાનું સંતાન એની કૂખે. એને કેમ પડતી મેલું? એ અન્યાય નહીં?''

''જો બેટા, મારા પિતરાઈને જોડિયા દીકરી થઈ ને જીવીયે ગઈ. વિધાતાએ શા લેખ લખ્યા કે બચાડાને બબ્બે દીકરા કસુવાવડમાં ગયા. એનો આંબો તો સુકાઈ જ ગ્યોને!''

''પણ બે દીકરી...''

''રીતુ દીકરા, દીકરાએ વંશનો

દીવો રહે. દીકરી વાંહે અંધારું જને! પાછું બેય દીકરીઓને ઘેર પણ ઘાઘરિયો ઘેર. એક તો નભ્ભઈ હોય, ન સમજાણું? દીકરીને ભાઈ ન હોય તો એનું ઘર ઝટ ન મંડાય.''

''કેમ?''

''તે, ન સમજી! સામેવાળાને ડર રહે કે આનેય દીકરા ન થાય તો?''

રીતુ ઘરે આવી. મન ઉપરતળે હતું. શું થયું હશે પેલી સ્ત્રીનું? એની દીકરીનું? ત્યક્તાની કાળી ટીલી લઈ એણે ક્યાં મોં સંતાડ્યું હશે! એક તો મા ત્યક્તા... ગોવિંદકાકા એક વાર શું બોલેલા?... યસ. છાંડેલી. એની નભ્ભઈ દીકરી. એ ખરી પડેલી કાચ્ચી કેરીને કોણે કોણે ટોચી હશે! એને ક્યાં શોધવી? એને કેમ કહેવું હું અહીં છું, તારી સાથે છું!

નીલાએ એનાં સગાંઓમાં ખાંખાંખોળા કરીને ઘણે વખતે એક નામ શોધ્યું, પ્રીતમલાલ. દૂરના વયોવૃદ્ધ કાકા. રાજસીતાપુર ગામમાં જ રહ્યા. એમને કદાચ ખબર હોય તો હોય.

પપ્પા-મમ્મીના આશીર્વાદ લઈ રીતુ રાજસીતાપુર પહોંચી. એ સમયે ખોબા જેટલું હશે આજે ફૂલીફાલીને ઠીક મોટું. કોઈને પૂછતાં એ પ્રીતમલાલની ડેલીએ જ લઈ ગયો. રીતુએ કડું બે-ચાર વાર ઠોક્યું, બાજુની ડેલીમાંથી ડોકાં લંબાયાં. આંખોમાં આશ્ચર્ય, શહેરની છોકરી પ્રીતમલાલને આંગણે!

ડોકાબારી ખૂલી. તડકામાં એક ઉજમાળું મુખ ડોકાયું, આંખો આશ્ચર્યથી પ્રશ્ન પૂછી રહી.

''હું મુંબઈથી આવું છું, મારું નામ રીતુ. મારે પ્રીતમલાલદાદાને મળવું છે.''

આંખોનું આશ્ચર્ય ચહેરા પર ફેલાઈ ગયું. આવો કહેતી હોય એમ એ સ્ત્રી ખસી ગઈ. રીતુ નીચે નમીને દાખલ થઈ. ગૌરમુખી એ સ્ત્રીની વય કદાચ પચાસેક હશે, કેશવિહીન માથા પર કપાળ સુધી ઓઢેલું, કધોણો સાડલો... રીતુ એને જોઈ રહી છે સમજી એણે સંકોચથી શરીર સંકોર્યું, માથે ઓઢેલું જરા આગળ ખેંચ્યું.

''આવોને! દાદા છેને!''

એ આગળ થઈ ઘરમાં ગઈ. રીતુ એની પાછળ. આગલા ઓરડામાં જ પ્રીતમલાલ બે-ચાર તકિયે અઢેલી માંડ બેઠા હોય એવું લાગ્યું, મેલખાયા ધોતિયાના ફાટેલા ભાગમાં ગાંઠ મારી હતી, દૂબળું શરીર અને ઝાંખો ધબ્બ ચહેરો.

''દાદા, બહેન આવ્યાં છે, મુંબઈથી. તમને મળવા.'' બોલતી એ સ્ત્રી અંદર ગઈ. થોડી વારે પાણીનો ગ્લાસ લઈને આવી અને નીચે બેસી ગઈ. રીતુ પાસે જઈ દાદાને પગે લાગી.

''દાદા, મારું નામ રીતુ. હું અચલજીની પૌત્રી.''

અચલજી સાંભળતાં એ વૃદ્ધજન સ્મૃતિની અંધારી ગલીઓમાં ધીમે ધીમે ચાલતો હોય એમ બોલતો રહ્યો...

અચલજી... અચલજી. પ્રકાશનું એક કિરણ ઝબક્યું હોય એમ એણે પોતાને જ કહેતા હોય એમ બોલવા માંડ્યું... હા અચલજી... વિશળજીના દીકરાનો દીકરો એ જ કે પછી...

''ના, એ જ દાદા. હું ખાસ તમને મળવા આવી છું.''

મૂંઝાઈ ગયા હોય એમ બબડ્યા, મને... મળવા.

રીતુએ આંબાની માંડીને વાત કરી, હવે કહો દાદા, રમણભાઈની ત્રણ દીકરીઓ, એમાંની એકનું નામ ઉલ્લેખ કશી ખબર નથી મળતી, કદાચ જન્મી જ નહોતી... અને બીજી દીકરી શાંતા જે પ્રાણલાલદાદાને પરણાવેલી. પણ એમને પહેલી પત્ની હતી, એને સંતાનમાં દીકરીયે હતી એની પણ કોઈ વિગત નથી મળતી, રમણભાઈ તો અહીંના જ. તમને નક્કી ખબર હશે.

એક હલકો નિશ્વાસ.

''જાણીને શું બેટા?''

''આંબામાં નામ લખીશ. હા, સ્ત્રીઓનો આંબો. એની દીકરી શોધીશ...''

''પછી?''

''મળશે તો કહીશ, હું તારી નાની બહેન છું, તારી સાથે છું...''

ભૂતકાળના અંધારખંડમાંથી ધીમે ધીમે ચાલીને આવતા હોય એમ એમનો શ્વાસ ભરાયો.

''જાણે છેને, બેઠી ભોંય ખોધે કાયમ

ચરુ જ નથી સાંપડતા, અંદર ભોરિંગના રાફડાય હોય બેટા.''

''એમ તો એમ.'' રીતુએ જીદ કરી.

ફરી મૌન. પછી એકાએક જ.

''અચલજી, મારા મોટા કાકા, રમણ, પ્રાણલાલ બધા આજુબાજુના ફળિયાના ગોઠિયા. હા, રમણને ત્રણ દીકરી. શાંતાથી નાની. કમુ, એણે... એણે કૂવો પૂરેલો.''

ખુલ્લા વાયરનો સ્પર્શ થઈ ગયો હોય એમ રીતુ કંપી ઊઠી.

''કૂવો પૂરેલો?! માય ગોડ! પણ શું કામ?''

વૃદ્ધજનનો અવાજ ઠરડાયો, તૂટ્યો.

''બીજું કરેય શું? પેટ કાંઈ ઢાક્યું રે? જેણે કાળું કર્યું એ ડણક દેતો રહ્યો. સિંહને કોણ કયે તારું મોં ગંધાય છે? નાતે બે પાક્કા જમણ રમણ પાસેથી લઈ એને નાતમાં લીધો.''

સૂરજ વાદળાં પાછળ ગયો હશે. ભર બપોરે ઓરડામાં અંધારું ઘેરાયું.

રીતુએ હામ ભીડી, ફરી પૂછ્યું.

'અને પ્રાણલાલદાદાની પહેલી પત્ની?''

''બસ, હવે બેટા. જરી આરામ કર. ખમી ખા.''

''ના દાદા. નહીં કહો તો સમ આપીશ.''

''લક્ષ્મી. પ્રાણલાલના સગામાં જ. સંતાનમાં દીકરીય ખરી, મંજુ.''

તકિયા પર ઢળીને બેઠા. બોલતાં જાણે હાંફ ચડી.

''પણ કયા કાળચોઘડિયે રમણની શાંતા ગમી ગઈ ને લક્ષ્મીને જાકારો દઈ દીધો, મંજુય એની ભેગી વળાવી દીધી, પછી ઘોડે ચડી શાંતાને પરણ્યા.''

''અરે! નાતીલા કોઈ વચ્ચે ન પડ્યા?''

''કોણ બોલે? ત્યારે કાંઈ કોરટ-કચેરી હતાં નહીં. ઘણા બીજીને ઘરમાં બેસાડતા.''

રીતુએ આતુરતાથી પૂછ્યું,

''અને લક્ષ્મી? દાદા એનું શું થયું? એની દીકરી મંજુ?''

પ્રીતમલાલ માંડ ટેકે ટેકે બેઠા થયા. જરા આગળ ઝૂક્યા. ઝાંખા ચહેરામાં બે આંખો ઊંડા ગોખમાં દીવા બુઝાતા હોય એમ તગતગી ઊઠી.

''બિચારીએ ગામનાં છાણવાસીદાં કરી દીકરી ઉછેરી. ગુણવાન. રૂપાળી. પણ માથે ન ઓથ. ન ગાંઠે ગરથ. ગરીબ ઘરે પરણાવી એ તો છૂટી ગઈ.''

''અને મંજુ?''

રીતુ જોરથી બોલી ઊઠી.

ખનૂન્... પાણીનો ગ્લાસ ફંગોળાયો. રીતુએ ચમકીને જોયું. એ ભૂલી જ ગઈ હતી કે બાજુમાં એક સ્ત્રી બેઠી હતી. રીતુ ઊઠીને ઓસરીમાં આવી. ઓસરીને થાંભલે માથું ઢાળી એ ઊભી હતી. રીતુએ એનો ચહેરો ઊંચો કર્યો. રીતુને વળગી એ ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

❑❑❑



પકડદાવ

☐ વિજય શાસ્ત્રી

ગઈ કાલે જ શાળામાંથી કૌશિકરાય દવે બેતાળીસ વર્ષની સળંગ સેવા બાદ નિવૃત્ત થયા હતા. તેમના આટલા સુદીર્ઘ કાર્યકાળ દરમિયાન કુલ આઠ મુખ્ય શિક્ષકો, લગભગ પચાસ જેટલા સહકર્મીઓ અને હજારો વિદ્યાર્થીઓ સાથે કામ કર્યું હતું. હજી પણ સંચાલક મંડળ તેમને ફિક્સ પગારમાં રાખવા તૈયાર હતું. પણ બેતાળીસ વર્ષોનો થાક તેમને હવે કોઈ પણ નવા બંધનમાં બંધાવાની ના કહેતો હતો. ટાઢ, તાપ, વરસાદ ગમે તે હોય વહેલી સવારે પાંચ વાગ્યે તેઓ શય્યાત્યાગ કરી દેતા. એનાથી શરીર સારું રહ્યું હતું. એક વાર તો તેમને 'હવે નિરાંતે ઊંઘી શકાશે'ના વિચારે ઘણું સારું લાગ્યું. પણ કડક શિસ્તનો આગ્રહ આટલાં બધાં વર્ષો સુધી રાખીને જીવતા આવ્યા હતા એટલે કષ્ટપ્રધાન દિનચર્યામાં કોઈ પણ જાતની છૂટ તેમને પ્રમાદ અને અપરાધનો ભાવ જન્માવતી

હતી એટલે તેમણે દિનચર્યા પૂર્વવત્ અથવા યથાવત્ રાખવાનો નિર્ણય કરી લીધો ત્યારે મનમાં પરમ સંતોષ અને શાંતિનો અનુભવ (ના, અનુભૂતિ) થવા માંડ્યો. ઉપલા વર્ગોમાં તેઓ એકથી વધુ વાર 'અનુભવ' અને 'અનુભૂતિ'નો ભેદ સમજાવી ચૂક્યા હતા પણ એનો વાસ્તવિક અમલ હવે કરવાનો આવ્યો હતો. ધન ઘડી, ધન ભાયગ!

*

નિવૃત્તિકાળના પ્રથમ દિવસે રોજના સમયે શય્યાત્યાગ કરી કૌશિકરાય શૌચસ્નાનાદિ માટે વોશરૂમ પાસે પહોંચ્યા ત્યારે અંદર લાઈટ ચાલુ જોવામાં આવી. 'અરે, આ લાઈટ કોણ બંધ કરવાનું ભૂલી ગયું?' હવે પેન્શન પર જીવવાનું. આવી બેદરકારી પોસાય? વગેરે વગેરે વિચારોમાં અટવાતા હતા ત્યાં જ બાથરૂમનું બારણું ખોલી તેમનાં ધર્મપત્ની સવિતાગૌરી સ્તવન ગણગણતાં બહાર આવ્યાં?

'તમે? તમે અત્યારમાં, નહાવા ગયેલાં?' શિક્ષક-આત્મા પત્નીને પણ પહેલેથી જ 'તમે' કહી બોલાવતો. તુંકારો તો એમના સ્વપ્નમાં પણ નહીં આવ્યો હોય.

'હા, આજે અમારા મહિલા મંડળનો પાંચ મહાદેવનો યાત્રાપ્રવાસ છે એમાં જવાનું છે. તમારે હવે ઉતાવળ શી છે?' પણ ઉતાવળ તેમના શરીરને હતી. જે રોજના સમયે હાજતની સાયરન વગાડતું હતું. 'હું નિવૃત્ત થયો તેની બચાડા પેટને શી ખબર?' વગેરે વગેરે બબડતા બાથરૂમ-કમ-ટોઈલેટમાં ઘૂસ્યા.

એમનો એકનો એક દીકરો તેમના પછીના નંબરે ઊઠી જતો. જશવંત એનું નામ. પણ આજે હજી કંઈ એનાં ઊઠવાનાં એંધાણ દેખાયાં નહીં એટલે ચાવીનો ઝૂમખો કમરે ખોસતાં સવિતાગૌરીને પૂછ્યું 'કેમ, જશવંત હજુ ઊઠ્યો નહીં, બાબલાને સ્કૂલે મૂકવા નથી જવાનો?'

'અરે, હા, હું કહેતાં ભૂલી ગઈ. એની સ્કૂલરિક્ષા સૌથી પહેલાં બાબલાને લેવા આવતી હતી અને છૂટે પછી છેક છેલ્લે એને ઘેર મૂકતી હતી એટલે આજથી એને ના પાડી છે, તમારે જવાનું છે એને મૂકવા.' આટલું બોલ્યાં ત્યાં જ તેમને બહારથી મહિલા મંડળનાં એક બહેનની બૂમ સંભળાઈ એટલે જતાં જતાં કહેતાં ગયાં-

'એની મમ્મી આજે અડધો કલાક મોડી ઊઠશે પછી તૈયાર કરે એટલે મૂકી આવજો.'

'પણ...'

આ 'પણ' સવિતાગૌરીએ સાંભળ્યું જ નહીં. કૌશિકરાય મનમાં સમસમીને બોલી ઊઠ્યા 'ઓત્તારીની, મારી નવી ડ્યુટી લાગી ગઈ આ તો : મને પૂછ્યા મૂક્યા વગર જ!' અંગ્રેજી વિષય ઉપલા વર્ગોમાં શીખવતા ત્યારે 'Taken for granted' જેવો રૂઢિપ્રયોગ આવતો. તેનો પ્રત્યક્ષ અનુભવ પહેલી વાર થયો.

જોકે મુખ્ય શિક્ષક વત્તા સંચાલકશ્રી ઘણીયે વાર તેમને પૂછ્યા વગર, તેમની હા-ના જાણ્યા વગર તેમને જાતજાતનાં કામો સોંપતાં હતાં. પણ આ તો ઘરના માણસો! શતમુખ વિનિપાત!

ખેર, કૌશિકરાયનું રોજિંદું શિડ્યુલ ખોરવાવાની શરૂઆત થઈ ચૂકી હતી. કૌશિકરાયને એક ક્ષણ માટે જાણે અસલ કૌશિકરાયથી સહેજ દૂર થઈ ગયા હોવાની લાગણી થઈ આવી. એક વિચિત્ર પ્રકારની બેચેની તેમના ચિત્તમાં વ્યાપી ગઈ. અસલ કૌશિકરાયનો શિસ્તબદ્ધ ક્રમ તેમને યાદ આવી ગયો. પણ આ અસલ, આજદિન સુધીનાં બેતાળીસ વર્ષના કઠોર પરિશ્રમે ઘડાયેલા કૌશિકરાયના કાંગરા એક પછી એક ખરવા માંડ્યા હતા. એને અટકાવવાનો, સમારવાનો, સંમાર્જવાનો ઉપક્રમ હાથ ધરવો કપરો હતો. ફુરસદના સમયે થતા રહેલા વાચનયજ્ઞને પરિણામે તેમની જીભ પર, ના, ચિત્તમાં 'સંમાર્જન', 'ઉપક્રમ', 'વાચનયજ્ઞ', જેવા શબ્દો તરત સ્ફુરતા હતા એના મનોમન સાક્ષી થતાં એમને પરમ સંતોષ થયો કે ના, મારું વાચનતપ સાવ એળે નથી ગયું.

ઠીક છે, આજે પહેલો દિવસ છે એટલે વ્રતશૈથિલ્ય ચલાવી લઈએ. આવતી કાલથી બેતાળીસ વર્ષ જૂના કૌશિકરાયને પાછા પકડી પાડવા પડશે. આવા નિર્ણયથી મનોમન થોડું સારું લાગ્યું.

એટલી વારમાં બાબલો યુનિફોર્મ પહેરી વરરાજા બની આવીને ઊભો રહ્યો. એના નાનકડા પગનું એક મોજું બરાબર નહોતું. શિક્ષકનો જીવ એટલે તરત નીચે ગોઠણભેર બેસી મોજું સરખું કર્યું ત્યાં ચાંપલો બાબલો બોલી પડ્યો, 'મોમ, મોમ દાદા મને પગે લાગે છે જો.'

'ચૂપ, આવું બોલાય?' એટલું જ બાબલાની મોમે, શ્વશુરને ખરાબ ના લાગે એટલા માટે જ કહ્યું હતું. પણ તે મનમાં ટેણિયા દીકરાની સ્માર્ટનેસથી હરખાતી હતી. દાદા ને બાબલો નિશાળના રસ્તે પડ્યા એટલે બાબલાની મોમ બાથરૂમમાં ઘૂસી ગઈ.

'પપ્પા આવે તે પહેલાં જરા નહાઈ લઉં એટલું એના પતિદેવને કહેતી ગઈ. શ્વશુરજી નિવૃત્તિના પ્રથમ દિવસથી જ એને માટે જાણે ન્યૂસન્સ બની ગયા હોય અને પોતે એમના હુમલાથી જાણે બચવા માગતી હોય એવા હાવભાવ અને ચાપલ્ય સાથે એણે શાવર શરૂ કરી દીધો. સવિતાગૌરી ભજન ગાતાં ગાતાં બાથરૂમમાં સ્નાન કરતાં. આ મેડમ પોતાને પ્રિય લવસોન્ગ ગણગણતાં હતાં. એટલો ફેર હતો. રોજ કરતાં એને આજે ઉતાવળ કરવી જરૂરી લાગી. એનો ઇરાદો એ બાથરૂમમાંથી નીકળે કે તરત જ ધણીને નહાવા મોકલવાનો હતો જેથી બન્ને સાથે એક જ વાહન પર જઈ શકે. અન્યથા પતિદેવ સહેજ મોડા નીકળતા હોઈ રિક્ષા કરી જવું પડતું.

'સાંભળો છો? ચકુ તમે પણ નહાઈ લો તો સાથે નીકળીએ, તમારે સહેજ વહેલા નીકળવું પડશે પણ વચમાં મને મૂકીને પોસ્ટમાં એક રજિસ્ટર કરતા જજો.' બાઈ બહુ પાક્કી હતી. શ્રીમંત બાપની ફટવી મૂકેલી છોકરી હતી. બાપ શેરમાં રોકાણ કરતા દીકરી ને પોતરાના નામે. તે સહી કરવા ફોર્મ મોકલતા. સહી કરીને કુરિયર/રજિસ્ટર્ડ પોસ્ટથી જ 'તરત' પાછું મોકલવાનું લખતા. પછી પાછો ફોન કરતા. જમાઈરાજનું એ ફોર્મમાં નામનિશાન આવતું નહોતું છતાં કુરિયર/રજિસ્ટર કરવાનું જમાઈરાજાને માથે આવતું. મોટા ઘરની કન્યાનો પોતે મધ્યમવર્ગનો જમાઈ હતો. શ્વશુરજી તેને માટે 'જમાઈરાજા' શબ્દ વાપરતા. પોતે 'રાજા' કહેવાતો પણ રૈયત કરતાં બૂરા હાલ હતા. ઘણી વાર તો બેત્રણ રજાઓ પછી પોસ્ટમાં આ કામ માટે જવાનું થતું ત્યારે લાંબીલચક લાઈનમાં કંટાળવા છતાં તપ કરવું પડતું.

ખેર. બાબલાની મમ્મી જેવી નહાઈને નીકળી એવી જ તડૂકીઃ 'જાવ તો નહાવા, નહીં તો હમણાં...' 'બાપુજી આવી રહેશે' શબ્દો તેના મોંમાંથી બહાર નીકળ્યા જ નહીં કેમ કે કૌશિકરાય બાબાને મૂકીને ઘેર પાછા આવીને ચંપલ જ કાઢતા હતા પણ-

એમને આ ક્ષણે પોતે આવી ચડ્યા/આવી પડ્યા/તેમાં કંઈક અજુગતું થયું હોય એવો અણસાર આવી ગયો. પોતે કોઈ દુષ્ટ, ભૂત-પલીત, ખલનાયક બની ગયા હોવાની લાગણી થઈ આવી. પોતે જાતે તો ગઈ કાલ સુધી જે હતા તે જ હતા. પોતાને બદલવાની કોઈ ચેષ્ટા તેમણે અજાણતાંયે કરી નહોતી પણ નિવૃત્તિએ એમનું આખું સ્ટેટસ બારોબાર બદલી નાખ્યું હતું. પરિસ્થિતિ સામે માનવી લાચાર, ક્ષુદ્ર જંતુ છે એવું ઘણી વાર વાંચેલું તેમના સ્મરણે ચડ્યું. આજે કોણ જાણે કેમ પાછલી વયના અધ્યાસો એક પછી એક સાક્ષાત્કાર કરાવતા હતા. નિવૃત્તિ જરા પણ રાહ જોયા વગર પોતાના પર ચડી બેસશે એવું તેમણે ક્યારેય ધાર્યું નહોતું. ઊલટું 'નિવૃત્તિથી કશો ફેર પડતો નથી' એવું પોતાના મનને વારંવાર સંભળાવેલું વચન જાણે સમૂળગું ફોક થવા બેઠું હતું. બધા પાસા અવળા પડતા જતા હતા. અસ્સલ કૌશિકરાયને પકડી જકડી રાખવાના પ્રબળ યત્નો નિષ્ફળ જઈ રહ્યા હતા. કૌશિકરાયને ઘેરી હતાશા ઘેરી વળી હતી. તેમનાં ધર્મપત્ની સવિતાગૌરી ઘૂંટણના દુખાવા સાથે પણ જલદી-જલદી (રિપીટઃ 'જલદી-જલદી') ચાલતાં મહિલા મંડળના યાત્રાપ્રવાસમાં પહોંચી ગયાં હતાં. પુત્રવધૂ આજે રોજ કરતાં વહેલાં તૈયાર થઈ જવાયું તેના હરખમાં ડ્રેસિંગટેબલ આગળ પાઉડર-ચાંદલા-ચોટલા કરતી હતી. દીકરો બાથરૂમમાં કશુંક ગણગણી રહ્યો હતો. એને ગાવાની ટેવ છે એની પહેલી વાર પિતાશ્રીને ખબર પડી. શાવરના ધ્વનિમાં દીકરાના

ગીત ગણગણવાનો ધ્વનિ મળીભળી જતો હતો. ક્યાંય કશો ક્લેશ નહોતો.

બધો ધમધમાટ શમી ગયો. દીકરાજી તેની પત્નીને સ્કૂટરની પાછલી સીટ પર બેસાડી રવાના થઈ રહ્યા હતા. પુત્રવધૂ થોડુંક અંતર રાખીને સ્કૂટરની પાછલી સીટ પર બેસી ગઈ હતી. ઝાંપો વટાવશે કે તરત જ સહેજ ખસીને વરજીને ચીપકીને બેસી ગઈ હશે એવું ધારવામાં કૌશિકરાયને કશું અજુગતું ન લાગ્યું. ઓટલા પર ચંપલ કાઢીને ઘરમાં પ્રવેશ્યા. વર્ગમાં ભણાવેલું ઉશનસ્‌નું સોનેટ, 'વળાવી બા આવી' યાદ આવી ગયું. અહીં બા-ની જગ્યાએ બાપ હતા. 'ગઈ પૂરી વસ્તી, ઘર થઈ ગયું શાંત સઘળું, સોનેટની પંક્તિમાં નાનકડો ફેરફાર તેમણે કરી દીધો' 'અર્ધી વસ્તી'ને સ્થાને પૂરી વસ્તી!'

'તમને કુટુંબ-પરિવાર સાથે મહાલવાનો લહાવો મળશે.' મુખ્ય શિક્ષકે વિદાય સમારંભમાં ઉચ્ચારેલું વિધાન યાદ આવ્યું. એને બદલે સૌ પોતાને ઘેર એકલા મૂકીને ભાગી છૂટ્યાં હતાં. ઘરનો ખૂણેખૂણો ખાલીખમ હતો. હીંચકો સ્થિર હતો. સવિતાગૌરીને નિવૃત્ત પતિ સાથે હળવી ઠેસે હળુ-હળુ હીંચકે ઝૂલવાની કશી લાલસા નહોતી. એમણે તો સવારના પહોરમાં જ પતિને હડસેલો મારી સાઈડ ટ્રેક કરી પોતાની ગાડી ઓવરહેડ કરી દીધી હતી. પછી બાબલો, દીકરો, પુત્રવધૂ બધાં જ એક-એક કરતાં હડસેલો મારતાં મારતાં, દાદાજીને ખૂણે ધકેલી આગળ નીકળી ગયાં હતાં. એક હડસેલાની પૂરી કળ વળે તે પહેલાં બીજો, બીજાની કળ વળે તે પહેલાં જ ત્રીજો એમ એક પછી એક હડસેલાં ખાતાં-ખાતાં કોઈ અવાવરું, ભેંકાર સ્થળે પહોંચી ગયા હોય એમ દાદાની છાતીમાં એકાએક સણકો આવ્યો. ઘરમાં કોઈ કરતાં કોઈ હતું જ નહીં એટલે ફક્ત 'ઓ.ઓ.' કરી લાંબા હાથ કરી સોફામાં પછડાઈ પડ્યા.

પછી તો બધા ભેગા થઈ ગયા. 'નોકરીમાંથી નિવૃત્ત થવાની સાથે જ જીવનમાંથી પણ નિવૃત્ત થઈ ગયા.' આવું આવું શાળાના સહકર્મીઓ કહેવા લાગ્યા. 'શિક્ષણનો જીવ તે શિક્ષણ વગર એક દિવસ રહી શક્યો નહીં.' કૌશિકરાય જો બોલી શકે તેમ હોત તો જરૂર કહેત કે 'હું બેતાળીસ વરસથી ઘડાતા આવેલા કૌશિકરાયને શોધવા-પકડવામાં વ્યસ્ત હતો. પણ સંતાકૂકડીમાં મને પેલો (પહેલો) કૌશિકરાય ન જડ્યો તે ન જ જડ્યો.' પકડદાવ એળે ગયો હતો. પકડદાવના થાકે તેમને પટકી પાડ્યા હતા.

દાદાની સ્મશાનયાત્રા નીકળી ત્યારે કોઈ કરતાં કોઈને એ નહીં સમજાયું કે આજે ઘરમાં બધામાં છેલ્લા રહી ગયેલા કૌશિકરાયદાદા ઘરમાંથી સૌથી પહેલા કેમ ઊપડી ગયા?

❑❑❑



મ્યુઝિયમ ઓફ ઇનોસન્સ-૨

☐ વિશાલ ભાદાણી

એરપોર્ટ ચેકિંગ દરમિયાન કડવીમાએ જીગલાને કહ્યું, ''જો આ એક થેલીમાં પારેવાંની થોડીક જાર (જુવાર) અને કીડીયું હાટુ લોટ લીધો સે અને આમાં મારાં બે જોડી લૂગડાં સે.''

* * *

દુનિયામાં શાંતિનો સંદેશો ફેલાય એ માટે ઇસ્તંબૂલમાં 'મ્યુઝિયમ ઓફ ઇનોસન્સ' નામનું જે મ્યુઝિયમ બનેલું તેના માટે એ લોકોએ દુનિયાભરમાં જેને જે વસ્તુઓ સૌથી ઇનોસન્ટ - ભોળી - લાગે એ મોકલવા સંદેશા મોકલેલા. વાત સણોસરા ગામ સુધી પહોંચી એટલે અનેક સૂચનો પછી કડવીમાનું સૂચન સૌએ માન્યું અને વડલો મોકલવાનું નક્કી થયેલું.

વડલો શા માટે ભોળો કહેવાય અને વિશ્વશાંતિ માટે એ શું કરી શકે એના જવાબમાં કડવીમાએ કહેલું, ''પેલી વાત તો એ કે, ઈ ઊગ્યો સે; એની મેળે ઊગ્યો સે. ઈ વિદેશવાળાને એક પડીકામાં વડલાના ટેટા મોકલો અને એને લખીને કે'જો કે વડલો ઈ બંગલાના ફળિયામાં વાવે. ટેટા ખાઈને ન્યાનાં પંખીડાંનાં પેટમાં જે ટાઢું થાહે એના આશીર્વાદ ઠે....ઠ હણોહરા હુંધી લાંબા નો થાયને તો આ કડવી ડોશીનું જીવતર ધૂળ ગણવું. ઈ પંખીડાં ગામેગામ ભોળા વડલા પોગાડશે અને ક્યાંય કકળાટ નઈ રે.''

* * *

''જેની જેની ભોળી વસ્તુઓ મ્યુઝિયમવાળાને ગમી એમના માટે ઇસ્તંબૂલ સરકારે મ્યુઝિયમમાં એક કાર્યક્રમ રાખ્યો સે એટલે કડવી ડોશી વિદેશ જાય સે.'' વડલા નીચે બેઠેલા સરપંચે તે દિવસે સૌને જાણ કરતાં કહેલું, ''એટલે ઈવડા એણે બે ટિકિટું મોકલી સે. જીગલાના બાપા હાર્યે વાત થઈ ગઈ. એણે જીગલાને પર-માટી નઈ ખાવાના હમ દઈને વિદેશ જાવાની હા પાડી સે.''

''ઈ તો બોવ હારું...જીગલાનું અંગ્રેજી પાકું એટલે ડોશીને ન્યા વાંધો નો આવે.'' દુલાબાપાએ રાજીપો વ્યક્ત કર્યો.

''અને કાલ્યના છાપામાં કડવીમા અને જીગલાના ફોટા આવવાના સે એવું માસ્તરે કેવરાવ્યું સે.'' સરપંચે ઉમેર્યું.

ગણુંબાપા હસતાં હસતાં બોલ્યા, ''લ્યો કરો વાત, ખડે પંડ્યે ડોશીનો ફોટો સાપામાં આવશે..!''

એક બાજુ જીગલાએ જરૂરી પેપરવર્ક કર્યું અને બીજી બાજુ કડવીમાએ વડલે વીંટવા માટે સૂતર અને નાડાછડી, પક્ષીઓ માટે ચણ અને કીડીઓ માટે કીડીયારું વગેરે સાથે લીધાં. જતાં જતાં પાડોશીને કીધું, ''જો બાઈ, હું પાશી નો આવું ત્યાં લગણ આ બાંડી કૂતરીને રોજ રોટલો નાખજે અને ઈ મારી હેવાઈ થઈ ગઈ સે એટલે મારા ખાટલા હેઠે હુવાય આવશે એને તું કાઢતી નઈ, હો? એની બદલે હું તારે ન્યા બે દી દાડિયે આવીશ.''

''અરે બા...હું તમે પણ! તમતમારે નિરાંતે વિદેશ જાઓ, હું બાંડીનું બધું ધ્યાન રાખીશ.'' પાડોશીએ કડવીમાને કહેલું.

જીગલો અને કડવીમા તો ઊપડ્યાં મુંબઈ. જીગલો ફાટી આંખે એરપોર્ટ જોતો-જોતો કડવીમાનો હાથ પકડીને ચાલી રહ્યો હતો. એરપોર્ટની ઝાકમઝોળથી અભિભૂત થઈને બોલ્યો, ''બા, આમ જોવો તો ખરાં, આ લાઈટું, આ કાચની વંડીયું, આ મોટામોટા બલુમ...બધું કેવું રૂપાળું સે, કાં?''

''હા, બધુંય રૂપાળું સે 'ને લપસણુંય એટલું!'' કડવીમા સહજ રીતે બોલ્યાં.

જીગલો કડવીમાનું વાક્ય ઉકેલી શકે એટલો સભાન નહોતો. પ્લેનમાં બેસીને પણ જીગલો અડી અડીને બધું જોયા કરતો. કડવીમા પણ જોયા કરતાં; પણ એનો જીવ વસ્તુઓ કરતાં લોકોમાં વધારે હતો. આસપાસની સીટમાં બેઠેલા વિદેશીઓના ચહેરાઓ વાંચતાં વાંચતાં કોણ જાણે એ શું વિચારતાં હતાં. વચ્ચે એકાદ-બે ઝોલાં પણ ખાધાં પણ વધતી ઉંમરે ઓછી થતી ઊંઘને લીધે એમની આંખો સ્થિર અને ઊંડું-ઊંડું જોયા જ કરતી. જીગલાને પ્લેનમાં બેસવાનો પહેલો અનુભવ જાણે કે પોતાનામાં ભરી લેવો હોય એમ એ તો બારી બહાર જોયા કરતો અને હરખાતો. સાતેક કલાકની મુસાફરી બાદ ઇસ્તંબૂલ દેખાવા લાગ્યું.

ઇસ્તંબૂલ એરપોર્ટ જોઈને જીગલો વળી રોમાંચિત થઈ ગયેલો. એની આંખોની

ચમક બધું જ બોલી રહી હતી કે આ બધું એ એના ભાઈબંધોને કેવી રીતે કહેશે. કડવીમાનો કાળાં અને સફેદ ટપકાંવાળો રાતો સાડલો જોઈને એરપોર્ટ પર ઘણાને નવાઈ લાગેલી. ચેક-આઉટમાં જીગલાએ ચેકિંગવાળાને સમજાવેલું કે કડવીમાની થેલીમાં શું શું છે.

એમને લેવા આવેલા ભાઈ પાસે રહેલા નાનકડા પાટિયા પરનું લખાણ જોઈને જીગલો થોડું વધારે જ હસી પડેલો. કડવીમાએ પૂછ્યું, ''કેમ આટલો બધો ખખડે સે મારા રોયા?''

''આમ જોવો, પેલા ભાઈના હાથમાં જે બોર્ડ સેને એમાં તમારું નામ લખ્યું સે.''

''તે ઈ થોડો મને કળી હકે, એટલે મારું નામ લખાવીને લાવ્યો હોય. એમાં દાંત શેના કાઢે સે?''

બોર્ડ પર લખેલું 'મિસ કડવી' જીગલો કોઈ રીતે સમજાવી ન શક્યો અને મોઢું દાબીને હસ્યા કર્યો!

લેવા આવેલી કારમાં તેઓ હોટેલ પર ગયાં. પણ આખા રસ્તે જીગલો ઊંચી ઊંચી ઈમારતો જોઈને કડવીમાને કહેતો, ''ઓ..હો...બા, આ તો જોવો...ઓલી ગઈ એના કરતાંય ઊંચી સે.'' કડવીમા એક નજર નાખીને વળી રસ્તા પર ઊભેલા કે પસાર થતા લોકોને નિહાળ્યા કરતાં.

બીજે દિવસે સવારમાં નિયત સમયે જ વળી પેલી કાર લેવા આવી. જીગલાએ કડવીમાની જાર અને કીડીયારુંવાળી થેલી ઉપાડી અને બેઉ પહોંચ્યાં ઇસ્તંબૂલના જગવિખ્યાત 'મ્યુઝિયમ ઓફ ઇનોસન્સ' પર. કડવીમાની જેમ જે જે લોકોએ વિશ્વશાંતિ માટે ભોળી વસ્તુઓ મોકલેલી એવા અનેક લોકો આખી દુનિયામાંથી આવેલા.

મ્યુઝિયમના કમ્પાઉન્ડમાં જ નાનકડો વડલો જોઈને કડવીમા તો જાણે ઘણા સમય પછી ભાઈ ભાળ્યો હોય એવાં રાજી થયાં. આપોઆપ એનાથી એના હાથ જોડાઈ ગયાં અને આંખો બંધ થઈ ગઈ. એના ફફડતા હોઠ જોઈને જીગલાને લાગેલું કે કડવીમા કોઈ પ્રાર્થના કરતાં હશે. કડવીમાએ વડલા પરથી નજર દૂર કર્યા વગર જીગલાને કહ્યું, ''લાવ્ય, મારી થેલી.''

જીગલાએ થેલી આપી અને કડવીમાએ એમાંથી નાડાછડી અને સૂતર કાઢ્યાં અને થડ ફરતે વીંટ્યાં. પછી મુઠ્ઠી ભરીને જાર વડલા નીચે છુટ્ટી છુટ્ટી વેરવા લાગ્યાં અને જીગલાને કહ્યું, ''આ લે આ જાર, આમ ઓલીકોર ચણ નાખવા માંડ્ય.''

આ બધું કરી રહેલાં કડવીમાને ઘણા લોકોએ કેમેરામાં કેદ કર્યાં. એમાંથી એક-બે જણને જીગલાએ સમજાવ્યું કે ભારતમાં વડનું શું મહત્ત્વ છે અને આ વડલો કડવીમાએ અહીં વિશ્વશાંતિના પ્રતીક તરીકે મોકલેલો છે. જેણે પણ જાણ્યું એ સૌ એક-બીજાને આ વાત કહેવા લાગેલા.

થોડી જ વારમાં અલગ અલગ હોટેલ પર રોકાયેલા તમામ મહેમાનો આવી ગયા એટલે સૌને મ્યુઝિયમ જોવા માટે

બોલાવવામાં આવ્યા. કડવીમાએ કીડીયારું પૂરવા માટે થેલીમાં હાથ નાખ્યો પણ જીગલાએ ઉતાવળ કરાવી અને કડવીમાનું કીડીયારું બાકી રહી ગયું.

સૌ નાની-નાની ટુકડીઓમાં મ્યુઝિયમ જોઈ રહ્યા હતા અને દરેક ટુકડીમાં એક-એક ગાઈડ કયા દેશમાંથી શું આવ્યું છે એ સમજાવી રહ્યા હતા. કડવીમા એક-એક વસ્તુને ધ્યાનથી જોઈ રહ્યાં હતાં.

અફઘાનિસ્તાનની એક યુવાન માતાએ બનાવેલી સુંદર ઢીંગલી જોઈને સૌને નવાઈ લાગેલી, કેમ કે એ ઢીંગલીના હાથ એનાથી છુટ્ટા એની પાસે મૂકેલા હતા. ગાઈડે એ માતાને અને એની દીકરીને સૌને બતાવ્યાં અને કહ્યું કે રશિયાએ અફઘાનિસ્તાન પર જે બોમ્બ ફેંકેલા તેનાથી આ બે વર્ષની દીકરીના બંને હાથ જતા રહેલા! ''ઓહ!'' લગભગ સૌ એકસાથે બોલી ઊઠેલા. કડવીમા તેની નજીક ગયાં અને હાથ વગરની એ નાનકડી બાળાના માથે હાથ મૂક્યો ને પછી એની માતાનાં દુ:ખણાં લીધાં.

થોડા આગળ ચાલ્યાં ત્યાં એક જગ્યાએ કાચમાં એક-બીજા સાથે ગાંઠથી બાંધેલા ચાર મેલા હાથરૂમાલ રાખેલા જોયા.

''આ હું સે? ઓલ્યાને પુશ તો.'' કડવીમાએ જીગલાને ફરમાન કર્યું અને જીગલાએ ગાઈડને પૂછ્યું.

એટલે ગાઈડે સમજાવતાં કહ્યું, ''આ એવા સૈનિકોએ મોકલ્યા છે જેને કોઈ દુશ્મનને મારીને પસ્તાવો થયો હોય અને ચોધાર આંસુડે રડ્યા હોય. પોતે કરેલા કૃત્યના અપરાધભાવરૂપે એમણે આ આંસુ લૂછેલા રૂમાલ વર્ષો સુધી ધોયા વગર જ સાચવી રાખેલા અને પછી અહીંયાં મ્યુઝિયમને મોકલી આપેલા. આજે આપણી સાથે એમાંથી બે સૈનિકો અહીં હાજર છે.''

બીજી ટુકડીમાં ફરી રહેલા એ બંને સૈનિકોને જ્યારે ગાઈડે આંગળી ચીંધીને બતાવ્યા ત્યારે એમાંથી એકનું ધ્યાન એ ગાઈડ તરફ ગયું અને એ સમજી ગયો કે શું વાત થઈ રહી હતી. એટલે એનું મસ્તક આપોઆપ ઝૂકી ગયું. જીગલો કડવીમાને એ સૈનિક બતાવવા જતો હતો ત્યાં જ કડવીમાએ મોં ફેરવીને એને અટકાવીને કહ્યું, ''ઈ અધમૂવો તો સે જ, એની હામે આંગળી શીંધીને એને હું કામ વધારે બળતરા કરાવો સો?''

જેમ જેમ બધી વસ્તુઓ જોતા ગયા તેમ તેમ સૌના ચહેરા વધુ ગંભીર થતા ગયા. અને છેલ્લે સૌને મ્યુઝિયમના કેન્દ્રમાં રાખેલી મોટી હોડી પાસે એકઠા કરવામાં આવ્યા. હોડી પાસે રાખેલા બોર્ડ પર લખેલું હતું - Escape Boat. આ વખતે બધી જ ટુકડીઓ સાથે હતી અને એક મહિલા ગાઈડ સમજાવવા લાગ્યાં, ''આ હોડી વિયેટનામથી આવી છે. જ્યારે વિયેટનામને યુદ્ધનો દાવાનળ લાગેલો ત્યારે ૧૯૭૫થી ૧૯૯૫ સુધીમાં ત્યાંના ૮ લાખ લોકોને આવી અનેક હોડીઓમાં પોતાનું વતન છોડીને બીજા દેશમાં નાસી જવું

પડ્યું. આ હોડીએ અનેક લોકોના જીવ બચાવ્યા છે.''

આટલું કહીને એ બહેને લાંબો શ્વાસ લીધો અને ઉમેર્યું, ''આ એ જ હોડી છે જેમાં મેં પોતે પાંચ દિવસ કંઈ પણ ખાધા વગર કાઢ્યા છે અને લોકોને મધદરિયે ભૂખથી મરતા જોયા છે. મારા આખા કુટુંબને દરિયો ગળી ગયો, કેમ કે કેટલાય દેશોએ વિયેટનામથી આવી રહેલી હોડીઓને પોતાના દેશના કિનારે ઊતરવા જ ન દીધી. અમારું પણ એવું થાત પણ હું જુદી હોડીમાં હતી. છેલ્લે જ્યારે હોંગ કોંગના કિનારે અમને ઊતરવા દીધા ત્યારે અમારી આ હોડીને ચૂમીને અમે સૌ ખૂબ રડેલાં. આ હોડીમાં મને મારી માનો ખોળો દેખાય છે એટલે હું પણ મારી માની સાથે રહેવા આ મ્યુઝિયમમાં આવી છું.'' અને પોતાનાં આંસુ સંકેલીને બોલી, ''હું અને બહાર વાવેલો વડલો, અમે બે જ આ મ્યુઝિયમના જીવતા પીસ છીએ!''

થોડી વાર સુધી તો કોઈ કંઈ બોલ્યું નહીં. પછી એ બહેને જ સૌને કોન્ફરન્સ હોલમાં જવા કહ્યું અને પોતે સૌની આગળ ચાલ્યાં. જે કાર્યક્રમ માટે સૌને બોલાવેલા હતા એ મ્યુઝિયમના કોન્ફરન્સ હોલમાં યોજવામાં આવ્યો હતો. હોડીથી હોલ સુધીના રસ્તામાં જીગલાએ વિયેટનામ દેશની આખી વાત કડવીમાને કહી અને કડવીમાએ પોતાના સાડલાનો એક ખૂણો આંખની કોર સાથે દાબ્યો અને હતાશામાં માથું નકારમાં ધુણાવ્યું.

કડવીમાની ઉંમરને ધ્યાનમાં લઈને કોન્ફરન્સ હોલમાં પહેલી હરોળમાં એમના માટે ખુરશી ખાલી રાખવામાં આવેલી એટલે જીગલો અને કડવીમા ત્યાં બેઠાં. સ્ટેજની બરાબર વચ્ચે એક મોટી બંદૂક ઊભી રાખવામાં આવેલી. સૌએ પોતપોતાનું સ્થાન લીધું પછી મ્યુઝિયમના ડાયરેક્ટર, મિસ્ટર ઓર્હાન પામુક સ્ટેજ પર આવ્યા અને બંદૂક તરફ આંગળી ચીંધીને કહ્યું,

''આપણી દુનિયા આ બંદૂકની નળીમાંથી ઝેર ઓકે છે. તમે સૌએ આ મ્યુઝિયમ બનાવવા માટે જે વસ્તુઓ મોકલી છે એ માટે અમે તમારો ખૂબ આભાર માનીએ છીએ. યુદ્ધો, હિંસા અને યાતના બાદ આપણે એટલું તો સમજ્યા છીએ કે આ બંદૂકની નળી બંધ કરવી પડશે. નહીંતર શું થઈ શકે એનાં કેટલાંક ઉદાહરણો અહીં ઉપસ્થિત છે અને બાકીના લાખો લોકોને આ બંદૂક ભરખી ગઈ છે! તમે લોકોએ જે વસ્તુઓ મોકલી છે એના પરથી અમે એટલું તો સમજી ગયા છીએ કે આ સમસ્યા વિશે તમે જેટલું ઝીણું જોઈ શકો છો એટલું કદાચ બીજા લોકો નહીં જોઈ શકતા હોય. એટલે હવે તમને વિનંતી કરું છું કે તમે કહો કે આ બંદૂકને કેવી રીતે બંધ કરવી?''

જીગલાએ કડવીમાને મિ. પામુકની વાત સમજાવી પણ કડવીમા તો મિ. પામુકના બંદૂક તરફ ચીંધેલા હાથને જોઈને જ ઘણુંબધું સમજી ગયેલાં. કોન્ફરન્સ હોલમાં

વાયરલેસ માઈક ફરવા લાગ્યું. એક પછી એક સૌએ જેને જેવાં સૂઝ્યાં એવાં સૂચનો કર્યાં.

ઇરાકનાં એક બહેને સૂચવ્યું, ''આપણે દરેક દેશે પોતાનાં શસ્ત્રો અને તેને બનાવતાં કારખાનાંઓનો નાશ કરવો જોઈએ.''

જાપાનથી આવેલા એક ભાઈએ કહ્યું, ''આપણે બાળકોની કેળવણી પર કામ કરવું જોઈએ જેનું પરિણામ આપણને લાંબા ગાળે મળશે પણ એ કાયમી હશે.''

આમ સૌએ અનેક સૂચનો કર્યાં. જીગલાએ એક સારા દુભાષિયા તરીકે બધું જ કડવીમાના કાને ધર્યું. છેલ્લે એકાદું વાક્ય અડધું જ સાંભળીને કડવીમા ગુસ્સામાં ઊભાં થઈ ગયાં અને ચાલવા લાગ્યાં.

એક સ્વયંસેવકને થયું કે આ માજીને કંઈક કહેવું છે એટલે એ તેને માઈક આપવા આગળ ચાલ્યો. કડવીમાએ એને હાથથી જ પોતાને માઈક નથી જોઈતું એવો ઇશારો કર્યો. થોડી વાર અટકીને એ જીગલા પાસે આવ્યાં અને પોતાની થેલી, પાણીની બોટલ અને જીગલાના ખિસ્સામાંથી પેન લઈને વળી ચાલતાં થયાં. ધીમે ધીમે એ સ્ટેજ પર ચડવા લાગ્યાં એટલે મિ. પામુકે સામે ચાલીને એમને ટેકો કર્યો. આ જોઈને જીગલો પણ ઝડપભેર સ્ટેજ પર પહોંચ્યો.

ત્યાં હાજર સૌ આ ડોશીની ક્રિયા જોઈ રહેલા અને કેટલાક કેમેરા પણ એમના ફોટા પાડવા લાગ્યા. કડવીમા સ્ટેજ પર જઈને પલાંઠીવાળીને બેસી ગયાં. પછી પોતાની થેલીમાંથી કીડીયારુંનો લોટ બહાર કાઢ્યો અને પાણીની બોટલમાંથી એમાં થોડું પાણી નાખ્યું. કડવીમા જે રીતે લોટ બાંધી રહ્યાં હતાં એ જોઈને સૌને આશ્ચર્ય થયું. તેલ વગર જેવો લોટ બાંધી શકાય એવો એમણે બાંધ્યો અને પછી એનો મોટો પિંડ લઈને ઊભાં થયાં. સ્ટેજ પર રાખેલી બંદૂક હાથમાં લીધી અને ધીમે ધીમે એ પિંડના નાના-નાના લૂઆ બનાવીને બંદૂકની નળીમાં ભરવા લાગ્યાં. ધીમે ધીમે એમણે ત્રણ ફૂટ જેટલી લાંબી નળી આખી લોટથી ભરી દીધી અને જરૂર પડે લોટના લૂઆને પેનથી ધક્કો દઈને બરાબર લોટ ઠાંસી દીધો.

પછી મિ. પામુક પાસે આવીને કહ્યું, ''લે, કર ભડકો.''

જીગલો આ બધું જ માઈક પર લાઈવ અંગ્રેજીમાં બધાને કહી રહ્યો હતો.

''બોલ, હવે આ ફૂટે?'' કડવીમાએ મિ. પામુકને પૂછ્યું.

મિ. પામુકે જીગલાનો અનુવાદ સાંભળીને કહ્યું, ''ના.''

''કેમ? કેમ નો ફૂટે?'' કડવીમાએ પૂછ્યું અને પછી પોતે જ જવાબ આપવા લાગેલાં, ''ઠે....ઠ ગોળી મૂકવાની જગ્યા હુંધી એનો કોઠો ભરેલો સે એટલે ઈ નો ફૂટે! ખાલી પેટ ઊકળે અને ઈ ગમે ઈ કરે, હમઝ્યો? ગમ્મે ઈ કરે; ચોરીય કરે ને માથાંય વાઢે! ભરેલાં પેટ લગભગ ઠરેલાં રે, અને જ્યાં લગણ એની ગત્ય અવળી

નો હાલેને ન્યા લગણ ઈ ઉસાળા નો ભરે! એટલે પેલા તો આ ખાલી અન્નનળીયુંમાં કાંક ભરો એટલે તમારી અડધા ઉપર બંદૂકો નકામી ઠૂંઠાં થઈ જાહે.'' આટલું કહીને બંદૂક મિ. પામુકને આપીને કડવીમા ધીમે ધીમે સ્ટેજ પરથી નીચે ઊતરવા લાગ્યાં.

''પણ આ ભરેલાં પેટ બંદૂક ફોડે એનું શું?'' જીગલાના માધ્યમથી મિ. પામુક બોલ્યા.

કડવીમા ઊભાં રહ્યાં અને ધીમે ધીમે પાછાં વળ્યાં. મિ. પામુકની પાસે જઈને એના કડવા અંદાજમાં થોડું ખિજાઈને બોલ્યાં,

''એક વખત પેટ ભરાઈ જાય પશી માણહ સિવાય એકેય જનાવર ખોટા ઉસાળા નો ભરે, મારી બાંડી કૂતરીને રોટલો નીરો એટલે એ સાનીમાની ખાટલા હેઠ્ય હુઈ જાય. આ પેટ ભરેલા બંદૂક હું કામ ફોડે સે ઈ તને ખબર સે?''

કડવીમા મિ. પામુકની એકદમ નજીક ગયાં અને એનું બાવડું પકડ્યું અને કહ્યું, ''કેમ કે ઈને આપડે લેતાં જ શીખવાડ્યું સે દેતાં નહીં. લઈ લઈને એ પેટ ભરે, પેટ ભરાઈ જાય એટલે ઘર ભરે અને પશી ખેતર ને ગામને અને શેલ્લે તો એને આભય ટૂંકુ પડે પણ એના ઓરતા કોઈ દી પૂરા નો થાય. જેને દેતાં આવડેને એની ગત્ય જ બદલાય જાય એટલે એ કોઈનું કાંઈપણ લઈ નો લે, જીવ લેવાની વાત તો બોવ આઘી રે! તને કઉં? દેવાનું એટલે જીવ-જીવના ફેર વગર: ગામની બાંડી કૂતરીને રોટલો દેવાનો, પંખીડાંને ચણ અને ભલા માણહ, કીડી હુધીનાને કીડીયારું પણ દેવાનું. બાકી, આ કડવી ડોશી ગાંડી નથ્ય કે ઠેઠ ઈના ગામથી આંયા લગણ આ જાર ને લોટ લાવી સે! તમારો લોટ અને દાણા મને માગતાં નો આવડે? આવડે, પણ ઈ તો લીધું કે'વાય! જે લોટ કડવી ખાય એમાંથી જ ભાગ કાઢીને કીડીયુંને આપે એને જ આપ્યું કેવા'ય, બાકી બધું તો લપસણું.''

આટલું કહીને કડવીમા પોતાની થેલી લઈને સ્ટેજ પરથી જાતે જ ઊતરી અને હોલની બહાર નીકળી ગયાં.

જીગલાએ પોતાના અનુવાદનું છેલ્લું વાક્ય પૂરું કર્યું એટલે તરત જ કોન્ફરન્સ હોલમાં બેઠેલા સૌ તાળીઓના ગડગડાટ સાથે ઊભા થઈ ગયા. મિ. પામુકે જીગલાનો હાથ પકડીને કડવીમાને ચાર-પાંચ વખત ''થેંક યુ'' કહ્યું. જ્યારે સૌ કાર્યક્રમ પછી બહાર આવ્યા ત્યારે કડવીમા બાકી રહી ગયેલું કીડીયારું પૂરી રહ્યાં હતાં.

* * *

એ લોકોએ બંદૂકમાં કીડીયારુંનો લોટ ભરતાં કડવીમાનો મોટો ફોટો એક ફ્રેમમાં મઢીને મ્યુઝિયમમાં મૂક્યો છે જેની નીચે લખ્યું છે, 'મિસ કડવી એન્ડ સાઈલન્ટ ગન'! ક્યારેક ઇસ્તંબૂલ જાઓ તો એની સાથે એક સેલ્ફી લેજો, હોંને!

❑❑❑



આઇન્સ્ટાઇન અને મહાત્મા ગાંધી

ગાંધીજીઃ અખિલાઈનું અધ્યાત્મ

☐ સુભાષ ભટ્ટ

તન તરકટ, મન તીર છે.
તન મરકટ, મન મીર.
તન-મનને ફેંકી ફરે
તેનું નામ ફકીર.

- મકરન્દ દવે

ગાંધીજી નામક ફકીરની ફકીરાઈનો વિસ્તાર માપવાનું અને પામવાનું મારું ગજું અને ગુંજાશ નથી. સાત દાયકામાં પથરાયેલો તેનો ચેતોવિસ્તાર અને શતાબ્દીઓમાં વિસ્તરેલો તેનો ઉજાસ આંખો આંજી દે છે. નરી આંખોથી ન દેખાય. કદાચ, તેને અનુસરનારામાં તેનું પ્રતિબિંબ ઝીલી શકાય, તેનો પ્રતિધ્વનિ સાંભળી શકાય, તેનો પદરવ અને કલરવ અનુભવી શકાય, તેના હસ્તાક્ષર વાંચી શકાય, તેનો અણસાર પામી શકાય. બાકી ભારતમાં વૃક્ષો છે તેનાથી પણ વધારે તેમના વિશે બોલાયું અને લખાયું છે, કરોડો મન અને હૃદયના ગોખલેથી તેમને પામવામાં આવ્યા છે. દરેકે તેમને સ્વયંની પાત્રતા અને પાત્ર પ્રમાણે પામ્યા છે. સૌએ આચમની પીધી છે. એક એવો અવિરત યજ્ઞ જેમાંથી દરેકે પોતાની જ્યોત પ્રગટાવી છે. દરેક પાસે પોતાના એક ગાંધીજી છે. દરેકના હૃદયમાં એક ગાંધીજી ધબકે છે. અહીં આ મારા ગાંધીજી છે. તેઓ અનંત આયામી છે. એકાદ માણસના મન, બુદ્ધિ અને પાંચ-છ ઇન્દ્રિયો થકી તે પામી શકાય તેવા નથી.

*

એક વખત ગાંધીજીએ કોઈ કામ અંગે વિનોબાજીને પૂછ્યું તો વિનોબાજી બોલ્યા, મને નથી લાગતું કે આનું બહુ ઝાઝું પરિણામ આવશે. ત્યારે ગાંધીજી હસતાં-હસતાં કહે છે, 'જો વિનોબા! આ

યોગ્ય છે કે અયોગ્ય એટલું જ આપણે જોવાનું છે. બાકી, હું માનું છું કે આપણા કુલ કામનું પરિણામ 'મીંડું' છે, શૂન્ય છે!' અને આમ બોલીને તેમણે હવામાં પોતાના હાથે મીંડું દોરી બતાવ્યું.

વિનોબાજી લખે છે કે આ મીંડામાં જ ગાંધીજીની આધ્યાત્મિક બેઠક હતી. કદાચ આ શૂન્યમાં જ નિર્વાણ છે. આ અખિલાઈનું અધ્યાત્મ છે. જીવન અને કર્મ અવિભાજ્ય છે, અખંડ છે. ભારતીય સંસ્કૃતિ અને અધ્યાત્મનો અર્ક એટલો જ છે, સર્વમાં એક જ ચૈતન્ય છે, એક જ ધબકાર છે, એક જ આત્મા વિલસે છે. સ્વ અને સર્વ એ પર્યાયવાચી શબ્દો છે. સર્વ પ્રત્યેનો પ્રેમ અહિંસા છે. આમાં જિસસ પણ છે, તથાગત પણ છે. તેમનામાં સૃષ્ટિ અને જીવન તરફ એક અખંડ દૃષ્ટિ છે. આપણે વ્યાપક અને વિશાળ છીએ એવી આત્મિક દૃષ્ટિ થકી તેમણે બધે જ અને બધામાં ચૈતન્ય અનુભવ્યું. આ રીતે ઋત અને સત્ય સાથે જીવનભર જીવંત સંવાદ કર્યો. તેમની મૂલ્યો પ્રત્યેની આસ્તિકતા, માનવ પ્રત્યેની શ્રદ્ધા અને જીવન પ્રત્યેની આસ્થા અઢળક હતી. શ્રદ્ધામાં પુરાવા નથી છતાં સંભાવનાની પ્રતીતિ હોય છે. તેથી જ નિરાકારની સાધના તેમણે આકારોમાં કરી. તેમની આધ્યાત્મિક સાધનાનું ક્ષેત્ર સમગ્ર જીવન રહ્યું. અધ્યાત્મની ખરી અને અંતિમ કસોટી સામાજિક નિસ્બત છે. સર્જક, સેવક અને સાધકનો શિખર અનુભવ એટલે 'સ્વ'નો લોપ થવો. આ ત્રણેયનો પડકાર આવો કાંઈક હોય છે,

સાધકો શાસ્ત્રો અને સંપ્રદાયોમાં,
વિધિ-વિધાનો ફસાઈ જાય છે,
સેવકો કે કાર્યકરો સમિતિ, કાર્યક્રમો
અને ચળવળોમાં વેડફાઈ જાય છે,
સર્જકો અભિવ્યક્તિનાં માધ્યમોમાં
લલચાઈ જાય છે.

તેથી જ આ બધામાં આત્માનુશાસન અને આત્માનું અધિષ્ઠાન અનિવાર્ય છે. પણ હા, માનવ વિમુખતા અધ્યાત્મ નથી. જિસસ તો કહેતા કે જો તમારી પાસે એક જ દીવો હોય તો તમારા ઓરડાને બદલે તેને ઓટલે, આંગણે અને ચોકમાં લાવી મૂકો. ગાંધીજીની જ્યોત તો વિશ્વ કેન્દ્રમાં દોઢ સદીથી ઉજાસે છે.

*

''આધ્યાત્મિકતા તો બીજ છે. સામાજિક કર્મ તેમાંથી પ્રગટતું વૃક્ષ છે.''

- સુ શ્રી. વિમલા ઠકાર

વિચારો તો બીજ જેવા છે. જ્યાં વેરાય, વિખેરાય અને વહેંચાય ત્યાં ઊગી નીકળે. ગાંધીજીએ તો સ્વયંને ખેતર બનાવ્યું અને વિચારો જીવ્યા અને વિચારો ઉગાડ્યા. તેમનો દરેક વિચાર તેમણે જીવન-જળમાં ઝબોળ્યો, દરેક શબ્દ આચરણમાં, રાજનીતિને ધર્મમાં અને અધ્યાત્મને પળે-પળમાં. આ તપ થકી જ શબ્દ-વિચાર અધિકૃત બને છે, શાશ્વત બને છે. તેથી જ તેઓ કહી

શક્યા, 'મારું જીવન મારો સંદેશ છે.' તેથી જ તેમનો એક અવાજ અનંત પડઘાઓ બની સંભળાય છે. મને તો અંગત રીતે એમ લાગે છે કે;

તેમના પ્રગાઢ મૌનમાંથી તેમના
શબ્દો આવ્યા,
તેમના સત્ત્વશીલ એકાંતમાંથી તેમની
સમૂહના નેતૃત્વની ક્ષમતા આવી...
તેમનું સમાધાન, શબ્દો, શાસ્ત્રો, વિચારોમાંથી નહીં,
જિવાયેલા જીવનમાંથી આવે છે.

જ્યારે સત્યાગ્રહનાં આંદોલન ચાલી રહ્યાં હતાં ત્યારે કોઈકે તેમને સત્યાગ્રહનું શાસ્ત્ર રચી આપવા વિનંતી કરી તો ગાંધીજી કહે છે, 'એ તો હજી બની રહ્યું છે. શાસ્ત્ર રચવાનું કામ તો, વિનોબાનું છે. એ જ એને કરશે. આ વાત અદ્ભુત છે. તેમને મન સત્ય તો અવિરત-અથાક પ્રયોગ છે, કોઈ ફલશ્રુતિ કે ઇતિ સિદ્ધમ નથી. આ પ્રયોગનું તત્ત્વજ્ઞાન-મનોવિજ્ઞાન અનન્ય છે. પ્રયોગ તો ચાલ્યા કરે, નિરંતર. આપણે ગાંધીજીના પ્રયોગો ચાલ્યા જ કર્યા છે તેનાં દૃષ્ટાંતો હમણાં જ તપાસીએ. તે પૂર્વે આપણે તેમના કર્મને સમજીએ.

*

ગાંધીજીને એક વાર કોર્ટમાં પૂછવામાં આવેલું કે, 'તમારો ધંધો શો છે?' તેમણે જવાબ આપેલો, 'કાંતવાનો અને વણવાનો.'

અહીં તેમણે નામને બદલે ક્રિયાપદ પ્રયોજ્યું છે. તેમના અધ્યાત્મની પ્રતીતિ અને અભિવ્યક્તિ કર્મમાં છે. એવું કર્મ જેમાં કર્તા નથી. તેઓ સમગ્ર જીવન કશુંક મૂલ્યવાન કરતા રહ્યા છે પણ તેમાં અહંકારી કર્તા નથી. તેમનાં દરેક સેવાનાં - માનવ્ય - આદર્શોનાં - મૂલ્યોનાં કાર્યો પાછળ અકર્તૃત્વ છે. તેમના અકર્તૃત્વના ત્રણ માર્ગો છે, કર્મત્વ, નિમિત્તત્વ અને સાક્ષીત્વ. તેમને માટે દરેક કર્મ એટલે વર્તન શોધન, વૃત્તિ શોધન અને વિચાર શોધન. તેમની વ્યક્તિગત સાધનાનો કયાસ તેઓ સમાજ વચ્ચે રહીને કાઢતા. તેમની સાધનાની કસોટી તેમની નિઃસ્વાર્થ અને સત્ત્વશીલ સામાજિક નિસ્બત હતી. બહાર સેવા ચાલે અને અંદર સાધના ચાલે - સમાંતરે. તેમને મન સેવા અને સાધના યુગપદ હતી. આ ભૂમિકા માટે આત્મનિષ્ઠા અનિવાર્ય છે. અંતતઃ ચિત્તશુદ્ધિ માટેની કાર્યશાળા સમાજ તો છે. ગાંધીજીમાં અનન્ય તત્ત્વ આ હતું, સામાન્ય સેવક અને કાર્યકર કર્મ સમયે બહાર જુએ છે - સામેવાળાની આંખોમાં જુએ છે, જ્યારે સાધક કર્મની પળે સ્વયંની અંદર જુએ છે. વિચાર ચિત્તમાં હોય છે અને આચાર દેહમાં હોય છે એટલે તેમના આચાર-વિચારમાં ક્યારેક અંતર લાગે છે પણ અંતર-વિરોધ નથી. તેથી જ અમેરિકન ઉપપ્રમુખ અલ ગોર કહે છે, 'સત્યાગ્રહનું તત્ત્વજ્ઞાન એ સત્યની જ ઊર્જા છે.' તેમની નિર્દંભતા માટે જ

આઈન્સ્ટાઈન તેમને આવતી પેઢીના રોલ મોડેલ ગણે છે.

સંબોધિ પામેલ દલાઈ લામા એમ કહે છે, 'મારી જાગૃત અવસ્થામાં એક ક્ષણ માટે પણ, હું મારા લોકોનાં દુઃખ ભૂલી શકતો નથી. સમ્યક જ્ઞાનમાં કરુણા અનિવાર્ય છે. અને કરુણાથી છલકાતું હૃદય અને જીવન અધ્યાત્મ છે. આ બ્રહ્માંડ એક જ ચેતનનો વિસ્તાર છે અને ધબકાર છે તે અનુભૂતિનો પ્રથમ અનુભવ છે, અન્યની પીડા અનુભવાય. અને ગાંધીજીમાં તે અપાર છે. વિશ્વ ચેતનાનાં કાર્યો જોઈએ તો ખ્યાલ આવે કે તે બધાની સંવેદનશીલતા અહીં જ ક્યાંક છે; ભૂખ, ગરીબી, પ્રદૂષણ, શોષણ, અનીતિ, અન્યાય, અસત્ય, આતંકવાદ, અસમાનતા, યુદ્ધ, સ્વાતંત્ર્ય વગેરે. ગાંધીજીનાં સત્ય-પ્રેમ-અહિંસાનો આધાર તેમની આત્મનિષ્ઠ સંવેદનશીલતા, સમાજનિષ્ઠ આધ્યાત્મિકતા અને માનવીય નૈતિકતા છે. પરિણામે તેમની અહિંસા એક લુચ્ચી અને છેતરામણી વ્યૂહરચના કે પ્રયુક્તિ નથી બનતી.

*

''તમે મને ગાંધીજીના પ્રભાવ વિશે પૂછો છો? તમે કોઈને હિમાલયના પ્રભાવ વિશે પૂછો છો?''

- બર્નાર્ડ શો

જ્યારે કોઈ વ્યક્તિનો શબ્દ-વિચાર-અવાજ તેના જીવનમાંથી પ્રગટે છે ત્યારે તેનાં કથન-કૃત્ય-પગલાંમાં અધિકૃતતા આવે છે, વિશ્વસનીયતા આવે છે. તેને અંતરંગ એવી પ્રતીતિ હોય છે કે તે સાચો છે. આમાં અંતરાત્મા અને આત્મા બન્નેનું બળ હોય છે. અને પછી સૌ તેની પાછળ જોડાતા જાય છે. આવા જ અર્થોમાં ગાંધીજી એક અવાજ બન્યા, યુગનો, માનવીય સભ્યતાનો. છેલ્લાં દોઢસો વરસમાં ગાંધીજીનાં પ્રતિબિંબો, પ્રતિઘોષ, પડછાયાઓ અસંખ્ય પડ્યાં. તેના પગલે ચાલનાર પણ અસંખ્ય... તેમની આગળ અને પાછળ, સાથે અને સામે, નજીક અને દૂર ચાલનારાનો અભ્યાસ પણ અંતતઃ ગાંધીજીને પામવાની જ એક રીત છે. આપણે છૂટાંછવાયાં નામો ઉલ્લેખીએ. સ્વયં ગાંધીજીનું નોબેલ નોમિનેશન પાંચેક વખત થયું પણ તેમને ન મળ્યું. પણ તેમને આદર્શ ગણીને અનુસરનારાને મળ્યાં. જુઓ; બેટ્ટી સ્મિથ વિલિયમ્સ, અલ્વા મિડોલ, આંગ સાન સૂ કી, બરાક હુસેન ઓબામા, નેલ્સન મંડેલા, માર્ટિન લ્યુથર કિંગ (જુનિયર), આર્ક બિશપ ડેસમન્ડ ટુટુ, દલાઈ લામા, વાંગારી મુટા મથાઈ વગેરે.

વિસ્મય ત્યારે થાય છે કે વિરોધાભાસી જણાતા વિવિધ ક્ષેત્રના લોકોની પ્રેરણા ગાંધીજીમાંથી આવે છે. જુઓ; સ્ટીવ જોબ્સ કહે છે, ગાંધીજી જેવી વિદ્રોહી, ખલેલ પાડનારી અને દીવાની જણાતી વ્યક્તિ વિચારે છે કે

દુનિયા બદલી શકાય છે અને તેવા જ બદલી શકતા હોય છે. તો વિયેટનામના સામ્યવાદી વિદ્રોહી હો ચી મિન્હ કહે છે કે મારા જેવા અન્ય ક્રાંતિકારીની પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રેરણા ગાંધીજી જ છે. બીજા છેડે બિટલ્સ સંગીત મંડળીનો જોન લેન્નોન કહે છે કે મારા સંગીત પર ગાંધીજીનો પ્રભાવ છે. માર્શલ બી. રોઝનબર્ગ અહિંસક શબ્દકોશ બનાવે છે તો શ્રીલંકાના એ. ટી. એરિયરત્ને તો ગાંધીજી અને વિનોબાજીના પ્રભાવ નીચે ભૂદાન યાત્રામાં જોડાય છે અને શ્રીલંકામાં 'સર્વોદય શ્રમદાન મૂવમેન્ટ' આરંભે છે. મુબારક અવાદ તો પેલેસ્ટાઈનના ગાંધી જ ગણાય છે.

કોઈએ જ્યારે બરાક ઓબામાને પૂછ્યું, 'તમારે અત્યારે કોઈ જીવંત કે મૃત વ્યક્તિ સાથે ડિનર લેવાની પસંદગી હોય તો તમે કોને પસંદગી આપો?' તો બરાક ઓબામા કહે, 'ગાંધીજી. જે મારા ખરા નાયક છે.'

આ પ્રખર અને પ્રગાઢ ચુંબકત્વ શું છે તે મને ખબર નથી. કદાચ, તે શબ્દબદ્ધ કે વ્યાખ્યાબદ્ધ થઈ શકે તેમ નથી.

*

એક વિયેટનામી ઝેન બૌદ્ધ સાધુ છે. માત્ર 93 વરસના. તેમનું નામ તો છે થિક હાટ હાન્હ પણ તેના પ્રેમી તેમને થાય (ગુરુ) તરીકે ઓળખે છે. તેમણે મૌન અને ધ્યાનના ધર્મ તરીકે ઓળખાતા બૌદ્ધ ધર્મને આધુનિક ભાષ્ય આપ્યું છે. તે છે 'એન્ગેજ્ડ બુદ્ધિઝમ' અર્થાત્, સામાજિક નિસ્બત ધરાવતો ધર્મ. તેઓ નિરંતર અહિંસક સામાજિક કર્મમાં વ્યસ્ત રહે છે. અમેરિકન બોમ્બમારા દરમિયાન એક નગરને તેમની ટીમ દ્વારા ચાર વખત નિર્માણ કરાયું પણ હિંસા કે પ્રત્યાઘાતના ભાવ વિના. થાય કહે છે કે સાચો ચમત્કાર પાણી પર ચાલવામાં કે હવામાં ઊડવામાં નથી પણ એક સહજ-સ્વસ્થ માનવી બનીને પળે-પળે સમગ્રતાથી જીવવામાં છે. કદાચ, અહીં આપણને ગાંધીજીની આધ્યાત્મિકતાનો અણસાર આવે છે. તેઓ કાંતે કે વણે, લખે કે બકરી સાચવે તેઓ સમગ્ર હોય છે. બહાર પરિઘ પર અવિરત પ્રવૃત્ત અને અંદર કેન્દ્રમાં મૌનસ્થ, પ્રેમસ્થ, સ્વસ્થ, ધ્યાનસ્થ અને સમાધિસ્થ! તેઓ એક સ્થાને લખે છે, 'સાગરમાં રહેલું પાણીનું ટીપું એકદમ શાંત હોય છે, પરંતુ સાગર પ્રવૃત્ત હોય છે. આવું જ મનુષ્યમાં હોવું જોઈએ. જ્યારે આપણી સામે કર્તવ્યો આવી પડે ત્યારે આપણે પ્રવૃત્ત થઈએ, પરંતુ અંદર સતત શાંતિનો અનુભવ રહે તે જરૂરી છે.' અર્થાત્,

અહીં આ પળમાં જ શાશ્વતી,
અહીં આ સ્થળમાં જ આનંત્ય,
અહીં આ કૃત્યમાં જ સમગ્રતા!

આત્મશાંતિનો વિસ્તાર જ વિશ્વશાંતિ છે.

❑❑❑



યુદ્ધનો અવેજ - ગાંધી દર્શનમાં

☐ મનસુખ સલ્લા

ભારતમાં પણ, ભારત અને પાકિસ્તાનમાં પણ, ખ્રિસ્તી ધર્મ પાળતાં રાષ્ટ્રોમાં પણ, ઇસ્લામ ધર્મને અનુસરતાં રાષ્ટ્રોમાં પણ, ભગવાનમાં ન માનનાર રશિયા- ચીન જેવા દેશોમાં પણ, યુદ્ધની હયાતી એક યા બીજા સ્વરૂપે, નાના કે મોટા રૂપે સતત જોવા મળે છે.

એના ઉકેલરૂપે અનેક દેશો વિવિધ પ્રકારનાં શસ્ત્રઅસ્ત્ર શોધી-ખરીદી રહ્યાં છે. હવે તો અતિ ભયાનક અણુશસ્ત્રો ધરાવવાનું પણ ગુમાન લેવાય છે. આ ઘટના કેવળ સંપન્ન દેશોમાં જ ચાલે છે એમ નથી. એશિયા-આફ્રિકાના અનેક દેશો સુખ, સમૃદ્ધિ અને માનવીય ગુણવત્તાના વિકાસને બદલે લશ્કર અને તેનાં શસ્ત્રાસ્ત્રો પાછળ પોતાના બજેટનો ઘણો મોટો હિસ્સો ખર્ચી રહ્યા છે. આ જાણે રોજની ઘટના બની ગઈ છે. અને એ જ રાષ્ટ્રપ્રેમ, ગૌરવ અને બદલો લઈ શકવાની ક્ષમતા માનવામાં આવે છે.

આ સઘળું સર્જ્યા પછી, મેળવ્યા પછી એનું ગુમાન અને ગૌરવ અનુભવ્યા પછી શાંતિનો, સુખનો, સૌહાર્દનો, સમસંવેદનનો અનુભવ થાય છે ખરો? તો જવાબ 'ના'માં આવે છે. આ એવો અગ્નિ છે જે દરરોજ નવી નવી આહુતિ માગ્યા જ કરે છે- મનુષ્યના પ્રાણરૂપે, સંપત્તિના વિનાશરૂપે, હજારો કરોડ રૂપિયાનો ધુમાડો કરવારૂપે. અત્યારે સ્થિતિ તો એવી દેખાય છે કે જાણે આ સિવાય કશો વિકલ્પ નથી. વીસમી સદીમાં બબ્બે મહા વિશ્વયુદ્ધો અનુભવ્યા પછી માણસના આ પૃથ્વી ઉપરના અસ્તિત્વ વિશે જ પાયાના પ્રશ્નો જાગ્યા છે.

કેટલાક સુખી દેશો પોતાની ભૂમિ ઉપર યુદ્ધ ન ખેલાય, પણ અન્ય

દેશોમાં યુદ્ધ થાય એવી ગોઠવણ કરે છે. કેમ જાણે પૃથ્વી, એનું બદલાતું હવામાન, એનું જોખમાતું વાતાવરણ અને સૌથી વધારે તો અણુશસ્ત્રોનો દરરોજ થતો વધારો, એ પોતાને કાંઈ અસર નહીં કરે એવો ભ્રમ પાળવામાં આવે છે. પરંતુ સમજવું જોઈએ કે આ સઘળી કાર્યવાહી હવે કોઈ એક દેશ પૂરતી મર્યાદિત નહીં રહે. એક ઘટના આસપાસના અને દૂરના પ્રદેશોને પણ અસર કરશે જ. ચેર્નોબિલ એનું ભયાનક દૃષ્ટાંત છે. આગાહી તો એવી છે 2100 સુધીમાં પૃથ્વી ઉપરથી 400 જેટલા મહા ગ્લેશિયર (જેનું કદ 35-40 કિલોમીટર જેટલું મોટું હોય છે તે) ઓગળી ગયા હશે.

તો આનો અવેજ (substitute) કોઈ આપે છે ખરું? આ મૃત્યુનું પતંગનૃત્ય છે એમ પારખનાર મહાત્મા ગાંધી હતા. અનેક દેશો યુદ્ધોન્માદમાં ભૂલી ગયા છે કે આ રસ્તો મૃત્યુનો છે. આપણે તો મહાત્મા ગાંધીને ભૂલી ગયા હોઈએ એ રીતે આજે વર્તી રહ્યા છીએ, પરંતુ બીજી કઈ રીતે યુદ્ધનો અવેજ માનવજાતને મળે એમ છે ખરો?

ગાંધીજીનો માર્ગ આપણને કઠણ લાગે છે. અશક્ય આદર્શ જેવો લાગે છે. પરંતુ યુદ્ધને પરિણામે આપણને જે જીવન મળે છે તે આજ કરતાંયે આવતી કાલે વધુ દોજખભર્યું હોવાનું. આ હકીકતને માનવજાતે પારખવાની આજે અનિવાર્યતા છે. દુર્ભાગ્યે આજે વિશ્વનું નેતૃત્વ જેમના હાથમાં છે તેઓ યુદ્ધ માટે જાણે કે ઉતાવળા હોય તેવા છે. તેઓ હજુ વધુ ને વધુ મારક શસ્ત્રો વિકસાવવામાં, તેમણે પોતે જ 'ખમૈયા કરો'ના ભાવથી કરેલી સંધિઓ પણ તોડવા માટે (ટ્રમ્પ-પુટિન) ઉત્સુક જણાય છે.

માનવજાત એવા ક્રોસ રોડ ઉપર આવીને ઊભી રહી ગઈ છે કે હવે પસંદગી કર્યા વિના ચાલે તેમ નથી. આજ સુધી જગતે જે રીતે જીવવાનું ગોઠવ્યું એમાં પસ્તાયા, પછડાયા, ફાવ્યા, ફૂલણજી બન્યા એનાથી મૂળભૂત પ્રશ્નો ઉકેલાયા નથી. આપણાં અહંકાર, ઈર્ષા અને લોભમાં તો કશો ઘટાડો થયો નથી. યુદ્ધોને જન્માવનારા આ ત્રણ મુખ્ય ભાવ છે, એનો અનુભવ જગત આખાએ લઈ લીધો છે.

ગાંધીજીને આદર અપાય છે, પરંતુ તેમણે સૂચવેલી જીવનશૈલી સ્વીકાર્ય બનતી નથી. એટલે કેટલાક થીગડથાગડ પ્રયત્નો થાય છે, પરંતુ મૂળ સમસ્યા ઊકલતી નથી. ગાંધીજીએ સત્ય અને અહિંસાને જીવનના કેન્દ્રમાં સ્થાપ્યાં. આજ સુધીની માનવજાતની ગતિને જોઈએ, વિશ્વઆખાના ઇતિહાસને એક નજરમાં જોઈએ, તો સંવેદનશીલતા, ભાઈચારો, પ્રેમ અને ક્ષમા જીવનનાં ધારક બળો છે એમ સમજાય છે. આર્નોલ્ડ ટોયન્બીથી

લઈને આજ સુધીના ઇતિહાસકારોનું વિશ્વ ઇતિહાસનું તારણ તો એ જ છે, પરંતુ માનવજાત હજુ વિકાસના એ પગથિયે માંડ પહોંચી છે કે તેને યુદ્ધ, હિંસા, અસત્ય, શોષણ વગેરે વધુ સ્વીકાર્ય લાગે છે. આની સાથે જ જગત જે પદ્ધતિએ જીવી રહ્યું છે, જે પ્રકારે સાધન-સુવિધા-શસ્ત્રોને જ બળરૂપે જુએ છે તેની મર્યાદાઓ, વિકૃતિઓ અને અમાનવીયપણું સામે આવતાં જાય છે. એટલે જગતભરના સંવેદનશીલ કલાકારો, પ્રબુદ્ધ વિચારકો અને સૃષ્ટિસંતુલનશાસ્ત્રીઓ ખતરાની ઘંટી બજાવતા રહે છે કે આ રસ્તો જીવનની ગુણવત્તા તરફ નથી જતો, મોતની ભયાવહતા તરફ જાય છે.

એટલે અમુક-તમુક દેશની, કોઈ અમુક ઘટનાને આધારે આજ સુધીની માનવીય સમસ્યાને પામી-પારખી નહીં શકાય. અહિંસક માર્ગે સ્વતંત્ર થયેલું ભારત પણ ગાંધીજીને લગભગ ભૂલીને પસંદગીઓ કરી રહ્યું છે, વર્તી રહ્યું છે. એટલે હવે પસંદગીઓ બદલવાનો સમય આવી પહોંચ્યો છે. માણસજાતે ઉત્ક્રાંતિનું નવું અને ઊંચું પગલું ભરવાનો સમય પાકી ગયો છે. સૂત્રરૂપે એમ કહી શકાય કે 'સહજીવન યા સર્વનાશ'ની વચ્ચે પસંદગી કરવાની છે.

ગાંધીજીનું દર્શન પ્રકાશનો પંથ દર્શાવે છે, કારણ કે તેઓ એવી જીવનપદ્ધતિ દર્શાવે છે જેમાં હિંસા, અસત્ય અને શોષણનો અવેજ છે. આ વિકલ્પ કેવળ ભારત માટે જ નથી, સમગ્ર માનવજાત માટે છે. હવે પ્રશ્નો પ્રમાણમાં સહિયારા બન્યા છે, તો ઉપાયો પણ સહિયારા હોવા જોઈશે.

ગાંધીજીમાં યુદ્ધના વિકલ્પ જેવાં તત્ત્વો ક્યાં છે એ પારખીએ તો માનવીય ઉત્ક્રાંતિની નવી દિશા સ્પષ્ટ થાયઃ

(1) બજારવાદે પોષેલી - પ્રસારેલી માન્યતા 'વધુ ને વધુ પેદા કરો, વાપરો' હવે પૃથ્વી વધુ ખમી શકે એમ નથી. એટલે સ્વૈચ્છિક સંયમ અને વૈશ્વિક દૃષ્ટિ અનિવાર્ય બનશે. હું એક લોટો પાણી બગાડું છું તો કેવળ મારા સ્થાન, શહેર કે રાજ્યનું નહીં, પરંતુ પૃથ્વીનું એક લોટો પાણી બગાડું છું એ સમજવું આજની અનિવાર્યતા બન્યું છે. એ સ્થિતિમાં આપણે મુકાઈ ગયા છીએ. કવિ જોન ડને કહ્યું હતું કે 'આ પૃથ્વીના કોઈ પણ ખૂણેથી માટીનું એક ઢેફું સમુદ્રમાં ખરી પડે તો એની ખોટ આખી પૃથ્વીને છે.' એ ભાવ ગાંધીજીમાંથી સમજાશે. આ સમજવું અઘરું બને છે, કારણ કે આજે પ્રવાહ એથી ઊલટો છે, પરંતુ હવે વધારે તકો નથી એ પણ સ્પષ્ટ છે.

(2) બીજાની કાંધ પર બેસીને ખાવાની માણસની મનોવૃત્તિનું લિયો ટોલ્સ્ટોયે 'ત્યારે કરીશું શું?' પુસ્તકમાં વેધક વર્ણન કર્યું છે. આજનું જગત

એ તરફ દોડી રહ્યું છે. આ વૃત્તિ જ હિંસાની જનક છે. એટલે સોક્રેટિસે કહેલું કે, 'જાડાં લૂગડાં, સાદો ખોરાક અને સહજ મળતા આનંદથી વધારેની અપેક્ષા રાખો એટલે યુદ્ધ આવે જ.' આ કેવળ વસ્તુના ઉપભોગનો પ્રશ્ન નથી, માનવીય સંબંધોનો પ્રશ્ન છે. બીજાને ભોળવીને, છેતરીને, ગુલામ રાખીને, મજબૂર કરીને તેની મહેનતનાં ફળ કેવળ પોતાને જ મળે એ મનોવૃત્તિ યુદ્ધને જન્માવે છે. એટલે ગાંધીજીએ પરિશ્રમના જીવનને સાચું, યજ્ઞમય જીવન ગણાવ્યું. સ્વાવલંબન ઉપર ભાર મૂક્યો. આ કંઈ જીવનનું સુકવણું કરવાની પરપીડનવૃત્તિ નથી, પરંતુ આખી સૃષ્ટિનો સંદર્ભ સામે રાખીને જીવવાની સમજ છે.

(3) આત્મબળ એ જ ખરું બળ છે એ ગાંધીજીનું આપણને ઝટ ન સમજાતું દર્શન છે, કારણ કે આપણે આત્મબળને પારખવાની મથામણ કરી નથી. મહાન સંસ્કૃતિના વારસદાર હોવાની વાત કરવા સુધી જ આપણે આગળ વધ્યા છીએ. એટલે શરીર સાથે જોડાયેલાં સુખો અને બળો આગળ અટકી ગયા છીએ. સ્થૂળતા, સાંકડાપણું અને સ્વકેન્દ્રિતતામાંથી બહાર નીકળીએ તો જ આત્મબળનો અનુભવ થાય. ગાંધીજી આત્મબળનો અનુભવ કરી શક્યા હતા અને ભારતીય પ્રજાને તેમણે એ માર્ગે ચાલવા પ્રેરી હતી. ભારતના લાખો સાક્ષર અને નિરક્ષર એનો અનુભવ કરી શક્યા હતા. એટલે શરીરનાં કષ્ટો અને કારકિર્દી કે વસ્તુઓનો વિચ્છેદ સ્વેચ્છાએ સ્વીકારી શક્યા હતા. આ માર્ગે જો લાખો નિરક્ષરો-સામાન્યજનો ચાલી શક્યા તો એ સાચો, શક્ય અને કલ્યાણનો માર્ગ છે. આ માર્ગ માનવીય ઉત્થાનનું ઉચ્ચ પગલું છે. નવી સંસ્કૃતિનું સૂચક કિરણ છે.

પૃથ્વી ઉપરના તમામ જીવ કરતાં મનુષ્ય જુદો પડ્યો છે તે આત્મબળના અનુભવને કારણે. ભલે તમામ મનુષ્યો એ માટે જાગૃત નથી. પણ ઓછામાં ઓછાં દસ હજાર વર્ષના માનવજાતના ઇતિહાસમાંથી સૂચવાય છે કે આત્મબળ જ શ્રેષ્ઠ માર્ગ છે. માનવીની બંધન મુક્તિનો આ માર્ગ છે. અસ્તિત્વની પ્રકાશમયી અવસ્થાનો આ માર્ગ છે. ગાંધીજી અત્યારે ભુલાઈ ગયા હોય એમ પણ લાગે, પણ ભુલાશે નહીં. શસ્ત્રોની સંહારકતા, પર્યાવરણની દાહકતા, સાચી રીતે નહીં જીવવાની, કેવળ ટકી રહેવાની જદોજહદમાંથી માણસ આખરે પાછો વળશે ત્યારે તેને ગાંધી માર્ગની યથાર્થતા સમજાશે. એ અર્થમાં સમગ્ર ભારતીય પરંપરા અને તેનાં ઉત્તમ તત્ત્વોના શ્રેષ્ઠ પ્રતિનિધિ તરીકે ગાંધીજીને જોવાશે.

(4) મનુષ્યમાંથી અહંકાર, ઈર્ષા અને લોભ સંપૂર્ણપણે દૂર નહીં થાય ત્યાં સુધી પ્રશ્નોના ઉકેલના મુદ્દાઓ

રહેવાના જ. મનુષ્ય અવિદ્યાથી ઘેરાયેલો હોય ત્યારે આત્મબળ સિવાયના માર્ગો લેવાનું જ વિચારે, પરંતુ એ માર્ગની નિરર્થકતા સમજ્યા પછી માણસ ખોટા નિર્ણય (પગલાં, કાયદા)નો વિરોધ કરશે, પરંતુ એવા નિર્ણયો કરનાર વ્યક્તિનું / વ્યક્તિઓનું દૃષ્ટિપરિવર્તન થાય, હૃદયપરિવર્તન થાય એ માટે, જાતે સહન કરીને, કોઈ પ્રકારનો દુર્ભાવ રાખ્યા વિના, સતત મથામણ કરશે. આ માર્ગ ગાંધીજીનો છે. સત્ય અને અહિંસાનો છે.

વૈશ્વિક ભૂમિકા ઉપર આજે ભલે આ બધું અશક્ય લાગે. અણુશસ્ત્રો સામે આત્મબળ કેટલાકને વામણું લાગે, પરંતુ ગાંધીજી તો કહેવાના કે, 'અણુશસ્ત્રો બનાવવાનો અને ફેંકવાનો નિર્ણય કરનાર તો માણસ જ હોવાનો. હું એ માણસના હૃદય સુધી પહોંચીશ.'


આ માર્ગ કેવળ વ્યક્તિગત રીતે જ સફળ નથી, સમૂહ માટે પણ સફળ છે. અમેરિકામાં કાળા-ગોરાના ભેદભાવભર્યા કાયદા નાબૂદ કરવામાં (માર્ટિન લ્યુથર કિંગ) કે દક્ષિણ આફ્રિકામાં લોકશાહી સ્થાપવામાં (નેલ્સન મંડેલા) આ માર્ગનો પ્રયોગ થયો જ છે. પીડા, એકાંત, માર કે ગોળી કશુંયે તેમને ડગાવી શક્યું નથી.

એટલે કે અહિંસાનો માર્ગ હોઈ શકે એટલું તો જગતને દેખાઈ ગયું છે. ગાંધીજીનો આ માર્ગ સાચો છે એમ જગતને દેખાય છે, પરંતુ ભારનાં પોટલાં ઊંચકીને પહાડ ચડી શકાતો નથી, અને માનવજાત અહંકાર, ઈર્ષા, લોભનાં પોટલાં ઊંચકીને નવી ભૂમિકામાં પ્રવેશી શકશે નહીં.

વીસમી સદીના પૂર્વાર્ધમાં ગાંધીજી આ પારખી શક્યા હતા. અને દક્ષિણ આફ્રિકા તથા ભારતમાં એનો અમલ કરીને ગાંધીજીએ યુદ્ધનો અવેજ ચીંધી બતાવ્યો હતો. ઊંઘ ગાઢી હોય ત્યારે જાગવામાં મોડું થાય છે તેવી પણ આજના જગતની સ્થિતિ હોઈ શકે. પણ બદલાતા સંદર્ભો, વિશ્વપટની નાજુક સ્થિતિ ફરજ પાડી શકે કે ''રુક જાવ' તો એ નવાઈભર્યું નહીં હોય, કારણ કે માણસ કેવળ મરવા-મારવા માટે આ પૃથ્વી ઉપર આવ્યો નથી. તમામ માણસને શાંતિ, સૌહાર્દ, પ્રેમ અને શરીરથી ઉપર ઊઠીને પોતાના સાચા સ્વરૂપને પારખવાની જિજ્ઞાસા હોય છે, આતુરતા હોય છે. એ ગમે તેટલો બંધનગ્રસ્ત હોય તો પણ એની આંખ તો સૂર્યપ્રકાશ તરફ જ મંડાય છે.

આ સંદર્ભ સમજીએ તો પરખાય કે ગાંધીજી હતા વીસમી સદીમાં, પરંતુ તેમણે એકવીસમી કે બાવીસમી સદીમાં કેમ જીવવું, કેવું જીવન યથાર્થ અને માનવીય ગણાય એનું દર્શન કરાવ્યું છે. એટલે ગાંધીદર્શન કદી પુરાણું નહીં થાય, નિત્યનૂતન રહેશે.

❑❑❑



ગાંધીજી-કસ્તુરબા અને રવીન્દ્રનાથ ટાગોર, શાંતિનિકેતન, ફેબ્રુઆરી, 1940

ગાંધીજી અને સંગીત

☐ સરોજ પોપટ

'મારામાં સંગીત અને રમૂજવૃત્તિ ન હોત તો હું કામના બોજા હેઠળ ક્યારનો કચડાઈ ગયો હોત...' હાલ જેમની દોઢસોમી જયંતી ઊજવાઈ રહી છે એ રાષ્ટ્રપિતા ગાંધીજીના આ શબ્દો છે. બહુ ઓછા લોકોના ધ્યાનમાં આ વાત આવી છે કે, ગાંધીજીને ભારતીય સંગીતમાં ઊંડો રસ હતો. એમણે પોતે લંડનમાં સંગીત શીખવાના ગંભીર પ્રયાસો કર્યા હતા. પોતાની આત્મકથા મારા સત્યના પ્રયોગોમાં ખુદ ગાંધીજીએ લખ્યું છે, 'વિલાયતમાં હતો ત્યારે મને વાયોલિન શીખવાની ઉત્કટ ઇચ્છા જાગી હતી. ત્રણ પાઉન્ડ ખર્ચીને હું વાયોલિન ખરીદી લાવ્યો હતો. સંગીત શિક્ષકને ફી પણ ચૂકવી દીધી હતી. મારે સ્વરો અને તાલને સમજવા હતા. જો કે બહુ જલદી મારો મોહભંગ થયો હતો. મને સમજાયું હતું કે હું કંઈ કાયમ ઇંગ્લેંડમાં રહેવાનો નહોતો. સ્વદેશ પાછા ફરીને પણ સંગીત શીખી શકતો હતો. એટલે વાયોલિન શીખવાનો તંત છોડ્યો. મારા શિક્ષક પાસે જઈને વાયોલિન એમને આપ્યું. એમણે મને કહ્યું કે હું આ વાયોલિન વેચી આપવાનો પ્રયાસ

કરીશ.' આજથી સવાસો વરસ પહેલાંના ત્રણ પાઉન્ડ એટલે આજે ઘણી મોટી રકમ થઈ.

ગાંધીજીના જીવનકથાકાર પ્યારેલાલજીએ નોંધ્યું છે કે મોહનદાસ સાવ કુમળી વયના હતા ત્યારે પોતાનાં માતાપિતાને શ્રીમદ્ ભગવદ્ ગીતાના શ્લોક અને બીજાં ભજનો ગાતાં સાંભળ્યાં હતાં. એટલે ગાંધીજીના ચિત્ત પર સંગીતની અસર આ રીતે પડી હતી. કાયદાનો અભ્યાસ કરવા વિલાયત જતી વખતે સ્ટીમરમાં એમણે પિયાનો અને અન્ય અંગ્રેજી વાદ્યો પર પ્રસ્તુત કરાતું સંગીત પણ એકાગ્રતાથી સાંભળ્યું હતું. એમના મનમાં સંગીત શીખવા પ્રત્યે એક આકર્ષણ હતું. જો કે શીખી શક્યા નહીં. છતાં જ્યારે જ્યાં તક મળી ત્યાં સંગીત માણવા તૈયાર રહેતા અને માણતા રહ્યા. પ્યારેલાલજીએ જ અન્યત્ર નોંધ્યું છે કે 1925માં બંગાળના કેટલાક સિતારવાદકો ગાંધીજીને પોતાનું સંગીત સંભળાવવા આવ્યા હતા. તે દિવસે ગાંધીજીને મૌનવાર હતો એટલે કશું બોલ્યા નહીં, માત્ર સંગીત સાંભળ્યું. સિતારવાદનની સાથોસાથ પોતે ચરખો ચલાવતા રહ્યા હતા. એ પછી તેમણે એવી ટૂંકી નોંધ કરી હતી કે સંગીત સાંભળતાં સાંભળતાં જે સૂતર કાંત્યું એ અન્ય પ્રસંગોએ કાંતેલા સૂતર કરતાં વધુ સરસ હતું. એટલે કે સંગીતની પોઝિટિવ અસર પણ થાય છે એ હકીકત ગાંધીજી બહુ વહેલા સમજી ચૂક્યા હતા. કદાચ એટલે જ તેમણે કવિવર રવીન્દ્રનાથ ટાગોરને લખેલા એક પત્રમાં એવું સૂચન કર્યું હતું કે શાંતિનિકેતનમાં તમે ભારતીય અને પાશ્ચાત્ય સંગીતની સાથોસાથ બંગાળના પ્રાદેશિક લોકસંગીતનો પણ સમાવેશ કરો તો સારું એમ મને લાગે છે.

એ પહેલાં 1917માં ભરૂચમાં દ્વિતીય ગુજરાત શિક્ષક સંમેલનને સંબોધતાં બાપુએ કહ્યું, 'સંગીત આપણા જીવનમાં ખૂબ મહત્ત્વનું છે. હોડી ચલાવનારા નાવિક કે અતિશય ભારે વજનદાર સામાન ખસેડનારા શ્રમિકો ગાતાં ગાતાં પોતાનું કામ કરે છે. એનો અર્થ એ છે કે સંગીતમાં તમારા પરિશ્રમને ઘટાડવાની શક્તિ રહેલી છે. આપણે સૌએ રાષ્ટ્રીય ગીત પ્રેમથી ગાવું જોઈએ, પછી ભલે આપણા સૌની ધરપકડ થાય....'

અહીં ભારતીય સંગીતના ચમત્કાર જેવી ગાંધીજીએ જાતે અનુભવેલી એક ઘટનાનો ઉલ્લેખ જરૂરી જણાય છે. 1928-29માં લાહોરમાં રાવી નદીના કિનારે ગાધીજીની સભા હતી. કોઈએ ગાંધીજીને જાણ કરી હતી કે ભારતીય સંગીતના દંતકથા સમ ગાયક-શિક્ષક પંડિત વિષ્ણુ દિગંબર પળુસ્કર અત્યારે લાહોરમાં છે. ગાંધીજીએ પંડિત વિષ્ણુ દિગંબર પળુસ્કરને કહેવડાવ્યું



મહાત્મા ગાંધી, અંતિમ પ્રાર્થનાસભા, બિરલા હાઉસ, નવી દિલ્હી, 29 જાન્યુઆરી, 1948

કે તમે મારી સભામાં પધારો અને વંદે માતરમ ગાઓ. પંડિતજી આવ્યા ત્યારે સભામાં હજારો લોકો બેઠા હતા. એટલે ગાંધીજીએ પોતાની સમક્ષ રહેલું માઈક્રોફોન પંડિતજી તરફ ધકેલ્યું. પંડિતજીએ માઈક પાછું ગાંધીજી તરફ ધકેલ્યું. ગાંધીજીએ પ્રેમથી ધ્યાન ખેંચતાં કહ્યું, વીસથી પચીસ હજાર માણસો બેઠા છે. પંડિતજીએ હસતાં હસતાં કહ્યું કે અમને માઈક્રોફોન વગર ગાવાની પાક્કી તાલીમ મળી છે. વગર માઈકે બધાને મારો કંઠ સંભળાશે. અને ખરેખર માઈક વગર પંડિતજીએ ગાયેલું વંદે માતરમ સૌએ માણ્યું. બીજા દિવસનાં અખબારોમાં આ હકીકત પ્રગટ પણ થઈ.

ગાંધીજીના સમગ્ર જીવન પર નજર કરતાં ખ્યાલ આવશે કે તેઓ સતત ભારતીય સંગીતના ચાહક રહ્યા હતા. પોતાની આગવી ભજન- ગાયનશૈલી વિકસાવનારાં દક્ષિણ ભારતનાં અજોડ ગાયિકા એમ. એસ. શુભલક્ષ્મીને તેમણે સંદેશો મોકલ્યો હતો કે 'હરિ તુમ હરો જન કી ભીડ...' ભજન તમારા કંઠમાં રેકોર્ડ કરીને મને મોકલો. શુભલક્ષ્મીએ ગાંધીજીની ક્ષમા માગતાં કહેવડાવ્યું કે મેં આ ભજન અગાઉ કદી ગાયું નથી એટલે મારી પાસે નથી. ગાંધીજીએ નવેસર કહેવડાવ્યું કે ભજનના શબ્દો હું તમને મોકલું છું. મને તમારા કંઠમાં આ ભજન જોઈએ છે. શુભલક્ષ્મીએ એ ભજન સ્વરબદ્ધ કરાવીને પોતાના

કંઠમાં ગાઈને ગાંધીજીને મોકલ્યું. એ જ રીતે જગમશહૂર ભજન ગાયિકા જ્યુથિકા રૉયે ગાંધીજી સમક્ષ ભજનો ગાઈને શાબાશી મેળવી હતી.

સંગીતના પોતાના રસના કારણે જ ગાંધીજીએ પંડિત વિષ્ણુ દિગંબર પળુસ્કરના શિષ્ય પંડિત નારાયણ મોરેશ્વર ખરેને સાબરમતી આશ્રમમાં તેડાવ્યા હતા. પોતે પસંદ કરેલાં વિવિધ ધર્મનાં ભજનો શુદ્ધ રાગરાગિણીમાં સ્વરબદ્ધ કરવાનું સૂચન તેમણે પંડિત ખરેને કર્યું. ખરેજીએ એ બધું તૈયાર કર્યું ત્યારે ગાંધીજીએ પોતે દરેક ભજન સાંભળીને ઓકે કર્યું. ત્યારબાદ આશ્રમ ભજનાવલિ તરીકે એ ભજનો પુસ્તકરૂપે પ્રગટ થયાં. રોજ સવાર-સાંજની પ્રાર્થનામાં ગાંધીજી એમાંનાં કેટલાંક ભજનો ગવડાવતા. 1948ના જાન્યુઆરીની 30મીએ સાંજે તેમની હત્યા થઈ ત્યાં સુધી એમનો સંગીત પ્રેમ અખંડ રહ્યો હતો.

❑❑❑

ગાંધીજીએ આપણને નિર્ભય કર્યા. દેશની રાજકીય મુક્તિ એ એની પરિસમાપ્તિ ન હતી પણ આત્માની આ મુક્તિની એ તો કેવળ એક આડપેદાશ હતી. ભારતના સામાજિક વાયુમંડળમાં એમણે જે ફેરફારો સાધ્યા તે પણ ઘણા દૂરગામી હતા. આપણી સામાજિક પરંપરાઓની દીવાલે અને શૃંખલાની પરંપરાઓમાંથી ગાંધીજીએ આપણને મુક્ત કર્યા. સ્ત્રીઓ અને પુરુષોની, કહેવાતા હલકી વરણના અને ઊંચી વરણના લોકોની, શહેરી અને ગ્રામ વિસ્તારોની. સમાનતાનું એમનું ગૃહિત સત્ય એવું હતું કે ગાંધીવાદી ચળવળમાં આમસમુદાયો ખેંચાઈ આવ્યા. ભારતના લાંબા ઇતિહાસમાં પ્રત્યેક સુધારકે જ્ઞાતિની ચડઊતર શ્રેણી સામે અને સ્ત્રીઓની દુર્ગતિ સામે ઝુંબેશ ઉઠાવી છે. પણ આ ભેદભાવ તોડી પાડવામાં ગાંધીજી સફળ થયા છે તેટલે અંશે કોઈ થયું નથી. ભારતની સ્ત્રીઓ પર ગાંધીજીના ઉપકારનું ખાસ ઋણ છે. અને એવું જ જગજૂની અડચણો સહન કરનારાં બીજાં બધાં જૂથોનું છે.

મહાત્મા ગાંધીએ એક વાર લખ્યું હતું કે :

‘કોઈ એમ ન કહે કે હું ગાંધીનો અનુયાયી છું. હું એકલો જ મારો અનુયાયી બનું એટલું બસ છે. મારા પોતાનો પણ હું કેટલો નબળો અનુયાયી છું એ હું જાણું છું, કારણ હું મારી માન્યતાઓને અનુસરતું આચરણ કરી શકતો નથી.’

- ઇન્દિરા ગાંધી

નોંધ : સ્થળસંકોચને કારણે વિશેષાંકમાં કેટલીક શ્રેણીઓનો સમાવેશ થઈ શક્યો નથી. ક્ષમસ્વ.



માણસ છે ભાઈ, માણસ થઈને રહે

☐ હોમી દસ્તુર

કોઈ વાર ઊંઘમાંથી સફાળા જાગી જવાય છે. એક જ પ્રશ્ન ઉપર સવાર થઈ વિચારોની વણથંભી વણજાર ચાલતી જ રહે છે, ચાલતી જ રહે છે. અચાનક ઘડિયાળની ઘંટી વાગે ત્યારે ભાન પડે છે કે ઊઠવાનો સમય થઈ ગયો છે.

એ પ્રશ્ન છેઃ આપણને, માનવીઓને શું થઈ ગયું છે? આપણે આપણી માનવતા, આપણી ઇન્સાનિયત ક્યાં, ક્યારે ને કેવી રીતે ખોઈ દીધી છે? આપણે શું આપણા સ્વહિતના સંતાપમાં એટલા ખોવાઈ ગયા છીએ કે બીજાનાં દુઃખદર્દ, બીજાની વેદના આપણને સ્પર્શી પણ નથી શકતાં? આપણા ઘરની ફરતે ઘોર ઉદાસીનતાની આ તોતિંગ દીવાલ શા માટે આપણે ઊભી કરી છે?

આપણી જાતને આપણે દેશભક્ત કહેવડાવીએ છીએ. વખત વખત પર ભારતમાતાની જયના નારા લગાવીએ છીએ, પરંતુ એ વિચારી શકતા નથી કે પોતાનાં કરોડો બાળકોને યાતનામાં તરફડતાં જોઈ શું ભારતમાતા આપણા

જયનાદોથી ખુશ થશે? મા શું એ સમજી નથી શકતી કે દંભ અને દેખાડા ઉપર ઊભેલા આ નારાઓ ખોખલા છે, પોકળ છે?

પોતાના અંગત સ્વાર્થની સાધનાને દેશભક્તિમાં ખપાવતા આપણે એ સમજી નથી શકતા કે દેશ એ માત્ર ભૌગોલિક સીમાઓનો નથી બન્યો. એના પ્રાણ છે લોકો, પછી એ કોઈ પણ નાત, જાત, ધર્મ, રિવાજો, આર્થિક સ્તર, ભાષા વગેરેના હોય. એમાં જે ગરીબ છે, વંચિત ને ઉપેક્ષિત છે, અન્યાય-અત્યાચારનો ભોગ બનેલા છે તેઓ પ્રત્યે સહાનુભૂતિ તે દરકિનાર, એમની હાજરીની નોંધ પણ ન લેનાર આપણે દેશની ભક્તિ કરીએ છીએ કે દ્રોહ?

અને જ્યારે આપણે આપણી ચોકાની બહારના દેશવાસીઓ પ્રત્યે નફરત રાખીએ છીએ, ''તમે'' અને ''અમે''ની ભાવના સેવીએ છીએ, એમનું બૂરું ઇચ્છીએ છીએ, કહીએ છીએ ત્યારે આપણી દેશભક્તિ સડવા માંડે છે અને દેશદ્રોહ કરતાં પણ વધુ ભયાનક માનિસકતામાં આપણે ડૂબી જઈએ છીએ.

દેશ પ્રત્યેની વફાદારી તો સંપૂર્ણ છે. જ્યારે આપણે ધર્મ, જાતિ, સંસ્કૃતિ કે એવા પેટા-વિભાગો પ્રત્યે વફાદારી સેવીએ છીએ ત્યારે દેશ પ્રત્યેની આપણી વફાદારીના ભૂકા નીકળી જાય છે. દેશ સમગ્ર પ્રજાનો, સમગ્ર પ્રજાથી બનેલો છે. અંતિમ છેવાડેનો, સૌ છેલ્લો, એક નાગરિક પણ દેશના વર્તુળમાંથી બહાર ફેંકાઈ જાય છે ત્યારે દેશ, દેશ કહેવાને લાયક નથી રહી શકતો.

''તમે'' અને ''અમે''ની ભાવના જ્યારે એક રાજકીય કે ધાર્મિક વિચારધારામાંથી જન્મે છે ત્યારે એ પૂર્વગ્રહો, વેરઝેરની ભાવના અને દ્વેષ-ધિક્કારના નશામાં માનવીને હેવાન બનાવી દે છે. પછી આ વિચારધારા ભલે ગમે એટલી સત્તાશાળી હોય, એ દેશથી, રાષ્ટ્રથી ઉપર જઈ જ ન શકે. અને જ્યારે એ નથી જતી ત્યારે એને રાષ્ટ્રપ્રેમની ઉપર લઈ જવા હિંસા આચરવામાં આવે છે જેનું હિંસાચારમાં રૂપાંતર થાય છે. હત્યાનું હત્યાકાંડમાં રૂપાંતર થાય છે.

હિટલરનું જર્મની ને સ્ટાલિનનું રશિયા તો માત્ર આનાં બે ઐતિહાસિક ઉદાહરણો છે. એને પણ ચાલાક શબ્દોના, નારાઓના વાઘા પહેરાવાયેલા. જેમ આજે આપણા દેશમાં ''સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ'' જેવા શબ્દપ્રયોગો થઈ રહ્યા છે. કયા રાષ્ટ્રવાદની વાતો કરો છો, ભાઈ? જે મનુષ્ય મનુષ્ય વચ્ચે કાંટાની વાડો ઊભી કરે એ રાષ્ટ્રવાદ? ભાગલા પડાવે એ રાષ્ટ્રવાદ? હિંસાચાર આચરે એ રાષ્ટ્રવાદ? સબળો નબળાને રંજાડે એ રાષ્ટ્રવાદ? વિભાગોમાં વહેંચાયેલો દેશ સશક્ત કેવી રીતે બનવાનો? તો જે દેશને નબળો બનાવે છે એ

ગતિવિધિઓમાં જ્યારે આપણે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભાગ લઈએ છીએ ત્યારે કયા પ્રકારના રાષ્ટ્રવાદનું ઉદાહરણ આપણે પેશ કરીએ છીએ? કઈ ભારતમાતાનો જયઘોષ કરીએ છીએ?

અને જ્યારે સાંસ્કૃતિક રાષ્ટ્રવાદની વાતો થાય છે ત્યારે એમાં રહેલી સંસ્કૃતિ એ કઈ સંસ્કૃતિ છે? વેદ, ઉપનિષદ અને ગીતાની સંસ્કૃતિ? વસુધૈવ કુટુંબકમ્‌ની સંસ્કૃતિ? સર્વ ધર્મ સમભાવની સંસ્કૃતિ? કે પછી હળાહળ આક્રમક સ્વાર્થ-સાધનામાંથી ઉદ્‌ભવેલી સંસ્કૃતિ? સંકોચાઈ સંકોચાઈને નાના ગંદા-ગંધાતા વર્તુળમાં બેસી પડેલી સંસ્કૃતિ? કે કબીર, તુલસી, સૂર, મીરાં, જ્ઞાનેશ્વર, નરસિંહ, બસવેશ્વરથી લઈ ભગવાન રામકૃષ્ણ, રમણ મહર્ષિ ને શીરડીના સાંઈબાબા સુધીના આપણા સંતોના જીવન અને ઉપદેશે આપણને બક્ષેલી, સત્ય, માનવતા, પ્રેમ અને કરુણાથી સભર સંસ્કૃતિ? પરહિત સરિસ ધરમ નહીં ભાઈવાળી સંસ્કૃતિ કે પછી પરપીડા સમ નહીં અધમાઈ વાળી સંસ્કૃતિ? કઈ સંસ્કૃતિ તમને જોઈએ છે એ તમારે નક્કી કરવાનું છે.

એક દલિત યુવાન પોતાના પૈસે ખરીદેલા ઘોડા પર સવારી કરે છે. એની કરપીણ હત્યા કરવામાં આવે છે. શા માટે? કે સાલા..., અમારી સામે ઘોડા પર બેસે છે?! એક દલિત વરરાજાની જાન નીકળે છે. એ ઘોડા પર બેઠો છે. કહેવાતા ઊંચી જાતિના લોક જાનને મહોલ્લામાંથી પસાર થતી અટકાવે છે. બીજો રસ્તો પકડો. પણ બીજો રસ્તો જ નથી ભાઈ. એ અમે ન જાણીએ. બોલાચાલી હિંસક સ્વરૂપ ધારણ કરે છે. વરરાજાની હત્યા કરાય છે. એક દલિત યુવાન પોતાની મોટર-સાઈકલ પર કહેવાતા સવર્ણોની શેરીમાંથી પસાર થાય છે. ઊતર તારું ફટફટિયું ખેંચીને ઘસડી જા. પેલો માનતો નથી. એને એની મોટર-સાઈકલ સાથે જ જીવતો સળગાવી દેવાય છે.

ઉનાની ઘટના યાદ છે? ક્યાંથી હોય? આવી ઘટનાઓ તો બન્યા કરે. એ બધી અમે ક્યાં યાદ રાખવા જઈએ? મરેલા પ્રાણીની ખાલ ઉતારવાનો દલિતોનો જ્ઞાતિઆધારિત ધંધો છે. સમઢિયાળા ગામના છ દલિતોને પાડોશના બેડિયા ગામના લોકોએ સિંહે મારી નાખેલી ગાયને લઈ જવા કહ્યું. તેઓ ચામડી ઉતારતા હતા ત્યાં મારાઓ આવી પહોંચે છે. દલિતોને ગાડીમાં બેસાડી ઉના લાવે છે અને ત્યાં એમને નગ્ન કરી બેરહેમીથી ફટકારવામાં આવે છે. પોલીસથાણું નજીકમાં છે. પણ પોલીસ કશું કરતી નથી. અત્યાચારનો વિડિયો વાયરલ થાય છે. છતાં કોઈને સજા થઈ નથી.

કાશ્મીરમાં એક આતંકી હુમલામાં

માર્યા ગયેલા આઠ જવાનોમાંથી સાતના અંતિમસંસ્કાર મનભેર થાય છે. આઠમો શહીદ દલિત છે. એના શબને કોઈ બીજે ઠેકાણે લઈ જવાનો આદેશ અપાય છે. ઉત્તર પ્રદેશમાં સીતારામ વાલ્મીકિ જમીનદારના ખેતરમાં મજૂરી કરવાની ના પાડે છે. એને ઢોરમાર મારવામાં આવે છે. એના મોંમાં પેશાબ કરવામાં આવે છે. સરહાનપુરમાં કચરો નાખવા જતી સગર્ભા સ્ત્રી અનાયાસે ઠાકુરની કચરાની બાલદીને અડી જાય છે. એને ઠાકુરના છોકરાઓ લાતો મારે છે. મા અને બાળક બન્ને મરણ પામે છે.

છેલ્લાં પાંચ વર્ષમાં જ આદિવાસી અને દલિતો પર થયેલા જુલમોની સંખ્યા લાખોમાં છે. લાખોમાં એટલે શું? અને એ છેલ્લાં પાંચ વર્ષથી જ નથી થતા. સેંકડો વર્ષોથી થાય છે. તમારા દિલમાં સંવેદના હોય અને સીનો મજબૂત હોય તો માર્ટિન મેકવાન સંપાદિત ''ભેદભારત'' વાંચજો. માત્ર 2014થી 18 વચ્ચે દલિત-આદિવાસીઓ પર જે જુલમો-સિતમ થયા એનું વર્ણન એમાં છે. સખત મહેનત કરી સત્યને ઉજાગર કરવા માટે હું ભાઈ માર્ટિનનો આભાર માનું છું.

સત્ય સુધી પહોંચવા કડી મહેનત કરવી પડતી હોય છે. સત્યથી આંખ આડા કાન કરવા હોય તો જુદી વાત છે. ટ્રેનમાં એક મુસલમાન યુવકને ઘેરીને માર મારવામાં આવે છે. બોલ, ભારત માતા કી જય. પેલો બાપડો બોલે એ પહેલાં તો ચાલતી ટ્રેનમાંથી એને બહાર ફેંકી દેવામાં આવે છે. એવો સમય આવી ગયો હતો જ્યારે લગભગ રોજ ગરીબ નિર્દોષ મુસલમાન ભરવાડોને ''લિન્ચ' કરવામાં આવ્યા હતા.

આ અત્યાચારીઓ જે પાપ આચરે છે એવું જ ભયાનક પાપ તેઓ આચરે છે જેઓ આ ટ્રેજેડીઓની ઘટમાળ પ્રત્યે ઉદાસીનતા સેવે છે. એમના પેટનું પાણી હાલતું નથી. એમની સંવેદના મરી પરવારી છે. આવી ઘટનાઓની જાણકારી એમણે રાખવી જ નથી. શું વાત કરે છે યાર, આવું તે કાંઈ બનતું હશે એમ બોલી આપણે છટકી જઈએ છીએ. પણ અમુક ઘટનાઓ એવી હોય છે જ્યારે એ આપણા માથે ઠોકાય છે. અને એ વખતે આપણું ખરું પોત પ્રકાશે છે. એની મને જાણ નથી એવું તો આપણે કહી શકતા નથી.

દાખલા તરીકે કાશ્મીરની અત્યારની કટોકટી. એની પાછળના રાજકારણની કે ઐતિહાસિક પાર્શ્વભૂમિની વાત નથી કરવી. પણ કઈ દૃષ્ટિથી આ કરુણાંતિકા જોવાય છે એ જોવાનું છે. કલમ 370 વગેરે પર ચર્ચા થાય છે. એની શેરબજાર પર, આપણા રોકાણ પર માઠી અસર વિશે ચર્ચા થાય છે. ટીવી ચેનલોનો બકવાસ હદ વટાવી જાય છે. એક રાજ્યના મુખ્ય પ્રધાન તો

હવે તમે ગોરી કાશ્મીરી મહિલાઓને લાવી શકશો એવી બેશરમ વાત કરે છે. એક ભાઈ મને ફોન કરીને કહે છે કે આપણી સંસ્થાએ તાત્કાલિક કાશ્મીરમાં જમીન ખરીદી લેવી જોઈએ. જાણે આપણે દુશ્મનનો પ્રદેશ જીતી લીધો હોયને એવી માનસિકતા સેવાય છે. કાશ્મીર પર સ્કોલરલી ડિબેટ થાય છે. ઇતિહાસ ઉખેડાય છે.

પરંતુ કોઈ કટોકટીમાં માનવીય પાસાને જોતું નથી. 80 લાખ આપણાં ભાઈ-બહેન-બાળકોનું શું થઈ રહ્યું છે એ જાણવાની, એમની મુશ્કેલીઓ અને વેદનાને મહેસૂસ કરવાની જાણે કોઈને પડી નથી. સંચારવ્યવસ્થા ઠપ છે. બધા સંપર્કો તૂટી ગયા છે. મા દીકરાની ખબર નથી કાઢી શકતી. કાશ્મીરની બહારના કાશ્મીરીઓ પોતાનાં સગાં-વહાલાંઓનું શું થઈ રહ્યું છે એ જાણી શકતા નથી. કોઈનું મોત થાય છે તો અંતિમ-સંસ્કારની વ્યવસ્થા નથી કરી શકાતી. કોઈ માંદું પડે છે તો ડોક્ટરનો સંપર્ક કરી નથી શકાતો. સેંકડો લગ્ન-વિવાહ કેન્સલ કરવા પડ્યાં છે. દુકાનો બંધ છે. છૂટીછવાઈ શાળાઓ બે અઠવાડિયાં પછી ખૂલી, પણ કરફ્યુ જેવી સ્થિતિમાં બાળકોને શાળાએ કોણ મોકલે? આમ પણ બસો ચાલતી નથી, શિક્ષકો આવતા નથી. હોસ્પિટલોમાં કાગડા ઊડે છે. રોજના 300 ડાયાલિસિસ કરતી હોસ્પિટલમાં ત્રણ દર્દીઓ આવે છે. તો બાકીના 297નું શું થતું હશે એનો વિચાર સરખો આપણને આવતો નથી. ઘરમાં સીધું ખતમ થઈ ગયું છે. કાલે શું ખાઈશું?

આવી અનેકાનેક હાડમારીઓનો વરસાદ વરસી રહ્યો છે. રાજકારણને ગોળી મારો. 370મી કલમ સહી છે કે ગલત એ વાત છોડો. કાનૂન, બંધારણ, આંતરરાષ્ટ્રીય પ્રતિભાવ એ બધી બહસ રાજકર્તાઓ અને વિવેચકો પર છોડો. આ સમસ્યાનાં માનવીય પાસાં વિશે વિચારો. ચક્રવ્યૂહમાં સપડાયેલી આમજનતાનાં દુઃખદર્દ વિશે વિચારો. એમની વેદના ઝીલો. આપણા જેવા જ આ મનુષ્યો છે. આપણે કાંઈ કરી શકતા નથી. સાચું છે. પણ આપણી સંવેદનાની, માનવતાની વેવ-લેન્થ ઉપર એમની વેદના તો ઝીલી શકીએને? એમને માટે પ્રાર્થના તો કરી શકીએને? પોલિટિક્સ તેલ લેવા જાય.

એટલે જ કહું છું ભાઈ મારા, કે તારી આ ઉદાસીનતા તારા મનુષ્યત્વને, તારા ચારિત્ર્યને એકદમ નીચી સપાટીએ ફેંકી દે છે એ સત્ય સમજ. ઇન્સાન છે, તારી ઇન્સાનિયતને જગાડ, તારી માનવતામાં પ્રાણ ફૂંક. બીજાની વેદનાને ઝીલી શકતી તારી સુકાઈ રહેલી સંવેદનામાં પ્રેમનું પાણી સીંચ. માણસ છે ભાઈ, માણસ થઈને રહે.

❑❑❑

વાલ્મીકિ રામાયણ

ઉત્તરકાંડ, સર્ગ - ૧૦૬

[૩૨૧]



अनिःश्वसन्तं युक्तं तं सशक्राः साप्सरोगणाः।
देवाः सर्षिगणाः सर्वे पुष्पैरभ्यकिरंस्तदा ।।१६।।

રૂંધાયેલા શ્વાસવાળા તે લક્ષ્મણને યોગસમાધિમાં સ્થિર (યુક્ત) થયેલો જોઈને ઇન્દ્ર, અપ્સરાઓ, સૌ દેવો અને ઋષિઓના સમુદાયોએ તેની (લક્ષ્મણની) ઉપર પુષ્પવૃષ્ટિ કરી.

अदृश्यं सर्वमनुजैः सशरीरं महाबलम् ।
प्रगृह्य लक्ष्मणं शक्रस्त्रिदिवं संविवेश ह ।।१७।।

સૌ મનુષ્યોને ન દેખાય એવી રીતે ત્યાં આવીને ઇન્દ્ર મહાબળશાળી લક્ષ્મણને સદેહે જ પોતાની સાથે સ્વર્ગે લઈ ગયા.

इतो विष्णोश्चतुर्भागमागतं सुरसत्तमाः ।
हृष्टाः प्रमुदिताः सर्वे पूजयन्ति स्म राघवम् ।।१८।।

હવે વિષ્ણુનો ચતુર્થાંશ (લક્ષ્મણ) અહીં (સ્વર્ગમાં) પાછો આવ્યો છે તે જાણીને પ્રસન્ન અને આનંદિત થયેલા સૌ દેવો લક્ષ્મણનું સ્વાગતાર્ચન-પૂજન કરવા લાગ્યા.

(સર્ગ ૧૦૭)

विसृज्य लक्ष्मणं रामो दुःखशोकसमन्वितः ।
पुरोधसो मन्त्रिणश्च नैगमांश्चेदमब्रवीत् ।।१।।

લક્ષ્મણનો ત્યાગ કરવાથી દુઃખ અને શોકથી ખિન્ન થયેલા રામચંદ્રે પોતાના પુરોહિતો, મંત્રીઓ અને નાગરિકોને કહ્યું.

अद्य राज्येऽभिषेक्ष्यामि भरतं धर्मवत्सलम् ।
अयोध्यायाः पतिं वीरं ततो यास्याम्यहं वनम् ।।४।।

આજે હું પરાક્રમી અને ધર્મપરાયણ એવા ભરતનો અયોધ્યાના સ્વામી (રાજા) તરીકે રાજ્યાભિષેક કરીશ અને પછી હું વનમાં જતો રહીશ.

प्रवेशयत संभारान् मा भूत्कालात्ययो यथा ।
अद्यैवाहं गमिष्यामि लक्ष्मणेन गतां गतिम् ।।३।।

માટે (રાજ્યાભિષેક માટેની) સઘળી સામગ્રી લઈ આવો. જરાય સમય વેડફાય નહીં તે જોજો. હું આજે જ લક્ષ્મણને જે ગતિ પ્રાપ્ત થઈ છે તે જ ગતિને અનુસરવા માગું છું.

तच्छ्रुत्वा राघवेणोक्तं सर्वाः प्रकृतयो भृशम् ।
मूर्धभिः प्रणता भूमौ गतसत्त्वा इवाभवन् ।।४।।

રામચંદ્રનું તે કથન સાંભળીને સૌ નાગરિકો પોતાનાં મસ્તક ભૂમિ પર નમાવીને પ્રણામ કરવા લાગ્યા અને જાણે કે સૌ નિશ્ચેતન થઈ ગયા.

भरतश्च विसंज्ञोऽभूच्छ्रुत्वा राघवभाषितम् ।
राज्यं विगर्हयामास वचनं चेदमब्रवीत् ।।૫।।

રામચંદ્રનું કથન સાંભળીને ભરતે જાણે હોશ ગુમાવી દીધા હોય એમ તે રાજ્યની અતિશય નિંદા કરવા લાગ્યો અને બોલ્યો.

सत्येनाहं शपे राजन् स्वर्गभोगेन चैव हि ।
न कामये यथा राज्यं त्वां विना रघुनन्दन ।।૬।।

હે રાજા (રામચંદ્ર)! હે રઘુનંદન (રામચંદ્ર)! હું સત્યના અને સ્વર્ગ-ભોગના સોગન ખાઈને કહું છું કે મારે તમારા વિના આ રાજ્ય જોઈતું નથી.

इमौ कुशीलवौ राजन्नभिषिच्य नराधिप ।
कोशलेषु कुशं वीरमुत्तरेषु तथा लवम् ।।૭।।

હે રાજા! હે પ્રજાનાથ (રામચંદ્ર)! તમે આ લવ અને કુશનો રાજ્યાભિષેક કરો. રાજ્ય (દક્ષિણ) કોશલ રાજ્યમાં કુશનો અને ઉત્તર કોશલ રાજ્યમાં લવનો રાજ્યાભિષેક કરાવો.

शत्रुघ्नस्य च गच्छन्तु दूतास्त्वरितविक्रमाः ।
इदं गमनमस्माकं शीघ्रमाख्यातु मा चिरम् ।।૮।।

શત્રુઘ્નને અહીં બોલાવવા માટે ત્વરિત ગતિવાળા દૂતોને રવાના કરવામાં આવે. કોઈ દૂત જઈને તેને આપણા ગમન વિશે જાણ કરે. આ કાર્યમાં વિલંબ કરશો નહીં.

तच्छ्रुत्वा भरतेनोक्तं दृष्ट्वा चापि ह्यधोमुखान् ।
पौरान् दुःखेन सन्तप्तान् वसिष्ठो वाक्यमब्रवीत् ।।૯।।

ભરતનું કહેવું સાંભળીને અને નીચું મુખ કરીને બેઠેલા દુઃખસંતપ્ત નાગરિકોને જોઈને વસિષ્ઠ મુનિએ કહ્યું.

वत्स राम इमाः पश्य धरणीं प्रकृतीर्गताः ।
ज्ञात्वैषामीप्सितं कार्यं मा चैषां विप्रियं कृथाः ।।१०।।

હે પ્રિય રામ! આ ભૂમિ પર પડેલા પ્રકૃતિ-મંડળ (રાજ-કારભારના સાત અંગરૂપ મુખ્ય અધિકારીઓ) પર નજર નાખ. તેમની ઇચ્છા જાણીને તે પ્રમાણે કાર્ય કર, તેમને અપ્રિય એવું કશું કરીશ નહીં.

वसिष्ठस्य तु वाक्येन उत्थाप्य प्रकृतीजनम् ।
किं करोमीति काकुत्स्थः सर्वान् वचनमब्रवीत् ।।११।।

વસિષ્ઠ મુનિના વચનને અનુસરીને રામચંદ્રે પ્રકૃતિ-મંડળના સૌ સભ્યોને ઊભા કર્યા અને 'હવે મારે શું કરવું?' એમ સૌને પૂછ્યું.

ततः सर्वाः प्रकृतयो रामं वचनमब्रुवन् ।
गच्छन्तमनुगच्छामो यत्र राम गमिष्यसि ।।१२।।

ત્યારે પ્રકૃતિ-મંડળના સૌ સભાસદોએ રામને કહ્યુંઃ- 'હે રામ! અમે તો તમે જ્યાં જશો ત્યાં તમારું અનુગમન કરીશું.'

पौरेषु यदि ते प्रीतिर्यदि स्नेहो ह्यनुत्तमः।
सपुत्रदाराः काकुत्स्थ समं गच्छाम सत्पथम् ।।१३।।

હે રામચંદ્ર! જો તમને અમારા ઉપર અર્થાત્ સૌ નાગરિકો પર હેત અને અનુપમ સ્નેહ હોય તો, અમે સૌ, પત્ની-સંતાન સાથે, તમારી સાથે ઉત્તમ માર્ગે ચાલવા તૈયાર છીએ.



[પૃ. 18થી ચાલુ]

પાર્લામેન્ટ સ્ક્વેરમાં તો એટલું પણ નથી થતું. ત્યાં ગાંધીની સામે ચર્ચિલ ઊભા છે અને બંને એકબીજાને જોઈ રહ્યા છે. પણ આ પૂતળાથી કોઈ લોકોને ગાંધીના વિચારો વિશે વધારે જાણવાનું મન થયું એવું બને છે? ના, એવું કશું જ થતું નથી. એટલે આપણો આ પૂતળાવાદ છે એનાથી ખરેખર તો તિરસ્કાર થાય. શું એ પૈસા બીજે ન વાપરી શકાયા હોત? તમારા પ્રશ્નનો જવાબ હું થોડો લાગણીથી આપી રહ્યો છું, કારણ કે એમાં હું ઇન્વોલ્વ્ડ હતો અને એ વખતે પણ મેં એની ટીકા કરી હતી.

બીજો સવાલ જે તમે પૂછ્યો- ગાંધીજી પ્રત્યે અહીંનું વલણ. એ લોકોને ગાંધીજી પ્રત્યે જે ભાવ હોવો જોઈએ, એ લોકો ગાંધીજીને એક મોરલ લીડર અથવા સ્પિરિચ્યુઅલ લીડર તરીકે નથી માનતા. એ લોકો ગાંધીજીને એમની પાસેથી ભારત લઈ લેનાર રાજકીય નેતા તરીકે જુએ છે. ગાંધીજીના વિચારોમાં અહીં બહુ રસ નથી.

પ્ર.: ગાંધી આજે જીવતા હોત તો આ હિંસા, ધાર્મિક ઝનૂન અને આતંકવાદના માહોલને જોઈને એ શું કહેત એ મુદ્દો અવારનવાર ચર્ચાય છે. આપે એવી એક કલ્પનાનું આલેખન કર્યું અને ગાંધીજી અને ઓસામા બિન લાદેન વચ્ચે વાર્તાલાપ રચ્યો. આ આલેખનની ભૂમિકા અને એમાંથી શું સિદ્ધ થયું એની વાત કરશો?

ઉ.: મને એમ થયું કે ગાંધીજી અત્યારે જીવતા હોત તો એમને બે-ત્રણ વસ્તુ ખૂબ ખૂંચી હોત. જે રીતે ખુલ્લી હિંસા થાય છે, યુદ્ધો થાય છે, માણસની કોઈ ગણતરી નથી, આ રીતે માનવજીવનની અવગણના કરીને એનો જે નાશ કરવામાં આવે છે એનાથી એમને ખૂબ દુઃખ થયું હોત. તે વખતે મારા મનમાં સવાલ થયો કે એમના અહિંસાના માર્ગે ચાલવા એ કેટલા માણસોને સમજાવી શકશે? એમાંથી આ વાર્તાલાપ ઊભો થયો. અને જો એ બંનેમાંથી એકને- બિન લાદેનને અથવા ગાંધીને નબળા બનાવ્યા હોય તો એ વાર્તાલાપ એકતરફી બને અને એનો કોઈ અર્થ ન સરે. એટલે મેં એ બંનેને શક્ય એટલા બળિયા બનાવ્યા અને પછી એ બંને વચ્ચે વાર્તાલાપ કર્યો. એ વાર્તાલાપની ચર્ચા રાજકીય તત્ત્વજ્ઞાનીઓમાં ખૂબ થઈ, અને એવું પણ કહેવાયું કે આમાં બિન લાદેનને સમજવાનો પ્રયત્ન છે, એને તમે પશુની માફક મારી ન શકો અને મારશો તો બીજા બિન લાદેન ઊભા થશે. એ વાર્તાલાપમાં બિન લાદેન ત્રણ જાતની દલીલો કરે છે. એ પૈકી એક-બે દલીલો એવી છે જેનો ગાંધીજી જડબાતોડ જવાબ આપી શકે છે. બીજી એક-બે દલીલો છે જેનો જવાબ ગાંધીજી ન

આપી શકે. દાખલા તરીકે ગાંધીજી એમ કહે છે કે મારી અહિંસાનું મૂળ એટલું ઊંડું છે કે સામા માણસનું પાપ હું મારા માથા પર વહોરી લઉં. એની સામે બિન લાદેન કહે કે તમારે કરવું હોય તો કરો પણ મારે શું કામ આવું કરવું જોઈએ? હું ન્યાયમાં માનનારો છું, દયામાં હું નથી માનતો. એટલે મને કોઈ મારે તો મારે એને મારવો જોઈએ, એ ન્યાય છે. એટલે બિન લાદેન ન્યાયની તરફેણ કરે છે, જ્યારે ગાંધીજી ન્યાયથી આગળ જઈને નૈતિકતાની વાત કરે છે. બીજું, ગાંધીજી એવું માને છે કે અહિંસા હંમેશાં સફળ થાય જ અને એનાથી સામા માણસનું હૃદયપરિવર્તન થવાનું જ. આની સામે પણ બિન લાદેનને વાંધો છે અને ગાંધી પાસે એનો જવાબ નથી. એટલે આખરે એ વાર્તાલાપનો નિષ્કર્ષ એ હતો કે આ બંને વચ્ચે સમાધાન ન થઈ શકે, કારણ કે બંને દુનિયાને અલગ અલગ દૃષ્ટિથી જુએ છે.

પ્ર. : આપ આપના આટલા લાંબા રાજકીય જીવનમાં અને શિક્ષણ કારકિર્દીમાં ગાંધી પાસેથી શું મેળવતા આવ્યા છો?

ઉ.: તમે બહુ મોટો સવાલ પૂછ્યો, અને એ બહુ મોટો માણસ છે. એની પાસેથી તો આપણે ઘણું લેવાનું છે. પણ એમની ત્રણ વસ્તુઓ મને ખૂબ ગમે છે. અને અવારનવાર મારા જીવનમાં હું એમની તરફ વંદન કરીને મનની નજરે હું જોઉં છું. અને હું ગૌરવ લઉં છું કે હું એ દેશની વ્યક્તિ છું જ્યાં ગાંધીજી જન્મ્યા. પહેલું તો એ માણસની વિનમ્રતા. આપણે ત્યાં કયા નેતાએ આજ સુધીમાં ભૂલ કબૂલ કરી છે? ગાંધીજી જેવો મોટો માણસ જેને લોકો ભગવાન સમજીને એમને પગે પડે, એ પોતાની જાતને એવી રીતે નથી જોતા. એ પોતાની ભૂલોને જાહેરમાં કબૂલ કરે છે અને એવું નથી માનતા કે એને કારણે એમનું મહત્ત્વ ઓછું થાય. એ જેમજેમ પોતાની ભૂલ કબૂલ કરે છે તેમતેમ પ્રજાનો એમના પ્રત્યેનો આદર વધે છે. એટલે એમની વિનમ્રતા મને ગમે છે અને હું એને મારા જીવનમાં લાવવા પ્રયત્ન કરું છું. બીજું એમની હિંમત. ખુલ્લી છાતીએ એ બેસે છે અને સામે બંદૂક લઈને માણસ બેઠો હોય એને કહે કે તારે જે કરવું હોય તે કર પણ હું તારું કહેલું ન કરું. એટલે એમની હિંમતથી એમણે ભારતના નબળા અને ગભરાયેલા, દબાયેલા લોકોને એક પ્રકારની શક્તિ આપી. એટલે નેહરુએ એમની આત્મકથામાં ગાંધીજીને ‘યાજ્ઞવલ્ક્ય’ કહ્યા છે. અને ત્રીજી વસ્તુ જે મને ગમે છે અને એમના ટીકાકારોને પણ ગમે છે તે એમની બલિદાન આપવાની શક્તિ. પોતાનું જીવન સમાજ માટે આપી દેવું, મૃત્યુનો પણ ભય રાખ્યા વિના. છેલ્લા દિવસોમાં એ માણસ નોઆખલીમાં કે

કલકત્તામાં ફરતો હોય ત્યારે કોઈપણ હિંદુ કે કોઈપણ મુસલમાન એનું ખૂન કરી શકે. એમના ખૂનના પ્રયત્નો પણ થયા હતા. છતાં એની પરવા કર્યા વિના એ જે રીતે ચાલતા રહ્યા એ જોઈને હિન્દુસ્તાનનો કોઈપણ માણસ એવો નહીં હોય જે ગળગળો ન થયો હોય. અને ચોથી વસ્તુ જો કહું તો કોઈ વસ્તુ પોતાની પાસે ન રાખવી. પોતાની શક્તિ અને સંપત્તિ સમાજને અર્પણ કરવી.

પ્ર.: આવી રહેલી પેઢીઓ માટે આપણે ગાંધીને જીવંત રાખવા હોય તો એ કઈ રીતે રાખી શકીએ?

ઉ.: ત્રણ-ચાર વસ્તુઓ. પહેલું તો એ ગાંધીને સમજે. એમને ઇતિહાસમાંથી ભૂંસી નાખવાની વાતો થાય છે એ તદ્દન ખોટું. બીજું કે ગાંધીનું સર્જનાત્મક રીતે અર્થઘટન કરવું. આપણે ત્યાં એવું બને છે કે કોઈ મોટા માણસના વિચારો સાથે આપણે સંમત ન થઈએ તો આપણે એને અભરાઈ પર મૂકી દઈએ છીએ. ગાંધીજીને અત્યારના સમય સાથે જોડીને સંદર્ભ સાધવો જોઈએ. ગાંધીવાદીઓ બેસીને અહિંસાની વાતો કર્યા કરે કે ચરખો કાંત્યા કરે એ ગાંધી નથી. મારે માટે ગાંધી એક વિચારક, એક યોદ્ધા, એક રાજપુરુષ, જેમનામાં નમ્રતા છે. એટલે આ બધા ગુણોને આજના જમાના સાથે સાંકળીને ગાંધીને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. જેમ ખ્રિસ્તી ધર્મનું કે બૌદ્ધ ધર્મનું નવું અર્થઘટન દરેક પેઢી નવી રીતે કરે છે એ રીતે ગાંધીનું થવું જોઈએ. અને ત્રીજું તે અવારનવાર જાહેરમાં એમને લગતી પ્રવૃત્તિઓ શરૂ કરાવવી જોઈએ. એટલે પૂતળાંઓ નહીં, પણ ગાંધીજીના વિચારોને નવા પરિપ્રેક્ષ્યમાં સમજીને એને અનુસરવાની જરૂર છે. સાથેસાથે એ પણ જાણવું જરૂરી છે કે આજે બધી જગાએ ગાંધીજી કામ આવવાના નથી. ક્યાં એ કામમાં આવશે અને ક્યાં નહીં આવે એ વિવેક કરવાની બહુ જરૂર છે.

❑❑❑

વૉટ્સઍપ

☐ સં. શરીફા વીજળીવાળા

'સારા સ્વાસ્થ્ય માટે બધાએ નિયમિત સાઈકલ ચલાવવી જોઈએ…' આટલું કહીને બાબા રામદેવ કારમાં બેસીને જતા રહ્યા.

☺ ☺ ☺

એક વાર આર્યભટ્ટ નવરા બેઠા હતા. એમણે એમના એવા મિત્રોની ગણતરી શરૂ કરી જે પોતાની પત્નીથી ન ડરતા હોય… પછી? પછી શું… પછી શૂન્યની શોધ થઈ…

☺ ☺ ☺

શિક્ષક : આજકાલ ભારતમાં સૌથી વધુ વેચાતી અને સારા ભાવે વેચાતી પ્રોડક્ટ કઈ?

ટભો : કૉંગ્રેસના નેતાઓ સાયેબ…

☺ ☺ ☺

શિક્ષક : સંસ્કૃત ભાષામાં પત્નીને શું કહે?

એક TYBAનો વિદ્યાર્થી જરા વહેલો પરણી ગયેલો. એ ઊભો થઈને કહે : ગુરુજી સંસ્કૃતની છોડો, કોઈ પણ ભાષામાં પત્નીને કશું ન કહેવાય… જાન હૈ તો જહાન હૈ, ભાષાએં તો સિર્ફ ઉપરી જ્ઞાન હૈ…

☺ ☺ ☺

શિક્ષક : બોલ ટીનુ, રાવણ પાસે એવી કઈ કળા હતી જે બીજા કોઈ પાસે ન હતી?

ટીનુ : સર, રાવણ એકલો સમૂહગીત ગાઈ શકતો હતો.

☺ ☺ ☺

પત્ની ટીવી પર રસોઈ શો જોતી હતી. બહારથી આવેલા પતિએ આવતાંવેંત વડચકું ભર્યું: 'આખો દા'ડો રસોઈ શો જુવે છે ને તોય રસોઈમાં તે કશાં ઠેકાણાં નથી…

પત્ની : તે તમે 'કૌન બનેગા કરોડપતિ' જુઓ છો તોયે હું દર મહિને પંદર હજારમાં ઘર ચલાવી દઉં છુંને… કંઈ કહું છું તમને?

હાસ્યેન સમાપયેત

એક મોર્ડન છોકરીએ મકાઈના ડોડા વેચવાવાળાને કહ્યું: ''અંકલ એક હેન્ડલવાલા પોપકોર્ન દેના!''

☺ ☺ ☺

જજ : ''ઘરમાલિક ઘરમાં હોવા છતાં તે ચોરી કેવી રીતે કરી?''

ચોર : ''સાહેબ તમારી નોકરી સારી છે, પગાર સારો છે, તો આપ એ શીખીને શું કરશો?''

☺ ☺ ☺

પતિ : ''તારા માટે આફ્રિકાથી એક સરસ મજાનું વાંદરાનું બચ્ચું લાવ્યો હતો... પણ કસ્ટમવાળાએ જપ્ત કરી લીધું.''

પત્ની : ''કશો વાંધો નહીં. મારે તો તમે આવી ગયા એટલે બધું આવી ગયું!''

☺ ☺ ☺

રમણકાકા : ''દીકરાનાં લગ્ન નક્કી કર્યાં.''

ગિધુકાકા : ''માણસો કેવા છે?''

રમણકાકા : ''આપણા જેવા જ છે!''

ગિધુકાકા : ''તોય કર્યું?''

☺ ☺ ☺

''તમારી આવકનું સાધન શું છે?''

''સંગીત.''

''પણ તમને ક્યારેય ગાતાં વગાડતાં સાંભળ્યા નથી!''

''સોસાયટીવાળા એના જ મહિને 15,000 આપે છે!''


Printed and Published by P.V. Sankarankutty on behalf of Bharatiya Vidya Bhavan, printed at Siddhi Printers, 13/14 Bhabha Bldg, Khetwadi 13th Lane, Mumbai-400 004 and published for Bharatiya Vidya Bhavan, K. M. Munshi Marg, Chowpatty, Mumbai-400 007.


Editor : Deepak Doshi


BHAVAN'S DIGITAL BOOKS


Now available at all Amazon stores across the world





























BHAVAN'S DIGITAL BOOKS

Now available at all Amazon stores across the world

...tal Pages 140
Date of Publication : 23rd of every previous month
R.N.I. 35887/80 Registered No. MCW / 110 / 2015-2017 Posted on Mumbai Patrika
Channel Sorting Office Mumbai-400 001 on 27th & 28th of every previous month.

